આ પંથ અગવડીયો, અગવડ વગર ધર્મ જ નહિં. સગવડ થાય તો કરીએ. અગવડે જ ધર્મ આવવાનો ટકવાનો વધવાનો અને અગવડે જ ધર્મનું ફળ પામવાના, અનાદિકાળથી આ જીવનને ઈષ્ટ વિષય મલ્યા એટલે પતંગિયાની માફક જંપલાવવું તેને જ દુનીયાએ સવડ ગણી. પ્રાપ્ત થયેલા વિષયોને મલ્યા છતાં પણ વોસરાવો તો ધર્મ ઉત્પન્ન થાય, અને તે અનાદિકાળથી જે પ્રવૃત્તિ હતી. લોઢું આપો આપ ચમક તરફ ખેંચાય, તેમ વિષયો તરફ આપો આપ આ જીવ ખેંચાય છે. એ ખેંચાય રહેલાને તેણે બંધ કર્યો માટે પ્રત્યાખ્યાન શબ્દમાં પહેલો પ્રતિ શબ્દ મેલ્યો, પહેલાંની પ્રવૃત્તિ કરતાં વિરૂદ્ધ કર, પ્રતિકૂળતા કરવી છે, તો આંખો મળી છે તો ફોડી નાખો. અહીં પ્રતિકૂળતાનો એવા રૂપે અર્થ નથી. વિષયો બંધ કરવા અગર ઈન્દ્રિયોનો નાશ કરવો તે નથી. તેથી વચમાં આ,'

ઉપસર્ગ મેલ્યો છે. શાસ્ત્રમાં કહ્યા મુજબની પ્રતિક્રમણની મર્યાદિત
મર્યાદાથી એટલી પ્રતિક્રમણના પર લક્ષ્ય આપો તેમ નહિં. પ્રતિક્રમણાદિ
મર્યાદાથી વર્તવું રાખીએ તેમ નહિં, જે ભવિષ્યને અંગે ન વર્તવાનું
કબૂલ ન કરે તેને વર્તમાનનું વર્તન ન થાય તો ક્રિયાઓમાં નથી એ-
કેન્દ્રિયને અમારિકનું વર્તન નથી તો તેમને ભવિષ્યના નિષેધ માટે [illegible]
પ્રતિબંધ થવો જોઈએ. આનું પ્રત્યાખ્યાન નામ રાખ્યું છે. એનું પ્રતિ-
નિરૂપણ કરનાર આઠ. તે પહેલાં તેનું ફળ તેની જરૂર કેટલી ને કેમ-
જણાય છે કે અનાદિનું ભવભ્રમણ ટાળવા માટે, નહિંતર [illegible]
ઉપરવટનું કંઈ કામ ન હતું અનાદિનું ભવભ્રમણ ટાળવાનું [illegible]
હોય, તો ટાળવાનો આ ઉપાય માને ત્યારે પ્રત્યાખ્યાન [illegible]
એ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે અધિકાર અંગે [illegible]

પ્રવચન ૧૩૪ મું

આષાઢ સુદિ ૧૨ [illegible]

શ્રેષ્ઠ શ્રેષ્ઠ પહેલું મૂકવું. પાંચમું શ્રેષ્ઠ તે પહેલું પછી ચારમાં શ્રેષ્ઠ હોય તો પહેલું, તેમ તત્ત્વ એ છે કે શમાદિ પાંચ આ અનુક્રમ ઉત્પત્તિની અપેક્ષાનો નથી. કઈ અપેક્ષાનો છે? યથા પ્રાધાન્યતાનો છે. ઉત્પત્તિ-ન્યાયે પશ્ચાનુપૂર્વિ છે. પહેલાં આસ્તિક્ય ઉત્પન્ન થાય. આસ્તિક્ય એકલા જૈનોમાં હોય ને અનુકંપા અન્યમતોમાં પણ હોય છે. આસ્તિકતા વગર જેટલા જીવો છે તે બધા અનુકંપા વગરના હોય તેમ કહી શકાય નહિં મિથ્યાત્વી હોય ત્યાં પણ અનુકંપા હોય છે. જ્ઞાતાસૂત્રના અધિકારમાં લેવાય છે. તે હાથીનો જીવ સમ્યક્ત્વ પામ્યો ન હતો, હાથીના જીવે સસલાની દયા કરી તે વખત સમ્યક્ત્વ પામેલો નથી. ચોકખા શબ્દોમાં લખ્યું છે. હાથીનો જીવ જેને સમ્યક્ત્વ રૂપી રત્ન મળ્યું નથી. ચોકખો નિષેધનો પાઠ હોય તો પછી હશે ને નહીં કહ્યું હોય તે શી રીતે મનાય? અલબ્ધ सम्मत्तरयणं અહિંસા બુદ્ધિ જે ધરતા હોય તેમણે ધ્યાન રાખવું જોઈએ કે અહિંસા એ અણુવ્રતનો અંશ. અનુકંપા અને અહિંસા આ બેમાં ફરક છે. અહિંસા એટલે હિંસાથી નિવર્તવું, અનુકંપા એટલે એનાં દુઃખનો નાશ ધારવો, દુઃખના નાશનો વિચાર કરવો તે સમ્યક્ત્વના ઘરની અનુકંપા. અહિંસા એ વ્રતનો અંશ. ભગવતીજીમાં અશાતાવેદનીયનો અધિકાર ચાલ્યો, ત્યાં જીવ–પ્રાણી–ભૂત–સત્ત્વને હિંસા કરવાથી દુઃખ દેવાથી અશાતા બંધાય. જીવ શાતાવેદનીય શાથી બાંધે? પ્રાણ ભૂત જીવ સત્ત્વ એની અહિંસાથી અને અનુકંપાથી. આ બેથી શાતાવેદનીય બાંધે. જો અહિંસા એ જ અનુકંપા હોય તો પછી આ બન્નેનું હેતુપણું શાતામાં રહે નહિં શાતાવેદનીયમાં બન્નેનું હેતુપણું જુદું બતાવ્યું. અશાતામાં બેનું વિરૂદ્ધ પણું જણાવ્યું હતું. સમ્યક્ત્વનું લક્ષણ અનુકંપા. હિંસાથી વિરમવું તે વ્રતનું કાર્ય છે. હાથીના જીવને અંગે સસલાની અનુકંપા. હિંસા તો બધાની કરી નથી. બચાવવાની બુદ્ધિ ન હોય ને મારો આત્મા કલંકથી બચે એવું હોય તો પોતે કરમથી બચવા માટે પગ અધર રાખ્યો એમ કહેવાય નહિં. પોતાના આત્માંને કરમથી બચાવવા માટે પગ અદ્ધર રાખ્યો. સસલાની અનુકંપાનું સ્થાન નથી. હિંસામાં કર્મ અલ્પ લાગે. સાધુ ઉપદેશ આપી હિંસાદિક બંધ કરાવે. ઉપદેશથી અઢારે પાપસ્થાનક રોકાય જાય તે કોઈકને જ, એ કરતાં સાધુ હું એક જ પાપ વહોરી ૧૮ પાપસ્થાનકથી તેને બચાવું. તમારા (તેરાપંથ) કરતાં 'ભવ વિયોમક' સારા. દુઃખી થતાં પ્રાણીને મારી નાખવાથી દુઃખીને ઉપગાર થાય છે. એમ માનવાવાળાએ

એટલા દુઃખીને મારવા છે. તમારે દુઃખી સુખી બધાને મારવાના છે. મુનિ મહારાજ ઉપદેશથી જે ન કરે તે તમે હિંસાદ્વારા કરી શકો છો. અઢાર પાપ સ્થાનકથી બચાવી શકો છો. એક હિંસાનું પાપ છોડ્યું એટલું બોલવી દેજો

અનુકંપાથી હાથીને કેટલો લાભ થયો!

હાથીએ એક સસલાને બચાવવાની બુદ્ધિ કરી ને મિથ્યાત્વ [illegible] અહીં ભાવ અનુકંપા નથી, દ્રવ્ય અનુકંપા છે. ને કયા જીવની અનુકંપા શાસ્ત્રકારે વખાણી છે. સસલાની અહિંસા કયા રૂપે છે. હાથી [illegible] એક વખત ચોમાસાની શરૂઆતમાં મધ્યમાં ને અંતમાં [illegible] વનસ્પતિ ઉખેડી નાખતો હતો. આ બાબી હિંસા ક્યાં [illegible] અહિંસા બુદ્ધિમાં. આ બાબી હાથીએ કરેલી હિંસા [illegible] અહિંસા બુદ્ધિ નથી, પણ નામ સંતોષ [illegible] જીવન બુંદાની હિંસા [illegible] પોતાના [illegible] સસલાના બચાવ માટે ન હતું, [illegible] બુદ્ધિ લાગી બચાવ કરે ને [illegible] પોતાના [illegible] [illegible]

[illegible]

સંસાર પાતળો કર્યો. પરંપરાએ એ જ અનુકંપાથી સર્વવિરતિનો સંયોગ મળ્યો, તેથી સંસાર ઓછો થયો. વિપાક સૂત્રમાં સુબાહુએ મુનિને દાન આપ્યું તે વખત મિથ્યાત્વી છે, છતાં તેણે આપેલું દાન સંસારને ઓછું કરનાર થયું કે નહિ ? મિથ્યાત્વી દયા દાન કરે તે નિષ્ફળ જાય તેમ કહેવાય નહિ, અત્યારે તે આરાધક ભૂમિમાં નથી, ભવિષ્યમાં આવશે જ. ભવિષ્યમાં ફળ નહિં આવે તે કહેનારા ધર્મના દુશ્મનો છે. ધર્મ પામેલો ધર્મ સમજેલો ગુણની કિંમત કર્યા વગર રહે જ નહિં. મિથ્યાત્વની કરણી નિષ્ફળ તે આરાધકની ભૂમિ તે અપેક્ષાએ નકામી છે. દ્રવ્ય અનુકંપા મિથ્યાત્વી પણ કરે છે. તે વાત શાસ્ત્ર સંમત છે તે મિથ્યાત્વીએ કરેલા દયા ને દાન તે ભાવિમાં આત્માને ફાયદાકારક છે.

અવિશેષપણે ઊભયાનુકંપા

હવે મૂળ વિષયમાં આવો. મિથ્યાત્વી અનુકંપાવાળો ન હોય તેવો નિયમ નથી. જ્યારે સમ્યકત્વવાળા સિવાય બીજામાં ભાવ દયા ન હોય. અનુકંપા મિથ્યાત્વીમાં હોય તો અનુકંપાને સમ્યકત્વનું ચિહ્ન કહેવાય નહિં આ અનુકંપા દ્રવ્ય ભાવ ઉભય અનુકંપા. એકલી દ્રવ્ય અનુકંપા નહિં. ભાવ અનુકંપા સાથે અવિશેષણપણે મારો અગર પારકો સંબંધી અગર અસંબંધી સજ્જન કે દુર્જન હિંસક કે અહિંસક કંઈપણ ભેદ ન પાડતા બચાવની બુદ્ધિ કરતાં એ શું કરશે તે જોવાનું હોય નહિં. સસલાને બચાવ્યો તેના ૧૮ પાપસ્થાનક હાથીને લાગ્યા, તેના પ્રતાપે મેઘકુમાર થયો ? મહાવીર મહારાજ મળ્યા, ચારિત્ર મળ્યું ? સજ્જનતા ક્યાં રહે ? શ્રેષ્ટપુરૂષ ધર્મીષ્ઠ પુરૂષ એના બચાવમાં રહે. રાજા મહારાજા દીક્ષા લે તે વખત બંદીખાનામાંથી ચોરો હિંસકો ગુનેગારને છોડી મૂકે. તે છૂટીને શું કરવાના ? કેદીને છોડવામાં આવે, શું બંદીખાનામાં સજ્જનો પડ્યા હતા? ના, દુર્જનોને હવે છોડવાનું શું કારણ ? જે વખત બાંધ્યા માત્રને અંગે અનુકંપા આવી તે વખત એક જ દ્રષ્ટિ કે આ બીચારો દુઃખી થતો મટે. આ પાપ કરે તે બુદ્ધિ હોતી નથી. જ્યારે એ કલ્પના નથી, તો અનુકંપાની બુદ્ધિથી છોડાવે. નેમનાથજી મહારાજે સંસારથી વૈરાગ્ય મેળવ્યો, શું કરવા વાડો છોડવ્યો ? વૈરાગ્ય બુદ્ધિ થયા પછી મહાપાપ કરાવ્યું ? વૈરાગ્ય બુદ્ધિ થયા પછી પાપનું પોટલું શું કરવા બાંધ્યું ? જેમ હાથીને સસલો બચાવવાનું, નેમનાથજીને પશુ બચાવવા, તે પાપસ્થાનક સેવે એવી બુદ્ધિ હોતી નથી. એક પણ અનુકંપા કરનાર આ બુદ્ધિમાં

હોય નહિ. જ્ઞાનીની દૃષ્ટિએ ભેળસેળ કોઈ કરતું નથી. ભગવાન ને
જીની બુદ્ધિ કેવળ બચાવવાની. તેમાં બાકી શાસ્ત્રકારે જણાવ્યો નથી, કે
નથી. ને બીજા જીવને બચાવવાથી પાપ ક્યાંથી થયું? દ્રવ્ય અનુકંપા
અવિશેષપણું એમાં વિશેષને સ્થાન નહિ. અમુકને બચાવો અમુકને ન
બચાવો એમ નહિ. આતો કુટુંબીક અગર તો ઉપકારી કે અનુપકારી તેમ
બીજે પણ વિશેષ અનુકંપામાં લાગી શકાય નહિ. અવિશેષથી બચાવે
તે સમ્યક્ત્વની અનુકંપા, નહિંતર પોતાના બચાવને વધુ પણ અનુકંપા.
કોઈ તે કેવળ બચાવની બુદ્ધિએ, બચાવ કરવો તે અનુકંપા છે. દુઃખી
દુઃખોને નિર્વિશેષ બુદ્ધિએ રક્ષણ કરવાથી બચાવવા તે દ્રવ્ય અનુકંપા.
[illegible]

મિથ્યાત્વ અવિરતિ કષાય ને યોગ છે. આ જગતમાં જે દ્રવ્ય અનુકંપા છે, ભાવ અનુકંપાની બલિહારી કંઈ છે તે સમજાવવું છે. ભાવ અનુકંપા એટલે માફી, દ્રવ્ય અનુકંપા એટલે મોટલ. મહિના પછી આપજે અને જા હું માંડી વાળું છું. આ બે માં કેટલો ફરક છે? તેમ કોઈક રાજ્યની અંદર ગુનેગારને રવિવારે ફાંસી હોય, રાજ્યનો મહોત્સવ હોય ને એક દિવસની મોતલ વધી અને સર્વથા માફી કરે તો, આ બે માં માફી અને મોતલમાં ફરક છે, તેમ દ્રવ્ય અનુકંપા એ સજાની મોતલજ અને ભાવ અનુકંપા એ સજાની માફી છે. મારો અંગુઠો સડયો, મરડાઈ ગયો, ચગદાઈ ગયો, દયાની બુદ્ધિથી સારો કર્યો, ભલા એ શાથી ખરાબ હતો? અશાતાના ઉદયથી. બોલો અશાતા તમે કાઢી? અશાતા કાઢી નથી. પાકેલું અંદર ને ઉપર આવી ચામડી. માત્ર દુઃખના સંજોગો પલટાવ્યા. બાવળીયા નીચેથી બુવારો વાળ્યો તેથી કાંટા ખસી ગયા પણ હવા આવી એટલે કાંટા પડે તેમ હવા બંધ કરી નથી. દુઃખના સંજોગ ફેર ઉભા નહિં થાય એ આપણા હાથમાં નથી. અશાતા છે ત્યાં સુધી દુઃખના સંજોગ આવવાના.

મહેતલ પણ મુશ્કેલીના વખતમાં મળે તો ઉપગાર કરનાર થાય છે. અમેરીકાએ મોટા મોટા રાજ્યને રકમ કે વ્યાજ માફ નથી કર્યા, મોતલ કરી છે. મોટા મોટા રાજ્યો મોતલમાં માને છે તો મોતલની કિંમત નથી એ કહેનારની કિંમત કેટલી? આ પ્રાણને નાશ કરનાર દુઃખોની મોતલ પડે તો તે કેમ નહીં માચે? માટે મોતલનો ઉપગાર નથી-એમ ન સમજશો. આપણે માફીની અપેક્ષાએ મોતલની કિંમત કેટલી? તે વિચારીએ છીએ. એમ અહીં ભાવ અનુકંપા એ માફીનું સ્થાન, દ્રવ્ય એ મોતલનું સ્થાન, દુઃખ વેઠવું તે ભરણાનું સ્થાન. આ વાત મગજમાં ઠસી? થોડીવારમાં આ વાત ખસી જશે માટે મગજમાં ઠસાવી લ્યો. હમણાં પલટી જવાશે.

દ્રવ્ય-ભાવ અનુકંપામાં બલવત્તરતા કોની

ભાવ અનુકંપામાં સાધનો દ્રવ્ય અનુકંપાના ભોગે કરવા લાયક ગણે તે સમકીતિ. ભાવ અનુકંપાના સાધનો સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની આરાધનાનો ઉપદેશ, તે પમાડવાની જે ક્રિયા તે બધી ભાવ અનુકંપામાં, તો કહો કે દ્રવ્ય અનુકંપાના ભોગે પણ તે કરવા લાયક છે. ને ઉલટા રહે જે દ્રવ્ય અનુકંપા કરવા માટે ભાવ અનુકંપા ફેંકી દેવી તે મિથ્યાત્વી

મિથ્યાત્વ અવિરતિ કષાય ને યોગ છે. આ જગતમાં જે દ્રવ્ય અનુકંપા છે, ભાવ અનુકંપાની બલિહારી કંઈ છે તે સમજાવવું છે. ભાવ અનુકંપા એટલે માફી, દ્રવ્ય અનુકંપા એટલે મેટલ. મહિના પછી આપજે અને જા હું માંડી વાળું છું. આ બે માં કેટલો ફરક છે? તેમ કોઈક રાજ્યની અંદર ગુનેગારને રવિવારે ફાંસી હોય, રાજ્યનો મહોત્સવ હોય ને એક દિવસની મેતલ વધી અને સર્વથા માફી કરે તો, આ બે માં માફી અને મેતલમાં ફરક છે, તેમ દ્રવ્ય અનુકંપા એ સજાની મેતલજ અને ભાવ અનુકંપા એ સજાની માફી છે. મારો અંગુઠો સડયો, મરડાઇ ગયો, ચગદાઈ ગયો, દયાની બુદ્ધિથી સારો કર્યો, ભલા એ શાથી ખરાબ હતો? અશાતાના ઉદયથી. બોલો અશાતા તમે કાઢી? અશાતા કાઢી નથી. પાકેલું અંદર ને ઉપર આવી ચામડી. માત્ર દુઃખના સંજોગો પલટાવ્યા. બાવળીયા નીચેથી બુતારો વાળ્યો તેથી કાંટા ખસી ગયા પણ હવા આવી એટલે કાંટા પડે તેમ હવા બંધ કરી નથી. દુઃખના સંજોગ ફેર ઉભા નહિં થાય એ આપણા હાથમાં નથી. અશાતા છે ત્યાં સુધી દુઃખના સંજોગ આવવાના.

મહેનત પણ મુશ્કેલીના વખતમાં મળે તો ઉપગાર કરનાર થાય છે. અમેરીકાએ મોટા મોટા રાજ્યને રકમ કે વ્યાજ માફ નથી કર્યા, મેતલ કરી છે. મોટા મોટા રાજ્યો મેતલમાં માને છે તો મેતલની કિંમત નથી એ કહેનારની કિંમત કેટલી? આ પ્રાણને નાશ કરનાર દુઃખોની મેતલ પડે તો તે કેમ નહીં માને? માટે મેતલનો ઉપગાર નથી-એમ ન સમજશો. આપણે માફીની અપેક્ષાએ મેતલની કિંમત કેટલી? તે વિચારીએ છીએ. એમ અહીં ભાવ અનુકંપા એ માફીનું સ્થાન, દ્રવ્ય એ મેતલનું સ્થાન, દુઃખ વેઠવું તે બારણાનું સ્થાન. આ વાત મગજમાં ઠસી? કે [illegible] આ વાત ભૂલી જશે માટે મગજમાં ઠસાવી દ્યો. હમણાં [illegible]

દ્રવ્ય-ભાવ અનુકંપામાં બલવત્તરતા કોની

ભાવ અનુકંપામાં આવેલા દ્રવ્ય અનુકંપાના ભોગે કરવા લાયક ગણી ને સમકિતિ [illegible] ભાવ અનુકંપાના સાધનો સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની આરાધના [illegible], ને પ્રમાદત્યાગની જે ક્રિયા તે બધી ભાવ અનુકંપામાં, તો કહે કે દ્રવ્ય અનુકંપાના ભોગે પણ તે કરવા લાયક છે. ને ઉલટા જેઓ દ્રવ્ય અનુકંપા કરવા માટે ભાવ અનુકંપા છોડી દેવી તે મિથ્યાત્વી

ભાવ અનુકંપાનાભોગે દ્રવ્ય અનુકંપાનું પોષણ સમ્યકત્વવાળાને ત્યાં હોય નહિં. આ મુદ્દાએ એક ઘોડાને પ્રતિબોધ કરવા સપરિવાર મુનિસુવ્રતસ્વામી કેવળી ભગવાન સાઠ જોજન રાતોરાત આવે છે. સાધુ સંજમના પાલન માટે ગાઉ જેટલી નદી ઉતરી જાય છે. સમકીતી જીવ દ્રવ્ય અનુકંપાને ભોગે પણ ભાવ અનુકંપાને રાખે. મિથ્યાત્વી ભાવ અનુકંપાના ભોગે દ્રવ્ય અનુકંપા રાખે. ઘોડા સરખા જાનવર માટે આમ ૬૦ જોજન આવે, તે વખતે 'ઘોડાનું નસીબ' ભગવાનને માલુમ ન પડયું ? ભાવ અનુકંપા દ્રવ્યના ભોગે પણ કરણીય છે, તે માને તે સમકીતી.

ઋષભદેવજી મહારાજ સમયે તાપસ વિગેરેના મતો પ્રચલિત થએલા હતા. ચાર હજારે સાથે દીક્ષા લીધી ને એક વરસમાં ભગવંતથી છુટા થયા ઋષભદેવે સમ્યકત્વનું નિરૂપણ કર્યું તેમાં એ બધા વનવાસી મનાતા બંધ થયા. ભગવાનને ધર્મ નિરૂપણ કરવો જોઈતો ન હતો. સમ્યકત્વનુ નિરૂપણ કર્યું. સર્વજીવોની અપેક્ષાએ અનંતો ભાગ સમ્યકત્વીનો, બાકીના બધા મિથ્યાત્વીને ઉઘાડા પાડ્યા. તાપસોએ પોતાનું રખડવાપણું સાંભળ્યું, એ સાંભળીને જે દુઃખ અપમાન લાગે તેનું કારણ ભગવાનની દેશના ?

મૂર્તિપૂજાના વિરોધીઓને પ્રશ્નો

તમે કહેરે જાવ, પૂજા-કરો, પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાયને જીવ માનો છો કે નહિં ? તો પછી તેની વિરાધનાથી પૂજા કેમ કરાય ? કેટલાક દેવના વિરોધી. તેટલા માટે જ મૂર્તિપૂજા બંધ કરીએ છીએ-એમ કહે છે. તેઓ વીતરાગના વિરોધી છે. કારણ જે મૂર્તિ ન માનનારા, તેની સભામાં મહાદેવની આડ કરી, હનુમાનને ચાંદલો કરી જાય, તેના તરફ જે દૃષ્ટિ નહીં ખેંચાય, તેવી દૃષ્ટિ કેસરનો ચાંદલો દેખી ખેંચાય. આ વાત અભિપ્રાય તરીકે લીધી છે. એ મતના પરિચયવાળા છે. તેમનામાં હનુમાન, માતા, મહાદેવની માન્યતા કેટલી છે ? તે વપાસ્યું, જિનેશ્વરને અંગે વાંધો ? તેમાં મારવાડ મેવાડમાં ફરશો તો માલમ પડશે કે ઘેર ઘેર ગોત્રીજે હશે, હોળી તો તેમના બાપની છે. હોળીના ચકલામાં કાંટા નથી દેવાયા. જિનેશ્વરના મંદિરમાં કાંટા મેલાયા છે. પહેલા ઉપર સચોટ એક પ્રહાર છે તેને અંગે મિથ્યાત્વી દેવોની માનતા પૂજા હજુ રહેવા પામી છે. જિનેશ્વરની પૂજાનું સ્થાન. તેમને રહ્યું નથી. આ કયા ઉપદેશનું ફળ ? તે ઉપર જે પ્રહાર તે પ્રહાર પેલા ઉપર નથી. દેવનું આરાધન અટક્યું તો દીક્ષાનો વરઘોડો ને મડદાનું સામૈયું વિગેરે કેમ

ખસ્યા નથી ? પોતાના અંગે માન સન્માન હોય તે હિંસામય હોય તો પણ નિષેધ કરવો નથી. દીક્ષાનો વરઘોડો લાભનું કારણ, સાધુ કાળ કરી જાય તેનું સામૈયું શા માટે ? મડદામાં કયું ગુણઠાણું ? જેથી અમારે તો સ્થાપના માનનારા હોવાથી મડદું પૂજ્ય છે. તમને પ્રતિમા ખપની નથી ને મડદું ખપે છે. મડદાંનો મહોત્સવ કેમ કરો છો ? સાધુ કાળ કરે તો અગ્નિદાહ ન દેવો તેવી બાધા આપી ? ભગવાનની વાત આવી એટલે ભુક્કા કરવા છે. પોતાની વાતમાં કશો પ્રતિબંધ કરવો નથી. સામૈયા ન કરવા, વળાવવા ન જવું, વંદના કરવા ન જવું, તેવી બાધા આપો છો ? મારા દર્શન કરે તેમાં તરી જાય છે દ્રવ્ય અનુકંપાને ભોગે પણ ભાવ અનુકંપા કરનાર તરી જાય છે. નહીંતર તારી સામા આવનાર શી રીતે તરી જવાનો ? દ્રવ્ય અને ભાવનો બંનેનો પ્રસંગ હોય તો ભાવ અનુકંપા કર્તવ્ય છે. દ્રવ્ય અનુકંપાને ભોગે પણ ભાવ અનુકંપા સાચવવાની છે.

ખંધક મુનિ સાચું નિરૂપણ કરે તેમાં પાલકે પાંચસેને મારી નાખ્યા, તે પરિણામ શાનું ? પાંચસે સાધુના પ્રાણના ભોગ વખતે પણ ભાવ અનુકંપાનો ભોગ ન અપાયો. ચાહે જેટલા ભોગે જ્ઞાન દર્શન ચારિત્ર જે ભવતારણ છે માટે દ્રવ્ય અનુકંપા આગળ કરી શકાય નહિં અને દ્રવ્ય અનુકંપાને સ્થાન આપે તો મિથ્યાત્વ. આ બંને અનુકંપા સમ્યગદૃષ્ટિને કર્તવ્ય. તે કરનાર સમ્યક્ત્વનું બીજું ચિન્હ પામ્યો ગણાય. જગત માત્રના જીવો કર્મથી કેમ બચે તે દૃષ્ટિ હોય તેને કદી કોઈ જીવ પાપ ન કરો, કદી પાપ કર્યા હોય તો ક્ષય થાવ, આખું જગત કર્મના બંધનથી છુટી જાવ. મૈત્રી કોનું નામ ? આખું જગત દુઃખ રહિત થાવ. આવી રીતે જ્યારે કર્મના સપાટાને ભયંકર ગણે, ત્યારે કર્મના કારણો ખસેડવા તૈયાર થાય, મિથ્યાત્વ અવિરતિ કષાય એ ત્રણ સંસારમાં જીવને રખડાવનાર છે. યોગ ભવાંતરમાં રખડાવનાર નથી, પણ અવિરતિ રખડાવનાર. માટે વિરતિ એ કર્મને રોકનાર તથા અનાદિ કાળના આ જીવને કર્મ લાગેલા છતાં પણ ટળી શકે છે. તે કેવી રીતે ટળી શકે તેને માટે જૈનશાસ્ત્રમાં કેવા પ્રકારનું વિધાન કર્યું છે તે વિગેરે અધિકાર અગ્રે વર્તમાન

પ્રવચન ૧૩૫મું

અસાડ સુદી ૧૫ શુક્ર

[illegible]नीयानि, [illegible]नि ।
[illegible]नि, [illegible]नि ॥ १ ॥

[illegible] ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે આનુષંગિક [illegible]

પણ ધર્મ શબ્દ તરફ દોરાવા કરતાં ધર્મના ગુણ તરફ ધ્યાન રાખવા જરૂર છે. દૂધ શબ્દથી દોરાએલો આકડા અને થોરીયાનાં દૂધને પીવ વાળો થાય, તેથી પુષ્ટિ ન મેળવે, તેટલું નહિં પણ નુકશાન પામે તે ધર્મ શબ્દથી શુદ્ધ ધર્મ પામે તો ગાય વિગેરેના દૂધની માફક પોષ થાય, પણ એ જગો પર કુધર્મને-ધર્મના વિરોધી પદાર્થને ધર્મ માન પ્રવૃત્તિ કરે તો પરિણામ શું આવે ? ધર્મના નામે કરેલી ધર્મ વિરૂદ્ધ પ્રવૃત્તિઓ ધર્મને પોષણ ન કરતાં ધર્મને નુકશાન કરનાર બને છે.

મૂર્તિ ભરાવતાં, કે દેરું બંધાવતાં પહેલાં દ્રવ્યની શુદ્ધિ

તમે દેહરું બનાવો, પ્રતિમા બનાવો, તો પણ અન્યાયના પૈસાનું દેરૂં, મૂર્તિ શાસનમાં જોઈતી નથી. તે માટે વિધાન કર્યું કે જેને દેરૂં-પ્રતિમા કરાવવા હોય તેણે પ્રથમ પોતાના ચોપડા તપાસવાના. અન્યાયની રકમ કેટલી છે ? પછી શું કરવું ? જેની જેની અન્યાયની છે ? પછી શું કરવું ? જેની જેની અન્યાયની રકમ કેટલી તેની પાછી સુપરત કરી દો, મૂર્તિ ભરાવવા પહેલાં રકમ સુપરત કરો, પછી સંઘને જાહેર કરો કે મેં મારા દ્રવ્યની શુદ્ધિ કરી છે. અન્યાયના દ્રવ્ય દ્વારાએ હું ફળ મેળવવા માગતો નથી. જે ધન જાણ બહાર રહ્યું હોય તે સંઘને જાહેર કરે કે, અન્યાયથી લીધું હતું તે આપી દીધું છે, પણ મારા જાણવામાં ન હોય તો એ સંઘ વચ્ચે જણાવે. જે મારું દ્રવ્ય મારી જાણ પ્રમાણે શુધ્ધિ કરી છે. જો બાકી કાંઈ રહી ગયું હોય તો તેનું ફળ તેને મળે. અન્યાયના દ્રવ્ય વડે હું ફળ મેળવવા માગતો નથી. આમ કરે તો દેરું બંધાવવાનો, મૂર્તિ ભરાવવાનો અધિકારી બની શકે. ધર્મ પોતાના માટે કરાતા અન્યાયને સહન કરવા તૈયાર નથી.

ધર્મના દ્રોહી ન બનશો

આ સ્થિતિની જગો પર જ્યારે અન્યાયને ધર્મ મનાય તો પોષણની બુધ્ધિથી થોરીયાનું દૂધ પીવાય છે. થોરીયાના દૂધને દૂધ કહીએ છીએ, પણ ગાય ભેંસના દૂધના ભરોસે તે દૂધ પીવાય તો તેનું પરિણામ શું આવે ? માટે આગળ જણાવ્યું કે આસ્તિક માત્રને ધર્મ પ્રિય છે, છતાં ધર્મના નામે દોરાવું નહિં પણ સત્ય પરીક્ષા કરી સત્ય ધર્મ અંગીકાર કરવો. તેમાં એક ગૃહસ્થધર્મ. એક સાધુધર્મ, પલોટ-કવાયત કરતું લશ્કર અને તૈયાર લશ્કર જે પરેડ કવાયત કરતા હોય તે જો કે પૂરા

લશ્કરી નથી, રણાંગણમાં તે ઉતરી શકે તેવા નથી, છતાં પણ તેની ગણતરી લશ્કરી ખાતામાં, તેમ સાધુ વર્ગ કર્મ રાજાની લડાઈમાં ઉતરેલો, ત્યારે શ્રાવક વર્ગ કવાયત શિક્ષા લઈ રહેલો વર્ગ, તે ધ્યેય કયું રાખે? રણાંગણનું. રણાંગણનું ધ્યેય ન રાખે તેને તેમાં દાખલ થવાનો હક નથી. ગૃહસ્થોને શ્રાવકધર્મ હોય પણ યતિધર્માનુરક્તાનાં જેઓ સાધુ ધર્મમાં તલ્લીન, કવાયત લેનારો એજ મનોરથમાં હોય કે રણાંગણમાં જઉં, શત્રુને પાછા હઠાવું, કદી કવાયત લેનારાનો અવળો વિચાર હોય કે તૈયાર થઈને શત્રુને મળું તો તે દ્રોહી છે. તેમ ધર્મથી મોહનું પોષણ કરવા માગે તો તે દ્રોહિ કહેવાય, વફાદાર નહિં. વફાદારની એ કર્મ સ્થિતિ હોય કે ક્યારે તૈયાર થાઉં, શત્રુને હરાવું. તેમ આ જીવ જ્યારે પૌદ્ગલિક સુખ માટે ધર્મ કરે, ચાહે રિધ્ધિ-રાજ્ય કુટુંબ માટે ધર્મ કરે તો તે દ્રોહિ જેવો, પૌદ્ગલિક સુખ ઉપર પ્રીતિ કરી આત્મા ઉપર હલ્લો લાવનારો છે. શત્રુને જેટલું પોષણ મળે તેટલો આ પાછળ પડે, ક્રોડ પૂર્વ સુધી સાધુપણું પાળ્યા છતાં ભવ્યત્વ સરખી છાપ નહિં. કારણ દ્રોહિપણું, ધારણા પુદ્ગલ પોષણમાં છે, હજુ સાકતસીંગ સરખા દેશના દ્રોહિ બન્યા, પણ છેલ્લે અવસરે પાછા દેશના ભક્ત થયા. મહારાણા પ્રતાપને મરવાનો વખત આવ્યો તે વખતે પોતાનો ઘોડો આપ્યો. અહીં ક્રોડપૂર્વ સાધુપણું પાળે તો પણ વફાદારી એક મિનિટ આવે નહિં. પુદ્ગલ-પોષણમાં તાંત બાંધી છે. જ્યાં પૌદ્ગલિક પોષણના દોર ઉપર આધાર રહે ત્યાં આત્માના પોષણની છાયા ક્યાં પડે? ત્યાં વફાદારી કેવી રીતે ગણાય? જો સરદારને માલમ પડે કે આ વફાદાર વર્ગ નથી. દ્રોહિ વર્ગ છે, તો જનરલ તેની શી સ્થિતિ કરે? તેમ જેઓ વફાદારીમાં આવી શકે તેવા નથી, તેવાને બહાર કાઢ્યા છૂટકો થાય. અંગારમર્દક સરખાને કેમ દૂર કર્યા તેનો ખુલાસો થશે. તેને વફાદારીમાં આવવાનો સંભવ નથી. કેટલાક અત્યારે ભલે દ્રોહી છે પણ ભવ્ય હોવાથી વફાદાર થાય તેવો છે.

શ્રાવકવર્ગની સાધ્યદૃષ્ટિ

શ્રાવકવર્ગ જે ગણો તે બધો પરેડ-કવાયત કરનારો વર્ગ, તેનું ધ્યેય આત્મીય હોય. શ્રાવક આજીવિકા ઉપર દેવના ગુણમાન ગાય તો માટે કાંઈ માગવાનું નથી. માગું તે માગવાનું નથી. પુદ્ગલથી સાધ્યપણું કેટલુંક અત્યંત હોય. પણ તેમાં સાધ્યદૃષ્ટિ ન હોય. જેટલું પુદ્ગલનું પોષણ તેટલું આત્માનું શોષણ છે. શ્રાવક રાજાઓ પોતાના પુત્રને રાજ્ય મળે તો ચિંતા

થાય. ઉદાયન રાજાએ અભિચિપુત્રને રાજગાદી ન આપી. નરકે જશે. જે રાજ પરાપૂર્વથી ચાલ્યું આવ્યું છે તે રાજ્ય પુત્રને આપવું તેમાં સંકોચ છે. આને રાજ આપું ને નરકે જાય તો મારે ભરોસે રહેલાને નરકે મોકલું તો મારી દશા શી? કલ્પક ચાણાક્યનો પિતા તેને પ્રધાનપણું આપવાનું કહ્યું, પણ ના કહે છે કે મારે એકેક જોડી લુગડા ને ખાવાનુ મળી રહે છે. મારે પ્રધાનપણું જોઈતું નથી. આ દૃષ્ટિ કેટલી મુશ્કેલ? એટલું જ નહિં પણ સ્થુલભદ્રજીએ શું કર્યું? નંદરાજાએ પ્રધાનમુદ્રા માટે શ્રીયકને કહ્યું. વિનય ખાતર કુળ મર્યાદા ખાતર મારો મોટો ભાઈ છે, છતાં મારે આ મુદ્રા ન લેવાય. સ્થુળભદ્રજીને બોલાવ્યા, તેણે કહ્યું કે વિચાર કરીને જવાબ આપીશ. તમે તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે તો મ્હોં ધોવા જાય એમ આવાને કહો છો.

એક જગો પર રાની મહેલ કરવા માગ્યો છે. જ્યાં મહેલની સરત્તાઈ કરી સડક કરવા માંડી સડક વાંકી કાઢવી પડે તો ખરચ વધે. એક સરવાઈ કરી, તેમાં જ પાંચ સાત લાખ રૂપીઆ એકઠા કર્યા. રાજા રાજી પ્રજા રાજી, એ ભેળા કરી તેની વ્યવસ્થા કેમ કરવી તે તો પ્રધાન જાણે. રાજા અને પ્રજા બંનેને ફોલી ખાય ને બંનેને રાજી રાખે.

સમકિતી ભવિષ્યની આપત્તિ ન વધારે

આવી સ્થિતિમાં સ્થૂળભદ્રને પ્રધાન મુદ્રા આપે છે તેમાં શું વિચાર કરવાની જરૂર હતી? સ્થૂળભદ્રજી બીજી દશામાં છે? રંડીબાજીમાં બાર વરસથી છે, ઘર ભૂલી ગયા છે, એવા રંડીબાજી પણ પ્રધાનવટાને અંગે આપત્તિ ગણે છે. રાજાએ પણ દેખ્યું. આપત્તિ ગણવાવાળા મનુષ્યો વિચાર કરે છે કે ન મારે બીજાને અપાય ને ન મારે ના કહેવાય. વિચાર કરીશ, એટલે રાજા સપડાયો. રાજાને કહેવું પડ્યું કે વિચારમાં લાંબી મુદત ન ચાલે, માટે અશોકવાડીમાં જઈ જલદી વિચાર કરો. છેવટે વિચાર કરતાં રાજ્યાધિકાર ધિક્કારનું કાર્ય છે. આવી સ્થિતિનો મનુષ્ય પ્રધાન પણાને ઉપાધિરૂપ ગણે, તે વખતે તેના આત્માની કઈ સ્થિતિ હોવી જોઈએ. દુનીયાદારીના સામાન્ય વિષયો માટે લાઈન બહાર હતા, તેવા પ્રધાન મુદ્રા લેવા તૈયાર ન થયા. તેના પરિણામે સાધુપણું. ચાલુ વિષયની ઈચ્છા છતાં પરંપરાની આવેલી પ્રધાન પદવી છતાં એવા મનુષ્યોને સંસ્કાર એવા ઉત્તમ જોયી પ્રધાનપણાને આપત્તિ ગણે. આ બધું શાને અંગે? વિચારશો તો માલમ પડશે કે પૌદ્ગલીક સુખની તીવ્ર ઈચ્છાએ સાધ્ય

[illegible] ? [illegible] કરી [illegible] નમસ્કાર નહીં, [illegible] માટે [illegible] નમસ્કાર નહીં, [illegible] માટે પણ નહીં, [illegible] કે [illegible] માટે? [illegible] છે [illegible] કેવળજ્ઞાન [illegible] છે ને આ વર્ગની સહાનુ-ભૂતિથી જ [illegible] છે. પૂર્વભવમાં તીર્થંકરનામ [illegible] પણ આ વર્ગ [illegible] ન હોત તો તીર્થંકરનામ [illegible] ? હું [illegible] નહિ. આ વર્ગની સહાનુભૂતિથી જ [illegible] છે. આરાધના આ વર્ગની સહાનુ-ભૂતિથી જ કરી શક્યો છું

[illegible] ? તેના [illegible] પહેલાના [illegible] પ્રભાવે [illegible] થયો. આટલી ઉચ્ચી [illegible] ના પ્રભાવે, [illegible] ને શેઠે નમસ્કાર કર્યો. પેલા [illegible] કે [illegible] નમસ્કાર કરે છે. શેઠ ગુણી છે, તેથી નમસ્કાર [illegible] છે, પણ [illegible] તો? તેમ ચતુર્વિધસંઘ [illegible] ? [illegible] સહાનુભૂતિ-સહકારને લીધે તીર્થંકર [illegible] છું, માટે નમસ્કાર. તીર્થંકર મહારાજને તીર્થના સહકારથી [illegible] છે. તે [illegible] નમસ્કાર કરે છે, પણ આપણે કરીએ તો [illegible] ?

[illegible]માં આગળ કોણ પ્રવેશ કરે ?

[illegible] પ્રવેશ [illegible] થાય [illegible] છે. [illegible] છે. [illegible] છે. [illegible] છે તેથી [illegible] પડે છે. શાહે [illegible] પણ પોતાના આત્મામાં રહેલી ન્યૂનતા [illegible] આત્માની [illegible] તો [illegible] ના કારણે [illegible] નહિં. જો [illegible] ને [illegible] નહિં. જો આત્માને [illegible] કરે. તે [illegible] [illegible] કારણે [illegible] નહિં [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આચરતો તે સંઘમાં. તેથી તીર્થંકરને, કેવળીને આલંબન આપનાર સંઘ તેને ઉપગારી ગણી નમસ્કાર કરે છે. તેમાં મહત્તા તેમની છે, આપણી મહત્તા નથી. જે શેઠ ગરીબને નમસ્કાર કરે તે પુન્યનું મને આ સાધન મળ્યું હતું, તે અપેક્ષાએ એ સહકારની કિંમતે તીર્થંકરો તીર્થને નમસ્કાર કરે છે. તે અપેક્ષાએ શ્રાવકપણામાં ધર્મ ગણ્યો. પૌદ્‌ગલિક બાજીથી નિરાળા રહો તે અપેક્ષાએ ધર્મ ગણ્યો. તમે ઋદ્ધિવાળા વિગેરેવાળા થયા તેથી નમસ્કારણીય છો તેમ સ્વપ્ને પણ માનશો નહિ. તીર્થંકરોએ આશ્રવને નવો કર્યો નથી, હતો એ જણાવ્યો. તીર્થંકર માત્ર જણાવનારા, કરનારા નથી. હીરો હીરાએ જણાવ્યો, દીવાએ હીરો બનાવ્યો નથી. જિનેશ્વરે કહેલો ધર્મ કેવળીએ કહેલો પણ કેવળી એ બનાવીને આપણને વળગાડયો નથી. તીર્થંકરો સાફ જણાવે છે કે અનંતા તીર્થંકરોએ આજ અધર્મ ને આજ ધર્મ કહ્યો. જમાને જમાને પલટો થાય તો કેટલાક તીર્થંકરે આને ધર્મ કહ્યો, કેટલાકે બીજાને ધર્મ કહ્યો, તેમ જુદા પડવાનું થતે. આથી સાગારી-ગૃહસ્થોનો પણ ધર્મ માન્યો, પણ પૌદ્‌ગલીક બાજીથી નિરાળા થવા માટે ધર્મ માન્યો છે, એવા સાગારિકોએ રોજ ધર્મ કરવાનો ન બને તો ચોમાસામાં જરૂર કરવો. હવે તે કયો ધર્મ તે અધિકાર આગળ બતાવવામાં આવશે.

પ્રવચન ૧૩૯મું

અષાડ વદી ૧ શનીવાર

શાસ્ત્રકાર મહારાજા સૂચવી ગયા કે આ સંસારમાં જે મનુષ્યપણું આદિ તથા પંચેંદ્રિયની સંપૂર્ણ પ્રાપ્તિ પામીને જેઓ આસ્તિકપણામાં આવ્યા છે તો ધર્મને શ્રેષ્ઠ માનનારા છે. દરેક આસ્તિક ધર્મ માન્યા છતાં ધર્મના નામે ભેળવાએલો ધર્મવિરૂદ્ધ પ્રવૃત્તિ કરે તો શું પરિણામ આવે? જૈન શાસન પોતાને માટે પણ વિરૂદ્ધ પ્રવૃત્તિ કરવાની મનાઈ કરે છે, દેરૂં મૂર્તિ ભરાવવા હોય તેણે પોતાની મિલકત ચોકખી કરવી જોઈએ. અન્યાયથી આવેલી મિલકત તે પાછી આપી દેવી જોઈએ. ચતુર્વિધ સંઘમાં પોતે જણાવે કે મેં મારી મિલકતની શુદ્ધિ કરી છે. જો કોઈ અશુદ્ધિ રહી હોય તો આ સંઘને જણાવું છું. આપદાદાથી કાંઈ અન્યાયની રકમ આવી ગઈ હોય તે માટે સંઘને જણાવે. મારી જાણબહાર મારા પાસે જે અન્યાયની રકમ રહી હોય તેનું ફળ હું ઈચ્છતો નથી, દેરા સરખું મૂર્તિ ભરાવવાનું કાર્ય અન્યાયથી કરો તે પણ

ટીલાનો વિરોધ નથી માત્ર કેસરના તિલકનો વિરોધ છે.

પ્રતિમા ન માનનારા ભાઈઓને કેવળ જિનેશ્વર મહારાજનો વિરોધ છે. પોતાની પરખદામાં ટીલું કાઢીને કેટલાક આવ્યા હોય તે ઉપર વાંકી નજર નહીં, પણ કેસરનો ચાંલ્લો કરી આવ્યો હોય તો જ વાંકી નજર. પોતાનામાંના હોળી ખેલે, મહાદેવ હનુમાન માને, તેની અડચણ નહીં, માત્ર કેસરના ચાંલ્લાવાળાની તરફ વાંકી નજર. મારવાડ મેવાડમાં નોરતા હોળી ખસ્યા નથી ને જિનેશ્વરના દેરા કેમ ખસ્યા? હનુમાન મહાદેવ મિથ્યાત્વીને માને તેના કરતાં આ માનનારા ઉપર વાંકી દૃષ્ટિ છે એ કબૂલ કર્યું. હવે આ ઉપર આવીએ. અહીં કેસરના ચાંલ્લાવાળા ઉપર કટાક્ષ વધારે રહે છે. એ કબૂલાત થઈ. વીતરાગને બીજા રૂપે માને તો મિથ્યાત્વ માતા મહાદેવ પાસે તેમ બાવા જોગી પાસે દુનીયામાં જતો હોય ને તમારી પાસે પૌદ્ગલિક સુખના રાગની ઇચ્છા રાખે તો? માતા મહાદેવ પાસે જઈને જે લૌકિક ઈચ્છા કરી એમની પાસે જવા દેવા, જે વીતરાગદેવની વીતરાગ તરીકે માને એમાં જે પૂજન કરે તે કયા શાસ્ત્ર આધારે તેં મિથ્યાત્વ કહ્યું? તારી છબી બાપડીએ હાથમાં લીધી તો તારે આલોયણ કેમ ન લેવાની? મૂર્તિને તદ્રૂપ તારે માનવી નથી. તદ્રૂપે માને તો તારે મિથ્યાત્વ ક્યાંથી લાગવાનું. મૂર્તિમાં કુદેવપણું ક્યાં છે? માતા હનુમાનની મહાદેવની મૂર્તિને માને છે. મૂર્તિ એ કુદેવ ક્યાં છે? મૂર્તિ જો કુદેવ હોય તો જિનેશ્વરની મૂર્તિ સુદેવની છે. જો મૂર્તિ મૂળ જિન મૂરતિ જિન સારીખી રૂપે માનવી ન હોય તો કુદેવ ક્યાં છે? તમારે મૂર્તિને સંબંધ છે કે મૂળને? તે સંબંધ કબૂલ કરે તો કુદેવનો ત્યાગ કરનારે કુદેવની મૂર્તિ પણ ન માનવી તો સુદેવને માનનારે સુદેવની મૂર્તિ માનવી જોઈએ. કુદેવ ત્યાગ કર્યા તેમાં કુદેવની મૂર્તિનો ત્યાગ આવ્યો કે નહિં? કઈ અપેક્ષાએ. જો દેવ અને મૂર્તિને સંબંધ છે તો સુદેવને અંગીકાર કરવાથી કુદેવની મૂર્તિ પણ અંગીકાર થઈ ગઈ. મિથ્યાત્વના ત્યાગવાળાને કુદેવની મૂર્તિનો ત્યાગ છે તો સુદેવની મૂર્તિનો અંગીકાર છે. દુનીયાદા-દામાં ફોટાને અંગે અસલના શરીરે કંઈ પણ અસર થતી નથી, પણ લાગણીનું ચિહ્ન કરે છે. આ તીર્થંકરનું એક બાવલું ગણાય પણ સન્માન કરવાથી લાગણી પ્રદર્શિત થઈ કે નહિં? ભલા તેમને ભગવાનની મૂર્તિ જોઈતી નથી તો તમારા ફોટા શા માટે? ફિલ્મો શા માટે? અજમેર કચેરીમાં ક્રીશ્ચિન લેવાઈ છે. જુઓ મુનિમ પહેલાં હડતાળ શેઠના નામ ઉપર મૂકે, તેમ જૈનશાસનની ચોપડી ચોપડીમાં ભગવાનને નામે હડતાળ મૂકે.

પ્રાતિહાર્યોની સતત હાજરી

મૂર્તિને અંગે મૂળને નુકશાન કે ફાયદો કંઈ નથી, માત્ર લાગણી પ્રદર્શન. તીર્થંકર ભગવાન હૈયાત હતા ત્યારે છત્ર ચામર ધરાતા વીંઝાતા હતા, તો છત્ર ચામર કોના ચિહ્ન ? તો તમારા તીર્થંકર ત્યાગી હતા જ નહીં એમ કહી દો. રાજાઓ ચોવીસ કલાક છત્ર ચામર સાથે રાખતા નથી, માત્ર સભામાં રાખે. સમોસરણ કોઈ નવી જગોએ કોઈ નવીન દેવતા આવે એવા કારણોમાં થાય, પણ આઠ પ્રાતિહાર્ય શબ્દનો અર્થ સમજો. પ્રતિહાર એટલે ચોપદાર, તેની જે ક્રિયા તે પ્રાતિહાર્ય. ચોપદારની માફક ચોવીસ કલાક નિયમિત પ્રાતિહાર્યોની હાજરી, જીવતા સંસારમાં હજુ રહેલા શરીરવાળા, જેમાંથી બચી શકાય તેવું છે. ત્યાં કરે ત્યાં ત્યાગીપણું ને અહીં કરે ત્યાં ભોગીપણું માનો છો. દેવતાની ઈંદ્રની તાકાત નથી કે છત્ર ચામર ધરી શકે જો ભગવાન ના કહે તો, જેને સાક્ષાતમાં વાંધો નથી તેને મૂર્તિમાં કયો વાંધો આવ્યો ? શેઠના નામ ઉપર જ હડતાળ મારે છે. એટલે બધું પોતાને મળે. દેવતાઓ જે ચામર વીંજે તેના એક રત્નની કિંમત કેટલી ? કહો એટલા પરિગ્રહધારી ભગવાન હતા. મણિરત્ન વૈડૂર્ય જડેલા દેવતાઈ રત્નો અને મણીઓની કિંમત કેટલી ? તો ભગવાન પરિગ્રહધારી હતા. નિષ્પરિગ્રહી ન હતા ?

પૂર્ણિમાં અને બીજના ચંદ્ર જેવા એટલે શું ?

ચાલો મૂળ વાતમાં આવો. જૈનશાસન જૈનધર્મ પોતાને નામે પોતાને અનુચિત પ્રવૃત્તિ થાય તો તે ધરમના નામે ચલાવી લેવા તૈયાર નથી. આથી થોરીયાનું આંકડાનું દૂધ પાય તો ભોળવાઈને પીવું નહિં. તેમ અહીં ધર્મમાં પણ પોતાના નામે અનુચિત પ્રવૃત્તિ ચલાવી શકાય નહિં. મનુષ્ય ભેદને ન જાણે તો સામાન્ય જાણી શકે નહિં. આર્ય અને અનાર્ય મનુષ્યના ભેદ હોય તો આર્ય અનાર્ય વસ્તુને ઓળખે નહિં તો મનુષ્યને ઓળખે નહિં. જેમ આંગળને અંગૂઠો જાણ્યા સિવાય પંજો જણાય નહિં, તેમ શ્રાવકધર્મ અને સાધુધર્મ જેણે ધર્મ જાણવો હોય તેણે બંને જાણવા જોઈએ. ધર્મને જાણે ક્યારે ? આ બે પ્રકારના ધર્મ જાણે ત્યારે, નહીંતર ધર્મ જાણ્યો જ નથી. શ્રાવક અને સાધુ ધર્મ સિવાય જગતમાં ધર્મ ચીજ નથી. જેમ પાંચ આંગળી મળી પંજો થયો

છે. તેમ શ્રાવક અને સાધુ ધર્મ મળી ધર્મ ચીજ બનેલી છે. એમાં પણ શ્રાવક ધર્મ એ પહેલું પગથીયું.

એથી કેટલાક સમજતા હોય કે તાબેદાર નાના રાજાનો પ્રધાન હતો. તે પ્રધાન કોઈક વખત મોટા રાજાને ત્યાં ગયો. મોટા રાજાએ પ્રધાનની પરીક્ષા કરવા માટે પ્રશ્ન કર્યો કે તારો રાજા કેવો ને હું કેવો? હવે શો ઉત્તર દેવો? જો પોતાના રાજાની ન્યૂનતા કરે તો ત્યાં ગળું કપાઈ જાય. અહીં ન્યૂનતા કરે તો તરત ભૂક્કા નિકલી જાય, સાબ! આપ પુનમકા ચંદ્ર જૈસે, હમેરા રાજા દૂજ—બીજકા ચાંદ જેસા. આ રાજાને સંતોષ થયો, પછી પોતાના રાજા પાસે ગયો ચર—દૂત કરતાં ચાડીયા રાજ્યમાં વધારે હોય. ચાડીયાને પગાર દેવો ન પડે. ત્યાં જઈ ચાડીયો કહે કે તમારો પ્રધાન આમ બોલ્યો. સચ્ચીબાત. મેરી સેવા અર્પણ હુઈ એટલા દિવસ પણ બુદ્ધિથી સેવા ન મલી. જગતમાં એકભી આદમી પુનમકી ચાંદકું નમસ્કાર કરતા નહીં હે, દૂજકા ચાંદકું સબ નમસ્કાર કરતા હે. પુનમકા ચાંદ બઢ ગયા પણ હવે ઘટતા જાય છે. ઓર બીજકા ચાંદ વધતા જાય છે. દીન પ્રતિદીન. ઉસ રાજમેં પોલ દેખી અપને રાજમેં એસા પ્રતિબંધ હે કે—દીન પ્રતિદીન રાજ બઢતા હે. કહેવાની મતલબ એ છે કે અગમચેતી વાપરી, જે પ્રશ્ન પૂછનારમાં અક્કલ ન હોય તો ઉત્તર પણ એવો જ દેવાય. તમે આવો વિચાર કરશો. આવો મને ખ્યાલ ન હતો. બીજના ચાંદની સ્થિતિ તમે ન સમજ્યા. આમને પહેલે પગથીએ કહ્યા એટલે નીચે જમીન સાથે લાગતું પહેલું પગથીયું. ઉચું જુદું છે, એ ધ્યાનમાં લ્યો. પહેલું બીજું પગથીયું ચડવા માટે, પહેલું પહેલું કહેવાય પણ ફળ ક્યારે? આગળ ચડે ત્યારે, એકડે એકો પહેલો હોય. એકડો શીખ્યા વગર ૧૦૦ શીખવાય નહિં. તેમ સર્વવિરતિ એ દેશવિરતિ વગર અપાય નહિં. એકડા વગર ૧૦૦ નહિં ને? કહેનારનો મુદ્દો એ છે કે દેશવિરતિ આપો, તે પાળે પછી સર્વવિરતિ આપો. એક જ્ઞાનીને પૂછ્યો તેને ચાહે જે યાદ કરી શકે. ભણતર થઈ ગયું છે, તો સર્વવિરતિ આત્માનો સ્વભાવ છે. તો પછી તને સવાલ રહેતો નથી કે પહેલાં શું કરવું?

સર્વવિરતિના ધ્યેયપૂર્વક દેશવિરતિ હોય

અભયદેવસૂરિ, હરિભદ્રસૂરિ એ લખ્યું કે, દુઃષમાકાળમાં પ્રતિમા [illegible] કરી પછી જ સાધુપણું લેવું, પંચાશકમાં આ નિયમ બાંધ્યો તો

તમારે કબૂલ છે કે નહિં? દરેક શાસન પ્રેમીઓને એ કબૂલ કરવું જ પડે. અહીં પ્રતિમા વહન કરવાની હરિભદ્રસૂરિજીએ કહેલ છે, પણ લગીર પૂછો કે પ્રતિમા માટે સામાન્ય એક બે મહિના યાવત અગીઆર મહિનાની મુદત છે, તેમ બીજી મર્યાદા છે કે નહિં? દરેક પ્રતિમા અંતર્મુહૂર્ત કાળની પણ છે. અગીઆર અંતર્મુહૂર્ત એટલે બાવીસ ઘડીથી ઓછો દિવસ હોતો નથી. પ્રતિમાનો નિયમ કરવો છે. તે અંતરમુહૂર્ત ઉપર ચોટી ચોડવી છે. જેને શ્રાવક પણાના પરિણામ થાય તેને પણ સાધુએ સાધુપણામાં લાવવાનો ઉપદેશ દેવો કે પરિણામ ન લાવવાનો વિચાર કરાવવો? શાસ્ત્રકારે સામો સવાલ કર્યો છે કે તમે ગુરૂ પાસે વ્રત શા માટે લેવાના રાખો છો? પોતાના આત્માથી વ્રત કરવું છે તેમાં ગુરૂને વચમાં શું કરવા છે? જો પરિણામ નથી થયા તો વચમાં ગુરૂને નાખીને શું કામ છે? માટે પરિણામ ન હોય તો પણ ગુરૂની શાક્ષીની જરૂર નથી. ત્યાં સમાધાન આપ્યું છે કે જે પરિણામિ વ્રત લેવા માંગતો હોય તેમાં ગુરૂ ઉપદેશ આપી વધારો કરે. અપરિણામીને પરિણામી બનાવે. જે પરસ્ત્રી ત્યાગના વ્રત લેવા આવ્યો તેને ગુરુ સ્વસ્ત્રીની છૂટ છે એમ કહેવાના કે સ્વસ્ત્રીનો પણ ત્યાગ કરવાનું કહેશે? દેશવિરતિ લેવા આવેલાને સર્વવિરતિ લેવાનો પણ ઉપદેશ આપશે. તમારા હિસાબે સર્વવિરતિનો તે વખતે ઉપદેશ અપાય નહિં. મૂળ તેમનો આશય અગીઆર પ્રતિમાના નામે પાંચ વરસ કાઢી નાખવા તો શ્રાવક ધર્મ છે, કર્તવ્ય છે, કલ્યાણકારી છે, મોક્ષની જડ છે, પણ કયા મુદ્દાએ? જેને સર્વવિરતિનું ધ્યેય ન હોય તે શ્રાવકપણાના વ્રત પાળે તો નકામા પગથીયા ઘસે છે. એકડીયામાં છોકરો શા માટે ભણે છે? આગળ વેપાર રોજગારમાં હોંશીયાર નિવડે તેથી. શ્રાવક પણાવાળાને સર્વવિરતિનું ધ્યેય નથી, તેને દેશવિરતિ આવતી નથી. એવો શ્રાવક ચોમાસામાં સામાયક, આવશ્યક, પૌષધ, દેવાર્ચન, સ્નાત્ર, પૂજા, દાન, તપસ્યા આ વિગેરે કાર્યો કરે, એ કયા મુદ્દાથી કરે? આ મારૂં ચોમાસું એમાં શોભે. ચોમાસાની શોભા આ નવ કાર્યોમાં, તેમાં સામાયકનું સ્વરૂપ આગળ બતાવી ગયા છીએ. તેનું ફળ દેવતાના ૯૨,૫૯૨૫૯૨૫ પલ્યોપમ જમે કરી શકે. ૪૮ મીનીટમાં આટલી મિલકત મળે. આટલી દેવતાઈ પુણ્યાઈ ભેગી સામાયિકમાં મેળવી શકો. આ તે નિર્જરા કે બંધ? સામાયક સંવર નિર્જરા કે બંધ માટે? સામાયિકમાં જે શુદ્ધ પરિણતિ એ નિર્જરાની શ્રેણિએ જવાની, પણ અશુભ પરિણતિનો અભાવ એ શુભનો સદ્ભાવ. એ શુભ બંધ કરાવશે. દુર્ગતિ ન થાય

ભોગવે? જેને બહુ નિર્જરા છે તેને જલદી નિકળવાનું છે, પણ ત્યાંના સંસ્કાર પાછા મળતા રહે તો અલ્પબંધ અને અલ્પ નિર્જરા રહે. નિકળવાનો પહેલાંનો ભવ તેમાં અલ્પબંધ ને બહુનિર્જરા હોય. તત્ત્વ એ છે કે જ્યાં જીવ શું છે? એ સમજવામાં નથી. કર્મ તોડવાની કેવી જરૂર છે, તે પણ જાણવામાં નથી. આગળ કઈ અવસ્થા સુંદર છે? તેનો ખ્યાલ નથી. તેવાને કર્મ તુટવા એ કેવી રીતે બને? હું ભૂલો પડ્યો જ નથી. ભૂલો પડેલો છે છતાં એ માર્ગે કેવી રીતે આવે? આપણે આર્યક્ષેત્રાદિ પામ્યા છીએ, એથી આ અવસ્થા અમુક કર્મથી છે વિગેરે ભવિષ્યનો ખ્યાલ છે. બીજી દશા મેળવવાનો પ્રયત્ન છે. તે મેળવે એ સ્વભાવિક છે, પણ જેને ચાલુ અવસ્થાનું ભાન-પાપ, જીવ, કર્મ વિગેરેનું ભાન નથી એવી અવસ્થામાં પાપ ક્ષય થાય અને પુણ્ય બંધાય તે કેટલું મુશ્કેલ? આથી અનંતા જન્મો, જેને પુણ્ય પાપનો ખ્યાલ નથી, પુણ્ય મેળવવાનું ને પાપ તોડવાનું લક્ષ્ય નથી અને પાપ ભરાયેલું છે એવાને પાપ તુટવા માટે અનંતા જન્મો જોઈએ. આથી अणंतकाया अणंताओ કહ્યું એટલે અનંતકાય જીવો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી પોતાની કાયામાં ઉપજે છે અને મરે છે. એક ઉત્સર્પિણીમાં કેટલા જન્મો થાય. એવી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી થાય પણ પાપક્ષય કરવાના કે પુણ્ય મેળવવાનો વખત આપણને મળે નહિ.

ચાર જ્ઞાની સરખા પણ અનંતોકાળ નિગોદમાં રખડે

दुल्लहे खलु माणुसे भवे હે ગૌતમ! મનુષ્યભવ મળવો ઘણો દુષ્કર છે. ગૌતમ સ્વામી ચાર જ્ઞાનવાળા, તેને મહાવીર ભગવાન જણાવે છે. ચાર જ્ઞાનવાળા પણ અનેક જન્મો રખડે છે. મતિ ને શ્રુત સંપૂર્ણ હોય, ચૌદ પૂર્વધર હોય, અવધિ પણ સંપૂર્ણ હોય એટલે લોકને જાણકાર એવો અવધિજ્ઞાની તથા મનઃપર્યવ-જ્ઞાનવાળો, આવી સ્થિતિએ પહોંચેલા જીવો એ પણ પતિત થાય તો એ નિગોદમાં અનંતી ઉત્સર્પિણી ને અવસર્પિણી સુધી રખડ્યા કરે. કેટલીક વખત પદાર્થની પ્રીતિ હોય ત્યારે લુંટારાનો ભય દેખી પદાર્થોની રક્ષા બરાબર થાય. કેટલીક વખત ભય દેખે એટલે પહેલા પોટલીયા કાઢી નાખે. ધન ઉપર તીવ્ર રાગ છે. એનું ધન ગયું પણ મારે તો રક્ષા કરવી છે. કેટલાકો એ સ્થિતિમાં હશે કે ચૌદ પૂર્વી અવધિ મનઃપર્યવ જ્ઞાની પડી જાય તો આપણે પડીએ તેમાં નવાઈ શી? આ શબ્દો અજ્ઞાનતા છે. હજુ ધર્મ રાગ જાગ્યો નથી. કોણિકરાજ ને ત્યાં ચોરી થાય

તેથી પોતે ધન ફેંકી દેતો નથી. ચાહે ઉપશમશ્રેણિએ ચઢેલા પડ્યા હોય. ચૌદ પૂર્વી અવધિજ્ઞાની પડ્યા હોય, તો પણ પોતાને મળ્યું હોય તેની વધારે રક્ષા કરે. ઉલટો વધારે જાગતો થાય. અહીં આ પાપનો કર્મનો, વિષય કષાયનો, ભરોસો ન રાખતાં થોડો પણ ધરમ કરતો જાગતો રહે, તમને જાગતા રહેવા આ સમાચાર આપ્યા છે. તમે ચૌદ પૂર્વિ વિગેરે પડ્યા તે તમે જોયું નથી. એમણે જાણેલું દેખેલું તમને કહ્યું શું કરવા ? સરકારે એક ચોરી થઇ હોય તે છાપી જાહેર કરી. શા માટે ? તમારે તાળા લવાસવા, ઘર મેલી ચાલ્યા જવા ખબર આપી કે સાવચેત થવા ખબર આપી ? આવા ચોર છે માટે ગફલતી ન રાખશો. વિષયકષાય આરંભ પરિગ્રહ આવા ચોર છે તે કોટિધ્વજને ઘેર ખાતર પાડે છે. ઉપશમશ્રેણિવાળાને ચૌદપૂર્વીને પણ પાડી નાખે છે અને અનંતાભવ સુધી રખડાવે છે. તમે ગફલતમાં રહ્યા તો તમારી વલે શી ? ગૌતમ ! વિષયાદિક એ ચોર છે. એ કોટિધ્વજને ત્યાં કાંણુ કરતા ડરવાના નહિં, માટે હે ગૌતમ ! મનુષ્યભવ મળવો ઘણો દૂર્લભ છે. વિકલેંદ્રિય વિગેરેમાં જાય તો અમુક મુદત સુધી રહેવું જ પડશે. અહીં પાપના સંસ્કાર એક વખત આત્મામાં પેઠા તો અનંતા કાળે તે પાપ પરંપરાએ બંધ થવાના. આવી રીતે જે સમજે, તો ધર્મ શા માટે જીનેશ્વરે કહ્યો ? તો કે આટલા જ માટે. પાપના સંસ્કાર આત્મામાં પેસે નહિં અને પાપની પરંપરા ચાલે નહિં અને નિગોદમાં જઈ પાપની પરંપરા ભોગવવી ન પડે. ધર્મ એ દુર્ગતિવારવા માટે જીનેશ્વરે કહ્યો છે. દરેક આસ્તિકને કરણીય છે.

એ ધર્મ નામે છેતરાઇ જશો નહિં. નહીંતર ભીજાયું મોતી પણ મોતી કહેવાય. ઈમીટેશન હીરો પણ હીરો કહેવાય. હીરા મોતી નામથી કોઈ ઝવેરી ઘરાય ? ઘરાય ગમાર. ઈમીટેશનથી ગમાર હોય તે સંતોષ પકડે, પણ ઝવેરી તેથી સંતોષ પકડી શકે નહિં. તેમ અહીં ધર્મ નામ સાંભળી સંતોષ પકડો તો ગમાર જેવા ગણાવ. પારખીને સાચો હીરો હોય તો જ ઝવેરીએ સંતોષ પકડવાનો હોય, તેમ ધર્મ નામ સાંભળી સંતોષ ન પકડો પણ સ્વરૂપ સમજી સાચો ધર્મ પકડો. તેથી ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. દુર્ગતિ વારનાર ને સુગતિ આપનાર અહિંસા સંયમ અને તપરૂપ ધર્મ છે, તે ધર્મ જિનેશ્વરે બતાવેલો છે. તે કહ્યો છે. દુનીયાની ચીસેમનને મુંઝાવનારી છે. જિનેશ્વરે કહેલા માર્ગનું આચરણ આ ભવે અને ભવાંતરે પણ સુંદર પરિણામ લાવે.

સામાયકમાં ભૂતના વર્તમાનના ને ભવિષ્યના ત્રણે કર્મ તોડે છે. 'કરેમિ ભંતે! સામાઈયં', સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' જ્ઞાનાદિક ત્રણનો ઉદ્યમ કરવો જ. પહેલાં પ્રતિજ્ઞા કરવાની, નહીં કરવાની પ્રતિજ્ઞા પછી છે. શું કરવું છે? જ્ઞાન દર્શન ચારિત્રના સ્વરૂપ ફળ રૂપે જે કાર્યો તે મારે કરવા જ જોઈએ. ૪૮ મિનીટમાં જે કાંઇ ઓછું કરો તેમાં દૂષણ લાગે. તમે સામાયકમાં સમ્યગદર્શન જ્ઞાન અને ચારિત્રના કારણ તરીકે સ્વરૂપ કે ફળ તરીકે જે કંઈ હોય તે તમારે કરવું જ જોઇએ. આથી સામાયકમાં ઊંઘને આળસને અતિચાર ગણ્યો. આળસ નિન્દ્રા જો કે સાવદ્ય યોગને ઠરાવવાવાળા નથી, તો પણ સમ્યગ દર્શન જ્ઞાન ચારિત્રના કાર્યમાં વિઘ્ન કરનાર છે. માટે સામાયક કરવાની પ્રતિજ્ઞા. હવે બીજી પ્રતિજ્ઞા સાવદ્ય વ્યાપાર ન કરવાની. મન-વચન-કાયાયે કરી 'જાવ સામાઈઅં' અથવા-'જાવજ્જીવં' ભવિષ્યમાં આટલા કાળ સુધી સાવદ્ય વ્યાપાર નહીં કરું. હવે ભૂતકાળનું 'તસ્સ ભંતે પડિક્કમામિ' ભૂતકાળમાં જે સમ્યગ દર્શનાદિની આરાધના ન થઇ હોય જે સાવદ્ય પાપ કર્યું હોય તે પાપમય આત્માને વોસરાવું છું. આથી સામાયકમાં ત્રણે કાળનો બંદોબસ્ત કર્યો છે. હવે આવશ્યકનું કામ શું? ત્રણેકાળ પાપથી બચવાનું તે સામાયકે કરી લીધું.

આવશ્યક શા માટે કરવું ?

હવે તમારે આવશ્યકનું કામ જ નથી. જે ભૂતકાળના પ્રતિક્રમણ નિંદન ગર્હણથી પાપો જાય તેવાં હતા તેનો બંદોબસ્ત થઈ ગયો. જે વધારે શિક્ષાને લાયક કર્મો હતા તેનું શુ થાય? સાવદ્યપાપ સેંકડો જાતના છે. તો જાતિ વગર પ્રતિક્રમણ નિંદન ગર્હણ કેવી રીતે થવાના. પારા તરીકે મેલ અંદર પેસે તે પાણી માત્રથી ખરી ન જાય, ચોંટેલો કાદવ તે ખરી જાય. પાણી આવતા મેલને રોકે. ભૂતકાળના મેલને રોકે ભવિષ્યમાં લાગતા રોકે પણ પાણી ઉપરચોટીયા મેલને કાઢે, પણ અંદર પાસ લાગેલો હોય તેને સાબુ કાઢે. તેમ જે પાપ માફી માત્રથી નીકળી જાય, તે સામાયકમાં થયું. સામાયકમાં ભૂતના સજ્જડ પાપો અગર વિભાગે લાગેલા પાપો નીકળી જતા નથી. માટે વ્યક્તિદીઠ શુદ્ધ કરવા માટે પ્રતિક્રમણની જરૂર છે. અહીં પ્રતિક્રમણ શબ્દ ન મૂકતાં આવશ્યક શબ્દ કેમ કહ્યો? પ્રતિક્રમણ તે ભૂલનો સુધારો તેનું નામ પ્રતિક્રમણ. પ્રતિ એટલે પાછું આવવું. પાછું ગમન કરવું તેમાં બે વાત હોવી જોઈએ. અહીં કઈ જગોએ ગયો હતો, ત્યાંથી મૂળ સ્થાને કેવી રીતે આવે? ધનં-

ત્યાંથી ખસી પાછું ધર્મ ભાવનામાં
ગહીં આવશ્યક શબ્દ દીર્ઘદૃષ્ટિથી
સરકાર કરે તે જાહેર કરે તલાટી, તે
જાહેર વગાડી જાહેર કરે. ત્યારે પછી
તેમ અહીં પણ આ જિનેશ્વર મહા-
ાય. આવશ્યક-અવશ્ય કર્તવ્ય આનું
ે ઔદયિક-અનાત્મ ભાવમાં ગયો હતો
મિક ભાવમાં આવે, તે પ્રતિક્રમણ.

ા ગુણથકી પ્રતિક્રમણ કહીએ છીએ.
ર્યું છે તેમાંથી લાવી ઘરમના વાડામાં
ને અંગે કહીએ છીએ તેથી તેનું નામ
ામધારી હોય, સાધુ તરીકે પોતાના
ાએ જરૂર દિવસ અને રાત્રિના છેડે
ક અને સાધુને કરવા લાયક, તે માટે

પાર

ને છેલ્લા તીર્થંકરને અંગે આવશ્યક કહી
ાસનના સાધુઓને કયાં જરૂર કરવાનું?
નું તો આવશ્યક કયાં રહ્યું? અહીં વસ્તુ
એ કોઈક મનુષ્ય ગયો, ત્યાં આગળ
પાર નથી, તો સાંજે ઉઘરાણી કરવાની
ા વેપાર છે. એતો દુકાનોમાં ઉધારીઓ
રીથી સુઈ રહે. તેમ બાવીશ તીર્થંકરના
લા છેલ્લા તીર્થંકરના શાસનમાં ઉધારીયો
ાપ ભેગું કરી પ્રતિક્રમણમાં આળોવે,
થયા. સાંજ સવાર બે જ વખત ગલ્લો
ત્રિનો હિસાબ ભેળો થાય. ત્યાં બાવીશ
અને અતિચાર લાગે તે વખતે પડિક્કમણું,
જ પડિક્કમણું છે. તેથી ચોકખે ચોકખું
ા કે ચોથો પહોર હોય, જે વખતે દોષ
રે. ક્ષણવાર વિલંબ કરીએ તો આયુષ્ય

ક્ષીણ થયું તો? એ લોકોને લાગેલા પાપને આલોવવા પડતા ન હતા, પ્રાયશ્ચિત લાગતા ન હતા, તેમ ન હતું. તેમને આલોચન, નિંદન, ગર્હણ, પ્રાયશ્ચિત લેવું પડતું હતું, પણ આપણી માફક ચોપડા રાખવાની જરૂર પડતી ન હતી. બાવીશ તીર્થંકરમાં પણ પાપ લાગતું હતું, આલોચનાદિ કરવા પડતા હતા. આપણે સપ્રતિક્રમણ ધર્મ કેમ કહેવાય છે? પેલા છેલ્લાનો ધર્મ સપ્રતિક્રમણ ધર્મ, તેમનો અપ્રતિક્રમણ કેમ કહેવાય? પ્રતિક્રમણ શબ્દથી છ અધ્યયન લઈએ તેવું પ્રતિક્રમણ તેમને ન હતું. બાવીશ તીર્થંકરના સાધુઓને છ આવશ્યકરૂપ પ્રતિક્રમણ ન હતું. તત્કાળ પ્રતિક્રમણ કરવું પડતું. અહીં ફરક છ અધ્યયનને અંગે. સવાર સાંજ નિયમિત કરવાને અંગે પ્રતિક્રમણમાં ફરક છે. આવશ્યક એટલે સવાર અને સાંજ પ્રતિક્રમણ હોવું જ જોઈએ, એથી આવશ્યક કહ્યું. આથી આવશ્યકની જાહેરાત કરી. હવે જાહેરાત કર્યા છતાં તે પ્રમાણે ન વર્તો તો ગુનેગાર બનો કે નહિ?

પખ્ખી-ચોમાસી પ્રતિક્રમણની જરૂર કેમ?

આથી મુસલમાનોને નિમાજ વગર, બ્રાહ્મણોને સંધ્યા વગર ચાલે તો જૈનોને પ્રતિક્રમણ વગર ચાલે. આવશ્યક આ બન્ને વખતનું પ્રતિક્રમણ આવશ્યક-જરૂરી કર્તવ્ય. રોજ કરે તો પંદર દહાડે પકખી વિગેરે ફેર કેમ કરવા પડે? રોજ ધોતીયું જાતે ધુઓ છતાં પછી ધોબીને કેમ આપો છો? બરોબર શુદ્ધિ કરવા માટે ધોબીને આપો છો. તેમ બરાબર શુદ્ધિ કરવા માટે સર્વથા શુદ્ધિ કરવા માટે પકખી વિગેરે કરવાના છે. તો તે નિત્ય કર્તવ્ય થયું તેને ચોમાસી કર્તવ્યમાં કેમ ગણ્યું? ચતુર્માસિક કર્તવ્યનો અર્થ સમજ. 'ચાતુર્માસિક મંડનાનિ' એટલે ચોમાસીને શોભાવનાર એ ચોમાસાનું જ થયું. બાકીનું ન થયું તેમ તારાથી કહેવાય નહિં. ચોમાસીમાં જરૂર કરવું. બાર મહિના જરૂર કરવું. એ ન બને તો ચોમાસીમાં જરૂરાજરૂર કરવું ચોમાસીમાં પડિકમણાની બેવડી જરૂર કેમ ગણી? ચોમાસીની અંદર સ્થિરતાનો વખત. સંકલ્પ વિકલ્પની ઓછાશ, તેમાં જે શુદ્ધિ થાય તે ઉત્તમ થાય છે. ચોમાસામાં આરંભ સમારંભ વધારે. પ્રવૃત્તિ ભલે ઓછી. પણ ડગલે ને પગલે આરંભ છે. શરદ ઋતુમાં ફલીનાર્જન લેવી. બારે મહિને ટોનીક નરીકે લેવી પણ શરદ ઋતુમાં રોગનો હલ્લો, તે વખત બરાબર સાવચેત રહેજો. ચોમાસું ખરેખર કર્મબંધનનું સ્થાન. ચોમાસામાં વધારે વેપાર ન હોય. મંદીમાં નવરાશમાં

વધારે નખોદ વાળે. તેમ અહીં પણ બીજા પાપોની પ્રવૃત્તિ ચોમાસામાં વધી થાય. વિષયકષાયની વૃદ્ધિમાં પ્રતિક્રમણ નહીં કરો તો તમારા આત્માને બચવું મુશ્કેલ. આવશ્યકમાં સામાયક આવી ગયું તો જુદું કેમ કહ્યું? જ્યારે જ્યારે વખત મળે ત્યારે ત્યારે સામાયક કરવું જ જોઈએ. નવરા પડવું ન જોઈએ. એથી સામાયક પદ જુદું કહેવું પડયું. પ્રતિક્રમણ સાંજ સવાર કરવાનું. 'પૌષધાનિ' બેઘડીનું સામાયક તેમ આવશ્યક તે કેટલા છે તે બધું વિચારવાનું છે.

ચાર પ્રકારના પૌષધ

ધર્મની પુષ્ટિ ધારણ કરે તે પૌષધ, તેમાં કહેનારા છે કે પર્વ સિવાય પૌષધ કરવો નહિં. પૌષધ કેટલા પ્રકારના? તો કે ચાર પ્રકારના, આહાર શરીર, સત્કાર, અવ્યાપાર ને બ્રહ્મચર્ય–પૌષધ. હવે કયો પૌષધ પર્વ સિવાય ન કરવો? ચારે પ્રકારના સર્વ પૌષધોને ન કરવા? કે કોઈપણ પ્રકારનો પૌષધ પર્વ સિવાય ન કરવો? તો પર્વ સિવાય કરે તો આપત્તિ આવે. આહાર પૌષધ તેનું દેશથી એટલે વિગયથી માંડી ઉપવાસ. એ બધા આહાર પૌષધ. આહારનો દેશ પૌષધ–કરે તો તમારા હિસાબે ગુનેગાર. પર્વ સિવાય ચોવીહારો ઉપવાસ કરે તો ડૂબી જાય? વિગયત્યાગ નીવી આંબેલ ઉપવાસ ન કરવા? શરીર સત્કાર પર્વતિથિ સિવાય કોઈપણ શરીરનો સંસ્કાર ન છોડવો. છોડે તો પાપ લાગે તેમ માનવું? સર્વથા શરીર સંસ્કાર છોડે તો પાપ માનવું? પર્વતિથિ સિવાય બ્રહ્મચર્ય કરે તે પાપી? દુનિયાદારીના વેપારનો સંકોચ કરવો અગર બંધ કરે તો પાપ લાગે? એવી અણસમજણ અહીં ન લેશો કે ચોમાસી કે પર્વ સિવાય પૌષધ કરીએ તો પાપ લાગે, તેમ માન્યતા ન કરશો. આનો અર્થ એ કે ચોમાસી સિવાય સામાયક પૌષધ આદિ કરવાનો નિષેધ નથી. ચોમાસીમાં તો જરૂર કરવા યોગ્ય છે. બાકી હંમેશા કર્તવ્ય છે. આ બધું બતાવ્યું હવે એનો વિસ્તાર જે બતાવશે તે અગ્રે વર્તમાન.

પ્રવચન ૧૩૯ મું

અસાડ વદી ૪ ને મંગળવાર

શાસ્ત્રકાર મહારાજા જણાવી ગયા કે સ્વરૂપ અને ફળ વિચારવું જોઈએ. ધર્મ બે પ્રકારે જણાવતાં એક તો સંપૂર્ણ પાપનો ત્યાગ ને એક નિર્વાહની દરકાર રાખી કરાતો ત્યાગ. મોક્ષના માર્ગમાં જેઓ વધતા હોય

તેમને પોતાનો આત્મા કેટલો વધ્યો ને કેટલું વધવું બાકી છે, તે તપાસવા માટે શાસ્ત્રકારે ખીંટા માઇલ સૂચક પાટીયા કે પત્થર નિયમિત કર્યા. જે સડક ઉપર જઇએ, ત્યાં માઈલના ખીંટા હોય. આ ગામ આટલે દૂર છે એમ માલમ પડે. છ માઇલ આવ્યા ને છ માઇલ બાકી રહ્યું, આમ માઈલના થાંભલા મેલી નિયમિત કરવામાં આવ્યું હોય ત્યાં ચાલનારને કેટલું આશ્વાસન રહે. જ્યાં ખીંટા ન હોય ત્યાં ચાલવામાં આશ્વાસન અને અનાશ્વાસમાં ફેર પડે છે. વ્યવહારથી નિયમિત થએલામાં આ સ્થિતિ છે. સામાન્યથી નિયમિત થએલા માર્ગમાં જ્યાં માપણી થએલી હોય ને માઈલના થાંભલા લાગેલા હોય ત્યાં ચાલનારને આશ્વસન રહે છે. તે વાત અહીં સમજો.

પારિણામિક ભાવનું ભવ્યપણું અનાદિનું છે

હરેક ભવ્યજીવને મોક્ષ જોઈએ છે. મારા ભવ્યપણાંનું ફળ શું? બીજી ચીજોનું ફળ સમજીયે છીએ, તેમ આત્મામાં અનાદિનું ભવ્યપણું છે તેનું ફળ શું? નિધાનમાં પૃથ્વીમાં દાટેલું ધન સરખું આપણું ભવ્યપણું છે. દાટેલું ભોગવટામાં કામ ન આવે. મનમાં માત્ર માનવાનું કહે છે. ન દેવાના કામમાં આવે, તેમ આપણે ભવ્યપણું અનાદિનું પણ એમાં નિપજ્યું શું? ભવ્યપણું એ પારિણામિક સ્વભાવ એટલે પલટવાવાળો નહીં, અનાદિનો હોય તેવોને તેવો રહેવાવાળો, તેથી ભવ્યનો અભવ્ય ન થાય. અભવ્ય તે અભવ્ય રહે. તે ભાવ પારિણામિક હોવાને લીધે, જીવપણું અનાદિનું છે તે અજીવનો જીવ થતો નથી. અજીવ પણ જીવ થતો નથી. આપણે આત્મામાં જીવપણું ઉત્પન્ન કર્યું નથી, તેમ ઈશ્વરે પણ જીવપણું ઉત્પન્ન કર્યું નથી. જીવપણું છે હંમેશાં તેથી પરિણામિક સ્વભાવ. પારિણામિક સ્વભાવ એટલે અનાદિ સ્વભાવ, તેમ ભવ્યપણું એ પણ અનાદિ સ્વભાવ. હવે અહીં ભવ્યપણાનું ફળ કેમ વિચારવા બેઠા? જીવપણાનું ફળ વિચારવાની જરૂર નથી. તેનું ફળ હંમેશા પ્રવર્તેલું છે. ચેતના સ્વરૂપ એ જીવપણાનું ફળ છે. જ્ઞાન દર્શનરૂપ ચેતના સર્વકાળ રહેલી છે. જેનું ચાલુ ફળ મળતું રહેલું હોય તેનું ફળ શું એ કહેવાનો પૂછવાનો વખત નથી, પણ ભવ્યપણાનું ફળ કંઈ મળ્યું નથી. નિગોદમાં, બાદરમાં બે, ત્રણ ચાર ઇન્દ્રિયોમાં હતા ત્યાં ભવ્યપણું હતું, પંચેન્દ્રિયમાં નરકમાં દેવતામાં બધે ભવ્યપણું હતું. અહીં પણ ભવ્યપણું છે પણ તેનું ફળ શું? એ વિચાર્યું નથી.

ભવ્યપણાનું ફળ એ શબ્દદ્વારાએ વિચારીએ તો સમજી શકાય તેવું છે. ભવ્યશબ્દ ભવો એક બે ચાર દશ વીસ કોઈપણ સંખ્યાના ભવોએ જેને મોક્ષ મળવાનો હોય તેનું નામ ભવ્ય, એટલે મોક્ષને લાયક તે ભવ્ય. જે મનુષ્યને ભવ્યપણાનો નિશ્ચય થયો હોય તે જરૂર એ વિચારે કે મારે મોક્ષે જરૂર જવાનું જ છે. તો વિલંબ કોનો? મારા ઉદ્યમની ખામીનો, જેટલો વિલંબ કરીશ તેટલો મોક્ષ મોડો મળશે.

ભવ્યત્વરૂપી લોટરીનું ઇનામ જાહેર થયું છે

આપણા નામે ઇનામ ચઢ્યું છે. માત્ર ઓફીસમાં જઈ લઈ આવવાનું છે. સોરટીમાં લોટરીમાં જાહેર થઈ ગયું છે. લઈ આવવામાં વિલંબ કરે તેને શું કહેવું? એમ અહીં જગતની અંદર આપણી સોરટી પાકી ગઈ. આપણે નિગોદમાં હતા. સોરટી પાકી ન હતી. બાદર નિગોદમાં બે ઇંદ્રિ, તેઇન્દ્રિય, ચૌરેંદ્રિય. વિકલેંદ્રિયમાં આવ્યા હતા, દેવતા–નારકી–પણામાં તિર્યંચના ભવમાં સોરટી પાકી ન હતી, પણ આર્યક્ષેત્રાદિ લાંબી જિંદગી દેવાદિકની જોગવાઈ મળી, આ સોરટી પાકી છે. ભવ્યપણાનો જો નિશ્ચય છે, તો સોરટી પાકી છે, પણ લેવા જવાના સાંસાં છે. ટાઢ લાગે છે, તડકો લાગે છે, ખાવાનો ફરવાનો સુવાનો વખત થયો છે. તમે સવારથી સાંજ સુધીના વખતમાં નિયમિત કામમાં હો છો. આ કામમાંથી નવરા થાવ ત્યારે સોરટીનું ઇનામ ઓફીસે લેવા જાવને? જાતિભવ્ય–હરિયાના તળીયે સોનાની ખાણ હોય તેમાંથી સોનું નિકળવાનું નથી, ઘરેણું થવાનું નથી, પણ કહીએ સોનાની ખાણ, તેમ મોક્ષે જવાનો નથી, પણ મોક્ષે જવા લાયક છે. તેથી જાતિભવ્ય કહીએ. સોરટી પાકી એટલે તારું આ ઇનામ દે. ન લઈ જાય તેટલી તારી ખામી. અહીં મોક્ષની નિસરણી મળી ગઈ

ભવસ્થિતિનો પરિપાક એટલે શું

ભવસ્થિતિ પરિપાક એટલે નિસરણી ન ચડે તેજ ભવસ્થિતિ પાકી નથી. એ શક્તિનો અભાવ ન હોય તો એકેન્દ્રિય બેઇંદ્રિય તેઇંદ્રિય ચૌરેન્દ્રિયપણા શક્તિનો અભાવ કહી શકે. મનુષ્યદેહ સંપૂર્ણશક્તિવાળો દેહ. એટલા માટે તો શાસ્ત્રકારોએ ઔદયિક ભાવ વખાણ્યો. સૂત્ર સંયમ શ્રદ્ધા એ ક્ષયોપશમિક ભાવ અને મનુષ્યપણું એ ઔદયિક ભાવનું છતાં તેની શાસ્ત્રકારોએ પ્રશંસા કરી. ભવસ્થિતિ પાકે એ પૂર્વકાળ કે

પશ્ચિમકાળ ? ધર્મ કરીએ તે ભવના કારણો તોડે કે ભવના કારણો પહેલા ત્રુટી જાય. મિથ્યાત્વપણું આપણે ઉદ્યમ કરીએ તો તોડીએ. આપણે તોડીએ તો તૂટે તો ભવસ્થિતિનો અર્થ એ કે તમે તોડતા નથી. પંચસૂત્રની ટીકા જે હરિભદ્ર સૂરિએ કરી છે તેમાં કહ્યું છે કે તમારા ભવ્યત્વને પરિપકવ કરો. શી રીતે ભવ્યત્વ પકવવું ? એ કેરી કે જાંબુ છે કે પરાળમાં કે ખાડામાં નાખીએ તેથી પાકી જાય ? કેરીને પકાવવા માટે ઉપાય કરો છો. પાકી ગયા પછી પકવવાનું હોતું નથી. કાચી હોય તો પરિપકવ કરવાના સાધનો મેળવવા જોઈએ. પાકી માટે કોણ પરાળ મેળવે છે? કેરીમાં તો પરાળ હોય, પણ અહીં કઈ પરાળ ? સાફ કહ્યું કે તથા ભવ્યત્વને પરિપકવ કરવાના સાધનો. ભવ્યત્વપણું પરિપકવ કરવું હોય તો ચારના શરણે રહો, અરિહંતાદિકના શરણે રહો, શરણે આવેલો શી રીતે વર્તે ? રાજાને શરણે થાય ત્યારે કેમ વર્તે ? તુંહીં તુંહીં. હીર વર્તાવ કરતાં વિચાર કરે, તેને ખોટું ન લાગે. ગુનામાં ન આવી જઉં, તેમ અહીં તમારા આત્માને અરિહંત સિદ્ધ સાધુ અને કેવળીએ કહેલા ધર્મને શરણે મુકી દો. એનો હુકમ તપાસો. તેના હુકમ બહાર ન જવાય તે તપાસો. પરાળ લાવવી નથી, કેરી પરાળમાં નાખવી નથી ને કેરી વગર પાકી રહી કહેવું છે ,એમ બૂમો મારવી છે. તેમ ચાર શરણમાં ન રહે તે ભવ્યત્વ સ્થિતિ પરિપાકના રસ્તામાં જ નથી. જોડે દુષ્કડગરિહા, પૂર્વની જિંદગી યા પૂર્વભવોમાં થએલા પાપો, ચાલુ કાળમાં થતાં પાપો તરફ ધિક્કારની નજર નાખો.

શત્રુ તરફ ધિક્કારની નજરનું મહાહથિયાર

ઓગણીસસો ચૌદમાં જ્યારે જર્મનને શરણે થવુ પડ્યું ત્યારે જણાવવું પડ્યું કે અમારા કીલ્લાં હથિયાર, સ્ટીમરો, શત્રુઓએ કબજે કરી બધું કબજે કર્યું, પણ એક હથિયાર અમારી પાસે બાધ છે, આ શત્રુરાજ્યો આખી દુનીયાને કબજે લે તો પણ આરું, તે હથીયાર બુઠ્ઠું થાય તેવું નથી. ખુલ્લું કર્યું છે. 'શત્રુ તરફ ધિક્કારની નજર' આ હથિયાર અમોઘ છે. ચાન્સેલરે કયું હથીયાર દેખાડ્યું ?શત્રુ તરફ ધિક્કારનું હથીયાર, એ શત્રુથી કાબુમાં લેવાય તેવું નથી, તે સહદેવ જેવું છે. સહદેવને જેટલા ઘા વાગે ને લોહીનાં ટીપાં પડે તેટલા સહદેવો ઉભા થાય. તેમ આ હથિયાર એવું જબરજસ્ત છે કે જેમ દબાવતા જાય તેટલું તેજ થાય, માટે સહદેવ. જેટલું દબાણ કરો તેટલું તે

હથીયાર તેજ થતું જાય. માટે અમોઘ હથિયાર જણાવ્યું. એ હથીયાર બુઠું થયું નથી અને થઈ શકે તેવું નથી. તેમ અહીં એક હથીયાર તમારી પાસે પણ અમોઘ છે, શાસ્ત્રકાર જણાવે છે કે એક હથીયાર અમોઘ છે. પાપના તરફ ધિક્કારની નજર. તમારી પાસે અમોઘ હથીયાર એક જ. તીર્થંકરના શરણે ગયા છો તે પણ શરણ આપે છે, તે અમોઘ હથીયાર તરીકે નહિં. પાપનો ધિક્કાર ન હોય ને તેનું શરણ અંગીકાર કરો તેથી કશું ન વળે, પાપ તરફ ધિક્કાર ન હોય પછી તેની ચાહે તેટલી આરાધના કરો તો પણ તમારો બચાવ થઈ શકે નહિં.

ચાર શરણ ક્યારે સફળ થાય ?

ચારે શરણો ક્યારે કામ કરે ? રસાયણ ચાહે સુંદર પણ કોઠો સારું હોય તોજ કામ કરે. રસાયણ વગર ભયંકર વ્યાધિ ન જાય. પણ એ કાર્ય ક્યારે કરે ? કોઠો ચોકખો જોઈએ. એમ અરિહંત સિદ્ધ સાધુ અને ધર્મ એ ભવનો રોગ મટાડે એવા જબરજસ્ત છે, પણ તે ક્યારે મટાડે ? જ્યારે પાપ તરફ ધિક્કારની નજર રાખી આત્માને શોધી લ્યો ત્યારે. પાપના પક્ષકાર બનો, અનુમોદક બનો, સહાયક બનો ત્યાં સુધી જિનેશ્વરાદિકનું શરણરૂપી રસાયણ તેવો ફાયદો કરી શકે નહિં ? દુષ્કૃત એટલે જે જે પાપો તે બધાની ગર્હા એટલે શું ? ચાન્સેલરે માનસિક ધિક્કાર કહ્યો પણ એટલું અહીં બસ નથી. મનમાં ચણેલો મહેલ પડતાં વાર ન લાગે, તે માટે દુષ્કૃતની નિંદા ન રાખતાં ગર્હા શબ્દ રાખ્યો, એકલી પોતાના આત્માથી જે નિંદા કરવામાં આવે તે નિંદા, ગર્હા કોનું નામ ? પોતાના આત્માથી ધિક્કારની નજર હોય અને તે મંડલીના સભ્યોની વચમાં ધિક્કાર જાહેર કરવો તે ગર્હા. આત્મામાં ધિક્કાર રાખવા પૂર્વક સકલમંડળ સમક્ષ ધિક્કાર જાહેર કરવો તેનું નામ ગર્હા, સામાયિક કરતાં પૂર્વકાળનું નિંદન ગર્હણ પડિક્કમણ બોલો છો પણ તે ક્રિયાનો વિચાર કરવો તે રૂંવાડે પણ આવતો નથી.

દુષ્કૃત નિંદનાદિ, સુકૃત અનુમોદન

દુષ્કૃતનું નિંદન કર્યું પણ કડાયા માંજી સાફ કર્યા તેથી પેટ ન ભરાય. જો કે કડાઈયા ન માંજીએ તો રસોઈ બધી બગડે, પણ કડાઈ માંજીને સામાન્ય તૈયારી જોઈશે. માટે જે જે સત્કૃત્યો જે ઉન્નતિના કાર્યો તે તરફ અનુમોદન રાખો, ખેડુત ખેતરમાં ખેડીને બીજ વાવીને ઘેર બેસી

જાય તો પરિણામ શું આવે ? ખરી ખુબી પાણી સીંચન અને રક્ષણ કરવામાં છે. બી વાવીને રક્ષણ ન કરાય તો સ્થિતિ કઈ થાય ? તેમ તેમ જાત્રા સામાયિક પૂજા પ્રભાવના ઉપધાન જે કંઈ કરો તે માત્ર ખેતી કરી બીજ વાવવાનું, પણ એનું પોષણ કયું ? હંમેશા અનુમોદન. મારો જન્મ કૃતાર્થ, કે મેં આ કર્યું. આ વાત ખ્યાલમાં લેશો તો વિચાર આવશે કે મરણ વખતે છેલ્લી વખતે પણ જે સુકૃત કર્યા હોય તેનું હું અનુમોદન કરું છું. ગઈ ને ગુજરી માને તે જૈન શાસનમાં ચાલે તેમ નથી. ગઈના વિભાગ કરી સારીનું અનુમોદન ને ખોટીનું નિંદન-ગર્હણ કરો. ગઈ ને ગુજરી ગઈ તો નિંદન ગર્હણ અનુમોદન શાનું કરશો ? શાસ્ત્રકારો તો આ ભવનું નહીં પણ ભવોભવનું શોચે છે. આ ભવ પરભવ વળીય ભવોભવ. જ્યાં આર્ત્ત-રૌદ્ર ધ્યાનની વૃદ્ધિ થતી હોય તો પંડિતોએ गतं न शोच्यम् ગઈ ગુજરી ભૂલી જવી. સમુદાયે અબ્રહ્મનું (મૈથુનનું) નિંદન ગર્હણ છે. વિભાગ કરવાનું નથી. તેમાં ખસવાના-લપસવાના સંજોગો છે. લપસણું હોય તે જગો પર પગ મૂકતા વિચાર કરવાનો છે.

શત્રુના ગુણની અનુમોદના થવી જોઈએ

સત્કૃત્યત્યાનુમોદનમાં આત્મા ઘણો લાભ મેળવે છે. કરવામાં માત્ર પોતાના પ્રયત્નનું ફળ, અનુમોદનમાં ભૂત-વર્તમાન અને ભવિષ્ય પ્રયત્નનો બધો લાભ મેળવી શકે. કરણમાં સ્વપ્રયત્નનો લાભ મેળવી શકે. અનુમોદનમાં બધાનો લાભ મેળવી શકે. સુકૃતનો સમય રહ્યો છે પણ અનુમોદનમાં આંબળા જેવું મીંડું છે. બીજાનાં સત્કૃત્ય તરીકે અનુમોદન બીલકુલ નથી. અમુક સાથે રાગ હોય તે બે ઉપવાસ કરે તો જબરા નેમુભાઈ. તે જગો પર ઉત્તમભાઈ સાથે પોણાસોળ હોય તો તેણે છઠ્ઠ કર્યો હોય તો 'કર્યો છઠ્ઠ' પોતાનો ભગત સંઘ કાઢે તો અનુમોદે, બીજાએ કર્યું હોય તો કંઈ નહિં, અહીં સુકૃતની અનુમોદના કે સ્વપક્ષની અનુમોદના ? કટરમાં કટ્ટર શત્રુ હોય પણ તેના સુકૃતનું અનુમોદન રહે તો સમજવું કે આ સુકૃતનું અનુમોદન છે. ધ્યાન રાખો કે શાલિભદ્રના તથા ધન્નાજીના જીવે કયવન્નાના જીવે ગરીબીમાં દાન દીધા, પણ એટે રહેનારી પાડોશણો બાયડીની જાત. પાનીએ શેળ શણગાર સજે તેથી બાયડીની બુદ્ધિ પલટી છે. એવી બાયડીઓએ પેટે પાટા બાંધી દાન આપ્યું. જેનું નામ નથી નિશાન કે સંબંધ નથી. જે સાધુને દાન આપ્યું તેનું નામ નિશાન પેટે પાટા બાંધી પોતાનાં મોંની ખીર અણગારને આપી, તે વખત પાડોશણ

બાયડીના જીવો અનુમોદન કરે છે. ધન્ય છે આ જીવને, ધર્મકાર્યની અનુમોદના કઈ સ્થિતિમાં હોય ? આ છોકરો ગમાર, ઢોર ચારનારો, એક સાધુને દાન દે તેમાં બાયડીઓ અનુમોદન દે છે. આપણો સંબંધી હોય તો અવગુણ ઢાંકી દઈએ- ગુણો જાહેર કરીએ છીએ. જીવમાં અવગુણ ભરેલા છે. એમાં ગુણ આવે તેની બલિહારી. તે બીજા વખતે કેમ નથી થતું ? મારા અંતઃકરણને જે ગમે તે માટે અને મારા અંતઃકરણમાં જે ન ગમે તે માટે પણ જુદું શાસ્ત્ર છે. નહીંતર અહીં ગુણને અંગે અવગુણ નડતાં નથી, તો પછી કેમ નડે છે ? વસ્તુતાએ અનુમોદના નથી, સત્કૃત્ય તરીકે અનુમોદના હોય તો ચાહે તેની અનુમોદના હોય. ભરત બાહુબળને અંગે ગુરુએ પહેલા ભવમાં વૈયાવચ્ચના વખાણ કર્યા. આચાર્યની સ્થિતિની અપેક્ષાએ ભરત બાહુબલમાં શું વધારો હતો ? અગીતાર્થપણું હતું, ઈતર ગુણો સાથે ન હોવાથી અગીતાર્થપણું દીધું. એક ગુણને અંગે વર્ણન છે. અવગુણને અંગે ગુણ મારી નાખવામાં આવે તો સર્વગુણવાળો થાય ત્યારે અનુમોદનીય છે તે નિશ્ચયમાં આવ્યા. અરિહંત ને સિદ્ધ બેનેજ માનો. આચાર્ય ઉપાધ્યાય સાધુ એટલે મોહનીયને આધીન, મોહમાં રહેલી વ્યક્તિ. ભગવાન મહાવીર મહારાજે કામદેવ વીગેરેને જે વખાણ્યાં તે કામદેવ વિગેરે સર્વગુણ સંપન્ન હતા ? જે ગુણની અનુમોદના કરવી છે તો ગુણ ઉપર જ ખ્યાલ રાખવો પડશે,

ગુણની વચનથી પ્રશંશા કે અનુમોદના કોની હોય ?

આ જગો પર ગુણની પ્રશંશા-અનુંમોદના કરે ત્યાં દોષ કહ્યો છે, ગુણ ગમે તેના હોય તે અનુમોદનીય હોવા જોઈએ તો અહીં મિથ્યાદૃષ્ટિની અનુમોદના પ્રશંસાને દૂષણ રૂપ ગણી છે. હવે સવાલ રહ્યો કે ગુણની પ્રશંસા કયાં રહી ? તે કયા રૂપે તે લક્ષ્યમાં લો, દુનીયાદારીથી દૂધપાક સારી ચીજ, વખાણો, ઉત્તમ ભોજન ગણો, પણ ઝેર ભરેલો હોવો ન જોઈએ. અખંડ ચોખાની જગોએ ખંડિત ચાલશે. બદામ પસ્તા હલકા હશે તો ચાલશે પણ ઝેર ભળેલો ન હોવો જોઈએ. તેમ અહીં જૈનશાસ્ત્રને અંગે જેના હૃદયમાં સત્યતા ન હોય, જેના હૃદયમાં દેવાદિ ત્રણની પ્રતીતિ ન હોય, તેવાના ગુણોનું અનુમોદન કરતાં સાવચેત રહેવાનું કહે છે. જે અનુમોદનથી મિથ્યાત્વનું પોષણ હોય, તે અનુમોદવા નહીં, પણ જેના અંગે મિથ્યાત્વનું પોષણ ન હોય તેવાને અનુમોદવા. ધન્નાજી ને કયવન્નાજી એ સમ્યકત્વી હતા ને દાન દીધું કે સમ્યકત્વ

વગરના હતા ને દાન દીધું? એકેય પણ તે વખતે સમ્યકત્વવાળા નથી, પછી દાનનું અનુમોદન કેમ કરો છો? જે અનુમોદનથી મિથ્યાત્વને પોષણ મળે. મત તરીકે અનુમોદન કરાય નહિં. પણ જે અનુમોદનથી ધર્મના કાર્યનુંજ પોષણ હોય તેવું અનુમોદન કરવામાં કોઈ જાતની અડચણ નથી. સમ્યકત્વના દૂષણમાં પ્રશંસાનો નિષેધ પણ તે આવા પ્રકારનો નિષેધ જેમાં વિરૂદ્ધવાસનાનું પોષણ ન હોય, તેવાના ગુણનું અનુમોદન કરવાનું,

મેઘકુમારની જીવદયા વખાણવી નહિં? જિનેશ્વરના આગમને અનુસરતો મિથ્યાત્વીનો ગુણ અનુમોદન કરવાનો. શકટાલ મંત્રી રાજાની સેવા કરતો. વરરૂચિને વખાણતી વખત ન વખાણ્યો. રાજાના વખાણ થાય, વરરૂચિ સ્તુતિ કરે, તેમાં જે કોઈ રાજાની સ્તુતિ કરે તેમાં શકડાલને અડચણ નથી. અને વરરૂચિ કરે તેમાં અડચણ. રાજાની સ્તુતિ થાય તે સ્તુતિ મત પર ન પડતાં રાજ્ય ઉપર ચડવાની, અને વરરૂચિ સ્તુતિ કરી લાભ મેળવે તે મત ઉપર. મૂળ વાત એ છે કે અનુમોદનની લાઈન આપણા કાર્યને અંગે ઘટી ગઈ છે. અત્યાર સુધીમાં જે જે ધાર્મિક કાર્યો છે તેને યાદ કરો છો? અનુમોદન કરો છો? તમારા સત્કૃત્યોને તમે અત્યારે યાદ કરી અનુમોદન ન કરો તો ખરેખર કરીને અનુમોદનનો લાભ ખોઈ દેવાય છે. તો છેલ્લી જિંદગીમાં યાદ ક્યાંથી કરવાના? તો પછી દુષ્કૃતને ક્યાંથી યાદ કરવાના? આટલા અત્યારે યાદ નહીં કરો તો છેલ્લે ઢગલાને શી રીતે યાદ કરવાના? ને નિંદન ગર્હણ કરવાના શી રીતે? વલે મોધમ કરવાના, કોથળામાં પાંચશેરી. જે કાર્ય પરત્વે જે અનુમોદના નિંદન એ બેમાંથી એક પણ કરી શકવાના નહિં. માટે દુષ્કૃત ચાહે જેવું હોય તો પણ નિંદાને પાત્ર છે. સુકૃતને અંગે અનુમોદનાને પાત્ર છે.

અલ્પ પાપ બહુ નિર્જરા

જે સુકૃતને અનુમોદના મિથ્યાત્વનું પોષણ ન થવું જોઈએ. ધન્ય છે કે એણે બાવાને દાન દીધું. આનું ફળ ક્યાં? ભૂલ થઈ કે ફૂલ તોડ્યા જિનેશ્વરની પૂજા કરી. મેં હિંસાની નિંદા કરી પણ એનો અર્થ ક્યાં યો? જે સમ્યકત્વની કરણી, સાધુની સામા ગયો, દાન દીધું, ફૂલથી પૂજા ી, તે ધર્મ કાર્યોની નિંદા કરે તો તેની છાયા ક્યાં? કોઈ પણ ક્રિયા આ નું ક્રિયા વગરની ક્રિયા હોય નહિં. એ અપેક્ષાએ ત્યાં નિંદવા જાય તો

સમકીતીની કરણી બગડી જાય. અનુમોદન નિંદનમાં અપ્રશસ્ત અંશ પ્રશસ્ત અંશ પોષાવો કે બગાડવો ન જોઈએ. બીન જરૂરી કરીએ તો વેદન કરવું પડે. દાન દેતાં સાધુને ધારી રસોઇ કરીએ ને એ રસોઇ વહોરાવીએ તો 'અલ્પ પાપને બહુ નિર્જરા' તે અલ્પ પાપ વેદનમાં ન આવે તેવું, એ જગો પર શુદ્ધ આહાર પાણી તે હિંસા વગર થતાં નથી, પણ તે વહોરાવ્યું. ઉનું હોય ને ઢાંકણું ઉઘાડયું. તમે ચાલ્યા. તપેલા લોઢાના ગોળા જેવું ગૃહસ્થનું હલન. તેમાં વેદનમાં પાપ ન લીધું. તેમાં કર્મ બંધાય પણ તરત તુટે, વેદન નહીં. કેટલાનું એવું કહેવું છે કે બંધ વખતે શુભ ભાવના છે. જે વખતે બંધાવવાનું કહો તે વખતે શુભ ભાવના હોવાથી તોડે છે. જે તીર્થંકરની મુદ્રા દેખાતાં પૂજન કર્યા પછી જે આહ્લાદ થાય તે આહ્લાદ પહેલેથી હોતો નથી, માટે તે વખતે જે શુભ ભાવ થાય તે લાગતા કર્મોને તોડવાને સમર્થ નથી. કેટલાક આ મતના છે. કાર્યકાળે તોડવાનું, કેટલાક કારણ કાળે તોડવાનું કહે છે. અલ્પબંધ ક્યાં ? જરૂરની બહાર, કાચું પાણી વહોરાવ્યું. સાધુને ઠંડીમાં ધ્રૂજતા દેખી લાકડા સળગાવી ભક્તિ કરે તેને શું ગણવું ? અવસ્થા સમજવી.

જરૂરી, બીનજરૂરી પરિસ્થિતિમાં શ્રાવકને ભક્તિમાં શો લાભાલાભ ?

જંગલોનો સીધો લાંબો રસ્તો છે. વચમાં પાણીની સવડ નથી. તમે જોડે પાણી લીધું છે. વચોવચ સાધુને દેખ્યા. તરસથી પીડાતા, કેવળ તરસે તરફડે છે. સાધુ બેભાન થએલો છે. જંગલ છે, અચિત્ત કરવાનું સાધન નથી. અગર તમે તે સમજતા નથી. તે વખતે તમે પાણી પાઇ દીધું, તમને શું થયું ? તમે દુર્ગતિ બાંધી કહેવું ? પરિસ્થિતિ ધ્યાનમાં લ્યો. શાસ્ત્રકારો કહે છે કે સાધુ માટે રસોઇ પાણી કર્યા ત્યાં સાધુ કહે કે તેં ભક્તિ અનુકંપાથી લાભ મેળવ્યો. મારે કલ્પતું નથી માટે લેતો નથી. સાધુ તરીકે ભક્તિ અને બીજું કંઈ સાધન નથી, માટે તેનું શું થયે ? તેથી અનુકંપા. સાધુ માટે અગ્નિ સળગાવ્યો, સાધુ ના કહે, પણ તેં ભક્તિ–અનુકંપાથી લાભ મેળવ્યો. આ બીનજરૂરી જરુર અત્યારે નથી. હવે બીન જરૂરીમાં આવો. જ્યાં ગામ છે, બીજું મળે એવું છે, છતાં કોણ રખડે–તપાસ કરે, માટે કોકને, આ બીનજરૂરી. તેમ પૂજામાં બીનજરૂરી હિંસા–જૂઠ કરે, કરે તો વેદન કાળનું અલ્પ પાપ બાંધે, કહ્યું છે ખુદ પૂજાને અંગે, પાણી સચિત્ત આપ્યું તે સાધુને અંગે, છતાં વેદન-

[illegible]

[illegible] આધ્યાત્મિક [illegible] છો?

[illegible] આધ્યાત્મિક આદિ જેમાં [illegible] એકાંત નિર્ણય [illegible] આત્મા ને મદદ કરે તો [illegible] એકાંત નિર્ણય. અહીં [illegible] દેવગુરુ [illegible] દુર્ગતિ [illegible] તે ધર્મ ન છે. [illegible] ધર્મ જોઈએ, તે માટે [illegible] ધર્મ. [illegible] ગૃહસ્થ અને સાધુનો ધર્મ.

[illegible]–ગૃહસ્થનો ધર્મ કેવો હતો?

[illegible] ગૃહસ્થનો પણ ધર્મ કહ્યો. આપણે [illegible] અનિત્ય પદાર્થોમાં સમજવાનું છે [illegible] અનુકૂળ થાય તે. [illegible] આધ્યાત્મિક ધર્મ [illegible]

જો તે ધર્મ નથી ગણ્યો તો માર્ગાનુસારીને સામાન્ય ધર્મ ગણ્યો છે કે નહિં. ન્યાયથી પૈસો પેદા કરેલો જોઈએ. વિવાહમાં સમશીલ. શીલકુળ એ સરખા હોય અન્ય ગોત્ર સાથે વિવાહ કરેલા હોય. આ બધું માર્ગાનુસારી ગુણોમાં જણાવો છો તો પરિગ્રહ અને વિવાહ એ સામાન્ય ધર્મ કહી દો. હમારે દુનીયાદારીમાં પૈસો પેદા કરવા, લગન કરવા એ પણ એક ધરમનું કામ છે. આમ કહેનારે સમજવાનું છે કે દેવદત્તે યજ્ઞદત્તના મેલા ફાટેલા લુગડાં દેખ્યા, તેથી પેલાએ કહ્યું કે ફાટેલા મેલાં લુગડાં કાઢી નાખ. દેવદત્તે લુગડા ફેંકી દીધા ને નાગો થઈ ગયો. દેવદત્તે અને બીજાએ ઉપાલંભ આપ્યો, ત્યારે યજ્ઞદત્તે કહ્યું કે તમે કહ્યું તેમ કર્યું. આ ઉત્તર વાજબી દીધો ? 'મેલા લુગડાં કાઢી નાખ' આ વાક્યમાં તત્વ શામાં હતું ? મેલા ફાટેલા કાઢી નાખવામાં, લુગડાં કાઢી નાંખવામાં તત્વ ન હતું. જો લુગડાં કાઢી નાખે તો મૂર્ખ બને, તેમ અહીં સમજો. વિશિષ્ટે વાક્યે એટલે વિશેષણવાળું વાક્ય હોય ત્યાં વિધાન કે નિષેધ કરીએ તો તે વિશેષને લાગુ પડે, વિશેષ્યને લાગુ ન પડે. તેમ માર્ગાનુસારીપણું પૈસો કમાવામાં વિધાન લઈ ગયા પણ પેદા કરવામાં વિધાન નથી, વિધાન ન્યાયમાં છે. મેલા લુગડાં કાઢી નાખ, તેમાં મેલાપણું કાઢવામાં તત્વ હતું. પૈસો પેદા કરવામાં તત્વ ન હતું, તત્વ ન્યાયમાં હતું એ ઉપરથી એક વાત નક્કી થઈ કે પૈસો પેદા કરવામાં ન્યાય જોઈએ. બાકી બીજામાં અન્યાય કરીએ તો અડચણ નહીં મેલા લુગડાં ન જોઈએ તેમ શરીર મેલું હોય તો ચાલે ? અહીં મેલનો નિષેધ તેમ વિભવ એક ઉપલક્ષણ છે. અહીં ખરૂં વિધાન ન્યાય કરવો જોઈએ. માર્ગાનુસારીએ અન્યાયને રસ્તે ન ચાલવું. અહીં અન્યાયનો નિષેધ છે. જગતમાં ઘણો ભાગ પૈસાને માટે જ અન્યાય કરનારો હોય છે, માટે અન્યાયનું મુખ્ય સ્થાન પાડયું. પૈસામાં ન્યાયને અગ્રપદ આપ્યું. બીજામાં ન્યાયને અગ્રપદ હોય તેમાં અડચણ શી ? એમ વિવાહમાં પણ સમાન કુળ ન હોય, સમાન શીલ ન હોય, એવા સાથે વિવાહ કરવો નહિં. તત્વ નિષેધમાં છે. અસમાન શીલ કુળનો નિષેધ કરે તેમાં અડચણ શી ?

માર્ગાનુસારી ગુણોની આવશ્યકતા શાથી ?

માર્ગાનુસારીના ગુણ નહિં નીકળે, તો આચાર્યે કલ્પીને ઉભા કર્યા છે ? પ્રથમ સમજ કે આ વસ્તુ શી છે. પછી સૂચવેલા છે કે શું છે તે

પછી સમજાશે. માર્ગાનુસારીના ગુણો જે ગૃહસ્થો પોતે ધારતા હોય કે આરૂં કુટુંબ ધર્મી થવું જોઇએ, તે તો ગુરૂ મહારાજ મળે ત્યારે ધર્મી બને. પણ જ્યાં સુધી ગુરૂ મહારાજ મલ્યા નથી, મલ્યા તો ધર્મ જચ્યો ન હોય, તો એ સદગૃહસ્થ કુટુંબમાં રિવાજ એવા પાડે કે સંજોગ મળે કે સીધું પ્રાપ્ત થાય. ગુરૂ મળે ત્યારે ધર્મ પામવામાં વિઘ્ન ન નડે. તેમ જે કુટુંબની તૈયારી કરે. જેમાં ગુરૂનો જોગ ન મલ્યો પણ જ્યારે મળે ત્યારે જેમ લુગડાં ને રંગ કરવો હોય તો ખટાશમાં બોળી રાખ્યા હોય તો જેવો રંગ ચોંટ્યો કે પાકો રંગ, તેમ ગુરૂ પાસેથી ધર્મનો ઉપદેશ મળે કે તરત જ અસર કરે. આખા કુટુંબને કેળવવા માટે માર્ગાનુસારીના ગુણો આખા કુટુંબ સાથે સંબંધ ધરાવે છે. પોતા માટે ૨૧ ગુણો જેમાં આવ્યા હોય તો જ્યારે ગુરૂ મળે ત્યારે ધર્મ પામી જાય. આપણા આત્માને ૨૧ ગુણોવાળો બનાવો. માર્ગાનુસારીના ૩૫ ગુણો સમષ્ટીની અપેક્ષાએ, ૨૧ પોતાની અપેક્ષાએ ગુણો રાખ્યા છે. વિશેષ ધર્મ પાંચ અણુવ્રત-ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત રૂપ. આથી કુટુંબના માલીક તરીકે સામાન્ય ધર્મ ગૃહસ્થે બરાબર કરી લેવાનો.

હોય છે તે સંસ્કાર માટે, ગૃહસ્થ ધર્મ-બાર પ્રકારના શ્રાવક ધર્મને અંગીકાર કરૂં છું. નહીંતર ૩૫-૨૧-૧૨=૬૮ પ્રકાર કહેવા પડે. વાવેતરમાં જમીન ખેડીને, રંગવામાં ખટાશ ચડાવીને તૈયાર રખાય, તેમ માર્ગાનુ-સારી ગુણો પમાડી ધર્મ માટે કુટુંબને તૈયાર રખાય.

કેટલાંક બીજ વગર-એડેલીમાં પણ ઊગે

માર્ગાનુસારીના ગુણો માત્ર ખેતી તરીકે અથવા ખટાશ તરીકે, ૨૧ ગુણો પણ તેમ છે. મૂળધર્મમાં લેવામાં આવ્યા નથી. કેટલીક વખત માર્ગાનુસારી ૨૧ ગુણ ન હોય તો પણ ધર્મ પામે. રોહિણીયો ચોર કેટલા ગુણવાળો. અર્જુન માલી ચિલાપુત્ર એલાયચીપુત્ર વિગેરે ધર્મ નથી પામ્યા? એવું રૂપક આપીએ તો આ બધાને ધર્મ થયો જ નથી એમ ગણવું પડે. એથી એ ગુણો ન હોય તો ધર્મ ન આવે એમ ન કહી શકાય. ધરમનું રૂપ બારવ્રતમાં આવ્યું છે. ૩૫ કે ૨૧ ગુણમાં ધર્મપણું જણાવ્યું નથી. પેલો જે ધર્મ તે ધર્મ દુર્ગતિનિવારણ રૂપે, પણ સદ્ગતિધારણ રૂપે છે જ નહિં, ભૂમિકારૂપે છે. ખટાશરૂપે છે. કેટલાક બીજ વગરએડેલી જમીનમાં પડે તો પણ ઉગે, તેમાં બીજ જરૂર જોઇએ.

આપણે સમ્યકત્વ પામ્યા, શ્રાવકધર્મ પામ્યા તે વખતે ધ્યાન રાખવું જોઈએ કે આપણે મોક્ષથી કેટલા માઈલ હજુ દૂર રહ્યા ?

અહીં ચૂકીશ તો ફરી ૮૪ ના ચક્કરમાં

સમ્યકત્વને પ્રથમ ખીંટો આવે તો અર્ધપુદ્ગલથી વધારે સંસાર હોય નહિં, અનંતા પુદ્ગલ પરાવર્તે ઠેકાણું જેનું ન હતું તે અર્ધપુદ્ગલ પરાવર્તમાં જરૂર મોક્ષે જવાનો. હવે સમ્યકત્વના ખીંટાથી દેશવિરતિના થાંભલે ગયો તો આઠ ભવ, બાર પ્રકારના શ્રાવક ધર્મથી મોક્ષ આઠ ભવ છેટો, જ્યાં દેશવિરતિ મળે તો આઠ ભવમાં મોક્ષ, આપણે ભવ્ય છીએ મોક્ષ લેવો જ છે. તો દેખાતાં થાંભલાં કેમ છોડાય ? દેશવિરતિ અને સર્વવિરતિના થાંભલા છે, જેમાં ચોકખા આઠ ભવ તેમ લખેલું છે. જવું છે ચોક્કસ તો પછી દ્રાવિડ઼ પ્રાણાયમ શું કરવા કરે છે ? જે કોઈ ભવ્યજીવ એ ભવ્યજીવ સમજણમાં આવ્યો ત્યારથી મોક્ષના ધ્યેયવાળો છે, તો દેશવિરતિ કે સર્વવિરતિ લીધા વગર મોક્ષે જવાવાનુ નથી. હવે દેશવિરતિ સર્વવિરતિ ન લેવી તો આગળ પાછળ ચક્રાવા ખાવા છે ? ભવમાં ભ્રમણ કરવું છે ? અહીં પાપ કરો, ભવભ્રમણ કરવું છે ને મનુષ્યભવ મળે ત્યારે કરવા માગો છો, ત્યારે હવે જેટલો વિલંબ થાય ત્યારે ચક્રાવામાં વધારે વિલંબ થાય. છે. જો જવું જ છે તો શા માટે ચક્કરમાં જાય છે. મનુષ્યપણું મળ્યુ છે. તે તમારા હાથની ચીજ નથી. દરીયામાં તણાતા આવેલું લાકડુ કદાચિત કાંઠે આવ્યું. પણ પાછો વમળમાં પડી જાય તો, અહીંથી ચૂકયો તો ચોરાશીના વમળનાં ચક્કરમાં, એ પાછો મનુષ્યભવને કાંઠે આવશે એનો શો ભરોસો ? દરિયામાં ડૂબતો મનુષ્ય હાથ આપે તે વખતે વાયદો કરે ખરો ? તો જીવજીવનને નુકશાન કરનાર ચોરાશીનું ચક્કર તેમાં વાયદો શી રીતે થાય ?

એક સામાયિકનું ફળ

ખરેખર મોક્ષની તેવી ઇચ્છા થઈ નથી. મોક્ષના કારણોને વાસ્તવિક કારણો માન્યા નથી, નહિંતર વિલંબ કેમ થાય ? બીજા મનુષ્ય ભવ પર મદાર રાખતા હો તો તે માત્ર અજ્ઞાનતા છે. જે ધરમ કરવાનો વખત મળ્યો છે તે વખત તમે સફળ કરતા નથી અને આગળ કરીશું. અરે તારો ખજાનો તપાસ્યો, મનુષ્યપણાંની પુણ્યપ્રકૃતિ બંધાવે તેવી પ્રકૃતિ નથી. સમ્યકત્વનો ખીંટો જ્યાં આવે ત્યાં અર્ધપુદ્ગલ પરાવર્ત દેશવિરતિ

ગુરૂદ્વારાએ થાય. અંતરદ્વાર ધર્મનું આવવું જ જોઈએ. કોઈએ પણ જ્ઞાનાવરણીય ક્ષય કર્યા વગર જિનેશ્વરના પ્રભાવે કેવળજ્ઞાન મેલવ્યું નથી. કોઈએ પણ મોહનીય કર્મક્ષય કર્યા વગર જિનેશ્વરના પ્રભાવથી વિતરાગપણું મેળવ્યું નથી. જિનેશ્વર મહારાજ પરમ ઉપગારી ત્રણ લોકના નાથ પણ ધર્મદ્વારાએ. ધર્મનું દ્વાર ખસેડી નાખીએ તો ખુદ જિનેશ્વરમાં જિનેશ્વરપણું નથી. જિનેશ્વરમાં જે જિનેશ્વરપણું રહ્યું છે તે પણ ધર્મ દ્વારાએ.

જૈનો વ્યક્તિ દેવને માનતા નથી.

આપણી માતાને રોગ થયો હોય, અડકાવ આવ્યો હોય, તો પણ માતાપણું જનેતા તરીકે માનીએ છીએ. તેથી માતાપણામાં ઓછાશ માનતા નથી. જનેતા ને જનેતા તરીકે માનીએ છીએ તો પછી બીજી અવસ્થા તરફ જોવાનું હોતું નથી. તેમ પરમેશ્વરને પરમેશ્વર તરીકે માનતા હોઈએ તો તેમાં આશ્રવ હો કે બંધ હો, ભવના કારણ હો કે મોક્ષના કારણ હો, એ આપણે જોવાનું હોતું નથી. જો પરમેશ્વરને વ્યક્તિ તરીકે માનીએ તો પછી હિંસાદિક કરે, તો પણ આપણે જોવાનું હોતું નથી, પણ વ્યક્તિ તરીકે માનતા હોતો. પણ જૈન શાસનમાં દેવને વ્યક્તિ તરીકે માનવાના નથી. જૈનો દેવને બરોબર માને છે. બીજાઓ દેવની વ્યક્તિને વ્યક્તિ તરીકે માને છે, તેથી તેમના ગુણદોષના વિચારને સ્થાન નથી. તે ચાહે તે કરે. જૈનો વ્યક્તિ તરીકે દેવને માનતા નથી. જેમ માતાને જન્મ આપનાર તરીકે ઉપગારી ગણી તેમાં બીજા વિચારને અવકાશ નથી. જગત્ કર્તા તરીકે માન્યો પછી ઈશ્વરના દોષો તરફ જોવાનું રહેતું નથી. જૈન શાસનમાં આ સંસાર જગત એ કર્મરાજાનું કેદખાનું માનવામાં આવ્યું છે. કર્મરાજાની આ જેલ છે, તેમ સંસારને માન્યો. કર્તા તરીકે પરમેશ્વરને માનવામાં આવે તો પરમેશ્વર બધાને જેલમાં ઘાલનારો મનાય. કયો કેદી કેદમાં ઘાલનાર માજીસ્ટ્રેટનો ઉપગાર માને? આખું જગત કેદ સમાન, એને આ જડ શરીરમાં ગોંધાઈ રહેવું પડે તે પણ કેદ. શરીરને કેદ માને છે. શરીરને કેદ મનાય ત્યાં બીજા પુદ્ગલને કેદ મનાય તેમાં નવાઈ શી? તો શરીર-જેલને બનાવનારનો ઉપગાર માને કે અપકાર માને? ગુનાર મેલવનારને કોઈ શીરપાવ દેતું નથી. હું તારું નખોદ કાઢું તું મને શું આપીશ? એ પ્રશ્ન કેમ થાય? સારું કામ કરી કદર મંગાય તેમ આત્માને અજ્ઞાની બનાવે શરીરનો કેદી

બનાવે, આત્માને પુદ્ગલમાં આસક્ત બનાવી જંજીર બેડીમાં ઝકડે તેનો ઉપકાર શી રીતે માનવો ? અન્યમતવાળા જગત કર્તા ગણી ઈશ્વરને ઉપકારી ગણી પરમેશ્વર માને, ઉપકારી માન્યો. અમે જન્મવા પહેલાં ઈશ્વરનું શું બગાડ્યું કે જેથી નવ મહીના અમને ઊંધે માથે લટકાવ્યા ? જન્મ દેવાને અંગે જગતના મોઢક પદાર્થો બનાવનાર હોવાથી તેમને ઉપકારી લેખાય તો તે ઠીક નથી. માતાને જનેતા તરીકે દુનીયાએ ઉપકારી માની, તેમ ઉત્પાદક તરીકે ઈશ્વરને ઉપકારી માન્યો નથી. જૈનોનાં મંદીરો તીર્થો પૂજા પાત્રો પ્રસિદ્ધ છે. જો ઈશ્વર ન માને તો તે તીર્થાદિકને સ્થાન ન હતું. માત્ર પરમેશ્વર માને છે કેવો ! તમારા જેવો નહિં.

અન્યોએ ભુંડામાં ભગવાન માન્યા

તમે ભુંડામાં ભગવાન રાખ્યા છે. છોકરો જન્મ્યો તેથી ચીઠ્ઠી લખો તો અખંડ સૌભાગ્યવતીએ પુત્રને જન્મ આપ્યો છે. નિવાડુમાં ચીં૦ ભાઈ ફુલાણાના પુત્ર. જણવામાં બાયડી જોડવામાં તમે, નવું જુનું બને, કાળોતરી લખો ત્યારે ફુલાણાભાઈ દેવગત થયા, ઘરની દશા વિચારતાં કલમકંપે છે, પણ પરમેશ્વરને ગમ્યું તે ખરૂં. તારે મોકાણુ માંડવામાં ને મારવામાં પરમેશ્વર રાખવા છે. આવી રીતે જે પરમેશ્વરને માનતા હોય તેમ, અમે ઉકરડે નાખવા વખતે પરમેશ્વરને માનતા નથી. સારૂં થાય તો હું, ભુંડું થાય તો ભગવાન. તે તરીકે જૈનો પરમેશ્વરને માનતા નથી.

ધર્મના પોરી પોતે પણ ધર્મ કરનાર ને બીજાને ધર્મનો માર્ગ બતાવનારા માટે જૈનો ધર્મને દેવ દ્વારાએ માને છે. દેવ ૧૮ દોષ રહિત દેવમાનવા છે તો ૧૮ દોષ હોય કે ન હોય તેમાં શું ફરક છે ? અમારે વ્યક્તિ તરીકે દેવ માનવા નથી. ૧૮ દોષ ટાળવારૂપી પુરે પૂરો ધર્મ હોય તેવા દેવ માનવા છે. અમારે વંશવેલા તરીકે ગુરૂ નથી. પંચમહાવ્રત આદરે તો ગુરૂ હીરો, ઢોલસો થયો પછી હીરાની લાઈનમાં નથી. તેમ પાંચ મહાવ્રત કેટલા વરસ પાળે અને પછી કોરાણે મૂકે તો ગુરૂ નહિં. જ્યારે ધર્મદ્વારાએ દેવ અને ગુરૂની માન્યતા રહે તો જ આવી રીતે બની શકે, નહિંતર દેવ માનવામાં ગુણો જોવાની જરૂર નથી. એકમાના જણેલા ભાઈ હોય તો લુચ્ચો બાલક ચાહે તેવો હોય તો પણ ભાઈપણું જતું રહેતું નથી. તેમ અહીં દેવપણું ગુણની અપેક્ષાએ ન હોય તો દેવના ગુણ જોવાની જરૂર ન હોય.

ગુણવાદ-વ્યકિતવાદની વિચારણા

અહીં વ્યકિત તરીકે કોઈપણ જાતનો સંબંધ નથી. હવે વ્યકિતનો સંબંધ નથી તો ગુણનો જાપ કરો, વ્યકિતનો ગુણીનો જાપ શા માટે કરો છો? ઘરે બેઠા ગુણદ્વારાએ જાપ થતો હોય તો ઋષભ દેવ, મહાવીર સ્વામી ગૌતમ સ્વામી, સુધર્મ સ્વામીને છોડવા પડશે. પકડવા છે વ્યકિતવાદ ને બોલવામાં ગુણવાદ બોલો છો. અમલ કરો છો વ્યકિતવાદ અને બોલો છો ગુણવાદ, તો આ બે કેમ બને? તું સોનું હીરા મોતીને માને તે ગુણથી માને છે કે વ્યકિતથી? એક હીરો હોય. હીરો કીંમતી ગણ્યો શાથી? તેજથી, તેજ દ્વારાએ કિંમત છે. મોતીની કિંમત પાણીથી છે. સોનું ટચથી કીંમતી ગણ્યું, તો તેજ પાણી અને ટચ હોય તો સંભાળી લે. હીરા મોતી કે સોનાના કટકાને શું કરવા વળગે છે? તેજ દ્વારાએ હીરાની કિંમત છે. પાણી દ્વારાએ ટચદ્વારાએ મોતી સોનાની કિંમત છે, તેજ પાણી ને ટચ સિવાય તે તે વસ્તુઓ હોતી નથી. તમે હીરા મોતી સોનામાં ગુણ માનો છો કે પદાર્થ? એજ હીરો અત્યારે તેજવાળો છે તો કીંમત જુદી છે. એજ તેજ બગડી ગયું તો પછી કીંમત ઓછી કરો છો. ટચ અને પાણી તેજના આધારે કિંમતી, છતાં પણ તેજ પાણી ટચવાળા તે તે પદાર્થો લેવાય છે. તેમ ગુણની જ કીંમત, ધર્મની જ કીંમત છતાં પહેલી વ્યક્તિઓ જે ગુણવાળી ધર્મવાળી હોય તે દ્વારાએ ગુણ અને ધર્મનું આરાધન થાય. તેજ ટચ ઊંચી હોય, હલકી કીંમત કરે તો ગાંડો ગણો છો. જે કટકામાં જે તેજ હોય તેને લાયક કીંમત કરે તો જ શાણો ગણાય, તેમ કીંમત ગુણદ્વારાએ પણ જે જે ગુણવાલા જે જે ધર્મવાલા તે તે ગુણ ધર્મદ્વારાએ કિંમત કરે તો જ શાણો ગણાય. ઋષભદેવજીથી માંડી મહાવીર સુધીની વ્યક્તિઓની દેવ તરીકે કિંમત ગણીએ તો જ શાણા ગણાઈએ. જે જે વ્યક્તિઓ ગુણવાળી હોય તેમને ગુણી તરીકે માનવી જોઈએ. સમ્યકત્વમાં સંથારા પોરસીમાં અરિહંતો મહાદેવો, જે જે અરિહંત તે તે બધા દેવ મહાવીર ઋષભદેવજી જ દેવ અથવા ગૌતમ સ્વામીજી જ ગુરુ એમ નથી. જે જે સારી વ્યક્તિ તે તે ગુરૂ. તેમને માનનારો તેજદાર હીરાની કિંમત કરે તો જ ઝવેરી ગણાય. ટચ પ્રમાણે કિંમત કરે તો જ ચોકસી ગણાય. તેમ ધર્મની ગુણની સંવરની નિર્જરાની કિંમત કરનારો ધર્મી ગુણી. સંવરવાળાની કિંમત કરે તો જ શાણો ગણાય. અહીં ઘેર બેઠા નમો અરિહંતાણં ગણી લઈશું-એમ કોઈ કહી દેતો. નમો લોએ સવ્વ સાહૂણં

કહી દઈશું. ઉપાશ્રયે ઉપાશ્રયે દોડાદોડ શું કરવા કરીએ આતો આખા જગતના તમામ દેવગુરુને માની લઈશું. ઘેર બેઠા પાણી તેજ ટચના આધારે કીંમત ગણી. હીરા મોતી કે સોનાને ન સંઘરે તેની દશા શી થાય ? તે જ પાણી ટચને જાણે કહે તેની વાતો કરે પણ હીરા મોતી સોના સામું ન જુવે તો તેની વાતોની કિંમત કેટલી ! તેમ દેવ અગર ગુરુ કોઈ ગુણવાળી વ્યક્તિ હોય તેની ઘેર બેઠાં કીંમત આંકનારો મૂર્ખ બને.

જ્ઞાની દ્વારા જ્ઞાનની આરાધના

અહીં ભરત મહારાજાને ચક્રરત્ન ઉત્પન્ન થયું છે. અહીં ઋષભદેવ ભગવાનને કેવળ જ્ઞાન થયું તેની વધામણી આવી છે ભરત મહારાજા ત્યાં ગયા એટલે કેવળજ્ઞાન ભરત મહારાજાએ જોયું નથી, રહ્યા કે ગયા દેખવાની ચીજ નથી. કેવળ જ્ઞાનીની પાસે શું કરવા ગયા ? કેવળ જ્ઞાનનો મહિમા કરવા માટે. કેવળ જ્ઞાની પાસે કેમ ગયા ! મહેલમાં બેઠા બેઠા કેવળ જ્ઞાનનો મહિમા થઇ શકતે. જ્ઞાનની આરાધના જ્ઞાનીની આરાધના દ્વારાએ થાય. આ વાત સાથે મૂળ પ્રસંગ કહ્યો. હવે પ્રાસંગિક વાત કહું છું. છ ખંડની માલીકી દેનારૂં એક બાજુ ચક્રરત્ન ને એક બાજુ કેવળજ્ઞાન તે પણ બાપને, પોતાને લેવા દેવા નથી. છ ખંડની માલિકી પોતાને, કેવળજ્ઞાન બાપને મળ્યું. બાપના આત્માને કેવળ જ્ઞાન મળ્યું તે પોતે જવાથી કેવળ જ્ઞાન વધતું નથી ને ન જાય તો કેવળમાં કાંઇ ઘટતું નથી. એવી સ્થિતિનું કેવળ એટલે પારકા આત્માનું કેવળ જ્ઞાન. તે જગોએ છ ખંડ આપનાર ચક્ર રત્નની બેદરકારી કયા વિચારોથી થઈ હશે ? છ ખંડ ચૌદરત્નને નવ નિધાન આપનાર ચક્રરત્ન. માત્ર કેવળીનો મહિમા કરવો. કેવળજ્ઞાન દેખવાના નથી માત્ર કેવળજ્ઞાન પામ્યા તેનો મહિમા કરવા માટે જે છ ખંડની માલિકી આપનાર ચક્રને લાત મારે તે કઇ પરિણતિ હોવી જોઇએ. તમારી અપેક્ષાએ ઋષભદેવજી એ પથરો, સુતરની કોથળીને વિછાનો ટોપલો, હાડકાં ને માંસનો ઢગલો કે બીજું કંઇ ? જે માંસનો ઢગલો છતાં પ્રગટ ગુણવાલો નિર્મલ આત્મા અંદર રહ્યો છે તેથી તેમની કીંમત. કેવળજ્ઞાનીનું શરીર હાડ માંસનો ઢગલો જ છે. એક ગુણવાળો જોડાયો તેથી પૂજ્ય ગણ્યું. એમનામાં ગુણ તેથી હાડકા માંસ પૂજ્ય ગણ્યું. ખુદ હમારામાં ગુણ ઉત્પન્ન કરે તેને પૂજ્ય માનીએ તેમાં શું ? છતાં તેને પત્થર માને તેને શું ? તારી અપેક્ષાએ ભગવાનની મૂર્તિ પત્થર છે. તો તેમનું શરીર હાડ માંસ સુત્તરની કોથળી છે. શાસ્ત્રકારે

પણ અમુક સાધુને નહિં. આમ કહેનારા ગોશાળા સરખા સમજવા. ગુણવાળો એક હોય ને તેની અવજ્ઞા કરી તો બાકીનું માન્યું તે મીંડું એકલા ગુણ કે જાતિ દ્વારમાં જઈ વ્યક્તિની બેદરકારી કરે તે શાસન પ્રમ યોગ્ય નથી, તીર્થંકરપણું સરખું માની આસન્નોપકારી હોવાથી વધ માનીએ પણ આશાતના કરાય કહિં. આશાતના એકની કરી તો બધા આરાધનમાં પાણી ફેરવ્યું આથી દેવની ગુરુની આરાધના ધર્મદ્વારા છે. દુનીયાના પૌદ્ગલિક સંબંધથી દેવગુરુને માનતા નથી. ઋદ્ધિ સમૃદ્ધિ અંગે દેવ ગુરુ ધર્મને માને તો મિથ્યાત્વ. જ્યાં જેટલા ગુણો હોય, સંખ્યામાં ગુણો માનીએ છીએ તે સંખ્યામાં તેટલા ગુણો છે, તેને માન્યા તો શું થાય? ગુણો જો હોય ત્યાં વ્યક્તિની ગણતરી ન થાય ગુણ માનનારો ન થાય? સોનું આપણું હો કે પારકું હો, સગાનું હો બીજાનું હો પણ સરખી કીંમત. ચાહે આપણી વ્યક્તિ હો કે પાર હો તેનો સંબંધ માત્ર ગુણ સાથે, તેજ પાણી સરખું હોય પણ પારકો હીરો હોય તો કીંમત ઉતારી દે તે ઝવેરી નથી. આથી ધર્મ અગ્રપદે મેલવું પડ્યું.. આથી તેના ભેદો જણાવતા કહ્યું કે દેવ કે ગુરુ આલંબને ધર્મ હોય.

સંવર વગરની તપસ્યા અંધારા ઉલેચવા સરખી છે.

બે ચીજ ધર્મ, સંવર અને નિર્જરા, સંવર નિર્જરા બને તો ધ ગણવો. જ્યાં સંવર નિર્જરા ન બને તો ધર્મ ન ગણવો. અહીં તીર્થં નામ કર્મ આશ્રવ ને બંધ રૂપ છે તેને ધર્મ ન ગણવો. પહેલાં તીર્થંકર નામકર્મ સંવર નિર્જરાના પ્રભાવે બંધાય છે. તેથી ઉત્તમ મનાય તેમાં આશ્ચર્ય નથી. તેથી બેજ ધર્મ હોય તો પ્રથમ સંવર કે નિર્જરાનો ધર્મ? પાણી ઉલેચવા પહેલાં દરવાજા બંધ થવા પહેલા જરૂરી. પાણીનું દ્વાર બંધ ન કરો તો પાણી ઉલેછતા પાર ન આવે, તેમ સંવર મૂલક નિર્જરા માની. તેથી સંવરથી તપ લાવી તપથી પછી નિર્જરા લઈ ગયા, પ્રથમ સંવરને સ્થાન. જ્યાં સુધી સંવર કરી શકયો નહિં ત્યાં સુધીની નિર્જરા અંધારા ઉલેચવા જેવી છે. તામલી તાપસની સાઠ હજાર વરસની તપસ્યાની કીંમતી ન ગણી. કેમકે સંવર વગરની હતી. સંવર પહેલાં કર્તવ્ય તરીકે. આથી ચોમાસીના કાર્યોમાં પ્રથમ સામાયકને '. અહીં સામયક તથા સંવરને શો સંબંધ તે અગ્રે વર્તમાન.

પ્રવચન ૧૪૨ મું

અષાડ વદી ૮, શનીવાર

શાસ્ત્રકાર મહારાજા આગળ સૂચવી ગયા કે દરેક આસ્તિકે ધર્મને શ્રેષ્ઠ માનેલો છે. છતાં નામ માત્રથી ધર્મને અંગે દોરાવું નહિં. પણ સ્વરૂપ અને ફળ વિચારવાની પ્રથમ જરૂર છે. ધર્મ નામ. માત્રને અંગે પ્રવર્તિ કરનારા થાય તો થોરીયાના તથા આકડાનાં દૂધને નામ માત્રથી પીવાવાળાની માફક દશા થાય. આથી જ કહ્યું છે કે,

> सूक्ष्मबुद्धया सदा ज्ञेयो, धर्मो धर्मार्थिभिः नरैः ॥
> अन्यथा धर्मबुद्ध्यैव तद्विघातः प्रसज्यते ॥ १ ॥

જે અર્થ કામમાં જ આસક્તિવાલા હોય, આહારાદિકમાં જે રાચ્યા હોય, આહારદિકના અને ઇન્દ્રિયોના વિષયોના અર્થી હોય, તેમનો ધર્મમાં અધિકાર નથી. અર્થીપણું ધર્મનું જ હોવું જોઇએ. વિષયો ન છુટવામાં અશક્તિ આસક્તિ ગણે, પણ જેનું ધ્યેય ધરમ તરફ ન હોય તેનો અહીં અધિકાર નથી. ધર્મ સિવાય સર્વ અનર્થ રૂપ લાગ્યું હોય તેવાને આ વાત કહું છું.

ધર્મનો અર્થી જ ધર્માધિકારી છે.

હરિભદ્રસૂરિએ ચોકખી જાહેરાત આપી છે કે મારું વચન કોણે માનવું કે જેઓને ધર્મનું અર્થીપણું હોય ધર્મનું અર્થીપણું ન હોય તો ઝવેરીને ત્યાં ચીભડા લેવા જવા જેવું થશે. પહેલા તપાસવું જોઇએ કે આ દુકાન શાની છે. કંદોઈની કાછીયાની છે કે ઝવેરીની ? ઝવેરીને ત્યાં મોતી હિરા લેવા હોય તેણે જવાનું, તેમ તમે અર્થ કામના લેનારા હોતો અહીં તમારી ઈચ્છા પુરી થવાની નથી. ઘાસ દેવાવાળું અનાજ પણ ઘાસની બુદ્ધિએ વવાય નહિં. અનાજ વાવવાથી ઘાસ અને અનાજ બન્ને થશે. ફળ તરીકે બન્ને ગણાય, પણ સાધ્ય અનાજ ગણાય, ઘાસ સાધ્ય ન હતું. ધાન્ય થાય તો જ સારો કાળ. તેમ ધર્મને અંગે સાધ્ય મોક્ષ. આથી આનુષગિક લાભ કહીએ છીએ, કસ્તુરીનો વેપાર કરતાં સુગંધ આવી જાય, પણ ફળ કમાઈ છે. તેમ અર્થ કામની ઈચ્છા હોય તેવાએ આ ધર્મ-દુકાનની મુલાકાત લેવા જેવું નથી. લુણ, કરીયાણા,

ભીંડા, કારેલા જોઈએ તેણે આ દુકાનની મુલાકાત ન લેવી. અર્થ કામના ઈચ્છક માટે હરિભદ્ર સૂરિ પાટીયું મારી દે છે કે અહીં ધર્મના અર્થીએ આવવું. સીધા અર્થ કામ જોઈએ તેનું અહીં કામ નથી. અમુક પ્રકારનો ધર્મ થયો હશે તો સીધો મોક્ષ, પણ અનંતર ધર્મનો અર્થી હોવો જોઈએ. અનંતર દ્રવ્યના અર્થી હોય, અનંતર કામના અર્થી હોય, તેવાને અહીં સ્થાન નથી. અનંતર અર્થ લેવાવાળો આ દુનીયામાં એક દાણો વાવે તો હજારો દાણા થાય છે. રૂપીઆ ખરચે તે જોડે ઉદારતાભાવ વિધિ અનુમોદન જોઈએ. મૂળ મુદ્દો કયાં તે? જે પૈસાના ગરજુ, ઈંદ્રિયોના વિષયોના ગરજુ હોય તેવાને ધર્મમાં સ્થાન નથી. સીધો ધર્મનો જ અર્થી જોઈએ, ધર્મના અર્થી મનુષ્યે એક વાત ધ્યાનમાં રાખવી. તે ધર્મ બારીક બુદ્ધિથી જોવાનો છે. પંચાતમાં કોણ ઉતરે પંચાતમાં ઉતરીએ તો સારો ને ખોટો કહેવો પડે. આમ બોલાય છે. ઘેર મોતી લાવવું હોય છે તે વખતે તેવો વિચાર આવ્યો કે આપણે માથાકુટ શું કરવા કરવી? એક હીરો લેવો હોય તો ૮૭ જગોપર તપાસ કરાવો છો? શા માટે કરો છો? જે આવે તે ઠીક છે. ચાહે સો ટચનું ચારટરનું નેશનલ બેંકનું આવે ગમે તે આવે એની અડચણ નહી ને? માલ ખોટો આવી જાય તો ઘાણ નીકળી જાય, તો ધરમમાં જૂઠી વાત આવી જાય તો શું થાય? દુનીયામાં ચાંદીની જગોપર કલઈ આવી જાય તો ઘાણ નીકળી જાય. અહીં સાચું ધારશો ને ખોટું હશે તો શું થશે? મેલવાની ચીજમાં માલની ફેરફારી ખમી શકાતી નથી, ને સાથે લેવાની ચીજમાં વિચાર ન કરવો? આપણામાં ઊંડા ઉતરવું જ નહિ એમ કહેનારા છે. હીરા મોતી સંઘરવા છે ને હીરા મોતી સાચા-ખોટા છે તે જોવા નથી. તો કામ ન લાગે. તેમ ધર્મ જેવી ચીજ અહિં મેલવાની નથી. દુનીયાની વસ્તુ જતી વખતે જરૂર મેલી જવાની છે. લઈ જવાના છીએ એની પરીક્ષા કરતા નથી. ધર્મ લઈ જવાની વસ્તુ, માલ મેલી જવાની વસ્તુ, તેમાં ફેરફાર થાય તો છાતી બળે, ઊંઘ ન આવે, ધર્મમાં ફારફેર હોય તો દરકાર નહિ.

પહેલાના શ્રાવકો દેવતાને પણ ચૂપ કરતા હતા.

શા માટે ઊંડા ન ઉતરવું. શાસ્ત્રકાર શ્રાવકને ભોટ ભદ્રિક કે મૂર્ખ કહેતા નથી લદ્ધટ્ઠા, ગહિયટ્ઠા વિણિચ્છીઅટ્ઠા વિગેરે વિશેષણથી નવાજે

છે. જ્યાં શ્રાવકના વર્ણન ચાલે છે ત્યાં જેને શાસ્ત્ર સાંભળવાના મળ્યા છે, અર્થ ગ્રહણ કર્યો છે, જ્યાં શંકા પડી ત્યાં પુછીને નિશ્ચય કર્યો છે. જે પદાર્થો તેનો નિશ્ચય કરેલો છે. આપણે વંદીએ નહિં ને નદીએ નહિં. ઊંડા પાણીમાં કોણ ઉતરે ? સાચા જુઠા ક્યાં કરવા ? આ શબ્દ દુનીયાદારીમાં રહ્યો ચાંદીની જગોપર કલઈ અથવા તેવા કીંમતી પદાર્થોની જગોએ હલકા પદાર્થો લો છો ? શ્રાવકોને અંગે એ સ્થિતિ છે કે દેવતા વાત કરવા આવે તો પણ ચૂપ કરી દે અન્ય મતવાળા કે તેમના ગુરુ શું પણ દેવતા અન્યમતિ હોય તે દેવનાને ચૂપ કરે

ભવિતવ્યતા ધર્મદ્વારાજ ફળ આપનારી છે

મહાવીર મહારાજ પાસે દસ શ્રાવકમાંથી એક શ્રાવક પહેલા ગોશાળાના ભક્ત હતા. હવે મહાવીરના ભકત થયા છે. તે બેઠા છે તે વખત દેવતા આવે છે. કાલે મહાનિર્યામક, સાર્થવાહ મહાગોપ આવવાના છે. દેવતા જ્યાં કહે છે ત્યાં પ્રશ્ન કરે છે કોણ ? ગોશાળો. તું દેવતા સાચો કે જુઠો ? સાચો કહેવું જ પડે. ત્યાં શ્રાવક દેવતાને કહે છે. જો સાચો દેવતા છે તો દેવતાપણું શાથી મળ્યું ? ગોશાળાના મત પ્રમાણે તારા દેવતાપણાને આ કૃત્ય આભારી નહીં. જો વગર કૃત્યે દેવતાપણું મળ્યુ તો, આખા જગતને કેમ ન મળ્યું ? જો પ્રયત્નથી મળ્યું તો ગોશાળાને જલાંજલિ દે. સત્‌કૃત્યો વગર દેવતા થવાતું હોય તો કુકર્મી કેટલા દેવતા થયા છે ? ભવિતવ્યતા એ સત્કૃત્ય હોય તો પણ, સત્કૃત્ય ન હોય તો પણ દેવતાપણું થાય. સત્‌કૃત્યવાળો કોઇ નરકે ગયો ! એવો તારા ધર્મમાં કોઈ છે ? ભવિતવ્યતા જે કરે તે પ્રમાણે થાય ? ભાવિવાળા વિચાર કરજો કે અપકૃત્યવાળો દેવતામાં ગયો ? સત્‌કૃત્યવાળો એકે દુર્ગતિમાં નથી ગયો. અપકૃત્યવાળો દેવતામાં નથી ગયો તો તેનું કારણ શું ? ક્ષપકશ્રેણિ ન માંડી ને કેવળજ્ઞાન ન ઉપજાવ્યું, તેવો કોઇ મોક્ષે ગયો ને કેવળ ઉપજાવ્યું ? તેવો અહીં સંસારમાં કોણ રહ્યો ? ભવિતવ્યતા સતકૃત્ય અને દુષ્કૃત્યની ગુલામડી છે. સતકૃત્ય કરો તો ભવિતવ્યતાને ફરજીયાત સદ્‌ગતિ આપવી પડે, તો કોનું ફળ ? ભવિતવ્યતા હોવાને લીધે અપકૃત્ય સત્‌કૃત્ય કરવા પડયા તેમ થતું નથી. ભવિતવ્યતા પણ ફળ આપવામાં આ ધર્મ દ્વારા એજ ફળ આપે છે. ધર્મ કરાવ્યા વગર સદ્‌ગતિ આપતી નથી. પાંગળી છે. આ હિસાબે ભવિતવ્યતા કરવાની શું ? ઉદ્યમ કરે તેવું

મળે તો ભવિષ્યતતા ચીજ ક્યાં રહી ? ઉદ્યમથી જુદી સ્થિતિએ ભવિતવ્યતા ચીજ માનો છો તે નથી.

નિગોદ સાધારણ કેમ ?

નિગોદમાં હતા ત્યાં અનંત જીવોનો જત્થો જોડે હતો, ભાગીદારી એવી હતી કે કોઇ જગો પર એવી ભાગીદારી હોતી નથી. એકઠા ખાવાની કે ચાવવાની ભાગીદારી હોતી નથી. ભારંડપક્ષી ચાવે જુદા, ખોરાકની શરીરની ભાગીદારી, શ્વાસ અનંતાએ મળીને લેવો, ઉત્પત્તિમાં આહાર, શ્વાસ યાવત્ મરણમાં પણ ભાગીદારી, એવા અનંતજીવો એક કંપનીના ભાગીદાર. વેપારની ભાગીદારી હોય પણ બાકીના સંજોગો જુદા હોય, પણ ત્યાં તો બાહ્યના કે અંદરના સંજોગો એક સરખા. આહાર શરીર જન્મ મરણ બધામાં ભાગીદારી. આવી ભાગીદારીમાંથી બધા રહી જાય અને એક તરી જાય તે કેમ બને ? અનંતા જીવોને એકજ શરીર બધાને સરખી ભાગીદારીનું, માટે તેનું નામ સાધારણ, તેથી એ જીવોને સાધારણ કહીએ છીએ. સાધારણ કેમ ? એ બિચારો સ્વતંત્ર શરીર ન કરી શકે. અળગાપણું કંઈ નહિં. બધુ સંચારૂં. મરણ પણ સંચારૂં ત્યારે સાધારણ ગણાય, બધું સંચારૂં. આવી સ્થિતિમાં અનંતા સહીયરો ભેગા રહ્યા. એમાંથી એકાદ ખાટી જાય, બાકી બધા રખડતા રહે. તેમાંથી એકાદને ખાટવું કેટલું મુશ્કેલ ? બાકીના તે બધાને રખડતા રહેવું. તેમાંથી નીકળવું તે કેટલું મુશ્કેલ ? અહીં કોનો આધાર ? અહીં સાધન સ્થાન સંયોગ જુદા નથી, એવી જગોપર શું થાય ? આ જગોપર ભવિતવ્યતા કહી શકીએ, તે સ્વતંત્ર કાર્ય કરી શકતી નથી. માત્ર ભવિષ્યમાં થવાની ભવિતવ્યતા એતો કોઇ ચીજ નથી. ભવિષ્યમાં જેને નીકળવાનું હોય તેવાને આત્માની પરિણતિ ઓછી બગડે, બીજું કંઈ નહિ, તમે નિગોદ બહાર આવ્યા છો તે આવી વખતે આત્માની પરિણતિ બગડવા ન દીધી, ત્યારે બહાર આવ્યા છો. અનંતા ભાગીદાર-માંથી બહાર નીકળ્યા તો અહીં સ્વતંત્ર છો, તો પરિણામ કેમ સુધારતા નથી. તમે પરિણામ બગડવા ન દીધા, ત્યારે છુટયા છો. બંધ ઓછો થયો ત્યારે અકામ નિર્જરા થઇ ને તમે બહાર આવ્યા. અહીં ધારીને કર્યું તેમ કહી શકાય તેવું નથી. તે વખતે જે પરિણામનો બગાડો ન થયો તેમાં ભવિતવ્યતા કારણ લઇ શકીએ. જ્યાં બીજો કોઈ આધાર

નથી; કોઈ આપણા કર્મ હલકા કરનાર નથી, પ્રમજણ, પ્રયત્નાદિક ત્યાં ન હતાં. આપણે અનંતા સાથે ડેકમાં રવડતા હતા, તેમાં બીજા જીવો એમને એમ પડી રહ્યા. આપણે બંધ ઓછા થયો ત્યારે બહાર આવ્યા. એક વખત નીકળ્યા તો ફેર પારખા કરવા ન જશો. ઝેરના પારખા ન હોય.

૧૪ પૂર્વી સરખા પણ પ્રમાદયોગે બીજાજ ભવમાં નિગોદમાં

હવે અમે નિગોદમાં ન જઈશું એમ ન ધારશો એ તરવાર બુઠી થઈ નથી, કારણ એ તરવાર ચાર ચાર જ્ઞાનવાળો ચૌદ પૂર્વી આહારક શરીર કરનાર થાય, અગીઆરમે ગુણઠાણે જાય, તેવા ઉપરથી પણ એ તરવાર ખસી નથી. તે તરવારથી તમે નિર્ભય શું જોઈને થાવ છો? જે ભવમાં ચાર જ્ઞાનવાળો રખડે ને પછી નિગોદમાં ઉતરે, જે ભવમાં ઉપશમ શ્રેણિવાળો તેના બીજા જ ભવમાં નિગોદમાં, જે ભવમાં ચાર જ્ઞાન, ચૌદપૂર્વી, આહારક શરીર, ઉપશમશ્રેણિવાળા તે ભવના જોડેના ભવમાં નિગોદીયો થાય. ફેરતામાં જઈ પછી જાય તેમ નહિં, જ્યાં ચાર જ્ઞાન વિગેરેવાળા ઉપરથી જે નિગોદપણાની તરવાર ખસી નથી, તે આપણા ઉપરથી ખસી તેમ ન માનશો. ડર માનવો જોઈએ હાલહવાલ થવાનો ડર ક્યાં રહે છે? સાંભળો ત્યારે ડર રહે છે.

શ્રાવક વર્ગનું નામ ધર્મશ્રવણના આધારે

ધર્મશ્રવણ આત્માને કેટલું ફાયદો કરનાર છે? કે ઘેર બેઠાં શાક કરતાં જમતાં ઊઠતાં નિગોદનો ડર કયારે આવ્યો? ખરેખર આપણને ડર ઠસાવનાર ચીજ ધર્મશ્રવણ છે. ધર્મશ્રવણની ફરજ કેમ રાખી? તમારું નામ ધર્મશ્રવણ ઉપર. શ્રાવક એટલે 'જિનેશ્વર મહારાજના વચનો સાધુમુખથી પરલોકની હિતબુદ્ધિથી સાંભળે તે શ્રાવક.' તમારો આખો વર્ગ તેનું નામ શાસ્ત્રશ્રવણ ઉપર રાખ્યું. એકેન્દ્રિયપણાની સાધારણપણાની તરવારનો ખ્યાલ ક્યાં થાય? સાંભળો તે વખતે, ન સાંભળો તે વખત જાણો છો પણ જાણેલું હોય પણ દુનિયામાં પ્રવર્તિએ છીએ તે વખતે એ જ્ઞાન, એ શ્રદ્ધા, એ વિચારો તાજા રૂપમાં રહેતા નથી, પણ વાસી. વાસી ભોજન કંઈ હોય, તેમ દુનિયામાં પ્રવર્તિએ તે વખતે આપણું જ્ઞાન શ્રદ્ધા બધું વાસી ઠીકરા જેવું થાય છે. ધર્મશ્રવણ વખતે ઊનું થાય, એ સિવાય નહીં. એટલા માટે તમારું નામ એ રાખ્યું. સાંભળતી વખત નિગોદની તરવારનો ડર રહે છે. છોકરા પણ પાઠ નહીં કરું તો માસ્તર મારશે

રમતી વખતે પણ માસ્તરનો ડર રાખે છે. સાવચેત રહે તે છોકરા કે નિશાળે આવે તે વખતે ડર રાખે તે છોકરા? છોકરાઓ તો માસ્તર મારશે એ ડરથી ઘેર બેઠા લેશન કરે છે. આપણે આ ધર્મશ્રવણનું પગથીયું છોડયું એટલે ડર ગયો. પુણ્ય-પાપ-ધર્મ-અધર્મ-સમકીત-મિથ્યાત્વની-ભવની-મોક્ષની વાતો અહીં કરીએ, પણ છોકરા જેટલો પણ આપણને ડર રહેતો નથી. ચાર જ્ઞાની ચૌદપૂર્વી વિગેરેને માથે લટકતી તરવાર. બે આદમી નિર્ણય કરી શકે, કાંતો બાળક કે કાંતો અજ્ઞાની બાળ કે બાવળો (ગાંડો). આપણે શામાં? લટકતી તરવાર છતાં નિર્ણય કરીએ છીએ. ઝેર પારખા કરવા જવું છે? કેમ નીકળ્યો તે તપાસવા જવું છે?

ભવિતવ્યતાની વ્યાખ્યા અને દૃષ્ટાન્ત

આ કોઈ ભવિતવ્યતાના જોરે બહાર આવ્યા, હવે સાવચેત થાવ કે તેનાં બારણાં બંધ થઈ જાય. આથી ભવિતવ્યતા કયાં ગણાય? જ્યાં આપણો ઉદ્યમ ન ચાલતો હોય. આપણો ઉદ્યમ સાધન સામગ્રી વિરૂદ્ધ હોય, આકસ્મિક પલટો થાય ત્યાં આપણા ધાર્યા કરતાં ફળ જુદું થાય, ત્યાં ભવિતવ્યતા. પાર્શ્વનાથજી ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાને છે. મેઘમાળી આવે છે. હું એને સમ્યકત્વ પમાડું તે ધારણાએ ઉદ્યમ નથી. મારા શ્રમણ ધર્મને અંગે હું સહન કરું, એવાનું સહન કરૂં? એવાનું સહન કરૂં એ સવાલ ગૃહસ્થપણામાં. સાધુમાર્ગમાં તો નીચનું હો કે ચાકરના ચાકર હો તેનું પણ ફક્ત કર્મ ખપાવવાના કારણે સહન થાય છે.

ભગવાન મહાવીર અને ચંડ કૌશીયાની અનુપમ સહનશીલતા

ભગવાન મહાવીરે પહેલે દહાડે ગોવાળીયાનું સહન કર્યું. જે જન્મતા સાથે મેરૂ કંપાવનાર તેવા પુરૂષ તે ગોવાળીયાનું સહન કરે છે. કઈ સ્થિતિએ? જન્મ સાથે મેરૂ ધ્રુજાવનાર મૂઠ્ઠી મારી દેવતાને ગાડ પડાવનાર મહાવીર ભગવાન તે ગોવાળીયાને સહન કરે. ક્ષમા ધર્મ કઈ સ્થિતિએ આવવો જોઈએ. 'शाठ्ये शाठ्यं समाचरेत्' થાય તેવા થવું તે શઠો માટે, પણ ધર્મશાસ્ત્રકારોનું આ વાકય નથી. દુનીયામાં લીન થએલા માર્ગનુંમાં માચેલાનું આ વાકય છે. શાસ્ત્રકાર જણાવે છે કે કાળો નાગ મનુષ્યને ખોળીને મારતો નથી. દબાણ ચંપાણનું કારણ મળે, કારણવગર કાળો નાગ પણ ઝેર વર્તાવતો નથી, તારા હિસાબ પ્રમાણે જાત ભીક શઠે શાઠ્યંના ન્યાયમાં નથી આવ્યા. તમે છેદોને

તમને મીઠાશ આપે. તમે છેદો છતાં છાયા આપે. એ બીચારા તમારા જેવા દુર્બુદ્ધિશાળી થયા નથી. એ ન્યાયમાં આવે તો ગાય ઘાસ ખાય તેનું દૂધ કરે ને તેના બચ્ચાંને તરફડતાં રાખી તમે લઈ લ્યો. એ ન્યાય લેતો તમને શીંગડે શીંગડે મારી ન નાખે! એ વાસ્તવિક ન્યાય હોય તો તમે ઉગરવા ન પામો સાધુ પુરૂષો માટે એ વાક્ય નથી, એ વાક્ય અધમો માટે છે. તેથી મહાવીર સરખા પણ ગોવાળીયા સરખો ઉપદ્રવ કરી જાય તે સહન કરે એ, ક્ષમા ધર્મ એ છે. કાળોનાગ છંછેડે બોલાવે નહીં તો શાંત રહે છે. અધિકતા ત્યાં છે, છંછેડે ત્યારે શાંત રહે તો ચંડકોશિયો-દરેક પજુસણમાં તમે તેની કથા સાંભળો છો. ભગવાન મહાવીરનું રૂપ દેખી પ્રતિબોધ પામ્યો છે. જાતિસ્મરણ જ્ઞાન થયું છે ને પૂર્વ જન્મમાં કરેલ પાપની આલોચના માટે બીલમાં મુખ રાખી રહ્યો છે. છોકરાઓએ પથરા માર્યા છે, તોપણ પથરા મારનારને અંગે કે લોહી લોહાણ કરનારને અંગે મોં બહાર ન કાઢ્યું. મોં બહાર કાઢે તો દૃષ્ટિ બહાર જાય તો તે બીચારા મરી જાય આ દ્રષ્ટિવિષ સર્પ આમ વિચારે છે. લોકો પથરા મારે છે, લોહીલોહાણ શરીર થાય છે. એથી બીલમાં મોં ઘાલી રાખ્યું છે, સાપ સરખાં ક્રૂર પ્રાણીને દુનીયામાં જેની ખરાબ ઉપમા દઈએ છીએ, કાળો નાગ દરમાં મોં ઘાલી રાખી મારથી બચવા નથી માગતો, ને સહન કરે છે, નહીંતર લોકો દરકણુ એવા હતા કે ઝાડની ઓથે રહી પથરા મારતા હતા. આને આ ભાવના પંદર દિવસ સુધી રાખી. આઠમા દેવલોક સહસ્રારમાં તે મરીને ગયો તેમ ગાઈએ છીએ. આઠમે સ્વર્ગે ગયો તેમ ગાઈએ છીએ. પણ આ ગાયું! જેના આ પરિણતિ પંદર દિવસ સુધી રહી છે. લોહીલુહાણ થયો છે, કીડીઓએ ચાલણી જેવો કરી નાખ્યો છે. છતાં મારનાર મરી જાય તે દશા મારે પાલવતી નથી. તે મરવાની અણી સુધી એની એ સુંદર ભાવના. આઠમો દેવલોક કેમ થાય છે તે સમજજો. દૃષ્ટિવિષ સર્પ, પથરાવાગે લોહી નીકળે તેની ગંધે કીડીઓ આવે, છતાં મારનાર મરે નહિ તે માટે મો બહાર કાઢવું નથી. જો ક્ષમાને માપી શકતા હોતો માપ લગાડજો. માલમ પડશે કે-ધર્મના અર્થી કેમ થવાય છે? દુનીયાદારી કેમ નકામી લાગે છે?

પુરૂષકારની પ્રબળતા

અહીં તમે અર્થકામ મોજના અર્થી હોતો પાટીયું વાંચીને આવવું, એટલું નહીં પણ સૂક્ષ્મ બુદ્ધિ દોડાવીને આવવું. એક શાસ્ત્ર શ્રવણ વખતે

રમતી વખતે પણ માસ્તરનો ડર રાખે છે. સાવચેત રહે તે છોકરા કે નિશાળે આવે તે વખતે ડર રાખે તે છોકરા? છોકરાઓ તો માસ્તર મારશે એ ડરથી ઘેર બેઠા લેશન કરે છે. આપણે આ ધર્મશ્રવણનું પગથીયું છોડયું એટલે ડર ગયો. પુણ્ય-પાપ-ધર્મ-અધર્મ-સમકીત-મિથ્યાત્વની-ભાવની-મોક્ષની વાતો અહીં કરીએ, પણ છોકરા જેટલો પણ આપણને ડર રહેતો નથી. ચાર જ્ઞાની ચૌદપૂર્વી વિગેરેને માથે લટકતી તરવાર. બે આદમી નિર્ભય ફરી શકે, કાંતો બાળક કે કાંતો અજ્ઞાની બાળ કે બાવળો (ગાંડો). આપણે શામાં? લટકતી તરવાર છતાં નિર્ભય ફરીએ છીએ. ઝેર પારખા કરવા જવું છે? કેમ નીકળ્યો તે તપાસવા જવું છે?

ભવિતવ્યતાની વ્યાખ્યા અને દૃષ્ટાન્ત

આ કોઈ ભવિતવ્યતાના જોરે બહાર આવ્યા, હવે સાવચેત થાવ કે તેનાં બારણાં બંધ થઈ જાય. આથી ભવિતવ્યતા કયાં ગણાય? જયાં આપણો ઉદ્યમ ન ચાલતો હોય. આપણો ઉદ્યમ સાધન સામગ્રી વિરૂદ્ધ હોય, આકસ્મિક પલટો થાય ત્યાં આપણા ધાર્યા કરતાં ફળ જુદું થાય, ત્યાં ભવિતવ્યતા. પાર્શ્વનાથજી ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાને છે. મેઘમાળી આવે છે. હું એને સમ્યકત્વ પમાડું તે ધારણાએ ઉદ્યમ નથી. મારા શ્રમણ ધર્મને અંગે હું સહન કરું, એવાનું સહન કરૂં? એવાનું સહન કરૂં એ સવાલ ગૃહસ્થપણામાં. સાધુમાર્ગમાં તો નીચનું હો કે ચાકરના ચાકર હો તેનું પણ ફક્ત કર્મ ખપાવવાના કારણે સહન થાય છે.

ભગવાન મહાવીર અને ચંડકોશીયાની અનુપમ સહનશીલતા

ભગવાન મહાવીરે પહેલે દહાડે ગોવાળીયાનું સહન કર્યું. જે જન્મતા સાથે મેરૂ કંપાવનાર તેવા પુરૂષ તે ગોવાળીયાનું સહન કરે છે. કઈ સ્થિતિએ? જન્મ સાથે મેરૂ ધ્રુજાવનાર મૂઠ્ઠી મારી દેવતાને રાડ પડાવનાર મહાવીર ભગવાન તે ગોવાળીયાને સહન કરે. ક્ષમા ધર્મ કઈ સ્થિતિએ આવવો જોઈએ. 'शठे शाठ्यं समाचरेत्' થાય તેવા થવું તે શઠો માટે, પણ ધર્મશાસ્ત્રકારોનું આ વાકય નથી. દુનીયામાં લીન થએલા મારજાડમાં માચેલાનું આ વાકય છે. શાસ્ત્રકાર જણાવે છે કે કાળો નાગ મનુષ્યને બોળીને મારતો નથી. દબાણ ચંપાણનું કારણ [illegible], કારણવગર કાળો નાગ પણ ઝેર વર્તાવતો નથી, તારા હિસાબે [illegible] જાડ ખીડ શઠે શાઠ્યંના ન્યાયમાં નથી આવ્યા. તમે છેદાને

તમને મીઠાશ આપે. તમે છેદો છતાં છાયા આપે. એ બીચારા તમારા જેવા દુર્બુદ્ધિવાળા થયા નથી. એ ન્યાયમાં આવે તો ગાય ઘાસ ખાય તેનું દૂધ કરે ને તેના બચ્ચાંને તરફડતાં રાખી તમે લઈ લ્યો. એ ન્યાય હોતો તમને શીંગડે શીંગડે મારી ન નાખે! એ વાસ્તવિક ન્યાય હોય તો તમે જીવવા ન પામો. સાધુ પુરૂષો માટે એ વાક્ય નથી, એ વાક્ય અધમો માટે છે. તેથી મહાવીર સરખા પણ ગોવાળીયા સરખો ઉપદ્રવ કરી જાય તે સહન કરે એ, ક્ષમા ધર્મ એ છે. કાળોનાગ છંછેડે છંછેડાવે નહીં તો શાંત રહે છે. અધિકતા ત્યાં છે, છંછેડે ત્યારે શાંત રહે તો ચંડકૌશિયો-દરેક પજુસણમાં તમે તેની કથા સાંભળો છો ભગવાન મહાવીરનું રૂપ દેખી પ્રતિબોધ પામ્યો છે. જાતિસ્મરણ જ્ઞાન થયુ છે ને પૂર્વ જન્મમાં કરેલ પાપની આલોચના માટે બીલમાં મુખ રાખી રહ્યો છે. છોકરાઓએ પથરા માર્યાં છે, તોપણ પથરા મારનારને અંગે કે લોહી લોહાણ કરનારને અંગે મો બહાર ન કાઢયું મોં બહાર કાઢે તો દૃષ્ટિ બહાર જાય તો તે બીચારા મરી જાય. આ દૃષ્ટિવિષ સર્પ આમ વિચારે છે. લોકો પથરા મારે છે, લોહીલોહાણ શરીર થાય છે. એથી બીલમાં મોં ઘાલી રાખ્યું છે, સાપ સરખાં ક્રૂર પ્રાણીને દુનીયામાં જેની ખરાબ ઉપમા દઈએ છીએ, કાળો નાગ દરમાં મોં ઘાલી રાખી મારથી બચવા નથી માગતો, ને સહન કરે છે, નહીંતર લોકો ડરકણ એવા હતા કે ઝાડની ઓથે રહી પથરા મારતા હતા. આને આ ભાવના પંદર દિવસ સુધી રાખી. આઠમા દેવલોક સહસ્રારમાં તે મરીને ગયો તેમ ગાઈએ છીએ. આઠમે સ્વર્ગે ગયો તેમ ગાઈએ છીએ. પણ આ ગાયું! જેના આ પરિણતિ પંદર દિવસ સુધી રહી છે. લોહીલુહાણ થયો છે, કીડીઓએ ચાલણી જેવો કરી નાખ્યો છે. છતાં મારનાર મરી જાય તે દશા મારે પાલવતી નથી. તે મરવાની અણી સુધી એની એ સુંદર ભાવના. આઠમો દેવલોક કેમ થાય છે તે સમજજો. દૃષ્ટિવિષ સર્પ, પથરાવાગે લોહી નીકળે તેની ગંધે કીડીઓ આવે, છતાં મારનાર મરે નહિ તે માટે મોં બહાર કાઢવું નથી. જો ક્ષમાને માપી શકતા હોતો માપ લગાડજો. માલમ પડશે કે-ધર્મના અર્થી કેમ થવાય છે? દુનીયાદારી કેમ નકામી લાગે છે?

પુરૂષકારની પ્રબળતા

અહીં તમે અર્થકામ મોજના અર્થી હોતો પાટીયું વાંચીને આવવું, એટલું નહીં પણ સૂક્ષ્મ બુદ્ધિ દોડાવીને આવવું. એક શાસ્ત્ર શ્રવણ વખતે

જે ખ્યાલ આવવાનો તે ખ્યાલ ક્યાં આવવાનો. હવે મૂળસ્થિતિમાં આવો. સંયોગો પ્રતિકૂળ હતા, વેદના તીવ્ર હતી, ત્યાં પરિણામ બગડ્યા નહિં તો એકેન્દ્રિયપણામાંથી નીકળી બહાર આવ્યા. બારીક બુદ્ધિથી ધર્મનો ખ્યાલ કરવો. આથી ભવિતવ્યતા વિચારજો. अत्थि बल्ले अत्थि कम्मे अत्थि वीरिए अत्थि पुरिसक्कार परक्कम्मे બલ કર્મ વીર્ય પરાક્રમ પુરુષકાર–ઉદ્યમ એ કાર્ય કરનાર છે. આ દૃષ્ટિથી દેવતાને કહે છે. બધે આપણા કર્મનો ઉદ્યમનો ભરોસો છે. તું દેવતા કેમ થયો? જો સાચો દેવતા હોતો ગોશાળાનો મત જૂઠો. દેવતાને કબૂલ કરવું પડ્યું કે–મહાવીર કહે તેજ સાચું. સત્‌કૃત્યના જોરે જે દેવતા થાય છે, આકસ્મિક સંયોગનો પલટો થઇ જાય તો તેમાં ભવિતવ્યતા કારણ છે. પાર્શ્વનાથજી એ ન વિચારે કે મેં એનું શું બગાડ્યું છે. શ્રમણ ધર્મમાં એ ન્યાય નથી. ત્યાં ઉપદ્રવ સહન કરે છે. ધરણેન્દ્ર પોતાની મેળે આવે છે. મેઘમાળીને ઉપદ્રવ કરતાં બંધ કરે છે. આ સમતા. આટલો ઉપસર્ગ છતાં અફસોસ નથી ને ધરણેન્દ્ર પદ્માવતીની સેવા વખત આનંદ નથી. જેને આવા ઉપસર્ગ વખત, સેવા વખત હર્ષ–શોક ન થાય તે ખરેખર આત્મ સ્વરૂપની રમણતા જ હોય. અહીં મેઘમાલી સમ્યકત્વ પામ્યો. અહીં સમ્યકત્વ પામવામાં કારણ કયું? ઉપસર્ગ કારણ ન કહેવાય? અહીં સુંદર વિચાર તે જેણે ઉપદ્રવ વખત કે ઉપશાન્ત વખતે આંખ ઊંચી થતી નથી. વીતરાગતાનો સ્વભાવ આવો છે. અહીં આવો શુભ વિચાર આવ્યો તે કારણ છે. આકસ્મિક સંયોગે મેઘમાલીને વિચારનો પલટો થયો. મેઘમાલીને જે વિચારનો પલટો તે કેવળ આકસ્મિક પલટો. અહીં ભવિતવ્યતાની મુખ્યતા લેવાય. સમજે છે તેવાને ભવિતવ્યતા પકડી લઇ બેસવાનું હોય નહિ. આમ ઉદ્યમદ્વારાએ ભવિતવ્યતા કાર્ય કરે છે. તે પણ સારો ઉદ્યમ કર્યો તો દેવતા થયો. તારા કુટુંબીઓએ અપકૃત્ય કર્યા તો રખડી ગયા, માટે પોતાનાં કૃત્યોનો પોતે જવાબદાર છે. ભવિતવ્યતા એ જવાબદાર નથી, એ કબૂલ કર. કબૂલ કર્યું.

શ્રાવકોને જાણવું નહિં, જોવું નહિં, એ સ્થિતિમાં મેલ્યા નથી. લહરો. કર્યું છે. કોઈ કાંટા પથરાએલી જમીનમાં જાય ને આંખ ઉઘાડી કરી નથી, તેની શી વલે થાય? આજકાલ ચારે બાજુ મિથ્યાત્વના કાંટા પથરાએલા છે. તે જગો પર બુદ્ધિનો ઉપયોગ કરવાની જરૂર નથી, તો તમારી શી વલે થાય? માટે બારીક બુદ્ધિથી ધર્મ જોવો પડશે. મેલી

દેવાના માલમાં સાવચેત રહો છો અને પરભવમાં લઈ જવાના માલમાં કેમ બોટ બનો છો?

એકલી ધર્મબુદ્ધિ માત્રથી ધર્મ ન થાય

જૈનધર્મ સમજી લીધા પછી બારીક બુદ્ધિ કરવી તેમ નહિં. સદા હંમેશાં બારીક બુદ્ધિ કરવી. દરેક સોદે બારીક બુદ્ધિ રાખો છો કે એક વેપારમાં? તેમ અહીં દરેક ધર્મના કાર્યમાં બારીક બુદ્ધિથી જોવાની જરૂર છે. આ પંચાત અમારે શી? અમારા પરિણામ સારા છે, તો અમને લાભજ છે. પરિણામના ભરોસે ન રહેશો. અન્યથા ધર્મબુધ્યેત્ર. બારીક બુદ્ધિથી નહીં તપાસો તો ધરમના પરિણામ છતાં ધરમનો નાશ થશે. બુદ્ધિ ધરમની રહે પણ પાપ લાગે. જૈન ધર્મ કરનારા ધરમની બુદ્ધિ રાખે તો બીજા ધરમની બુદ્ધિ નથી રાખતા? મુસલમાન ક્રીશ્ચીયન. વૈષ્ણવ શૈવ દરેકમાં ધરમની બુદ્ધિ નથી રાખતા? બધા ધરમની બુદ્ધિ રાખે છે, તો ધરમ બધાને થઈ જાય છે? ધરમની બુદ્ધિ માત્રથી બચાવ થઈ જાય તો આખા જગતનો બચાવ થઈ ગયો. કહો ધરમની બુદ્ધિ હોય તો પણ સાચો ધર્મ હોય તો જ ધર્મ થાય. સોનાની બુદ્ધિથી આનંદ થાય, પણ સોનું જોઈએ અને પીત્તળમાં સોનાની બુદ્ધિ કરી તો એમાં કંઇ વળે નહિં. તેમ અહીં ધર્મ ન હોય તો કરનારની બુદ્ધિ ધર્મવાળી હોય તો પણ ધર્મનો નાશ થાય. સાચો ધર્મ હોય અને ધરમની બુદ્ધિ હોય તો ધરમ મેળવી શકે, પણ સાચો ધર્મ ન હોય તો ધર્મ ન મળે. ધર્મ સાચો, બુદ્ધિએ સાચી, વચમાં ફેરફારીનો પડદો હોય તેમાં ધરમનો નાશ.

હું કમભાગી કે આજે સાધુ માંદા ન પડયા

એક આચાર્ય હતા. વ્યાખ્યા કરતાં જણાવે છે કે બધી ચીજ અજીરણવાળી, જ્ઞાન સામાયક પોસહ પૂજા. પ્રભાવના દાન શીલ તપ બધી ચીજ અજીરણવાળી. દાન દીધું તપસ્યા કરી ક્રોધ આવ્યો. જ્ઞાન ભણ્યો મારા જેવો કોણ? બધી ચીજો અજીરણવાળી છે. અજીરણ વગરની એક જ ચીજ. વેયાવચ્ચ વેયાવચ્ચં અપડિવાઈ.' સર્વજોગો પ્રતિપાતિ. વેયાવચ્ચ કરતાં બાંધેલું શાતા વેદનીય, શુભગતિ, શુભઆયુષ્ય એ ઉપક્રમ, પલટી જાય તેવા નથી. બીજા દાન જ્ઞાનાદિક કર્મોને ઉપક્રમ લાગે, વેયાવચ્ચથી જે ઉત્તમગતિ આયુષ્ય બાંધ્યું તેને ઉપક્રમ નહીં લાગે. ફેર

જણાવ્યું કે બધાનો આધાર વૈયાવચ્ચ ઉપર છે. શરીર નિરોગી હોય તો જ્ઞાન સંયમ કરી શકે. સંયમ સ્વાધ્યાય તપ વિનય–બધું નિરોગીપણા ઉપર આધાર રાખે છે. તેટલા માટે વેયાવચ્ચ ઉત્તમગુણ છે. તેથી ખુદ સાધુને પણ મહાવીર મહારાજાએ ફરમાવ્યું કે જે માંદા સાધુની માવજત કરે. અહીં ગ્લાન શબ્દ સાધુ માંદા હોય તે માટે વપરાય છે. બીજા માટે આતુરાદિ શબ્દ વપરાય છે. બીમાર સાધુની માવજત કરૂં તેજ મને માનનારો છે. અને જે સાધુની માવજત કરે છે તે મારો સાધુ, તેમ મને માને તે ગ્લાનની સેવા જરૂર કરે. આવી રીતે હોવાથી આચાર્યે વિસ્તારથી વેયાવચ્ચનું સ્વરૂપ જણાવ્યું, એક ભદ્રિક ભાવીક સાધુએ વૈયાવચ્ચની બાધા માગી. બીમાર સાધુની વેયાવચ્ચ ન કરૂં ત્યાં સુધી ખોરાક ન લેવો. બીજે દહાડે બીમાર સાધુ તપાસવા લાગ્યો, સેવા–વેયાવચ્ચ કરવા લાગ્યો. એમ કરતાં કરતાં કોઈક વખત એવો આવ્યો કે જેમાં કોઈ સાધુ માંદો નથી. આચાર્યે જેનો આટલો મહિમા કહ્યો હતો, જે કરવાથી તીર્થંકરને માન્યા ગણાય, તેવાનો અભિગ્રહ લીધો. પણ મારા કમભાગ્ય કે કોઈ સાધુ આજે માંદો પડયો નથી. વેયાવચ્ચ ધરમનું કાર્ય તેમાં ના નથી. એની બુદ્ધિ ઊંચી છતાં વચલો દલાલ–પરિણામ બગડી ગયો. જો સર્વ સાધુ નિરોગી છે. તપ-સ્વાધ્યાયમાં લીન છે તેમ વિચારી લે તો તો સીધું હતું. તેણે વિચાર્યું શું? કે કોઈ માંદો પડયો નહિં. આ જગો પર આત્મા શું મેળવે? બન્ને ઉત્તમ છતાં ચિંતવન વેયાવચ્ચ કરવા માટે માંદા પાડવાનું મન થયું. માથું કુટયાં શીરો મળે છેવટે શીરો ખાવા માટે માથું ફોડવું, તેમ વેયાવચ્ચ કરવા માટે માંદા પાડવા માંગે છે. ધર્મની બુદ્ધિ અને કાર્ય હતા, છતાં બારીક બુદ્ધિ ન રહેવાથી ચીંતવનમાં ફરક પડી ગયો. તેમાં શાસ્ત્રકાર કહે છે કે ધર્મનો નાશ થાય. આવા કાર્યોમાં ચિંતવનમાં ફરક પડે તો ધર્મનો નાશ થાય. તો બુદ્ધિ ઇજારે મુકીએ ને ધરમ કરીએ તે ધરમ શી રીતે બનવાનો? દુનીયામાં બુદ્ધિના ઇજારદાર બનીએ ધરમમાં બુદ્ધિના બારદાન બનીએ તે કામ નહીં લાગે.

તૂટવાના ભયથી પચ્ચકખાણ ન લેનાર

સર્વવિરતિ લીધી નથી, તેવાને એક બુદ્ધિ જરૂર રહેવી જોઈએ. હું આશ્રવમાં લપટાએલો છું. ગૃહસ્થે આમ વિચારી જેમ સંવર બને તેમ કરવો ને પ્રથમ જરૂરી. વખતે ટદી પચ્ચખાણ તૂટી જાય માટે પચ્ચખાણ આમ ઘણા માને છે. આ મનુષ્યભવનો લાભ કયા મુદ્દાથી સમ-

જ્યો છે ? અવિરતિ જેટલા દહાડા રહેશે તેટલા દહાડા તારા આત્માની દશા શી થશે ? તે તપાસી ? તો સામાયિક લેવાવાળાએ ચરવળા કટાસણા લઈ બેસવું. વખતે ભંગ થશે તો ? અવિરતિ રોકવામાં ઢીલ ન કરે. પ્રથમ સાવચેતી રાખવાની જરૂર. પાળવાની સાવચેતી ન રાખવી. અગર ઓછી રાખવી તે કહેતો નથી. છતાં કદી તૂટી જાય તૂટયાનું પ્રાયશ્ચિતથી શોધન છે કે અવિરતિથી શોધન છે ? પ્રાયશ્ચિત લઈ શુદ્ધિ કરવાનું બને શામાં ! અવિરતિ રહેવામાં શુદ્ધિ ? કોઈ આચાર્યે અવિરતિની શુદ્ધિ બતાવી નથી. આપણે સમકિતિ થઈએ, વ્રત લેવું નહિં, વખતે ભાંગી જાય માટે ન લેવું. તે ડહાપણનું કામ ન ગણ્યું. શ્રાવકને અવિરતિનો ડર એવો હોય કે નકામી–અવિરતિ રહે નહિં. મુઠ્ઠસી પચ્ચખાણમાં શું છે ? આજ-કાલ તો મુઠ્ઠીવાળીને નોકાર ન ગણું ત્યાં સુધી પચ્ચખાણ, અસલ પોરિસી કરી દુકાન પર બેઠા. મારી પોરસી પૂરી થઈ ઘેર જવું છે, થોડીવાર છે. ત્યારે તે વખત એટલો કાળ અવિરતિ ન રહું, એટલા માટે મુઠ્ઠસી જ્યાં સુધી મુઠ્ઠસી ન છોડું ત્યાં સુધી પચ્ચખાણ. આગળ પરસેવાનુ બિન્દુ ન સુકાય ત્યાં સુધી પચખાણ હતું. વિચારો શ્વાસ લેવાય એટલો કાળ અવિરતિમાં ન રહું. પોરિસી વિગેરે ઉત્તર ગુણ છે. ઉત્તર ગુણમાં આટલી અવિરતિ ટળાતી નથી તે માટે પચ્ચખાણ છે. ઉત્તરગુણ અવિરતિને આટલી હલકી ગણે એ મૂળ ગુણની અવિરતિથી બચવાને કેટલું રાખતા હશે ? અવિરતિ સમજ્યા પછી કેમ રહેવા દે. આ સમજશો ત્યારે એક વખતના ઉપદેશમાં પાંચસો જણા સાથે શી રીતે દીક્ષા લેતા હશે ? કેવળ અવિરતિનો ડર લાગે તેથી. અવિરતિને ભયંકર સમજનારાએ બાર મહિના ન બને તો ચોમાસામાં સામાયક વિગેરે કરી અવિરતિ ટાળવી જોઈએ. અવિરતિથી બચવા માટે વિરતિ તેનું સ્વરૂપ ફળ જાણવું જોઈએ. એ જાણ્યા પછી આવશ્યક વિગેરે સ્વરૂપ આગળ ઉપર બતાવવામાં આવશે.

પ્રવચન ૧૪૩ મું

અષાઢ વદી ૯ રવિવાર

શાસ્ત્રકાર મહારાજા આગળ સૂચવી ગયા કે–સંસારમાં દુર્ગતિ ટાળનારને સદ્‌ગતિ મેળવી આપનાર માત્ર ધર્મ છે. કેટલાકને અર્થકામની અભિલાષા હોવાથી જેમ સ્વાદમાં લોલુપ થએલો. તાવે ભરેલો હોય તો ક્વીનાઈન કે કરીયાતાનું નામ સાંભળે, ત્યાં જ ઉલટી જેવી દશા કરે, તેમ અર્થકામની આસક્તિવાળાને ધર્મ કડવો લાગે, પણ હિતૈષીની ફરજ

ધ્યાનમાં ઉતરતું નથી. સુદેવનું લક્ષણ ભલે લઈ જાવ. તમારું શાસ્ત્ર કહે છે કે ભરતાદિકને બાહ્ય ત્યાગ ન હતાં, છતાં આત્માની પરિણતિ સુંદર હતી તેથી શુભ ચિહ્નવાળાને દેવ માનો તેમાં અડચણ નથી. પણ બાહ્ય સંયોગ અસુંદર હોય તેથી સુંદર ન માનવા તે ઠીક નથી. જેને કેવળજ્ઞાન થયું તે બેઘડીમાં ત્યાગી હોય હોય ને હોય. ગૃહસ્થલિંગે કે અન્યલિંગે ભલે કેવળજ્ઞાન થયું હોય, પણ બેઘડી પછી સ્વલિંગમાં આવવું જ પડે.

આવર્જી-કરણ

કેવળજ્ઞાન થયા પછી મોક્ષ થવા માટે બેઘડીનું વચમાં કારવાઈ કરવાનું કાર્ય બાકી છે. જેને આવર્જીકરણ કહે છે. બાયડીઓ ચૂલો સળગાવતાં બીજાને ઘેરથી એક અંગારો લાવી ઉપર છાણાનો ભૂકો નાખે, તેના ઉપર કોડીયા મુકે ને તેના ઉપર લાકડું મૂકી કામ કરવા બેસી જાય છે. પહેલા છાણાનાં ઝેરને બાળે, પછી કોડીયા સળગે, પછી લાકડા સળગે, આ ક્રમ ગોઠવ્યો. બાઈને ત્યાં બેસી ન રહેવું પડે. તેમ ચૌદમાં ગુણઠાણે જે કર્મ બાળવા છે તેને અહીં ગોઠવે છે. એક સમયે ઓછા પછી બીજે સમયે વધારે ત્રીજે સમયે તેથી વધારે એમ છેલ્લા સમયે એવા કર્મ ગોઠવે કે એક પણ કર્મ બાકી ન રહે. જો બાકી રહ્યા હોય તો સમુદ્ઘાત કરી તોડે. સમુદ્ઘાત પ્રથમ કરે. આવર્જીકરણમાં કર્મની રચના, સમુદ્ઘાતમાં અધિક કર્મ તોડે. આ શ્રેણિ રચના સિવાય શ્રેણિ કયાં લેવી? એ તેરમા ગુણઠાણાને છેડે એવી રીતે કર્મની ગોઠવણ કરે. જેમ બાયડી અગ્નિ સળગાવે તેમ આપોઆપ અગ્નિ સળગી જાય, તેમ તેરમે ગુણઠાણે એવી રચના કરે કે ચૌદમે આપોઆપ કર્મો સળગી જાય. આવી રચના દરેક કેવળીને કરવી પડે. છ મહિનાથી અધિક આયુષ્ય હોય તો સમુદ્ઘાત કરે વા ન કરે. આવર્જીકરણ અને અયોગી કેવળજ્ઞાન એ બે અંતરમુહૂર્તનાં છે. વધારે આયુષ્યવાળો સ્વલિંગ લે લેને લે જ.

કેવળજ્ઞાન પ્રમાણિત ક્યારથી ગણવું

શાસ્ત્ર રીતિએ ત્યાગના વ્યવહારમાં ન આવે તો કેવળજ્ઞાન થયું તો પણ એ માની લેવા લાયક નહિ. ભરત મહારાજનું કેવળજ્ઞાન ઇંદ્રને માલમ પડ્યું છતાં ભરત મહારાજના દોસ્ત ઇંદ્ર કહીએ તો ચાલે. ઋષભદેવજી પાસે બન્ને જોડે રહેનારા છે. આ નરેન્દ્ર આ દેવેન્દ્ર

ભગવાનના મોટા પુત્ર છતાં કેવળજ્ઞાન થયું છે તે જાણ્યું છે, તો પણ ત્યાગ ન લીધો ત્યાં સુધી વંદન ન કર્યું. આત્માની પરિણતિ શુદ્ધમાં શુદ્ધ થઈ હોય તો પણ બાહ્ય ત્યાગમાં ન આવે ત્યાં સુધી વંદનાને લાયક રહે નહિં. આ નિયમ કર્યો ત્યારે કૂર્માપુત્રનો સવાલ ઉભો થાય છે. કૂર્માપુત્રને કોઈ પણ સાધુ સાધ્વીએ શ્રાવક શ્રાવિકાએ કેવળજ્ઞાની તરીકે વ્યવહાર કર્યો નથી. બાહ્ય સંયોગ અનુકૂળ ન હોય ને આત્માની પરિણતિ હોય તો કેવળજ્ઞાન થઇ જાય, પણ કેવળી તરીકેનો વ્યવહાર બાહ્યવેષ લે ત્યારે જ કરાય. જેઓ પાસે સ્ત્રી હથિયાર હોય તે આત્મા શુદ્ધ હોય છતાં વંદન ન કરીએ તો બાહ્ય અશુદ્ધિવાળા, વ્યવહારલાયક નથી. આથી બાહ્ય સંયોગ જેમનો ખરાબ છે તે સુદેવ ન મનાય.

કેવળીઓને શાસ્ત્ર બંધન નથી

કૂર્માપુત્રને દેવતાએ વેષ કેમ ન આપ્યો? બેઘડીનો નિયમ બાંધ્યો, તે દેવતા બેઘડી પછી વેષ આપે છે. આગળ વધારે વખત ગૃહીલિંગે રહે નહિં પણ શાસ્ત્રીય નિયમો વ્યવહારવાળા માટે કે ખુદ-જ્ઞાની માટે? આપણે શાસ્ત્ર જોઈને ચાલવું કે કેવળજ્ઞાનીએ શાસ્ત્ર જોઈને ચાલવું. આચારાંગમાં જણાવ્યું છે. કેવળજ્ઞાનીઓ તેમને શાસ્ત્રનુ બંધન નથી. શાસ્ત્ર જોઈને કેવળીને વર્તવાનું નથી. શાસ્ત્રમાં બેઘડીનો નિયમ છે માટે કૂર્માપુત્રે એ વિચારવાનું નથી. શાસ્ત્રકારનો નિયમ ખોટો કર્યો કે નહિં? કેવળજ્ઞાનીનું દ્રવ્યશ્રુત ક્ષાયોપશમિકભાવે, શ્રુતનો નિયમ કેવળીને ઉપયોગ ન હોય, પણ કેવળીના વર્તન દેખી જે બનતું હોય તે છે, માટે શ્રુતદ્વારાએ લખવું જોઈએ. શ્રુતઆધારે કેવળીનુ વર્તન ન હોય, પણ કેવળીના આધારે શ્રુતનું વર્ણન-વર્તન હોય. કેવળજ્ઞાની વિશિષ્ટ કારણે જે કરે તે માર્ગરૂપમાં કહી શકાય કે કેમ? માર્ગરૂપે સ્ત્રીની સાથે સાધુએ વાત ન કરવી. ધર્મોપદેશ-શુદ્ધાં મુખ્યતાએ ન આપવો, તો એકાંતમાં એકલી બાઈને એકલો સાધુ વાત કરે તેની આજ્ઞા તીર્થંકર આપે તેનું શું? ગૌતમ સ્વામી મૃગાપુત્રને જોવા જાય છે. મહાવીરની આજ્ઞા લે છે. એકલી રાણી એકલા ગૌતમ સ્વામી ભોંયરામાં જાય છે. ભગવાને આજ્ઞા કરી છે પણ એનો અર્થ એક જ છે. વિશિષ્ટ કારણોને અંગે વિશિષ્ટ આજ્ઞાઓ કરેલી તે આજ્ઞામાં ન આવે. તેથી સ્ત્રીની સાથે સાધુઓએ જાહેરમાં પણ ઉભા ન રહેવું, ન બોલવું, આ નિયમ બાંધનારા જ્ઞાનીઓ. અપવાદનો બચાવ કાયદાની કલમના બચાવમાં હોતો ન

અહીં મુખ્ય માર્ગ તેમાં કોઈ વિશિષ્ટ કારણુસર વિશિષ્ટ પુરુષને અં આજ્ઞા વચમાં લેવાતી નથી. આથી કેવળજ્ઞાની કૂર્માપુત્ર વિશિષ્ટ કારણુસ રહ્યા હોય તેમાં જે કૂર્માપુત્ર અહીં રહ્યા છે, માતા પિતા છ મહિનાર તેનાથી જ પ્રતિબોધ પામવાના છે. તેથી કેવળજ્ઞાનથી એમ દેખ્યું હોય ત્યાગ નથી લીધો તો વિશિષ્ટ કારણ-પુરુષ-સંયોગાદિ કારણ છે. પોતાં નુકશાન નહિં છતાં બીજાને ચારિત્રની પ્રાપ્તિ છે. આથી ગુરૂના પ્રતિબો માટે છ મહિનામાં કૂર્માપુત્રે અમુક સાવદ્ય પાપ કર્યું છતાં વીતરાગપણાનં કેવળીપણાની સ્થિતિ અખંડ રહી અને રાખી છે. અપવાદ પણ છેદ પાટલો ન હતો.

આથી એક વાત નક્કી કરી. બાહ્યત્યાગ હોય ત્યાં જ દેવપણ માનીએ, બાહ્યત્યાગ ન હોય ત્યાં આત્માની શુદ્ધ પરિણતિ છતાં દેવપણ માની શકીએ નહિં. દેવનું દેવત્વ એ ધર્મને જ અવલંબીને છે. જેમ આ સુદેવને અંગે કુદેવને અંગે ત્યાગનો સદ્ભાવ અભાવ રાખ્યો, તેમ સુગુરૂની માન્યતા પણ ધર્મને આશ્રીને છે. આથી દેવ-ગુરૂ આરાધવામાં કેવળ લક્ષ્યબિન્દુ હોય તો ધર્મતત્ત્વ જ છે. ત્યાગરૂપ ધર્મ શા માટે ગણાયો તે અધિકાર અગ્રે વર્તમાન.

પ્રવચન ૧૪૫ મું

અષાડ વદી ૧૧ ને મંગળવાર

શાસ્ત્રકાર મહારાજા જણાવી ગયા કે દુર્ગતિ રોકનારો ને સદ્ગતિ મેળવી આપનાર કેવળ ધર્મ જ છે. દેવ કે ગુરૂતત્ત્વને સદ્ગતિ મેળવવા તથા દુર્ગતિથી રોકવા માટે ભજીએ છીએ, પણ દેવમાં ગુરૂમાં ધર્મ વગર તે પમાડવાની તાકાત નથી. દેવ ગુરૂ દ્વારાએ થતું કલ્યાણ ધર્મદ્વારાએ જ છે. પરમેશ્વર ધર્મ કરનારને કોઈ દિવસ દુર્ગતિમાં મોકલી શકે નહિં તેમ ધર્મની સેવા આરાધના ન કરે તેવા કોઈને સદ્ગતિમાં મોકલી ન શકે. તેમ ગુરૂદ્વારા પણ જે ધર્મમાં પ્રવર્ત્યા ન હોય તેવાને સદ્ગતિ અપાવી શકતા નથી, દુર્ગતિ ટાળતા નથી. આથી દેવની ગુરૂની ભક્તિ સેવા તે ધર્મતત્ત્વની પ્રાપ્તિ માટે છે. આથી મિથ્યાત્વ કોને કહે છે ? જૈન ધર્મ આરાધતો હોય છતાં મિથ્યાત્વ. દેવ પાસેથી આત્મકલ્યાણ માટે ધર્મપ્રાપ્તિ ન ઈચ્છતાં જે અર્થકામની ઈચ્છા કરી લે, ગુરૂની સેવા કરતાં ની ઈચ્છા ન કરતાં અર્થ-કામની ઈચ્છા કરે, તેમને શાસ્ત્રકાર

મિથ્યાત્વી કહે છે. ધર્મનું સાધ્ય મોક્ષ વસેલું નથી. ધર્મનું સાધ્ય અર્થ કામ માની બેઠા છે, તેમને મિથ્યાત્વી કહે છે.

સુદેવાદિ માનવા છતાં મિથ્યાત્વ કેમ ?

હમે જિનેશ્વરને દેવ, પંચમહાવ્રત ધારીને સુગુરૂ માનીએ છીએ છતાં અમને મિથ્યાત્વ લાગે, પણ અમે તો સુદેવ સુગુરૂને માનીએ તો પછી અમને મિથ્યાત્વ કેમ લાગે, કુદેવાદિકને કુદેવ માનીએ છીએ. આ જગો પર સુદેવાદિકને સુદેવ, કુદેવાદિકને કુદેવાદિક માનીએ છીએ, તો અમને મિથ્યાત્વ કેમ ? માતા–મહાદેવાદિકને સુદેવ કે જોગી સન્યાસીને સુગુરૂ માનતા નથી. અગીઆરસ વિગેરે મિથ્યાત્વીના પર્વો ન માનીએ પછી મિથ્યાત્વ કેમ ? વાત ખરી, એક બચ્ચું હાથમા હીરો રાખે, હીરો બચ્ચાંએ લીધો તેથી બચ્ચાને ઝવેરી કહે કે નહિં ? હીરાને હીરો કહે છે તેને ઝવેરી કહે કે નહિં ? તે અત્યારે હીરાને કાચ કહેતો નથી. હીરાને હીરો કહે તો ઝવેરી કહેવાય કે નહિં ! તેને ઝવેરી ન કહેવાય. હીરાના તેજ ને તેની સ્થિતિ સમજી તે હીરાને હીરો કહેતો નથી. તેમ અહીં જૈનકુળમાં જન્મેલો તેથી સુદેવાદિ મળી ગયા, તેથી સુદેવાદિક કહે છે, પણ સુદેવ શાથી માનીએ છીએ તેની સ્થિતિ, સ્વરૂપ જેના મગજમાં ન હોય તેને મિથ્યાત્વી કેમ ન કહેવો ! ઝવેરીનો છોકરો હિરાને હીરો કહે છે ને બોરાંવાળી આવી તેને હીરો આપી બોરાં માગે તો શું કહેવું ? અહીં કાચને હીરો માનતો નથી. હીરો કહે છે, છતાં હીરાનો ઉપયોગ બોરાં લેવામાં કરે તો મુરખ કહેવો પડે. તેને ઝવેરી ન કહેવાય. મોક્ષ માર્ગ બતાવે તેની ખાતર આપણે નમસ્કાર કરીએ છીએ. મોક્ષમાર્ગની ઈચ્છા વગરનાને અર્થકામનું સાધ્ય તે બોરાં માટે હીરાનો ઉપયોગ કરે તેમ અર્થ કામ માટે તીર્થંકરાદિક આરાધે તો પણ તે મૂર્ખ જ ગણાય. કદાચ કહેવામાં આવે કે મગ સાટે મોતી દેવા પડે, ઘેરા વિગેરેની સ્થિતિ દેખીએ છીએ કે મગ સાટે મોતી દેવા પડે, જીવન ટકાવવું મુશ્કેલ હોય ત્યાં મગ સાટે મોતી દેવા પડે, પણ તે વખતે એના હૃદયમાં તપાસી લે કે શું થાય છે ? કેટલાએ વલખા મારે છે ! આ સ્થિતિમાં હોય, બાકી મોક્ષ વસ્તુ તેનું કારણ ન સમજાય, કીંમત સમજ્યા વગર મગ માટે મોતી દે તો મૂર્ખ ગણાય. તેમ જિનેશ્વરનું આરાધન કેવી રીતે આત્માને કલ્યાણ કરનારૂં છે, તે લક્ષ્યમાં હોય ને પછી જાવ તો તમે હજુ ડાહ્યા છો. વગર સંયોગે મગ સાટે મોતી દે તે કેવો ગણાય ? તેમ જિનેશ્વર મોક્ષ દેનાર હોવા -

કર્મ કરવામાં જીવ સ્વતંત્ર અને ભોગવવામાં પરતંત્ર

બીજા લોકોમાં પૃથ્વી પાણી અગ્નિ વિગેરે ઇશ્વિરે કર્યા, તેથી તેમનો ઉપગાર મનાય છે. અહિં જૈન શાસનમાં પૃથ્વી વિગેરે જીવના પોતાના કર્મોને લીધે થએલા છે, તેમાં ઈશ્વરને કરવામાં કંઇ જરૂરત રહેતી નથી, તેથી સર્વ મતવાલાને કબૂલ કરવું પડે છે કે મોક્ષમાં જાય ત્યારે પાણી પૃથ્વી કશાની પણ જરૂર હોતી નથી. જીવની અશુદ્ધિ કરી કોણે ? જો જીવે કરી તેમ માની લઈએ તો પરમાત્માનું કર્તૃત્વ કોરાણે મૂકવું પડશે. બારીક દ્રષ્ટિથી દેખીએ તો જે ફળ તેજ કર્મનું કારણ. જે કર્મનું કારણ તેજ ફળ. એકને કર્મનું કારણ, એકને કર્મનું ફળ. એકને કોઇકે ધોલમારી ધોલ ખાનારને કર્મનું ફળ ને મારનાર ને કર્મનું કારણ, તેમ ચોરી જૂઠ વિગેરેમાં સમજી લ્યો. જયારે ફળ એજ કારણ, કારણ એજ ફળ હોય તો ઇશ્વરને ફળદાતા માનો તો કારણ તરીકે એજ રહેવાનો. શિક્ષાની શિક્ષા હોતી નથી. ખુનની જગોપર નિરપરાધી મનુષ્યવધ જલ્લાદ શિક્ષાપાત્ર ન થાય. જજ અગર ન્યાયાધીશ શિક્ષાપાત્ર ન થાય. માટે નિરપરાધ શબ્દ ગોઠવીએ છીએ. કસાઈ બકરીને મારે છે તે બકરીના કરમનું ફળ છે કે નહિં ? તો ઈશ્વર બકરીને મારવાની પ્રેરણા કરે છે તો કસાઇને કર્મ ન લાગવું જોઇએ. જેલર શિક્ષાપાત્ર ન બને, તેમ પહેલાંનાં કર્મનું ફળ આપનાર તરીકે અન્યાયી જીવો ફળ આપનાર હોય તો કર્મ કયાંથી બંધાયું ને ફળ કયાંથી ભોગવવું પડે છે. માટે પ્રાણી કરવામાં સ્વતંત્ર અને ભોગવવામાં પણ સ્વતંત્ર છે. ગુનેગાર પણ પોતાની મેળે કેદમાં જઈ બેસતો નથી. આ શિક્ષા બીજાએ કરેલી ભોગવાઈ. તે પણ આત્માની શિક્ષામાં આવ. મરચાં ખૂબ ખાધાં તેને બળતરા મરચાં કરે છે કે બીજો આવીને બળતરા કરે છે ? તે વખત પોતે સ્વતંત્ર છે પણ મરચાં ખાધા પછી સ્વતંત્રતામાં નથી, એ મરચાનાં પુદ્ગલોની પરિણુતિને આધીન છે. તેમ અહીં પાપને બાંધવાવાળો પાપની પરિણુતીને આધીન હોય, પુણ્ય કરવાવાળો પુણ્યથી પ્રકૃતિને (પરિણુતિને) આધીન હોય, પણ ઈત્તરવ્યક્તિ તેને આધીન હોય તેમ માનવું તે અયુક્ત છે. પુણ્ય કરનાર પુણ્યના ફળ ભોગવે. એટલે તમારા હાથમાં કંઇ રહ્યું નહિં. ઈશ્વર કર્તૃત્વ માનીએ તો હંમેશા આત્માની ગુલામી માનવી પડશે. જે પોતાના કૃત્યોની જવાબદારી કે જોખમદારી માનતા નથી, તે ઈશ્વરની ઉપર જોખમદારી નાખે છે. જૈનો સદ્ગતિના કાર્યો કરો તો દુર્ગતિમાં મોકલનાર કોઈ નથી. તમારા

કૃત્યોની જવાબદારી જોખમદારી તમારા માથે છે. ઈશ્વરકર્તૃતા માનવાથી જીવની જવાબદારી જોખમદારી રહેતી નથી. તમે કર્મને કર્તા તરીકે માની લ્યો તો જીવની જવાબદારી જોખમદારી ઉડી જાય નહિં. ઈશ્વરની કર્તૃતા રાખવાથી કર્મની જવાબદારી જોખમદારી ઉડી જાય છે. પણ કર્મ-ઈશ્વર ઉપર જીવનો કાબુ છે કે નહિં? ઈશ્વરને કર્તા માનો તો તમારા ઉપર તેનો કબૂ છે પણ તે માની શકો નહિં, એ અપેક્ષાએ ઈશ્વરકર્તા નહિં, પણ ઈશ્વર નોકર થયો. ઈશ્વર ઉપર તમારો કાબૂ નથી પણ કર્મ ઉપર તમારો કાબુ છે કે નહિં? તે વિચારો. ખાંડ ખાવી કે નહિં. મરચાં ખાવા કે નહિં તે આપણા કાબુની વાત છે. તેમ સદ્‌ગતિ કે દુર્ગતિને લાયક કર્મો કરવા એ આપણા કાબુની વાત છે. આટલુ જ દેવગુરૂનું તત્ત્વ છે. તમે દુર્ગતિના લાયક કર્મોથી રોકાઈ જાવ ને સદ્‌ગતિને લાયકના કર્મોમાં જોડાવ, આ વસ્તુ ન હોય તો સુદેવ સુગુરૂની કંઈ પણ જરૂર નથી. ફળમાં તમે સ્વતંત્ર નથી. ખાંડનું પાણી ન પીવું અગર પીવું, મરચાં ખાવા કે ન ખાવા, તેમાં સ્વતંત્ર, પણ તે ખાધા પછી બળતરા થવા દેવી કે ન થવા દેવી, શરદી થવા દેવી કે ન થવા દેવી, તેમાં તો સ્વતંત્ર નથી. અહીં 'કર્મ કરવામાં જીવ સ્વતંત્ર છે પણ ફળ ભોગવવામાં જીવ સ્વતંત્ર નથી.'

વિરૂદ્ધ કારણ મેળવવાના ફળ રોકે

પાપ કરે છે તે પોતાની મેળે કરે છે, પાપ ભોગવવામાં ઈશ્વર ભોગવાવંરાવે છે. કર્તાપણે જીવ સ્વતંત્ર, ભોગવટામાં ઈશ્વર છે. આમ કહેનારે સમજવાનું છે. શરદી થએલી ગરમી થએલી રોકવી શકય કે અશકય? ઉપાય કરે તેને ને? શરદી થઈ હોય ને ફેર ખાંડ પીએ. મરચાં ખાધા હોય ને બળતરા થતી હોય ને ફેર મરચાં ખાય તો? જેઓ શરદીના કારણોથી વિરૂદ્ધ કારણો મેળવે તેજ શરદી રોકી શકે. વિરૂદ્ધ કારણ મેળવે તેજ ગરમી રોકે. જીવે કર્મ બાંધેલાં છે, તેથી વિરૂદ્ધ વર્તે તો કર્મ તોડી શકે. ખાંડનું પાણી પીએ ને ગરમ ઈલાજ ન લેવાય તો હેરાન થવું પડે. મને શરદી થઈ છે તેમ ચિહ્નથી તપાસે. નાક ગળવા માંડયું છે. માથું ભારે થયું છે, આ લક્ષ્ય આવે અને વિરૂદ્ધ કારણને મેળવે તો શરદી રોકાય. મરચાં ખવાય ગયા હોય તેથી પેસાબમાં બળવા માંડયું તો હવે સાકર ઘી ખાવા દે. આવા ઉપાયો વિચારીને બળતરા રોકવાના ઉપાય કર્યા તેને બળતરા રોકવાનો વખત આવ્યો,

પહેલાંના પાપ કર્મો સમજો. હું મિથ્યાત્વાદિકમાં રહ્યો તેથી આવા કર્મો બંધાયા. આનો જેને ખ્યાલ આવે તે પોતાના આત્માનું સ્વરૂપ વિચારે. મિથ્યાત્વથી આવેલા કર્મો રોકવા માટે સમ્યક્ત્વ, અવિરતિ રોકવા માટે વિરતિ સંવર વિગેરે ધ્યાનમાં લઈ ઉપાય કરે તો બંધાએલા કર્મો ઉપાયથી તુટી જાય. તે માટે કહ્યું છે કે—

> अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ।
> नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ॥ १ ॥

અપવાદ સૂત્રો પ્રથમ કાર્ય કરે પછી ઉત્સર્ગ સૂત્રો

કરેલું શુભ અથવા અશુભકર્મ અવશ્ય ભોગવવું જ પડે છે. સેંકડો ક્રોડ વર્ષે પણ ભોગવ્યા સિવાય કર્મ ક્ષય થતું નથી. અબજો વર્ષો થાય તો પણ ભોગવ્યા સિવાય તેનો નાશ નથી, જરૂર ભોગવવું પડે છે. ચાહે શુભ હોય ચાહે અશુભ હોય, તો કર્મ ન પણ ફળે તે સિદ્ધાંત શી રીતે રાખી શકો. કરેલા કર્મથી છૂટવાનું થતું નથી, પણ કરેલા કર્મો વેદનાથી ક્ષય થાય છે તે કબૂલ કર્યું છે. કર્મ પરિણામના બગાડવાથી થાય છે, તો તેના સુધારવાથી તે આપોઆપ જાય છે. વેદીને એટલે ભોગવીને અગર તપસ્યાથી પણ ક્ષય થાય. તપસ્યાથી ક્ષય કરાય તે ઉત્સર્ગ માર્ગ બતાવતાં, ત્યાં બતાવાની જરૂર ન હતી. કર્મ ભોગવવું પડે તે એક સિદ્ધાંત, તપસ્યાથી કર્મ નાશ પામે આ બીજો નિયમ. પહેલાં અપવાદ સૂત્રો પ્રથમ કાર્ય કરે, અપવાદની પ્રવૃત્તિ ન થાય તો પછી ઉત્સર્ગ સૂત્ર કામ કરે. વ્યાકરણમાં मुनि अत्र તેમાં इ વર્ણાદિનો વિજાતીય સ્વર પર છતાં य व र ल થાય. કોનો? इ उ ऋ ને लृ નો. બીજી બાજુ એવો પણ નિયમ છે કે આ સ્વરો દ્વિવચનમાં હોય તો તે ફેરફાર ન કરવો. જ્યાં य व થવાનો નિષેધ કરીએ છીએ એ સિવાયનું સ્થાન હોય તો य व કરવા. એમ કર્મ ભોગવવાનો સિધ્ધાંત ક્યાં લાગુ થાય? જ્યાં તપસ્યાનો નિયમ લાગુ ન પડયો હોય ત્યાં. બાકી પહેલાં य व કરી નાખો તો य व કરવાનો સિધ્ધાંત શું કરવાનો? 'पूर्वं तावत् अपवादा अभिनिविशन्ते' અપવાદ ન લાગે તો ઉત્સર્ગ સૂત્ર લગાડવું. તપસ્યાથી કર્મક્ષય ન કર્યો હોત તો કરેલા કર્મ ભોગવવા પડે. વાત ખરી, પણ 'ખાટલે મોટી ખોડ કે ચોથો પાયો જ ન મલે' કર્મના જોરથી ભારે થએલો આત્મા તપસ્યા રે કે આટલો હલકો થાય? બિલાડીને ગળે ઘંટ બાંધવાનો ઉંદરોએ

વિચાર કર્યો પણ બાંધે કોણ ? તેમ અહીં તપસ્યા કરે કોણ ? પહેલા નંબરમાં તપસ્યા થાય શી રીતે ? કર્મને રોકી રાખે તો મલ્લપ્રતિમલ્લ ન્યાયે કદાચ ઇત્રીગોઘિ મલ્લિકો હોઇ. મલ્લ પ્રતિમલ્લના ન્યાયે કોઈ જગોપર જીવ બળવાન થાય, ક્યાંક કર્મનું બળવાનપણું રહે.

અરિહંતનો વ્યુત્પત્તિ અને નિરૂક્તિ અર્થ

આથી જીવ કર્મ કરવામાં ને ભોગવવામાં સ્વતંત્ર છે આ વાત લક્ષ્યમાં રાખશો તો નવકારનો મહિમા ધ્યાનમાં આવશે. જિણાણં નિરુવ-યાણં મહવ્વનૂણં બોલી શકતે. નમો જિણાણં બોલી શકતે. પછી એ પદો ન રાખતાં નમો અરિહંતાણં એ પદ કેમ રાખ્યું ? વ્યુત્પત્તિ અર્થ બાજુ પર રાખીએ. વ્યુત્પત્તિથી પ્રાતિહાર્યથી જે પૂજાને લાયક તે અરિહંત. આથી જે પ્રતિમાની પૂજા થાય તેથી પ્રતિમાના નામે ભગવાનને ભોગી માનતા હોય તેણે અરિહંત પદ પર હડતાલ મૂકવી. અરિહંતના ૧૨ ગુણ, તે દેવપણાનું ચિહ્ન, અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ વિગેરે પ્રાતિહાર્યોથી ઉત્કૃષ્ટપણું. ચામર વીંઝાય તે દેવપણાનું ચિહ્ન, ત્રણ છત્ર દેવપણાનું ચિહ્ન. ચામર વીંઝવામાં ખુદ ભગવાનનું ત્યાગીપણું હણાતું નથી, તો પછી મૂર્તિ ઉપર વાલીયાવિયાના ઘરેણાં, અંદર રાખે રૂપું ને ઉપર દેખાડે સોનું. દેવતાઈ વસ્તુથી ત્યાગી રહ્યા અને અહીં ભોગવ્યું એમાં રાગી થઈ ગયા ? ચામરનો વાયરો એતો અચિત નથી ને ? પૂજાના સામાનથી ભોગી મનાય કે કેમ ? તેના ઉત્તરમાં જણાવે છે કે મૂળ વ્યુત્પત્તિ વીચારીએ તો આઠ પ્રાતિહાર્ય એજ પૂજા ગણવામા આવી. અર્હ ધાતુ દ્વારાએ પૂજ્યતા લ્યો તો જ અર્હત્ શબ્દ બને. નહિંતર અર્હતિ પૂજાં કરોતિ પૂજા કરે છે. અર્હત્ એટલે પૂજા કરનારો એવો અર્થ થશે. ઘુણ દ્વિવાર્યે સૂત્રથી પૂજાને લાયક છે. પૂજાને લાયક શબ્દ ઉપરથી અર્હત્ શબ્દ બનાવ્યો.

અતિશયો દેખી મને માનો તે કરતાં કર્મ તોડનાર તરીકે માનો

હવે નિરૂક્તિ અર્થ લઇએ. અરિ એટલે કર્મરૂપી શત્રુ તેને હણનારા તેનું નામ અરિહંત. પહેલા પદમાં શું સૂચવે છે કે તમે મને માનનારા હોતો કર્મને શત્રુ માનજો. કર્મને શત્રુ ન ગણો ને મારી પૂજા કરો તેની કશી કીંમત નથી. તમે કર્મને મિત્ર રાખો, કર્મનો ભરોસો રાખો, જેનીથી [illegible]

સ્થિતિમાં હોય ? સામાન્ય ફોજદારના મગજમાં કેટલો પવન હોય છે ? છખંડનો ધણી ચક્રવર્તી તેના સમર્થ લશ્કરનો માલીક કેટલા પવનવાળો હોય ? તેને બોલાવી ઓર્ડર કર્યો કે એકેએક માહણને મારી નાખો. શાસનને નાશ કરવાનું બીટ ન જોઈએ. ઉદયનો પ્રત્યાઘાત કરનાર મારા રાજ્યમાં પોષાય તે કદી ન બને. મારા દ્વારાએ રાજ્ય દ્વારાએ પોષાય તો મને ને મારા રાજ્યને ધિક્કાર છે. સેનાધિપતિને ઓર્ડર કરે છે. માહણ વર્ગને માલમ પડે છે. આખા ભરત ક્ષેત્રમાં આપણને બચાવનાર કોઈ નથી. ચક્રવર્તીની આડો કોણ આવે ? હવે વચમાં કોઈ આવે એવું છે ? છખંડ જીતવામાં ઘણી વખત સેનાધિપતિ જઈને જીતી આવે છે, એવી રીતે કરનાર જનરલ ઓર્ડર અમલમાં મેલવા માગે તો કોઈ આડો આવી શકે નહિં.

ઉપકાર ક્ષમા

છખંડમાં રઝળીએ તો એક પણ આધાર નથી. માત્ર ભગવાન ઋષભદેવજી આધાર છે. ભગવાન પાસે ગયો તો સેનાધિપતિ તેની પાછળ છે. સેનાધિપતિ ગયો, માહણો ત્યાં આવ્યા છે. માહણને ન મારો. હવે વિચારો ! ન મારો એટલું ભગવાને કહ્યું તે ખાતર ભરતનો રોષ ઉતરી ગયો. ચક્રવર્તી ઠંડો થઈ ગયો. એ કેટલા જુસ્સામાં આવ્યા હશે, તે ઠંડા થઇ ગયા. જેનો ઉપગાર ગણતા હોઈએ તે ખરેખર બાવના ચંદનનો છાંટો હોવો જોઈએ. નહીંતર બાવના ચંદનમાં પણ આવ્યા નથી. ઉપગારીનું એક વચન બસ છે. આવી ક્ષમા હોય તો ઉપકાર ક્ષમા. ઉપકારની દૃષ્ટિ ધ્યાનમાં રાખી તે વખતે ક્ષમા રાખીએ તે ઉપકાર ક્ષમા.

અપકાર ક્ષમા

અપકાર ક્ષમા કોનું નામ તો કે હાથી રસ્તામાં જાય છે, કુતરાને ચીડ ચડે છે. જોડે ગયા. ભસવું છે, ભસ્યા કરે છે પણ છેટે રહીને, પણ અહીં બોલીશું તો વેપાર નોકરી લેણદેણને નુકશાન પહોંચશે, 'નુકશાન પહોંચાડવાવાળાને માટે ડર રાખી ક્ષમા રાખે તે અપકાર ક્ષમા.' અપકાર કરશે એ ડરથી ક્રોધનું ફળ ન બેસવા દે ને ક્ષમા રાખે તે અપકાર ક્ષમા. આને ક્ષમા કેમ કહેવાય ? કેટલાક એવા ક્રોધમાં ચઢેલા હોય છે, કેટલાક એવા ચંડાળ જેવા હોય છે કે પોતાની હૈયાતી હોય તો ઉપગાર ન જોવા દે પણ અપકાર પણ ન જુવે. કેટલાક ક્રોધી પોતાનું માથું ભીંતે અફાળે છે. પોતાને હાથે પોતાનો અપકાર કરતાં પણ સંકોચ થતો નથી એવી જગો

ધા ભીંએ અપકાર કર્યો એવો વિચાર આખ્યાનીને જ આવશે. આઠ કેમ આવેલો હોય તો અપકાર દેખવાનું છિદ્ર હોય નહિં. અપકાર વિચારી ભવિષ્યનું નુકશાન વિચારી જે ક્રોધને મારે તે અપકાર ક્ષમા કહેવી.

ચંડકૌશિયાની કઈ ક્ષમા

ચંડકોશીયાની ક્ષમા શામાં ગણવી ? ચંડકૌશિયો—દૃષ્ટિવિષ સર્પ, એને કશું ઉઠાવવાનું નથી. આમાં માત્ર નજર ફેંકવી એટલું જ કામ. આવી શક્તિમાં સાપના અવતારમાં વધારેમાં વધારે દેખીતો હોય તો કાળા નાગનો. વધારે દૃષ્ટાંત હોતું નથી. કાળા નાગની જિંદગી છે દાંત ફેંકવી એ ત્ર કાર્ય છે. સામા તરફથી ડર નથી. સામો ગુંચા કરે તેમ નથી. જ્યાં છેટેથી દૃષ્ટિ માત્રથી બાળી નાખ્યો ત્યાં સામો શું કરે ? આટલી તાકાતવાળો, કાળા નાગની જિંદગીવાળો તેમાં વગર ગુન્હાએ તે બિલ આગળ રહી છે, ત્યાં કોઈનો ગુન્હો નથી. આવી શક્તિવાળો બીન ગુનેગાર તેને છોકરો પથરા મારે છે. પથરાનો માર કાળો નાગ આટલી શક્તિવાળો કેમ સહન કરી શકતો હશે ? એ પથરાના મારમાં ચારે બાજુ ચીટીઓ ચટકા ભરી એક બાજુ કાણું પાડી બીજી બાજુ નીકળે છે. કોઈ સાધુ હતાં પથરો માર્યો, તેને ન વાગ્યો છતાં કઈ દયા થાય છે ? અહીં પથરા મારે ને લોહી નીકળે તેમાં કઈ દયા થાય ? તે છતા એ બહાર કાઢતો નથી. ફેણને મારી દૃષ્ટિ એ તરફ જાય ને બીચારો મરી જાય, પથરા મારનારને અંગે વિચારે છે કે બિચારો મરી જાય. આ કઈ સ્થિતિએ સમતા આવે છે ? આવી કોશનગતિમાં મેં બહાર ન કાઢવું. જુદી કલ્પનાએ કાળા નાગ બની જુવો. આવી તાકાત આવી જાત, આવી રીતે લોહીલુહાણ તેમાં લોહીલુહાણ ઉપર મેં બહાર કાઢું તો મરી જાય. અહીં જે ક્ષમા કરી તે ઉપકાર ક્ષમા કે અપકાર ક્ષમાને સ્થાન નથી. નથી પથરા મારનારાએ ચંડકોશીયા ઉપર ઉપકાર કર્યો.

વિપાક ક્ષમા

હવે ચંડકૌશિયાએ કઈ ક્ષમા કરી ? વિપાકક્ષમા. શાથી એ ક્ષમા આવી ? તેનું કારણ ધ્યાનમાં લ્યો. ચંડકૌશિયો મહાવ્રતધારી સાધુ, ત્યાગી, મહીને મહીને ઉપવાસ કરનારો. સેંકડો ખેતરમાંથી એકઠું કરેલું રૂ એકાદ જ દીવાસળી બાળવાને બસ છે. તેમ એક ક્રોધ કેટલું બાળે છે ? સંસાર આપણી છોકરા રિદ્ધિ સમૃદ્ધિ છોડી, પંચમહાવ્રત -

કર્યા. મહિના મહિનાના ઉપવાસ કર્યા. એક બે ઉપવાસ કરતાં કેમ થાય છે? તો શાસ્ત્રની વાત કોરાણે મૂકી તમને પોતાને તપસ્યામાં કેમ થાય છે તે તો અનુભવ છે ને? લાગલગાટ મહિનાના ઉપવાસ કેમ થયા હશે? આટલો ત્યાગ છતાં ફક્ત મને હલકો પાડે છે, આ દૃષ્ટિમાં ગયો. સ્હેજે ચાલતાં પગ નીચે વિરાધના થવી એ સંભવિત છે, અનુપયોગથી કોઈ જીવ આવે ને મરી જાય તે અસંભવિત ચીજ નથી પણ ચેલાએ કહ્યું ત્યાં કાંટો લાગ્યો. એ વાત હવે કબૂલ કરવાની જ નહિં. રસ્તામાં ગોચરી આલોવતાં પડિકમણામાં ચેલાએ પાપ આલોવવા કહ્યું. મારી પાછળ પડયો છે, એમ કહી ગુરૂ મારવા દોડયો. આ સ્થિતિમાં જ્યોતિષમાંથી ઉતરી ચંડકોશિયા થયા. કાળો નાગ કોણ? મહાવ્રતધારી નિઃસ્પૃહી અણગાર. એને આટલા ક્રોધમાં કે અભિમાનમાં કહો તેટલામાં કાળાનાગપણાનો ભવ. જાતિસ્મરણથી બધું માલમ પડયું, આ ક્રોધ આ સ્થિતિ લાવનાર છે માટે મારે ન જોઈએ. આ ધારી ક્રોધ આવે તેમ ન કરવું ને આવે તો સફળ ન થવા દેવો, એ ધારી દરમાં મોં ઘાલી રહ્યો. પંદર દિવસ સુધી વેદના ભોગવી. પછી કોઈ પૂજા કરવા આવે તો પણ નુકશાન કરનાર, કારણ? ઘીથી કીડીઓ આવતી ને વેદના કરતી, જ્યાં કૃષ્ણ મહારાજ સમતામાં હારી ગયા ત્યાં કાળો નાગ સમતામાં જીતે છે. જરાકુમારે કૃષ્ણને બાણ માર્યું. જરાકુમાર આવ્યો. હવે બચવાનો નથી, પોતે કૌસ્તુભ આપી મોકલે છે. બળભદ્ર આવશે તો મારી નાખશે, માટે ચાલ્યો જા. જરાકુમારને મોકલતાં છેલ્લી દશા આવી. ત્યાં મારનાર કોણ? ગયો કયાં? નીચે જવું છે ત્યારે કૃષ્ણની લેશ્યા બગડી. જ્યાં ૩૬૩ યુદ્ધમાં ઝૂઝનારા તે સમતાના સંગ્રામમાં માર ખાઈ ગયા ત્યાં કાળો નાગ જીતે છે. પંદર દિવસ મોં દરમાં રાખે છે. ક્રોધનો વિપાક મેં અનુભવ્યો છે. માટે ક્રોધના રસ્તામાં જવું નહિં. ક્રોધ કરવાથી શું ફળ નિપજે છે તે ફળ અનુભવ્યું છે, માટે કાળજું કુતરા ન ખાઈ ગયા હોય તો એ રસ્તે શી રીતે જઈ શકું? સમતાના સમરાંગણમાં સર્પ પાર ઉતર્યો. આ ક્ષમા તે વિપાકક્ષમા. આવી રીતે ભાવી વિપાકો દેખી બીજાએ ચાહે જે દેખ્યું, મારી નાખવા માંડયો તો પણ પોતાનામાં આવેલા આવેશને દબાવી રાખે તો વિપાકક્ષમા.

વચન ક્ષમા

જેઓ લગીર આગળ વધ્યા છે કે-કર્મના વિપાકો એના સ્વભાવે

આવે છે. એતો હસતા પરોણા, કે રોતા પરોણા, એતો જમીને જવાનો–એમ જે કર્મ બાંધીએ તે હસીને કે રોઈને ભોગવવાના છે. ત્રણ લોકના નાથે મને ઉપગારની સડક બાંધી દીધી છે. તે સડકમાં વચનથી ફરમાવ્યું છે કે તમારે ક્રોધ કરવો નહિં. ચાહે ઉપગારી કે અપકારી હો કે ન હો. એટલું જ નહિં પણ વિપાક ભોગવવાનો હો કે ન હો. જે જીવો તદ્‌ભવે મોક્ષગામી છે, કેવળીના વચનથી નક્કી થયા છે, ચરમ શરીરી નક્કી થયા, તેમને નરક નિગોદમાં વિપાક ભોગવવાનો નથી. તેવાએ કયા રૂપે ક્ષમા શરૂ કરવાની ! દુર્ગતિના દુઃખોથી ડરી જે ક્ષમા કરાય તે ક્ષમા. આસ્તિકો પુણ્ય પાપ માનનારાના ધર્મ પ્રમાણે થઈ શકે છે. અન્ય મતમાં સમતા સારી ગણાવી છે. ક્રોધને ખરાબ ગણાવ્યો છે. જેઓ ભગવાનના હુકમને આધીન નથી, તેવા ક્રોધના કટુક વિપાકને લઈને સમતા કરનાર હોય છે, તેમાં જિનેશ્વરને લાગતું વળગતું પણ નથી ત્યારે વચનક્ષમા ચાહે ક્રોધ સારો હોય કે નઠારો હોય, તેનું સ્વરૂપ જોવા કરતાં મારે મારા મુરબ્બી શું કહે છે તે જોવાનું હોય. લશ્કરમાં સીપાઈએ ઓર્ડર જોવાનો હોય નહિ. જે ઓર્ડર પાસ કર્યો તે અમલમા મુકવાનો હોય. પરિણામ વિચારવાનું સીપાઈનું કામ નથી. જનરલના ઓર્ડરને અમલમાં મૂકવો. પેટ કે દેશ ધન આબરૂ માટે જિંદગીના ભોગે જનરલના હુકમમાં રહે તો પછી આત્મકલ્યાણને અંગે, ઉદ્ધાર કરનારને અંગે એમના વચન પ્રમાણે વર્તવું જ જોઈએ. દુર્ગતિ કે સદ્‌ગતિના વિપાક થાય તે મારે જોવાનું નથી. શું હુકમ કર્યો તેજ માત્ર અમલમાં મૂકવાનો. ભગવાન મહાવીર સરખાને ગોશાળા સરખો ઉપદ્રવ કરવા આવે છે. જ્યાં નક્કી થાય છે કે ગોશાળામાં તેજોલેશ્યાની તાકાત છે, તે નક્કી થયું છે. એવી વખત સાક્ષાત્ અપમાન તિરસ્કાર કરવા આવે છે. તે વખત બધા સાધુ ખસી જાવ. ગોશાળા વચ્ચે કંઈ પણ ન બોલવું, તે કઈ દશાએ સહન થયું હશે ? આ બધું વચનક્ષમા. તીર્થંકરે આ ન કરવાનું કહ્યું એટલે આ બસ. વચનક્ષમા કરવા માગે તો પ્રશસ્ત ક્રોધ કરી શકે કે નહિં ? પ્રશસ્ત ક્રોધ આવી જાય પણ લાયક ન ગણીએ નહીંતર ૧૩૯૯ સાધુ ચૂકયા ગણવા પડે. બે સાધુ જ સારા ગણાય.

નિષેધ ક્યારે કરાય ?

ગોશાળા કરતાં અનંતગુણી સાધુની તેજોલેશ્યા છે. ને તે કરતાં ગણધરોની તેજોલેશ્યા છે પણ તે ક્ષમાવાન છે. શેઠીયાના દુકાને દેણદાર

આવ્યો, હીસાબ કરતાં મુનીમ શેઠની લાગણીથી તપી જાય છે. શેઠ શાંત કરે છે. છતાં ધરાક સાથે લડવું વ્યાજબી છે, એમ ન ગણાય. તીર્થંકરમાં તે કરતાં અનંતગુણી તેજોલેશ્યા છે. વીતરાગપણામાં લબ્ધિનું ફોરવવાનું હોય નહિં. મહારાજે જે હુકમ કર્યો તે ભક્તિની તીવ્રતાએ પાળ્યો નહિં, તો તેર હજાર અઠ્ઠાણું સાધુઓને અંતરાય કર્યો ગણાયને? બન્ને વસ્તુ એકમાંથી નીકળે છે. એકને વચનની મુખ્યતા છે, એકને ભક્તિની મુખ્યતા છે. ભક્તિની તીવ્રતામાં વચન રાખી ન શકયા. એકસોનો ફાયદો થાય તો બે રૂપીઆ દલાલીના આપવા પડે. ભક્તિને માટે પ્રશસ્ત બે ટકા જેટલો ગેરફાયદો કરે. ૯૮ ટકા લાભ છે. ગૌતમસ્વામી વિગેરે કરતાં સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ વધી ગયા તે કહી ન શકીએ. ભગવાન મહાવીરે સાફ જણાવ્યું કે શિષ્યને ઉકળવાનું નક્કી હતું ત્યારે જ ઓર્ડર કરવો પડયો? ૧૪૦૦૦ ને ઉછળવાનો સંબંધ શો હતો? એક નાનું બચ્ચું ઉછળ્યા વગર ન રહે. તેથી મહાવીર ભગવાનને નિષેધ કરવો પડયો. મહાવીર ભગવાન કેવળથી પ્રાપ્તિ જોતા હતા, તેથી નિષેધ કર્યો. प्राप्तिपूर्वको हि निषेधः ગુરૂપ્રત્યે એટલી લાગણી ભક્તિ છતાં ફરમાવ્યું એટલે ચૂપ. અહીં એક જ મુદ્દો હતો 'तहत्ति'.

આ સ્થિતિએ વિચારતાં એ સિવાયના જગતના વિષયો લ્યો. ક્રોધને અવકાશ ન ધો. સત્ય હોય તો ક્રોધનું સ્થાન નથી. અસત્ય હોય તો પણ ક્રોધનું સ્થાન નથી. ક્રોધે કરીને સાચી બાબતને દબાવી દઉં. જો બીજાએ જુઠું કર્યું. તે જુઠો થાય છે શાથી? અધુરાપણાથી જુઠામાં જવાવાળો અજ્ઞાની જુઠામાં આવે તે ગુનો, કે પુરો જ્ઞાની ક્રોધી થાય તે? બેમાં મૂર્ખ કોણ? માટે સાચો કે જુઠો તિરસ્કાર બન્ને ક્ષંતવ્ય છે. આથી જુઠાને સાચામાં ક્ષમા કરવાનું જ કહ્યું છે. આવી વચનક્ષમા એને અવકાશ કયાં સુધી?

ધર્મ ક્ષમા

આંખનો સુધારો થયા પછી ચશ્માને અવકાશ નથી. આત્મા પોતાના સ્વરૂપને-ધર્મને અવલંબી ટકી શકતો નથી ત્યાં સુધી તીર્થંકરના વચનરૂપી ચશ્માની જરૂર છે. આત્માને ક્ષમાના ફાયદા સમજવામાં આવ્યા હોય, મારો ધર્મ ક્રોધ કરવાનો નથી, એ નિશ્ચિત થયું હોય તો ચાહે જેટલું ચંદનને છેદો બાળો ભેદો તો પણ દુર્ગંધ ન આપે. ચંદન છેદવામાં ભેદવામાં બાળવામાં દુર્ગંધ આપતો નથી. એ તો જડ ને આ ચેતન ને
તાં હલકી સ્થિતિમાં કેમ મૂકું. આ ધર્મક્ષમા. આ પાંચ ક્ષમા

કહી. આ પ્રકારની ક્ષમામાં ત્રણ પ્રકારની ક્ષમા સુધી મિથ્યાત્વી પણ હોય. ઉપકારક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમા. આ ત્રણ ક્ષમા કરનારો છતાં સમકિતી હોય તેવો નિયમ નહીં. વચન અને ધર્મક્ષમામાં આવે ત્યારે સમકીતપણાનો નિયમ. આથી પુણ્યની ઇચ્છા અને પાપનો ભય આવી ગયો તો માર્ગ આવ્યો કહેવાય નહિં. જ્યારે વચન અગર ધર્મની સ્થિતિ આવી જાય, સંવર નિર્જરાની અપેક્ષાએ દેવગુરૂ ધર્મને માનીએ છીએ. હવે એમાં પ્રથમ જરૂર કોની એ અગ્રે.

પ્રવચન ૧૪૭ મું

અષાડ સુદી ૧૪

શાસ્ત્રકાર મહારાજા ધર્મોપદેશ કરતાં જણાવી ગયા કે–આ સંસાર-ભરમાં આત્માને દુર્ગતિથી બચાવનાર અને સદ્ગતિ મેળવી આપનાર એક ધર્મ પદાર્થ જ છે. આપણે કઈ ચીજોનું આલંબન લીધું છે? દુનીયાદારીથી–કંચન કાયા કુટુંબ અને કામિની આ ચાર સિવાય પાચમું કોઇ આલંબન નથી. ઇષ્ટ વસ્તુ, પ્રાપ્તવ્ય વસ્તુ ગણાઇ હોય, જેને માટે ચિંતા–પ્રયત્ન કરવામાં આવ્યા હોય તો આ ચાર વસ્તુઓ. બાહ્ય દૃષ્ટિથી તપાસી લઈએ તો આ ચાર વસ્તુ સિવાય દુનીયાએ સાધ્ય ગણ્યું નથી. શાસ્ત્રકારોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગો પાડેલા છે. તેથી એ ચાર વર્ગને પુરૂષાર્થ કહીએ છીએ.

ચાર વર્ગ કેમ કહ્યા?

જગતમાં પુરૂષોએ ઇષ્ટ માનેલી આ ચાર વસ્તુઓ તે પુરૂષાર્થ. જગતમાં કોઈપણ જીવ તપાસીએ તો આ ચારમાંથી કોઈપણ ધ્યેયવાળો હોય. તેથી વર્ગ કહીએ છીએ. ચાર વર્ગ શા માટે કહીએ છીએ? જો સાધ્ય શબ્દ કહી દે તો શાસ્ત્રકારો વિરૂદ્ધ વક્તવ્યતાવાળા થાય. એકબાજુ 'सव्वाओ मेहुणाओ परिग्गहाओ वेरमणं' કામ સુખથી પરિગ્રહથી વિરમવું એ મુખ્ય ધર્મ. એને અંગે શાસ્ત્રકારના ઉપદેશ-આદેશ રહેલા છે. મુહપત્તિ પડિલેહીને કહે. ઇચ્છા. સામાયિક સંદિસાહું? તથા સંદિસાહું ઠાઉંનો આદેશ આપે. સંવર પ્રત્યાખ્યાનને અંગે પરિગ્રહ, મૈથુનની વિરતિની આજ્ઞા આપે ને પારતી વખતે 'पुनरपि कायव्वं?' કહે ત્યારે ગુરૂ કહે–આ આચાર મુકવા લાયક નથી, આદર ન [illegible] । સંવરને શાસ્ત્રકાર કેટલી કિંમતમાં લે છે? એપક્ષીન [illegible] વાની વાત

પણ ન નીકળે. ધર્મ વગર અર્થકામ નથી, માટે ધર્મને શ્રેષ્ઠ માને છે. આ વાક્ય કોનું હોય? આપણે દયાનું પોષણ કરતા હોઈએ. બીજાએ હિંસાના સેંકડો વાક્યો કહ્યા હોય.

મનુસ્મૃતિમાં પાપપોષણ કરનાર કથન

મનુસ્મૃતિ એટલે ધાડ પાડવાનું શીખવનાર, બ્રાહ્મણ કોઈનું લઈ ખાઈ જાય તો પોતાનું ખાય છે, પીએ છે, આપી દે છે, તો તે પોતાનુંજ આપે લે ખાય છે. આ સ્થિતિનો ઉદ્દેશ. બ્રાહ્મણ ચાહે જેવો ગુન્હો કરે તો પણ 'अवध्यो ब्राह्मणः' એ સાથે 'न मांसभक्षणे दोषो.' માંસ ખાવામાં કે મદ્ય-મૈથુન સેવવામાં દોષ નથી. કૃલાણુ ઋષિએ કુતરીની યોનિનું માંસ ખાધું છતાં પાપ નહીં. બ્રહ્માજીએ સ્વપુત્રીની ઈચ્છા કરી, છતાં પાપે ન લેપાયા. જે વેદની ક્રિયાવાળો બ્રાહ્મણ માંસ ન ખાય તે એકવીશ કલ્પ સુધી ઢોર થાય, આ મનુસ્મૃતિ કહે છે. આવી મનુસ્મૃતિ છતાં એના શ્લોકમાં જે જીવ જીવોને અભયદાન દે તેને બીજા જીવોથી ભય થતો નથી. 'જેવું દાન દેવાય તેવું ફળ મેળવાય' આવું વાક્ય હોય તો આપણે અહિંસાના પોષણમાં લઈ શકીએ. જે અભયદાનની વાતને આપણા પોષણમાં લઈ શકીએ છીએ. કારણ આપણે મનુને પોષણ કરવા બેઠા નથી. મનુને માનનારાઓને અભયદાનમાં લાવવા તેમનો શ્લોક બોલીએ છીએ. તમારી લૌકિક નીતિમાં એ છે કે ત્રણ વર્ગ સાધ્યા વગર ઢોર જેવો ગણાય છે, માટે તમારે ધર્મ કર્તવ્ય છે. બીજા તરફથી ધરમની પદવીને પોષણ મળે તે કહેવામાં અડચણ નથી. એ મોક્ષ ન માને તેનો સંબંધ નથી. ધર્મ સિવાય અર્થકામ થતા નથી. તો અર્થકામની ઈચ્છાવાળાએ ધર્મ કરવો જોઈએ. આપણી માન્યતા ધર્મ કર્તવ્યતામાં છે. અહીં ઉપરના કથનને માટે શાસ્ત્રમાં પણ કહેલું છે કે

त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य।

तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ॥ આથી અર્થ કામ માટે ધર્મ કરો તે શાસ્ત્રકારનો ઉપદેશ નથી. જે મોક્ષને ન માનનારા છતાં અર્થ કામની ઈચ્છાવાળાએ ધર્મ કરવો જોઈએ, આમ કહી ધર્મ કરવાનો ઉપદેશ આપે છે. તો મૂળ વાતમાં આવો. નવતત્ત્વમાં પદાર્થોની વ્યવસ્થા કરવાની હોવાથી પાપ આશ્રવ બંધ અજીવને તત્ત્વ ગણાવ્યા. તેથી પાપાદિકમાં રમણુતા કરવાનું કહ્યું હોય તેમ

સ્વપ્ને પણ ન સમજવું. તેમ ધર્માદિક ચારદ્વારા તમામ જીવોનું વર્ગીકરણ બતાવ્યું. આથી અર્થકામ આદરવા લાયક છે, તેમ શાસ્ત્રકાર માનતા હોય તેમ સ્વપ્ને પણ ન સમજશો. નહિંતર મહારંભ મહા પરિગ્રહથી નરકે જવાનું કહેનારા હોય તો ચોરના ચોર વળાવાના વળાવા. બીજી બાજુથી આરંભ પરિગ્રહ બતાવે ને તેથી બીજી બાજુ નરકે જવાનું બતાવે તો તેથી હરિભદ્રસૂરિજી તથા મલયગિરિમહારાજ ચોકખા શબ્દોમાં કહે છે કે મોક્ષ સિવાય બીજો પુરૂષાર્થ નથી.

ધર્મપુરુપાર્થ કયાં સુધી ?

ધર્મને પુરૂષાર્થ કેમ ન માન્યો ? કારણ ધર્મ હમારે જે માનવો જે કરવો તે કયારે ગણાય ? મોક્ષના ઉદ્દેશથી કરીએ તો, મોક્ષના ઉદ્દેશથી જે કરવામાં ન આવે, નવકારથી માંડી અનસન સુધીની ક્રિયા 'એસો પંચ નમુક્કારો' આ પાંચને કરેલો નમસ્કાર તે સર્વપાપનો નાશ કરનાર છે. અર્ધી મીનીટની ક્રિયામાં મોક્ષ ધ્યેય રહે તો કોઇપણ ક્રિયા મોક્ષના ધ્યેય વગર ન હોય. ધર્મનું સાધ્યપણું મોક્ષના ધ્યેયથી છે. આથી મોક્ષને જ પુરૂષાર્થ કહેવો એજ વાજબી છે. આથી કથંચિત્ ધર્મ છોડવા લાયક કયાં ? જ્યાં ધર્મનું કાર્ય મોક્ષ થઈ જવા આવે ત્યાં ધર્મ પણ છોડવા લાયક. મુસાફરીમાં ઘોડા ઉપર બેસીને ચાલ્યા હો પણ ઘરનું આંગણું આવે એટલે ઉતરી જવાનું ઘોડો કામનો હતો પણ કયાં સુધી ? આંગણું આવીએ પછી ઘોડાને છૂટો મૂકવાનો. રસોડામાં ઘોડાને લઈને કોઇ જતો નથી. માત્ર મુસાફરીમાં કામનો ઘોડો, તેમ ધર્મ મોક્ષ સાધવાના મુદ્દાથી લેવાયો છે. મોક્ષ સિદ્ધ થાય એટલે ધર્મ ખસેડવાનો 'ધર્મારન્યાજ્યા' આરા સંબંધથી થએલા ધર્મના સંગમો ત્યાગ કરવા લાયક. ચૌદમા ગુણઠાણા વખતે ત્યાં બધુ છોડી દેવાનું આથી ધર્મને મોક્ષના મુદ્દા સુધી જાળવવાનો છે. નહીંતર અભવ્યને પ્રથમ નમસ્કાર કરવાનો. ભવ્યો તેટલો ચારિત્રધર્મ નહીં પાળે જેટલો અભવ્યો પાળશે. કારણ ભવ્યને ચારિત્ર આવ્યું એટલે આઠ ભવમાં મોક્ષે ચાલી જવાનું. દ્રવ્યચારિત્ર પણ ભાવ લાવીને મોક્ષ પમાડવાનું. પેલાનો છેડો કોઈ દિવસ નથી. હિંસાદિકથી વિરમવું એટલા માત્રથી ધર્મ હોય તો વધારે ધર્મી અભવ્ય. તમારા કરતાં અનંતગુણું કરશે. માટે મોક્ષની ધારણાએ, ધર્મની ઉપાદેયતા ન હોય તો અભવ્યને પ્રથમ નમસ્કાર. ધર્મ એ સ્વતંત્ર સાધ્ય નથી. એ સાધ્યનું કારણ છે. આ પ્રમાણે હરિભદ્રસૂરિ અને મલયગિરિએ કહ્યું છે, મોક્ષ એ સાધ્ય તરીકે ધર્મ તેના સાધન તરીકે પુરૂષાર્થ છે.

ભુખરી માટીના થાંભલા સરખા સંસારના પદાર્થો

આથી અર્થ કામને પુરૂષાર્થ ગણુતા હોય તે માર્ગમાં નથી. દુનીયાદારી આખી તપાસી લ્યો, તેમાં ચાર જ થાંભલા-કંચન, કામિની, કુટુંબ અને કાયા. આ ચાર સિવાય એકેય પાંચમો થાંભલો નથી. આ ચાર પાયા ઉપર આખો સંસાર ઉભો કરેલો છે. આ ચાર પાયા ભુખરૂ માટીના છે. ચીકણી માટી નથી, એવી કહેવાની, શરદી લાગે તો ખરર ખરી પડે, તેવા ચાર થાંભલા ભુખરૂ માટીના છે. લગીરે ટકે નહિં. બાહ્ય સંયોગના ચાર થાંભલા તેમ અભ્યંતર સંયોગ આહાર શરીર ઈન્દ્રિય તેના વિષયો અને તેના સાધનો. આ સિવાય છઠ્ઠી ચીજ અભ્યંતર નથી. કરવા ગયો હતો આહાર, શરીરનું સાધ્ય ન હતું, આહાર કરતાં બે ભાગ પડયા, રસ અને ખળ. હવે બે થયા. ખોરાકે લઉં ને શરીર પણ સાચવું. ખાતાં રસ વળગી ગયો, શરીર વળગ્યું એટલે શરીર સાધ્ય થયું. તેમાં પાંચ ફણગા ફુટ્યા. ઇન્દ્રિયના વિષયો ને તેનાં સાધનો. અભ્યંતર સંયોગો વિચારીએ તો પાંચની પલોજણુ દરેક ભવે વળગી છે. આ સિવાય છઠ્ઠામાં ધ્યાન દીધું? આપણા ભવચક્રની અપેક્ષાએ સંસારની અપેક્ષાએ વિચારીએ તો કદી છઠ્ઠો લાગે તો યશ કીર્તિ લાગે, બાકી પાંચની પલોજણુ જન્મે ત્યારથી થાય. પાંચની પલોજણુમાંથી છના છક્કામાંથી એકે એવી વસ્તુ નથી કે જે દુર્ગતિથી બચાવી આપે અને સદ્‌ગતિ આપે. ચાર થાંભલામાંથી એકે એવો નથી. તેતો ભુખરૂ માટીના છે. પાંચમામાંથી કે છઠ્ઠામાંથી એકે એવા નથી જે સદ્‌ગતિ મેળવી આપે. એક રાજ્યમાં જુદા જુદા અધિકાર કરી શકતા નથી, તો આ રાજ્ય તો પલટી જાય છે. ત્યારે ત્યાં થતી દુર્ગતિથી કોણ બચાવશે? સદ્‌ગતિ કોણ આપશે? ૪-૫-૬ એક પણ હાજર નહિં તો તે દુર્ગતિ રોકે શી રીતે? સદ્‌ગતિ આપે શી રીતે? સંસારભરમાં દુર્ગતિથી બચાવનાર ને સદ્‌ગતિ આપનાર એકજ પદાર્થ છે. કેટલાકને સ્વર્ગ-પુણ્ય પાપ-જીવમાં મતભેદ છે, પણ મોતમાં કોઇને મતભેદ નથી. બેને બે ચાર કહેવાય તેમ મોત માટે કોઇને મતભેદ નથી, તો ચારની ચોકડી પાંચનો પંજો છની લોળી વિગેરે મોત આગળ વહાય. આગળ કયો પદાર્થ દુર્ગતિથી બચાવે ને સદ્‌ગતિ આપે? તેવો એકજ ધર્મ પદાર્થ. એથી દેવની માન્યતા ધર્મને અંગે, ગુરૂની માન્યતા ધરમને અંગે. આથી દેવને પુણ્ય પાપના મુદ્દાએ માનતા નથી તેટલા મોક્ષમાર્ગના ઉપદેશક

એને અંગે માનીએ છીએ, નહિંતર વિપાકક્ષમાને લૌકિકમાં ગણુત નહીં. વચન ક્ષમા અને ધર્મ ક્ષમા એ લોકોત્તર ક્ષમા ગણીએ છીએ.

ધર્મક્ષમા વચનથી જુદી કેમ ગણી ?

વચનક્ષમા અને ધર્મક્ષમા બે જુદી કેમ? વચન તીર્થંકરના વચનને અનુસરી જે ક્ષમા કરવામાં આવે તે વચન ક્ષમા. ધર્મક્ષમામાં તીર્થંકરના વચન નથી આવતા ? માટે કબૂલ કરો, કાંતો ધર્મક્ષમા વચનક્ષમા બહાર છે. નહીંતર ચાર પ્રકારની ક્ષમા કહો, ધર્મક્ષમા નામનો પાંચમો ભેદ ન કહો, નહીંતર વચનની બહાર કંઈક ચીજ છે. વળી ઉત્તમ છે. વચન બહાર અને પાછી ઉત્તમ ક્ષમા. કહો, વચન સિવાયની એક ધર્મવસ્તુ રહેલી છે. તેને અંગે ધર્મક્ષમા માનો છો. વાત ખરી પણ કુંભારને ત્યાં ગયો છે કોઈ દિવસ ? જો ગયો હઈશ તો કુંભાર દંડથી ચક્રને ઘુમાવે છે. ઘુમાવીને એવો વેગ કરે કે પછી દંડ કેડી દે તો પણ ચક્કર ઘુમ્યા કરે છે. પછી ઘુમે છે એમાં દંડ નથી પણ ઘુમ્યા કરે છે. જેમ દંડ વગર, દંડે આપેલા વેગથી ચક્કર ભમ્યા કરે છે, તેમ વચનને ધારણ કરી જે અનુષ્ઠાન કર્યાં તેમાં એવી તીવ્ર પ્રવૃત્તિ થાય કે વચન યાદ કર્યા વગર તેજ પ્રવૃત્તિ થાય. દાદર નવો થયો ત્યારે જોઈને ચાલશો ને પછી ટેવ પડી ત્યારે સરરર ચડી ઉતરી જશો, ટેવાઈ ગયો. તેમ વચનને લક્ષ્યમાં લઈ જ્યારે પ્રવૃત્તિ થાય ત્યારે વચન ક્ષમા અને વચનને યાદ કર્યા વગર ટેવથી ધર્મ એવો થઈ ગયો ત્યારે ધર્મમાં ક્ષમામાં ઉતરી પડે તે ધર્મક્ષમા. આથી વચન અનુષ્ઠાન અને અનુસંગ અનુષ્ઠાન માનીએ છીએ. અસંગઅનુષ્ઠાન વચન અનુષ્ઠાનથી આવેલું માનીએ છીએ. ધર્મક્ષમા વચન વગર થાય છે, તેમ કહી શકાય નહિં. દંડ વગર વેગ થયો નથી, વચન વગર અસંગ અનુષ્ઠાન થતું નથી. ક્રમ એ ભલે હોય, પણ કારણની હૈયાતીને કારણની બીજી હૈયાતી હોવાથી બે જુદા પડે છે. આથી વચન અને ધર્મક્ષમા બે જુદી પાડી. શાસ્ત્રયોગ એ તો માત્ર હાથે કરીને ગતિ કરવા જેવું છે. અપંગને હાથ દઈ દઈ ચાલવાનું છે, શાસ્ત્ર હાથ દઈને ચાલવાનું છે. ભગવાન ગૌતમસ્વામી બારઅંગ ને ચૌદ પૂર્વની રચના કરનારા તેમને મોક્ષ અળખામણા લાગ્યા, કેવળજ્ઞાનના તથા મોક્ષનાં જે કારણો મેળ્યા છે. તેથી નીકળી જવું હતું ? શાસ્ત્રકારનું પોતાનું પણ સર્વજ્ઞપણું તે વખત ન થયું તો બહારની અવસ્થા વિચિત્ર માનવી પડશે, કે જે શાસ્ત્ર-

દ્વારાએ ન આવી ને ગુણઠાણાએ જ આવી શકે છે. ઇચ્છા શાસ્ત્ર અને સામર્થ્ય આ ત્રણ યોગ છે. શાસ્ત્રોથી ઉત્પાદક દશા આવતી નથી. નહીંતર શાસ્ત્ર કરનારા મોક્ષે ચાલ્યા જતે. આથી સામર્થ્ય યોગ જુદી વસ્તુ છે. ઇચ્છાયોગવાળો શાસ્ત્રયોગમાં જઈ શકે, શાસ્ત્રયોગવાળો સામર્થ્યયોગમાં જઈ શકે છે. તેમ વચન અનુષ્ઠાનમાં ન આવ્યો હોય તે અસંગઅનુષ્ઠાનમાં આવી શકતો નથી. આ સિવાય બીજું નથી એ માનવું પણ અણસમજણવાળું છે. આથી વચનદ્વારાએ મોક્ષમાર્ગ સાધવાનો છે. તીર્થંકરોની માન્યતા હોય તો વચનક્ષમા અને ધર્મક્ષમાને અંગે વચનક્ષમા અને ધર્મક્ષમા. જે તીર્થંકરને માનીએ છીએ તે એક જ મુદ્દાએ કે મોક્ષનો માર્ગ બતાવનાર. કોઈપણ બતાવનાર હોય તો તે આ ત્રણ ભુવનના નાથ જ છે. તેમ ગુરૂને પણ એજ મુદ્દાથી માનીએ છીએ કે ચાર પુરૂષાર્થ, લોકોત્તરક્ષમા, વિગેરે બતાવનાર હોવાથી. હવે દેવ તથા ગુરૂનું વિશેષ સ્વરૂપ અગ્રે બતાવાશે.

પ્રવચન ૧૪૮ મું

અષાડ વદી ૧૪ શુક્રવાર

શાસ્ત્રકાર મહારાજા ધર્મોપદેશ કરતાં સૂચવી ગયા કે આ સંસારની અંદર આ જીવની દુર્ગતિ થતી હોય તેને રોકનાર તથા સદ્દગતિ મેળવી આપનાર બીજો કોઇ પદાર્થ નથી. બાહ્યથી (૧) કંચન, (૨) કામિની, (૩) કુટુંબ ને (૪) કાયા. આ ચાર સંસારના થાંભલા ગણાયા છે. જે ભુખરૂ માટીના છે. જે શરદીની હવા લાગવા માત્રથી ધસી પડે છે. પોતાના જીવનને અંગે પાંચની પલોજણ. આહારાદિક પાંચ–કદી આગળ વધીએ તો છઠ્ઠી આબરૂ મેળવીએ. બાહ્ય સંયોગથી ચાર સાધન, અભ્યંતર સંયોગથી પાંચ કે છ સાધન ગણીએ, પણ તે પંદરમાંથી એક પણ ચીજ ભવાંતરમાં આપણી સાથે આવવાવાળી નથી. તમામ વસ્તુનો છેડો આ જિંદગીના છેડા સાથે છે. આ પંદર ચીજમાંથી એકપણ વસ્તુ આપણને આધારભૂત થવાવાળી નથી. તે માટે વેઠેલું દુઃખ કે ખરચેલો પૈસો તેના સરવાળામાં શૂન્ય સિવાય બીજું કંઇ નથી. તો દુર્ગતિ થતી હોય તે રોકનાર પંદરમાંથી એકે નથી. જે ચીજ આપણી ભવિષ્યની દુર્ગતિ રોકે ને સદ્દગતિ આપે એવી ચીજ કઈ? તો આત્માને આત્માના સ્વરૂપમાં પ્રગટ કરનારી હોય જ ક્યાંથી? દુર્ગતિ ને સદ્દગતિ તો એક ભવ

છે. ભવની ચીજ ભવમાં કામ ન લાગે તો અભાવ એટલે મોક્ષમાં કામ ક્યાંથી લાગે ? દેવતા મનુષ્ય તિર્યંચ ને નારકીના ભવમાં ભવની ચીજ કામ ન લાગે તો ભવથી જુદી અવસ્થામાં કામ લાગે જ ક્યાંથી ?

સહરાના રણ ખાતર ભંડાર–લશ્કરનો નાશ કરનાર કેવો ગણાય ?

લડાઈ માટે લશ્કર ખજાનો હથીયાર ભંડાર તૈયાર કર્યા પણ લડીને મેળવીશ શું તે તો એ. સહરાના સાઈબીરીયાના ઉજ્જડ રણ ખાતર લશ્કર ભંડારાદિનો નાશ કરવો તે કોને યોગ્ય ? તો આખી જિંદગી એમાં ખલાસ કરીએ છીએ. મનુષ્યભવ, ઇંદ્રિયોની શક્તિ, જ્ઞાનની શક્તિ મેળવીને સહરાના રણ સરખી પંદર ચીજોમાં આ દુર્લભ ચીજો ખલાસ કરીએ છીએ. દુકાનદારી માંડનારો પ્રથમ સીલક અને કમાયો કેટલું તે તપાસે છે. આ ભવમાં આવ્યા હતા તે વખત સીલક લઈને આવ્યા છીએ. મનુષ્ય–આયુષ્ય–ગતિ શાતાવેદની કોથળીમાં ભરેલી છે. આ બધી કોથળી અહીં ખાલી થઈ છે. હવે કોથળી કચરાની આરંભ પરિગ્રહમાં મસ્ત થઈ વિષયોના ગુલામ થઈ તત્ત્વની કોથળી ખાલી કરી કચરાની કોથળી ભરી છે. તમારા પવિત્ર જિંદગીના કેટલા કલાક ? જેને તમે પવિત્ર જિંદગી ગણો છો તેનાં મૂળમાં સડો ચાલુ છે. સામાયિક પૌષધ પડિક્કમણા કરો, તેમાં પણ સંસારી કલ્પના ચાલુ જ. પૂજાદિક ધાર્મિક કાર્યોમાં પણ સંસારની કલ્પના ચાલુ જ રહે છે. આથી મારી કોથળી ખાલી કેમ થઈ છે ને શાથી ભરી છે તે વિચાર્યું. ? કસ્તુરી ખાલી કરી કાજળ કોણ ભરે ? આપણે મનુષ્યનું આયુષ્ય ગતિ વિગેરે પુન્ય કહાડે કહાડે ખાલી કરીએ છીએ. આ ડબો હંમેશા ખાલી થાય છે. કસ્તુરી નિકળી જાય છે ને કોલસા પડે છે, પણ કસ્તુરી અને કોલસા સમજે તેને ? નાના છોકરા આગળ બે ડબી મૂકી હોય તો તેને બેનો ફરક માલમ નથી. તેમ અહીં હજુ પરભવ માટે શું કરવું જોઈએ તેનો ખ્યાલ આવ્યો નથી. આ ભવમાં રહેવાવાળી ચીજ ને ભવાંતરે આવવાવાળી ચીજનો ફરક ધ્યાનમાં લીધો નથી. નાના છોકરા કોલસાનો પરિચય હોવાથી કોલસા પ્રથમ પકડે તેમ આપણે સંસારનો પરિચય હોવાથી વિષયો પ્રથમ પકડીએ છીએ.

સાધુપણાની બુદ્ધિથી બચાવ્યો જ નથી, તો જેઓ જીવોને બચાવે છે તે એમ નથી ધારતા કે અઢાર પાપ કરશે-સેવશે, માટે બચાવું તેમ ધારી બચાવતા નથી. જૈનો કે દુનિયાદારીવાળા પાપ કરશે તે ધારી બચાવતા નથી. કેવળ યુક્તિથી શાસ્ત્રથી લૌકિક રીતથી ટકી શકે નહિં, તેવી પ્રરૂપણા અજ્ઞાની બાયડીને ફોસલાવવા ફોટાઓ બતાવે. આમ મૂર્તિ માનતા નથી અને બકરીના ફોટા બતાવે. આમ સ્થાપના માનતા નથી ને ફોટામાં ચિત્રને બકરી કહે છે. આ ચિત્રામણને બકરી કહો છો તેમ જિનેશ્વરની મૂર્તિને કેમ નથી ગણતા ? તમે મૃષાવાદ કબૂલ કરો પછી આગળ ચાલીએ. જિનેશ્વરની મૂર્તિને પથરો કહેતાં શરમ નથી આવતી ? હવે દૂધ દેનાર તરીકે આવીએ, જિનેશ્વરની મૂર્તિ મોક્ષ દે છે એમ કોણે માન્યું ? જિનેશ્વરના ગુણ-આકારનું સ્મરણ, તે સ્મરણ દ્વારાએ થતું બહુમાન. અહીં કથા વંચાય, કેવળજ્ઞાન થયું, હાથ જોડી દો છો. શબ્દથી કેમ હાથ જોડો છો ? માત્ર કલ્પીને. આવા અરિહંત છે તેને તમારી કલ્પના કલ્પો તેમાં છૂટ. જે કલ્પો તેનો આકાર કરવાથી બગડયું ! સ્મરણમાં કલ્પનાથી પ્રતિબિંબ ખડું થાય તેને હાથ જોડો છો, મારી દેખેલી સ્થિતિને કલ્પીને હાથ જોડો છો.

ભીખમજીએ મત કાઢયો તેનો ભી, રાજમલનો રા, પાંચ પાટ થઈ ને તેના પ્રથમ અક્ષર લઈ નોકારવાળી ગણે છે. ભેરાજીવાળાને પૂછીએ કે ભેરાજીને તમે દેખ્યા નથી, મળ્યા નથી, માત્ર કલ્પનાથી નમસ્કાર કરો છો. નવકારની માળાના મહિમા કરતાં ભેરાજીની નોકારવાળીનો મહિમા વધારે ? યુક્તિ-શાસ્ત્રથી દુનિયાને સમજાવી શકાય નહિં. માત્ર ચાંદીની ગોળીથી લલચાય તેમાં વાત જુદી છે. લાલચુ કઈ જગોપર ઉથલી પડે તેની કિંમત હોતી નથી. બાકી લોકવ્યવહારવાળો તે તરફ નજર કરે તેમ નથી. દયા ને દેવના વિરોધી થયા છે. તેમ દેવને અંગે એમણે ભોગી કહી દીધા. જો મૂર્તિની ભક્તિને લીધે ઈશ્વરનું ભોગીપણું થાય તો ખુદ હાજરીમાં જન્મ થયો તે વખતે જે અભિષેક કર્યો, મહોત્સવ કર્યો તે શું ધારીને ભક્તિ કરી ? કાકો મામો વેવાઈ ધારી ભક્તિ કરી ? કહો ત્રણ લોકના નાથની અપેક્ષાએ કરેલી ભક્તિ તે શાસ્ત્રમાં વાંચે છે છતાં શી રીતે ભોગી કહેવાય ? અભિષેક કરતાં 'મેરુશિખર નવરાવે હો સુરપતિ' ગાવ છો, તો તેમાં કઈ અવસ્થા લીધી ? બાલ્યાવસ્થા એમ જયાં જુદી જુદી અવ- જુદી પૂજા લઈએ છીએ એ વાત છોડી દો. મૂળમાં આવો.

તીર્થંકર અને સામાન્ય કેવલીનો તફાવત

તીર્થંકરને પ્રથમ પદે કેમ લીધા? કેવળી કરતાં તીર્થંકરને અધિક કેમ માન્યા? ઘાતિકર્મના ક્ષય તરીકે મોક્ષ પામનાર સરખા, તો બાહ્ય આડંબર વગરના કેવળી મહારાજા તેના કરતાં બાહ્ય આડંબરવાળા કેવળીને અધિક કેમ માનવા? એ તો દેવતાઓ પોતાની ભક્તિથી કરે છે તેમાં તીર્થંકરના ત્યાગમાં લેશ પણ ઓછાશ નથી, એમ કહો તો આ વાત કબૂલ થઈ. તો પછી તીર્થંકરોની મૂર્તિની ભક્તિ તે ભક્તિવાળા પોતાની મેળે કરે છે તેમાં ભગવાનનું ભોગીપણું કયે મોઢે બોલ્યો? અહીં ભગવાનનું ભોગીપણું શી રીતે થયું? શ્રાવકની કરણી છે કે નહિ? અષ્ટ પ્રાતિહાર્ય કરવા તે દેવતાની કરણી તો આ શ્રાવકની કરણી છે કે નહિ? કરણી કરવાથી પુન્ય-પાપ, નિર્જરા કે સંવર તેથી બચી શકાતું નથી. કરણી કઈ ને બચાવ શાનો કરો છો? ભક્તિ કરે તેથી દેવતા ડૂબી જાય છે? કુળાચારે કહેશો તો દુનિયાદારીવાળા કુળાચારે પરણે તેમાં વાંધો નહિ ને? આઠ પ્રાતિહાર્ય તથા જન્મમહોત્સવ કરવાની ફરજ શાથી પાડી? તીર્થંકર નામકર્મ બાંધ્યું તેથી, માટે તેજ ખરાબ કર્યું કેમ? ત્યાગી તરફ લોકો ઝુકી જાય તેથી ત્યાગીના ત્યાગની કિંમત ઘટતી નથી. દેવતા તીર્થંકર તરફ ઝુકી જાય તેથી ત્યાગની ઓછાશ થતી નથી. તીર્થંકરે શ્રાવકને કહ્યું નથી કે સાધુને વહોરાવજો. ફળ તરીકે દેખાડશો. આનું ફળ આમ થયું એમ દેખાડશો. સમવસરણમાં ઇન્દ્રોને સ્થાન આપ્યા તે ઉપરથી કિંમત થશે કે તીર્થંકર મહારાજને વધારે શાથી માનવા? કેવળી જે બીજા હોય તેના કેવળમાં ને મોક્ષમાર્ગમાં બન્નેમાં ફરક નથી તો તીર્થંકરને શાસનના માલિક કેમ ગણવા? આપણી ગુફાનું દ્રષ્ટાંત યાદ લાવો. એકસો મનુષ્ય અથડાઈ રહ્યા હતા, તેમાં એકે દીવો કોઈ કારણથી ઉભો કર્યો. એ દીવાથી સોએ જણાએ કાકડા સળગાવ્યા. બધામાં એક સરખું અજવાળું છે. બધા માર્ગ બતાવનાર સરખા છે, ફરક નથી, છતાં આદ્ય ઉપકારી કોણ? મૂળ સળગાવનારને ઉપકારી ગણે, તેમ જિનેશ્વર મહારાજે પોતાના આત્માને બોધિ-જ્ઞાને પોતાના નામકર્મના જોરે સ્વયંસંબુદ્ધપણે મોક્ષમાર્ગ શરૂ કર્યો. પ્રથમ શરૂ કરનાર એજ, બીજાઓ એમના આશરે-આશ્રયે-આધારે. આથી જગતમાં ઉદ્યોત કરનાર એકજ ભગવાન તીર્થંકર. બીજા બધા કેવળજ્ઞાન પામ્યા ; પણ તે સ્વયંસંબુદ્ધ તરીકે નહિં. સ્વયંસંબુદ્ધ માત્ર તીર્થંકર મહારાજ એક.

ઇન્દ્રિયસુખત્યાગની બુદ્ધિ કરાવનાર પ્રથમ કોણ?

એક કાકડો ગુફામાં સળગાવનાર. એ કાકડાની કિંમત નથી, પણ ગુફામાં સળગાવેલો કાકડો જિંદગીને બચાવનાર છે. તેમ જિનેશ્વર કહે તે ભાષા વર્ગણાનાં પુદ્ગલોની કિંમત નથી. અનાદિની આખી ણાજી ઉથલાવી તેની કિંમત છે. સ્પર્શઇન્દ્રિયના સુખ માટે બાહ્ય ઇન્દ્રિયના સુખ માટેની પ્રવૃત્તિ હતી? પણ આત્મા તરફ લક્ષ્યવાળો ન હતો, કારણ? આ તો આંધળા ભલા, જેને દેખતો દોરી શકે. પણ દારૂડીયાને દોરાતા નથી, પોતાને દેખે નહિં ને દેખતાનું કહેલું માને નહિં. આંધળા દેખે નહિં, પણ કહ્યું માને. આપણે આત્માનું સ્વરૂપ દેખ્યું નથી અને દેખનારા તીર્થંકરાદિકનું કહ્યું માનવું નથી, આપણે તો દલાલ દેખાડે તેવું દેખવું. કાનથી શબ્દ, જીભથી સ્વાદ, નાસિકાથી ગંધ. જે દેખાડે તે દેખવું. આપણે આ પાંચ દલાલને આધીન, એ દલાલ ત્યાં દલાલી કરવા જતા નથી. ભવિષ્યમાં મારી દલાલી કાયમી તોડી દે તેવી ત્યાંની દલાલી છે. આત્માના સ્વરૂપ પ્રગટ કરનાર તરફ જાય તો પરિણામ કયા? મને ઘેર બેસાડશે. મોક્ષે જવાનું થાય તો તેને ઘેર બેસવાનું છે. માટે પાંચ ઇન્દ્રિયો લુચ્ચાઇથી એ દલાલીમાં પડતી નથી. હવે દલાલ બજાર બંધ કરે ત્યાં આત્માનો વેપાર બંધ આ દલાલોએ કર્યો છે. જેના દલાલ ફરતા હોય તેનો વેપાર ધીકતો ચાલે, તેમ આ પાંચ દલાલોએ આત્મારૂપી ઘરાકને વિષયના બજારમાં ધકેલ્યા છે. પાંચ ઇન્દ્રિયનો જથ્થો મોક્ષની ધરમની કેવળીની દલાલી કરતો નથી, પાંચ ઇન્દ્રિયોના વિષયોની દલાલી કરે છે. અનાદિકાળથી વિષયના બજારમાં ઘૂમીએ છીએ. એને બીજી દિશાનું ભાનજ કયાંથી હોય? એકેન્દ્રિયપણામાં યાવત્ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય, દેવતા, નારકી, મનુષ્ય અને તિર્યંચપણામાં આ દલાલોને લીધે વિષયરૂપી બજારોમાંજ ફર્યા છીએ. બીજે ખંભાતી તાળાં ઠોકાય છે. અહીં તો વજ્જરનાં તાળાં ઠોકાયાં છે. અનંતો કાળ ગયો પણ આત્માના બજારનું તાળું ખુલ્યું નહિં. એ તાળું માત્ર ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાન ખોલે છે, પછી બધો બજાર ખોલે છે, પણ પ્રથમ તાળું તીર્થંકરોજ તોડે છે.

સંવર વગરની નિર્જરા હલકી કોટિની છે.

બીજા બજાર તરફ પુંઠ કરે તે જ એ બજારમાં જઇ શકે. સામી

મારકીટમાં પુંઠ કરે તો જ આ મારકીટમાં જવાય, તેમ ધર્મબજારમાં જતી વખત વિષયના બજારમાં પુંઠ કરવી પડશે. બે વાનાં કરવા જાવ તેની જ મુશ્કેલી છે. અહીં સમકિત છે. શુદ્ધ દેવાદિક, જીવાદિક નવતત્ત્વ માનવાનું કહ્યું પણ તે આ બધું વિષય બજારને પુંઠ કરી તેથી દેવ, ગુરૂ, ધર્મ માન્યા છે. તેમ જ નવતત્ત્વમાં આશ્રવ છોડવાલાયક શાથી? વિષય-બજારનો એ દીધો તેથી. વિષયબજાર મારે માટે ભયંકર છે, એ ભાસ થવો જોઈએ. વિષયબજારને પુંઠ ક્યારે થાય? જો ભયંકર લાગે તો. અને આશ્રવ અને બંધ એ બે વિષયબજારના ગોઠીયા છે. ધરમ બજારમાં મને લઈ જાવ એવા મારા સંવર અને નિર્જરા. આ બે ગોઠીયા ધરમબજારના. આ બે ગોઠીયાને સંભળાવતા હોય તો માત્ર તીર્થંકર મહારાજ છે. વિષયબજારને પુઠ કરાવે ને ધરમબજારના તાળાં તોડી નાંખે. શહેરની પોલીસ ઉભી રહે તેમ ધરમબજારના નાકે અહીં પોલીસ ઉભી રાખી છે. સંવર અને નિર્જરા ધરમબજારના ચોકીદાર. સંવર અને નિર્જરા લુચ્ચા કલાકને સીધા કરનાર. પણ સંવર અને નિર્જરા ત્યાં ધરમબજારમાં, આત્માનું જવું થાય ત્યારે આત્માને સંવર નિર્જરા મળે. આ બધું કાર્ય તીર્થંકર મહારાજથી થાય છે. ગણધરો ચૌદપૂર્વી મનઃ-પર્યવજ્ઞાની વિગેરે બજારના વેપારી છે, પણ ધર્મબજારના તાળાં તોડનાર તીર્થંકર જ છે. આથી ત્રણલોકને પૂજ્ય નામકર્મની કેટલી બલિહારી છે એ બધું સમજી શકીશું. હાટડીમાં બાર વરસ રહ્યા પણ પઈનો વેપાર ન કર્યો તેવા વેપારીને શું કહેવું? આ તીર્થંકરે તાળાં ખોલી ખુલ્લાં કર્યાં, ધરમબજારમાં કરિયાણું કયું? સંવર અને નિર્જરાનું. સંવર નિર્જરાના વચનો એ ઉપદેશ કરનાર વચનો ચોકીદાર અને સંવર-નિર્જરા ખુદ એ કરિયાણું. આથી ધરમનું શાસનનું મૂળ આત્મકલ્યાણની જડ સંવર અને નિર્જરામાં જ છે. હવે એ બેમાં નિર્જરા અને સંવરમાં મુખ્ય કોણ? શાસ્ત્રકાર કહે છે કે સંવર, સંવર. વગરની નિર્જરા સેલ (sell) એટલે હરાજીમાં મેલેલા સામાન સરખો છે. સેલમાં રહેલા સામાનની કિંમત ઘટડી છે, તેમ સંવર વગર હોય ને નિર્જરા કરે તે સેલના સામાન જેવા છે.

સંવર-બખ્તરની તાકાત કેટલી?

એક સાધુ નોકરશી માત્ર કરે, તેમાં કેટલાં કર્મ તોડે? સાતમી નારકનો નારકી યાવત્ ૧૦૦ વરસ સુધી સાતમી નારકીનું દુઃખ ભોગવે

પ્રવચન ૧૪૯ મું

અષાડ વદી ૦)) શનિવાર

શાસ્ત્રકાર મહારાજા જણાવી ગયા કે આ સંસારમાં આ જીવને દુર્ગતિથી બચાવનાર ને સદ્‌ગતિ મેળવી આપનાર માત્ર એક જ ચીજ ધર્મ છે. દેવની ગુરુની માન્યતા એ પણ ધર્મને આભારી છે. દેવ ધર્મમાં સ્થિત ન હોય, ધર્મના ઉપદેશક કે સ્થાપક ન હોય તો તે દેવને દેવ માનવા સમજુ તૈયાર થઈ શકે નહિં. તેમ અક્કલવાળો ગુરુને કયા મુદ્દાએ માને? કહો કે પોતે ધર્મમાં પ્રવર્તેલા છે ને બીજાને ધર્મમાં પ્રવર્તાવે છે. ગુરુના ઇતર લક્ષણ છતાં ધર્મદ્વારાએ લક્ષણ કર્યું કે ધર્મજ્ઞ અને ધર્મોપદેશક આનું નામ જ ગુરુ. ધર્મ પોતે જાણનાર છતાં પણ શુષ્કજ્ઞાનવાળો ન હોય. શુષ્કજ્ઞાનવાળાને ધર્મતત્ત્વમાં સ્થાન નથી. ધર્મને જાણીને કરનારો આ બધું હોય પણ અમુક મુદતમાં ધર્મ કરનાર હોય સામાયિક પૌષધ કરનાર ધર્મ જાણનાર અને કરનાર છે. શ્રાવક હોય પણ તેવો નહિં પણ હંમેશાં ધર્મમાં તત્પર હોય, એના ચોવીશ કલાક ધર્મક્રિયાને અંગે બંધાએલા હોય. હુમેશાં ધર્મ જાણતો હોય, કરતો હોય, લીન હોય પણ બીજાને ઉપદેશ બીજા રૂપે આપતો હોય. કેટલાક રહે કૌરવના પક્ષમાં ને જય ઇચ્છે પાંડવનો. ઉપદેશ આપે ત્યારે ધરમનો નહીં પણ કરમનો આપે! ધન પૈસા અર્થનો ઉપદેશ આપે! જીવોને ધર્મશાસ્ત્રનો અર્થ બતાવે, બીજો ઉપદેશ ન અપાય. સાધુને ધર્મ સિવાય બીજી વાત પૂછવા આવે તો એમાં અમારો અધિકાર નથી. ધર્મશાસ્ત્ર સિવાય બીજી વાતનો દેશક બને નહિં. ધર્મપ્રધાન શાસ્ત્રોના અર્થને બતાવનારો હોય, ત્યારે એવાને ગુરુ કહેવાય. આથી ગુરુતત્ત્વનો આધાર ધર્મ ઉપર. જેથી કહ્યું કે ત્રણે જગતમાં કે આખી દુનિયામાં બચાવનાર કોઈ હોય ને સદ્‌ગતિ મેળવી આપનાર હોય તો તે કેવળ ધર્મજ છે. પણ ધર્મ કહેવો કોને?

ધર્મના ફળમાં મતભેદ નથી, સ્વરૂપમાં ફરક છે

આ તો દરેકને માન્ય છે કે દુર્ગતિથી બચાવે ને સદ્‌ગતિ આપે તે ધર્મ. ચાહે તો અનાચાર પાપસ્થાનકને ધર્મ કહેનારા હોય તો પણ ધર્મનું ફળ આજ બતાવવાના. ફળ તરીકે કોઈ જગોએ મતભેદ નથી. દુર્ગતિથી બચીએ અને સદ્‌ગતિ મળે, આમ ફળમાં કોઈ મતને વિવાદ

નથી. એ તો સર્વ સામાન્ય સ્વરૂપ છે. જ્યાં જ્યાં ધર્મ હોય ત્યાં ત્યાં
ધર્મનું લક્ષણ જાય એમાં અડચણ શી ? પણ ધર્મ ન હોય અને માત્ર
ધર્મનું નામ હોય તેવી જગોએ લક્ષણ જાય તે અડચણકર્તા છે. આથી
દરેકને એ લક્ષણ કબૂલ છે. જ્યારે બધાને એ કબૂલ છે, તો જે
પાપસ્થાનકો અનાચારો અન્યાયો ધર્મના નામે કરે તે પણ એ લોકોએ
ધર્મ તરીકે ગણ્યા. એની માન્યતા એ થઇ કે આ અનુષ્ઠાનથી દુર્ગતિ
રોકીશ અને સદ્‌ગતિ મેળવીશ. માટે ધર્મને ફળ દ્વારાએ કહેવા કરતા
સ્વરૂપ દ્વારાએ કહેવાની જરૂર છે. ફળમાં ધર્મ અધર્મ જુદાં નહી પડે
જ્યારે સ્વરૂપદ્વારાએ ધર્મ કહેવો હોય તો ધર્મ સદ્‌ગતિ આપનાર,
દુર્ગતિ રોકાઇ ને સદ્‌ગતિ મળી

સૂક્ષ્મ એકેન્દ્રિયમાંથી બહાર આવ્યો ત્યારે સદ્‌ગતિ મળી,
સ્થાવરમાંથી ત્રસમાં આવ્યો, પછી અનુક્રમે વિકલેન્દ્રિયમાં, પછી પંચેંદ્રિયમા
આવ્યા, જાનવરમાંથી મનુષ્યપણામાં આવ્યો, તેથી દુર્ગતિ રોકાઇ ને
સદ્‌ગતિ થઈ. જ્યારે દુર્ગતિનું રોકાણ ને સદ્‌ગતિનુ કારણ જે હોય તેને
ધર્મ કહીએ તો સૂક્ષ્મ એકેન્દ્રિયમા ધર્મ માનવો પડે. જે જે દુર્ગતિને
રોકનાર સદ્‌ગતિ આપનાર તે બધાને ધર્મ કહી દઇએ તો સૂક્ષ્મ
એકેન્દ્રિયમાં ત્રસપણામાં જાનવરપણામાં બધામાં ધર્મ માનવો પડે,
તો અહીં લક્ષણ કેવી રીતે કરવું ? આ લક્ષણમાં કહેવુ પડે કે જે
અવસ્થા દુર્ગતિને રોકે જ છે ને સદ્‌ગતિને આપે જ છે. કેમકે સૂક્ષ્મ
એકેન્દ્રિયમાંથી નીકળ્યા તે અવસ્થા અનાદિકાળથી હતી. વિકલેન્દ્રિયપણામાં
અસંખ્યાતા કાળથી હતી. ત્યાં નિયમિત દુર્ગતિને રોકી દે ને સદ્‌ગતિને
જ મેળવી આપે ત્યારે જ તેને ધર્મ કહી શકીએ. ખરી રીતે દેખીએ
તો ધર્મને સ્વરૂપદ્વારાએ દેખવાની જરૂર છે.

સંવર અને નિર્જરા ધર્મનાં સ્વરૂપ છે.

સ્વરૂપમાં જણાવે છે કે સંવર અને નિર્જરા એ બે જ ધર્મના સ્વરૂપ
છે. જેમાં સંવર નિર્જરાની સ્થિતિ ન હોય તો તે ભલે સદ્‌ગતિ આપનાર હોય
ને દુર્ગતિ રોકનાર હોય તો પણ ધર્મ કહેવાતો નથી. અન્યમાં મિથ્યાત્વી
મિથ્યાત્વીની કરણી કરનારો તાપસ પરિવ્રાજકની કરણી કરનારો બ્રહ્મદેવ-
લોક સુધી જાય, જ્યોતિષમાં જાય આ નિયમ માનીએ છીએ. એનામાં
દુર્ગતિ રોકવાની તાકાત માની, નહિંતર બ્રહ્મદેવલોક સુધી જવાની તાકાત

થાય તે સમજી, કરતા નથી. મારી પ્રવૃત્તિઓ કઈ કઈ થાય છે ? એ બંધ રૂપે કેટલી બધી છે ? જે પરિણતિ અને પ્રવૃત્તિ થયા વગર નકામા કર્મ બંધ ને કેમ બધાઉં ?

એનાર્કીસ્ટની પાપની ટોળીમાંથી રાજીનામું આપો તો પાપથી છૂટી શકાય

જેમાં તમારી પ્રવૃત્તિ નથી, છતાં તમો દંડાઓ છો. એનાર્કીસ્ટોની ચોપડીમાં તમારું નામ નોંધાયું હોય ભલે તે માટે તમે વિચાર ન કરતા હો પણ નામ આવ્યું હોય તો શું થાય ? વગર પ્રવૃત્તિએ વગર વિચારે તમારો એક જ બચાવ. જો રાજીનામું મોકલી દીધું હોય તો તમે બચી જાવ. તમે અઢાર પાપસ્થાનકની એનાર્કીસ્ટમાં નામ નોંધાવ્યું છે કે નહિં ? એમાં રાજીનામું આપ્યું છે ? હવે અત્યારે તમે એનો વિચાર ન પણ કરતા હોય પણ, પણે રાજીનામું આપી નામ કાઢી દેવાય તેમ ૧૮ પાપ સ્થાનકની કંપનીમાંથી રાજીનામું ન આપો તો પણ, પાપના ભાગીદાર થાવ. આથી પાપની પહેલી જડ અવિરતિ. સમ્યગ્દર્શનની જડ અહીં આવશે. અન્ય મતો 'પાપ કરે કે વિચારે તો પાપ લાગે' એમ માનનારા છે. જ્યારે સમ્યગ્દર્શન 'પાપની નિવૃત્તિ ન કરે તો પાપ લાગે' આ માન્યતાવાળું છે. દુર્ગતિને પાપની પરિણતિ સાથે સંબંધ. કર્મ આવવા સાથે સીધો સંબંધ નથી. જે પાપની પ્રવૃત્તિ બંધ કરવાની પ્રતિજ્ઞા ન કરો તેને પાપ સાથે સંબંધ છે. બારમા ગુણઠાણાના છેડા સુધી પાપનો ઉદય છે. જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મોનો ઉદય છે, ત્યાં સુધી પાપનો બંધ કહેવો કે નહિં ? પંચેન્દ્રિયની હિંસા એ નરકનું સાધન ગણી પણ પંચેંદ્રિય હિંસાની અવિરતિ પાપનું સાધન છતાં નરકનું સાધન નહીં. જો કે આ ઉપરથી જેઓ કહેનારા છે કે જીવ બધા સરખા છે. સૂક્ષ્મ એકેન્દ્રિયનો જીવ, ચાહે બે ઇંદ્રિયવાળો હોય કે ચાહે સિદ્ધનો જીવ હોય, બધા જીવ રૂપે સરખા છે. ચાહે પંચેંદ્રિયની હિંસા કરો કે એકેન્દ્રિયની હિંસા કરો, બધી હિંસા નરકનું સાધન છે એ જૂઠું છે. નરકનું સાધન પંચેન્દ્રિયની હિંસા છે. સામાન્ય હિંસા લેવી હોય તો મહારંભ આવી ગયો હતો. મહારંભ એટલે ઘણા જીવોની હિંસા.

સામાન જીવત્વ છતાં ઇન્દ્રિયની અધિકતાએ પ્રાયશ્ચિત્તની અધિકતા

હવે અહિં યુક્તિમાં જઈએ, હિંસામાં પાપ શાથી? આત્માના ગુણોનો નાશ થાય તેથી. આત્માનો નાશ નથી, આત્મા તો અજર અમર છે, આત્માને મળેલી શક્તિનો પુણ્યના સાધનોનો નાશ થાય તેને અંગે હિંસામાં પાપ માનવું પડે. આ જાણવા માનવામાં આવે તો શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત આપે ત્યારે એકેન્દ્રિયનું જુદું, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય વિગેરેનું પ્રાયશ્ચિત્ત જુદું છે. ઋષિના ઘાતમાં દુર્લભબોધિપણું કહ્યું, ચાહે ઉંદરડો બિલાડી કે કુતરું મરી જાય કે સાધુ મરી જાય, આત્મામાં કોઈ અધિક નથી. એ સાધુહત્યામાં દુર્લભબોધિપણું કેમ? અધિક ગુણોનો નાશ. પંચેંદ્રિયમાં વધારે ગુણો તેના નાશ ઉપર પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ હોય. વધારે ગુણોના નાશ ઉપર વધારે પ્રાયશ્ચિત્ત હોય. અસંખ્યાત બેઈંદ્રિયની ઇન્દ્રિયોના સંયોગદ્વારાએ આત્માના જે ગુણો હતા તે નાશ પામ્યા. વધારે ગુણો નાશ પામવાથી વધારે પાપ લાગ્યું. અનંતા એકેન્દ્રિય કરતાં પ્રત્યેક એકેન્દ્રિય, બેઈન્દ્રિયમાં જે વધારે ઇન્દ્રિયનો ક્ષયોપશમજ્ઞાન છે તે અધિક છે. તેમ બેત્રણમાં અનુક્રમે ક્રમે અધિક અધિક પાપ છે. પુણ્યસંયોગદ્વારાએ પ્રગટ થતા ગુણો ઉપર શાસ્ત્રકાર આધાર રાખે છે. તો જેટલા જેટલા વધારે ગુણવાળો હોય તેના નાશમાં વધારે પાપ લાગે, તેમાં કોઈ જાતની અડચણ નથી. પાપનું કાર્ય કરવાથી દુર્ગતિ થાય એમાં બેમત નહીં પડે, પણ સમકિતીનો મત જુદો છે.

પાપ ન કરવા છતાં અવિરતિથી પાપ બંધાય

પાપનું કાર્ય ન કરે તો પણ પાપ લાગે. તમે આત્માને સ્વસ્વરૂપ માન્યો છે, વીતરાગતા સ્વરૂપ માન્યો છે, આત્માને સંયમસ્વરૂપ માન્યો છે, તો અસંયમ એ પાપનું ઘર થાય પણ જે આત્માનું સ્વરૂપ સંયમ તરીકે ન માન્યો. આત્માને આ અપ્રત્યાખ્યાની ચોકડી તે જ માને કે જે આત્માને પ્રત્યાખ્યાન સ્વરૂપ માને. પચ્ચખાણને રોકનાર કષાયો માન્યા છે. આત્મા વિરતિ સ્વરૂપ છે. જે આત્માને અવિરતિમાં રહેવાનું થાય છે તે પ્રત્યાખ્યાનાવરણીય વ કષાયના ઉદયે રહેવાનું થાય છે.

સ્થિતિ છે. સૂર્યની આડાં વાદળાં આવી જાય ચાહે જેટલાં વાદળાં આડે આવે તો પણ સૂર્યનો સર્વ પ્રકાશ રોકાતો નથી. અમાવાસ્યાની મધ્યરાત્રિ ને દિવસનો ફરક તે કોઈ દહાડો મટતો નથી. એ ભાગ ન નીકળે તો દિવસ અને રાતમાં ફરક રહે નહિં. જેમ સૂર્ય તેમ અહીં કેવળજ્ઞાન, જેવી રીતે વાદળાં તેવી રીતે કેવળજ્ઞાનાવરણીય.

દરેક આત્મા સિદ્ધસ્વરૂપ કેવલજ્ઞાનવાળા છે.

આ આત્માને ગાઢ કેવળજ્ઞાનાવરણીય લાગે, આખા જગતનાં કર્મનાં પુદ્ગલો એક આત્માના એક પ્રદેશ પર કેવળજ્ઞાનાવરણીય રૂપે લાગી જાય તો પણ આત્મામાંથી જ્ઞાનનો પ્રકાશ બહાર પડયા વગર રહે નહિં. ચાહે તેટલાં વાદળાં હોય તો પણ સૂર્યમાંથી પ્રકાશ બહાર પડયા વગર રહેતો નથી. જો તે નીકળતો જ્ઞાનભાગ અવરાઈ જાય તો જીવ અજીવ થઈ જાય, જીવની કેવળજ્ઞાનની સ્થિતિ કેવળજ્ઞાનનો સ્વભાવ જરૂર અંશરૂપે બહાર પડતો જ રહે. એટલો બહાર ન પડે તો જીવ અજીવ થઈ જાય. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાનનું શું ? આપણા મકાનમાં સૂર્યનો પ્રકાશ બારીઓ તથા જાળીયાં દ્વારા આવે. બંધ હોય તો પ્રકાશ ન આવે. જેમ બારણાં બારી છે તેમ અહીં મતિ, શ્રુત, અવધિ-મનઃપર્યવજ્ઞાન સમજવાં. શાસ્ત્રકારોએ મતિ આદિને ક્ષાયિક ભાવનાં કેમ નથી ગણ્યાં ? સૂર્યનો મૂળ પ્રકાશ એ તો વાદળાં ખસે તો જ બહાર નીકળે. વાદળાં ન ખસે તો સૂર્યનો મૂળ પ્રકાશ બહાર પડતો નથી. બારીબારણાંથી આવતો પ્રકાશ સ્વરૂપે પ્રકાશ નહિં પણ વાદળાંમાંથી નીકળતો પ્રકાશ ગણાય, તેમ અહીં મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય ચાહે જેટલું તોડીએ તો પણ મૂળ સ્વભાવ જેટલું જ્ઞાન થઈ શકતું નથી. કેવળજ્ઞાનાવરણીય ખસે ત્યારે ક્ષાયિક જ્ઞાન થાય. એ ન થાય ત્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન કહેવાય. કેવળજ્ઞાનાવરણીય ન માનીએ તો મતિ શ્રુતાદિજ્ઞાનાવરણીય માનવાનો વખત નથી. સૂર્ય ન માનીએ તો બારી જાળીના પ્રકાશને માનવાનો વખત નથી. અહીં દરેક આત્માઓ કેવળજ્ઞાનસ્વરૂપ છે એમ ન માનીએ તો કેવળજ્ઞાનાવરણીય લાગેલા છે એમ ન માનીએ તો મતિ-શ્રુતાદિ જ્ઞાનાવરણીય માનવાનો વખત નથી. આથી એકેન્દ્રિયનો તિર્યંચનો નારકીનો દેવતાનો મનુષ્યનો એમ બધા આત્મા સિદ્ધસ્વરૂપ

છે જ્યારે સમ્યકત્વ પામે ત્યારે જગતના સર્વ આત્માને કેવલ્ય સ્વરૂપ દેખે. એ પોતાના આત્માને કૈવલ્ય સ્વરૂપ કેમ નહીં દેખે ? આ વાત ધ્યાનમાં લેશો તો આચારાંગજીમાં કહેલ એક સૂત્ર સમજાશે. તેમાં કહ્યું છે કેઃ–

एगं जाणइ सव्वं जाणइ, सव्वं जाणइ एगं जाणइ એક પોતાના આત્માને શુદ્ધ સ્વરૂપવાળો જાણે તે જગતના તમામ આત્માને શુદ્ધ સ્વરૂપવાળો જાણે. સર્વ આત્માને શુદ્ધ જાણે તે પોતાના આત્માને પણ શુદ્ધ જાણે આ સ્વરૂપની અપેક્ષાએ. એક રતિ સોનાની પરીક્ષા કરી તે લાખ તોલા સોનાની પણ પરીક્ષા કરી શકે. લાખ તોલા સોનાની પરીક્ષા કરી તે રતિ સોનાની પણ પરીક્ષા કરી શકે. જે કસોટીએ રતિનો કસ કાઢી શકાય તેજ કસોટીએ લાખ તોલા સોનાનો પણ કસ કાઢી શકાય રતિને અને લાખ તોલાને નિશ્ચિત કરનાર કસોટી તો, 'એક આત્માનું સ્વરૂપ જાણ્યું તેણે સર્વ આત્માનું સ્વરૂપ જાણ્યુ; સર્વ આત્માનું સ્વરૂપ જાણ્યુ તેણે એક આત્માનું પણ સ્વરૂપ જાણ્યું.'

આસ્તિક નાસ્તિકની વ્યાખ્યા

જીવની શ્રદ્ધા એટલે શું ? જીવ કોણ નથી માનતો ? નાસ્તિક સુદ્ધાં જીવ માને છે. તમે પેલા ભવથી આવેલો ને પરલોકમાં જનારો એવો જીવ માનો. તે પાંચ-ભૂતથી ઉત્પન્ન થએલો જીવ માને છે. શરીર અભેદ માત્ર જીવને માને છે. પાંચ આસ્તિક દર્શનો જીવ માને છે. નાસ્તિક પણ જીવ માને છે. પાંચ ભૂતથી ઉત્પન્ન થએલો શરીરમાં બનેલો એવો પણ જીવ માન્યો. જીવને કોણ નથી માનતો ? જીવને સર્વ માને છે પણ જીવ માનવામાં એણે जीवति इति जीवः એમ રાખેલું છે. વર્તમાનકાળમાં પ્રાણને ધારણ કરનારો તે જીવ. આ નાસ્તિકોની વ્યાખ્યા થઈ. તેથી નાસ્તિકોએ કહ્યું કે મોજથી જીવો. તમારી પાસે ન હોય તો દેવું કરીને પણ ઘી પીઓ, પણ સુખે જીવો. જો જીવ ન માન્યો હોત તો કહેવાનો વખત ક્યાં હતો ? માટે જીવ તો માને છે, તો 'સુખે જીવો' આ કહેનારો જીવને નથી માનતો–એમ કહી શકાય નહિં. તો તમારામાં અને નાસ્તિકમાં ફરક શો ? નાતરીયા નાતમાં પણ ધણી વ્યવહાર કરે છે. ધણી શબ્દથી વ્યવહાર કરાય છે પણ મરજી માની ત્યાં સુધી ધણી, પછી લેવાં–દેવા નહિં. 'લે તારી છાલી હું તો આ ચાલી.' તેમ અહીં ચાલુમાં જીવપણું માન્યું, પણ ભૂત કે ભવિષ્યનું બંધારણ કંઈ નહિં' આસ્તિકોએ જીવન

પણ દેખાતી માનથી અતિશય દેખાવામાં કારણ માનવામાં આપણી બુદ્ધિ કામની, તો છતી ન માન્ય કરવી એનો અર્થ શો ? પજ્જુવાસામિ એટલે સેવના કરું છું. આ શબ્દ કહી આપે છે કે ગુરુની સાક્ષી વગર સામાયિકનું આરાધન નથી. ગુરુવિરહે કયાં વાંદણાં, કયાં સ્પર્શ કરવાનો ? સાધુના સંબંધથી ઉત્પત્તિ છે, તેથી સ્થાપના ને ગુરુબુદ્ધિથી પર્યુપાસનામાં લીધા છે. સાવદ્યયોગનું વર્જન, અનવદ્યનું સેવન આ બે પ્રતિજ્ઞા હોવાથી સામાયિકમાં પૌષધમાં સામાયિકનું ધ્યેય રહેલું છે. આમાં આ ધ્યેય છે પણ બાકીના છ માં ધ્યેય શી રીતે રાખવું ? એ વિગેરે અધિકાર અગ્રે વર્તમાન.

પ્રવચન ૧૫૩ મું

શ્રાવણ સુદી ૮ રવિવાર

સુક્ષેત્રમાં ધનવપન અને દેવદ્રવ્યાધિકાર

શાસ્ત્રકાર મહારાજા ચાતુર્માસિક કૃત્યો બતાવતાં સામાયિક પ્રતિક્રમણ પૌષધ વિગેરે નવ કૃત્યોને બતાવતાં પ્રથમ સામાયિક નામનું કૃત્ય બતાવે છે. કેટલાક ગામડીયા પંડિત જેવા હોય છે. વ્યાકરણ ભણેલો આવે ત્યારે હું ન્યાય ભણેલો છું. ન્યાયવાળો આવે ત્યારે હું વ્યાકરણ ભણ્યો છું. તેમ આપણામાં દરેકના આત્માઓ પોતપોતાની મેળે વિચારી લે કે ત્યાગની વાત આવે ત્યારે, પૈસા ખરચવાના હોય તો હમણા કરી દઈએ. રકમ ખરચવાની વાત આવે ત્યારે, ઉદારતા આપણાથી થતી નથી; શરીરનું કામ હોય તો હમણા કરી દઈએ. બન્નેની વાત આવે ત્યારે ભાગ્યશાળી ધર્મિષ્ઠનું કામ છે. સામાન્ય ધર્મ થતો હોય તો તૈયાર ગુરુવંદન કે દેરે જવાનું હોય તેમાં નથી કરવાનો ત્યાગ, નથી કરવાની તપસ્યા, આ પદ્ધતિ શાને લીધે છે ! જીવને મોહનીય કર્મ એ બાહ્ય પદાર્થને અંગે અને આત્માને લાગેલા પદાર્થોને અંગે મોહનીય હોવાથી આ સ્થિતિ છે. શરીર-દ્રવ્ય ઉપરથી મમત્વ ઉતર્યું નથી. તેથી શરીરની કે દ્રવ્યની મમતા ટકી રહે અને ધર્મ બને તો બંધી કરવા તૈયાર છે. શરીરનો નિર્મમત્વ ભાવ કરવો પડે તે આ ભાઈને પાલવતો નથી. બાહ્ય પદાર્થોનું મમત્વ છે તેને પણ ધર્મ કરવો પાલવતો નથી. બાહ્ય અને અંતરમાં મમત્વ એમાં રહે ને પછી ધર્મ થાય તો કરવો છે. ધનને જિંદગી કરતાં અધિક ગણે. જિંદગી માટે એકદ

કુટુંબને કામ લાગે. ધન ખરચ્યું એટલે મારું અને કુટુંબનું જીવન જાય, માટે ધન ન ખરચું. પોતાનું પણ જીવન, કુટુંબનું પણ જીવન ગણનારો મનુષ્ય ઉદારતાની વાત આવે તે વખતે કયા વિચારમાં આવે? ઉદારતા કરો–એમ કહેનારા જાણે મારા અને કુટુંબના ઘાતક લાગે! એ વખતે લક્ષ્મીની ચંચળતા ધ્યાનમાં આવી નથી.

લક્ષ્મી કેવા ઉત્પાત કરાવે છે તેનો પણ ખ્યાલ નથી. એ તો દોલત છે. કરવત જતીએ વહેરે ને આવતીએ વહેરે. એમ આ લક્ષ્મી એ પણ દોલત. બે ય બાજુ લાત મારે. આવતી છાતીએ લાત મારે ને જતી બરડે લાત મારે. આપણે લક્ષ્મીએ છાતીમાં મારેલી લાત પ્રત્યક્ષ દેખીએ છીએ. લગીર ચાર પૈસા પાસે થયા હોય અને બીજો કહેવા આવે શીખામણ દેવા આવે તો કેમ થાય છે? અક્કડાઇ શાની આવી? સામાન્ય અવસ્થામાંથી સારી અવસ્થા થાય તો? ઝાડ પર ફળ આવે તો ઉલટું નમે. આને લક્ષ્મી આવે તો ઉલટો ઉંચો થાય છે. કારણ લક્ષ્મીએ લાત મારી છે. તેની કળ હજુ વળી નથી. લક્ષ્મી આવી એટલે અભિમાન આવે. જાય ત્યારે પણ લાત મારતી જાય. ત્યાં એક વચન સહન થતું ન હતું. જ્યાં લક્ષ્મી ગઇ હોય ત્યારે બીજો સત્તર વચન કહે તો પણ મેં ઉંચું કરે નહિં. આવતાં છાતીએ ને જતાં બરડે લાત મારે છે, તેથી જ દોલત નામ છે શાસ્ત્રકારોએ તે માટે કહ્યું છે કે–अर्थानां अर्जने दुःखं, अर्जितानां च रक्षणे। आये दुःखं व्यये दुःखं, धिगर्थो दुःखभाजनः ॥१॥ લક્ષ્મીને ઉપાર્જન કરવાની અંદર દુઃખ, ઉપાર્જન તો કરી પણ રક્ષણ કરવું તે પણ દુઃખ, ઉંદરડો ખખડાટ કરે તો દીવો લઈ ચારે બાજુ જોવું પડે. જેને ત્યાં રકમ મૂકી હોય તેનાં નળીયાં ને મોભ બધું જોવું પડે. એને લાભ થાય તો આપણે રાજી, એને વેપારમાં નુકશાન થાય તો આપણે બેરાજી. જેને ઘેર રકમ ધીરાઈ નથી તેને લાભ–નુકશાન થાય તો આપણને વિચાર આવે છે? હરકોઈના લાભમાં કે નુકશાનમાં આપણને વિચાર આવતો નથી, પણ જેને રકમ ધીરેલી હોય તેના લાભ નુકશાનનો આપણે વિચાર કરવો પડે છે. માટે ઉપાર્જન થયા પછી રકમના રક્ષણમાં પણ પીડા છે. ધન આવે તોએ દુઃખ ને જાય તોએ દુઃખ. ખરેખર દુનિયાને દુઃખી કરવા માટે જ પૈસો રચ્યો છે. અનંતશક્તિના ધણી એવા જીવને દુઃખી કરવાની તાકાત મોહની નથી. એને આ દ્રવ્ય મમત્વ સાધન ઉભું કર્યું તેથી અનંત શક્તિવાળો આત્મા ગુલામ બન્યો. જે પૈસાને અંગે ન ગણીએ પુન્ય પાપ. કુટુંબ સગાવહાલાં ન ગણીએ,

દુઃખનું કારણ એવો પૈસો છે. તમે સંસારની જડ પૈસા ઉપર ગણશો. આબરૂની કુટુંબની શરીરની બધાની જડ પૈસો છે તેને દુઃખનું સાધન કેમ કહે છે? પણ જેટલાં કાર્યો ગણાવ્યાં તે કાર્યોમાં જીવનું કામ કયું?

બ્રાહ્મણ છોકરાની ઢેડ સાથે ભાઇબંધી

આબરૂ કુટુંબ શરીર ઇંદ્રિયોની મોજ વિગેરે જીવનાં કામ નથી. પુદ્‌ગલના સાધનમાં જેણે શ્રેષ્ઠતા મેળવી તેને શ્રેષ્ઠ ગણવા તૈયાર થાય. અજ્ઞાન છોકરો બ્રાહ્મણનો હોય અને ઢેડ સાથે ભાઈબંધી કરે અને દોસ્તને માબાપ કરતાં અધિક ગણે તેટલા માત્રથી વિવેકીઓએ એને ઠપકો ન દેવો એ કોઈપણ પ્રકારે બનવાલાયક ગણાય ખરું? તેમ આ આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એ જડ એવા પુદ્‌ગલ સાથે જોડાયો તેથી જડ પુદ્‌ગલની કિંમત કરવા લાગ્યો. આત્માના સ્વરૂપની દરકાર પણ નહિં. બાલ્ય અવસ્થામાં આત્માની સ્થિતિ વિચારવી નહીં, જુવાનીમાં કે વૃદ્ધપણામાં પણ આત્માને વિચારતા નથી. નહીં ત્રણમાં, નહીં તેરમાં ને નહીં છપનના મેળમાં. ત્રણ અવસ્થામાંથી એક પણ અવસ્થા આત્મા માટે નિયમિત કરી છે? ત્રણે અવસ્થા પુદ્‌ગલની બાજીમાં જોડી દીધી છે, જ્યારે ત્રણ અવસ્થામાં એકેમાં આત્માર્થ નથી, તો તેર કાઠીયા વખતે આત્માર્થ સુઝે જ શાનો? કેવળ પુદ્‌ગલ દૃષ્ટિમાં જ જન્મ ગુમાવ્યો છે, તેવાને બાહ્ય પદાર્થો જ ઉપયોગી લાગે.

બહારના પદાર્થોની મમતા ન છૂટે તો શરીરની કેમ છૂટશે?

જેઓને બાહ્ય દ્રવ્ય પદાર્થનો મમતાભાવ ન છૂટે તેને આ શરીરનો મમતાભાવ છૂટે કયાંથી? એની સોબત વધારેમાં વધારે સાત આઠ ભવની. મનુષ્ય તિર્યંચપણું હોય ત્યારે બહારના દ્રવ્યનું મમત્વ વધારે પોષાય, તો સાત આઠ ભવજ પોષાય; પછી ચાહે જાવ મોક્ષે, ચાહે ઉતરો નીચે. પંચેન્દ્રિયપણામાં સાત આઠથી વધારે ભવ નથી. સાત આઠ ભવનું વધારેમાં વધારે પોષાતું એવું દ્રવ્ય તો સર્વકાળથી પોષાતી કાયા ઉપરથી કેમ મમત્વ ઉતરશે? સાત આઠ ભવે પંચેન્દ્રિયપણું થાય એટલે માત્ર એટલા ભવનું દ્રવ્ય પોષણ તે ન છૂટે તો કાયાનું મમત્વ સર્વકાળનું છે તે કેવી રીતે સંબંધ છોડશે? વ્યવહારની અપેક્ષાએ દ્રવ્યનો જેમા વ્યવહાર છે તેવા ભવ આઠજ. તે સંબંધ છોડતો નથી તો અનંતા જન્મનો સર્વકાળનો આ શરીર સાથે સંબંધ છે તે કેમ છૂટશે? કાયા [illegible]

શ્રદ્ધાની નિસરણી નહિં પણ વ્યાઘાતનો બચાવ

આ ચક્રનો ઉપયોગ. 'તેજ સાચું ને નિઃશંક જે જિનેશ્વરે કહ્યું
છે' એનો ઉપયોગ દરેક વખતે ન કરવાનો, શ્રદ્ધાની નિસરણી આ નહિં.
તમેવ સચ્ચં એ શ્રદ્ધાની નિસરણી નથી, પણ શ્રદ્ધાના વ્યાઘાતનો
બચાવ છે. પહેલાં તો આ કઈ જગો પર વાક્ય છે તે સમજવું જોઈએ.
જૈન શાસનમાં કહેલા પદાર્થોમાં કોઈ જગોપર પોતાની બુદ્ધિની દુર્બલતા
હોય તો ન સમજે. જબરજસ્ત બુદ્ધિ છતાં તેવું નિરૂપણ કરી સમ-
જાવનારા આચાર્યો ન મળ્યા હોય તો ત્યાં ગોટાળો થાય. હવે પોતાની
બુદ્ધિ નિર્મળ. આચાર્ય સમજાવનાર સમર્થ પણ જેમાં હેતુ ઉદાહરણ
નથી. દાખલા તરીકે અલોક આકાશમાં અગુરુલઘુપણું શી રીતે માનવું? પણ
પદાર્થ એવો છે જેમાં બીજા હેતુ ઉદાહરણ કંઈ ન સંભવે ત્યાં શું કરવું?
તેથી જે પદાર્થને સારી રીતે ન સમજે ત્યાં આ ભુંગળ તરીકે 'તમેવ
સચ્ચં નિઃસંકં જં જિણેહિં પવેઈયં.' અહીં શંકા ન કરવી. આ પ્રકરણ
ઉપરથી સમજી શકીશું કે-શ્રદ્ધાની નિસરણી છે કે વ્યાઘાતનું નિવારણ છે?

કાંક્ષામોહનીય દૂર કરવા માટેનું આ વચન છે.

ભગવતીજીમાં નયાંતરો પ્રમાણાંતરો. ભંગાંતરોએ કરી સાધુને
શંકા આદિ થવાનો વખત છે, પણ તે જ સાચું નિઃશંક જે જિનેશ્વરે
પ્રરૂપ્યું છે. તેવાને કાંક્ષા મોહનીય અડચણ કરી શકે નહિં. આ વ્યાઘાત
નિવારણ કરવા માટે-કાંક્ષા મોહનીયનો ચૂરો કરવા માટે આ વચન છે.
હવે શબ્દોનાં વાક્યોનાં અર્થ ઉપર પ્રથમ જઈએ. યત્ શબ્દનો નિર્દેશ
હોય કે તત્ શબ્દનો નિર્દેશ હોય? વાક્યમાં યત્ તત્ નો નિત્ય અભિ-
સંબંધ છે. પહેલાં નિર્દેશ હોય કે ઉદ્દેશ હોય? યત્ ઉદ્દેશ કરનાર ને
તત્ નિર્દેશ કરનાર. કહેવું શું જોઈએ. પહેલાં તત્ શબ્દથી કેમ કહે છે?
જં જિણેહિં કહેવાનો હક હતો પણ તમેવ ક્યાંથી કહ્યું? કહો બે પક્ષ.
નિર્ણય વગરના પહેલેથી આવેલા છે તેમાં કોઈનો નિર્ધાર થતો નથી
માટે તત્ શબ્દથી કહેવું પડયું. સિદ્ધસેન મલ્લવાદી કહે છે કે કેવળજ્ઞાન
થયું કે દર્શનની જરૂર નથી, જિનભદ્રગણીજી પહેલે સમયે જ્ઞાન, બીજે
સમયે દર્શન, ત્રીજે સમયે જ્ઞાન ચોથે સમયે દર્શન. આ બેમાં કોણ
ભૂલે છે તે સમજવાની કે જાણવાની આપણામાં તાકાત નથી. અહીં શું
કરવું? બે પક્ષ જાણવામાં આવેલા હોવાથી પહેલાં તત્ શબ્દથી સામાન્ય

નિર્દેશ કર્યો. સામાન્ય રીતે બેમાંથી તે બે પક્ષ જાણ્યા છે તે બેમાંથી કોઈક તે તત્ત્વને નિર્દેશના રૂપમાં ન રાખતાં ઉદ્દેશના રૂપમાં રાખવો પડયો.

સત્યં અને નિઃશંક એમ બે કેમ કહ્યા ?

આમ જ્ઞાનને અંગે પરસ્પર સમર્થ આચાર્યોનો વિવાદ હોય, આપણો વિવાદ ન ચાલતો હોય ત્યાં તમેવ કહેવું પડે છે. પોતે સમજી નથી શકતો તે માટે તત્ શબ્દથી નિર્દેશ કરે છે. આ બેમાં તે સાચું. દેવર્ધિગણી ક્ષમાશ્રમણે લખેલા સૂત્રોના આધારે મલ્લવાદી સિદ્ધસેન-સૂરિ કે જિનભદ્રગણિ, કોણ સાચા છે તે નક્કી કરી ન શકાય અનિર્ણયના બે પક્ષ પોતે જાણેલા છે, તેથી મોઘમ કહે છે કે તે જે કોઈ હો. આગળ ચાલીએ સચ્ચં કહી નિઃશંક સુધી કેમ જવું પડયું ? બેમાંથી એકને સાચા જણાવવાની જગો પર બન્ને સત્યની દિશા તરફ હોય તો તે સાચું કહેવું પડે.' બેમાંથી એક જગો પર પણ બાધ ન દઈ શકીએ. બન્નેના પુરાવા હેતુ યુક્તિવાળા હોય. તેમ બે પક્ષમાં સત્ય માનવાની જડ હોય, કારણો હોય, જૂઠ માની શકાય તેવું ન હોય. યુક્તિમાં બાધ ન હોય, તે વખતે વિરોધ કહી શકીએ પણ સત્ય કોને કહેવું ! તે જ સાચું. એકે જુઠો લાગતો નથી. શાસ્ત્રનાં વચનો બંનેને મળતા હોય ત્યાં જિનેશ્વરને ભળાવવું. વ્યાઘાત ટાળવાનું એક વજ્ર રાખ્યું. એકેને જૂઠાપણાનો પુરાવો ન હોય ત્યાં બીજો ઉપાય નથી. એમ સાચું માન્યું પછી નિઃશંક કહેવાની શી જરૂર! આ બે એવા પક્ષો છે કે જેની શંકા દૂર કરી શકીએ તેવું કંઈ પણ નથી. શંકા રહેવાની જરૂર. બન્ને તરફ સત્યતાના પુરાવા હોય. અસત્ય ઠરાવવાનો પુરાવો ન હોય તે વખત બીજા તરફ શંકા રહે. આપણે નિર્ણય કરવાની અત્યારે તાકાત નથી. સત્યતા માન્યા છતાં શંકાને સ્થાન છતાં દુનિયામાં શંકા દૂર ન થાય ત્યાં સુધી સત્યતાની પ્રતીતિ ન થાય. અહીં અનુમાનથી હેતુ દૃષ્ટાંતથી જે પદાર્થો સાબિત થયા હોય તે નિઃશંક છે. અહીં તમેવ સચ્ચં નિઃસંકં આ બન્ને પક્ષમાં તે જ પક્ષ સાચો, તેમાં શંકા પણ નહિં. જે જિનેશ્વરોએ નિરૂપણ કર્યું છે. આથી શ્રદ્ધાનો વ્યાઘાત થતો હોય તે વખત બચાવનો ઉપાય છે. જ્યારે આત્માને આવો પ્રસંગ આવે ત્યારે આ વચન કહેવાનું છે.

જ્યાં હેતુ દૃષ્ટાંત શાસ્ત્રનાં વચન લાગતાં હોય ત્યાં હેતુ યુક્તિની મહેનત ન કરવી તેમ નથી. જે જગોપર શાસ્ત્રનાં વચનો હેત યુક્તિ

જાત-સ્થાન પરત્વે દેવ કે ગુરૂની માન્યતા રાખવામાં આવી નથી. દેવ અને ગુરૂની માન્યતા ધર્મ ઉપર જ આધાર રાખે છે. તેથી જૈન શાસનમાં દેવ માનતા ચાહે જો કુળ ગોત્ર ગામ કે વંશનો હોય તો પણ વીતરાગ સર્વજ્ઞ હોવો જોઈએ, જે ધર્મ પ્રગટ કરનાર ન હોય તેને દેવ તરીકે માનવા તૈયાર નથી. વીતરાગ અને સર્વજ્ઞપણું જે ધર્મનું ફળ અને ધર્મને જણાવનાર મહાપુરૂષે તેને દેવ તરીકે માની શકીએ. આથી દેવને વ્યકિત તરીકે માનતા નથી. ગુરૂને અંગે કુળ જાતિ આદિવાળો રાખ્યો નથી, મહાવ્રતો ધારણ કરનારને ભીક્ષા જેટલી જ દુનીયાની દરકાર હોય, સામાયક ચારિત્રમાં રહેલા અને જીવને માત્ર ધર્મોપદેશ જ કરનાર એવા ચાહે જે કુળ ગોત્ર ગામમાં જન્મ્યા હોય અને આવા થયા હોય તેને ગુરૂ માનવા તૈયાર છીએ. આથી દેવની ગુરૂની સાચી માન્યતા કયારે ગણીએ છીએ? ધર્મદ્વારાએ. જે આત્માને ધર્મમાં જોડે તે તીર્થંકરનો ગુરૂનો સાચો આરાધક. આથી શાસ્ત્રના વચનનો ખુલાસો થશે.

રત્નમંદિર બંધાવનાર કરતાં સંયમનું ફળ અનેક ગુણ વધી જાય.

જે મનુષ્ય સોનાનું મંદીર કરે. જેમાં હજારો થાંભલા હોય એવું મોટું મંદિર કરવાવાળો જે લાભ મેળવે તે કરતાં સહઅગણું ફળ સંયમવાળો બ્રહ્મચર્યવાળો લાભ મેળવી શકે. જેઓ સંયમને અંતરાય કરનારા તેઓ જિનેશ્વરનું સોનાનું હજારો થાંભલાવાળું મંદીર લુંટાવવાનું પાપ કરવાવાળા પાપી થવાના. સંયમધરપણું ચ્યુત કરીએ, સ્વપ્નમાં ધારીએ કે શું? સંયમમાં અંતરાય કરનાર થઈએ તો મંદિર તોડનારા અગર તેનું દ્રવ્ય લુંટનારા થઈએ, તે વખતે કેટલું પાપ લાગે? એ કરતાં વધારે કહે છે. જો જિનેશ્વર મહારાજે પોતાની આરાધનાની કિંમત ધર્મદ્વારાએ ન ગણી હોત તો સોનાના મંદિર કરતાં સંયમ ધરની વધારે કિંમત ગણુત નહીં. આથી ધર્મદ્વારા સિવાય થતું આરાધન તેટલું કિંમતી નથી. સંયમ બ્રહ્મચર્યરૂપ ધર્મદ્વારાએ જે આરાધન છે તેટલું કિંમતી આ આરાધન નથી. એટલે સંયમધર બનવાવાળો સર્વસ્વનો ભોગ આપે છે. જ્યારે સોનાનું મંદિર કરનારો એક અંશનો ભોગ આપે છે. કદાચ કહેશો કે દરિદ્ર હોય તો શું ભોગ આપવાનો છે? પણ પાંચ કોડી-હોય અને પાંચ કોડી આપી તો સર્વસ્વનો ભોગ આપે છે. કોટિધ્વજને કોડ ખરચવા સહેલા છે, પણ પાંચ કોડીવાલાને પાંચ કોડી છોડવી સહેલી

નથી. ભલે દરિદ્ર હોય પણ દરિદ્રને કાચું પાણી વાપરવાની બંધી કયા રાજ્યમાં છે? વાયુ અગ્નિ વનસ્પતિ ન વાપરવાની બંધી કયા રાજ્યમાં છે? તાલેવંતને જેમ છ કાય છુટા છે તેમ દરિદ્રને પણ છએ કાય છુટા છે. દુનીયાદારીની સાધારણ વસ્તુની અપેક્ષાએ કોઈ દરિદ્ર નથી. ઋદ્ધિની અપેક્ષાએ ભલે ઓછા—વત્તાપણું હોય, દુનીયાદારીના ભોગોની અપેક્ષાએ બધા એક લાઈનમાં છે.દ્રવ્યથી મળતી વસ્તુને અંગે શ્રીમાન્ અને દરિદ્રમાં ફરક હોય છે, પણ પાંચ ઇંદ્રિયોના વિષયો માટે કષાય માટે બન્નેમાં કંઈ ફરક નથી. તમે ઋદ્ધિમાનને ત્યાગી માનો તે એકલા ઋદ્ધિને અંગે ત્યાગી માનો છો કે આશ્રવ, કષાયના ત્યાગથી ત્યાગી માનો છો? ઋદ્ધિ છોડવા માત્રથી શાસ્ત્રકાર ત્યાગી કહેતા નથી. આશ્રવ, છ કાયનો વધ, પાંચ ઈંદ્રિયની આસક્તિ છોડવામાં, ક્રોધાદિક ઉપર કાબુ મેળવવામાં ત્યાગીપણું કહે છે. ત્યાગ કરનાર ચાહે ચક્રવર્તી હોય કે દરિદ્ર હોય, સામાયિક ચારિત્રમાં એક બાજુ ચક્રવર્તી હોય બીજી બાજુ તેના ચાકરનો ચાકર હોય તો જૈન શાસન બન્નેને ત્યાગી કહે છે, સરખા ગણે છે. એજ મુદ્દાથી ધર્મવસ્તુ એકલા દ્રવ્યના ત્યાગમાં રાખી નથી. આશ્રવ વિષય કષાયના ત્યાગમાં ધર્મવસ્તુ રાખી છે. તેને માટે દશવૈકાલિકમાં પણ કહ્યું છે કે :-

જે અ કંતે પીએ ભોએ લદ્ધેવિ પિટ્ઠિ કુવ્વઇ।

સાહીણે ચયઇ ભોએ સેહુ ચાઇત્તિ વુચ્ચઇ ॥ ૧ ॥

ત્યાગી કોને અને ક્યારે કહેવાય?

જે મનુષ્યો કાંત મનોહર, મનોહર છતાં પણ વહાલા ન લાગતા હોય, કેટલાકને ગળપણ સારૂં ન લાગે અને ખટાશ તીખાશવાળા પદાર્થો સારા લાગે છે, તેથી મનોહર હોય તેમ નહીં, પણ પ્રીતિકારી એવા હોય, તો પણ શીયાળવાની દ્રાક્ષ જેવા હોય તો કુદકો ન પહોંચે બે ત્રણ વખત કુદો ન પહોંચ્યો ત્યારે કહે છે કે મારે દ્રાક્ષ ખાવી જ નથી, ખાટી છે. પણ એમ નહિં. મનોહર-પ્રીતિકારી અને મળેલા ભોગો હોય તેને પૂંઠ કરી દે. એવો મનુષ્ય પોતાને આધીન ભોગોને છોડે છે તેજ ત્યાગી કહેવાય. આ શય્યંભવ સૂરિના વચનને અનુસારે એમ કાં નહી કહી શકીએ કે જેમને કાંત

નાનો દાભડો કિંમતી છે, તેમાં નવું બનાવેલું ચૂરણ મેલ્યું. દાભડા પર
લખેલું કે આ ચૂરણ સુંઘ્યા પછી જે કાચું પાણી પીશે, અગર વાયરો
ખાશે ને અગ્નિએ તાપશે તથા પથારીમાં સુશે, વળી વિષયમાં જશે.
સાધુને અનુચિત ક્રિયા કરશે તો તત્કાલ મરી જશે. એમ દાભડા પર
લખ્યું. આ બાજુ ચાણાકયે અણસણ કર્યું. રાજા પાછળથી માલમ
પડવાથી ઘણું કરગર્યો, પણ છોડયું એ છોડયું. સુબંધુએ ચાણકયની
ભક્તિની વિનંતી કરી. ખુશીથી કરો તેમ કહ્યું. પેલો ચાણકયની ભક્તિ
કરે છે. હવે ધૂપ-ધાણામાંથી એક અંગારો નીચે નાખ્યો.

ચાણકયની અંતિમ સાધના

જ્યાં ચાણાકયે અણસણ કર્યું તે જગો પર બકરીની લીંડીઓ છે, તે
ઉપર અંગારો નાખ્યો. અંગારો અહીં પડે એટલે સળગતો સળગતો
ચાણાકય પાસે જાય. આ જગો પર ચાણાકયે આરાધના શી રીતે કરી
હશે? જે રાજ્ય જમાવવા માટે આખા દેશમાં ભટકેલો, રાજાને
જીવાડવા માટે જેણે પ્રપંચ કરેલા તે રાજ્યમાંથી પગ દંડો નીકળી
જાય છે. તેટલું જ નહિ પણ અંત અવસ્થાએ જીવતા લીંડીની ભઠ્ઠીમાં
બળે છે તે વખતે પરિણામ કેવી રીતે રાખી શકયો હશે? એ લીંડીનો
ઢગલો સળગે છે. જાણી જોઈને સળગાવ્યો છે ત્યાંથી ખસતો નથી. તેમ
પરિણામની ખરાબી પણ નથી. આ પરિણતિ કઈ દશાની? એક બાજુ
ઉપગારને એક બાજુ આ દશા, તેમાં સમતા ભાવ શી રીતે રાખ્યો હશે
તે આત્માની સ્થિતિ તપાસો. રાજ્યથી નિકળી જાય છે, ઋદ્ધિ છેડી
નાંખે છે. અણસણ કર્યું, લીંડીના ઢગલામાં બળવાનું કેમ સહન થયું
હશે? અહીં દુષ્કરતા કેવી છે તે માલમ પડશે. એક વખતનો બિંબાંત-
રિત રાજા રાજગુરૂ, ચંદ્રગુપ્ત ચાણકયને ગુરૂ જ માનતો, બિન્દુસાર પણ
ગુરૂ માનતો, રાજ્યનો ઉત્પાદક, એ આ દશામાં આવ્યો હશે તે વખતે
સમતા કેટલી દૃષ્ટિએ રાખી શકયો હશે? આવી મુશ્કેલીમાં મહાનુભાવ
ચાણકયે સમતા ધારણ કરી રાખી તેથી-પયન્નામાં ચાણકયની આરાધના
વખણાઈ. આવી સ્થિતિમાં પણ જેણે સમતા નથી છોડી બીજું તો સોનું
ને પીત્તળ બન્ને દેખાય છે પણ અગ્નિના પ્રસંગમાં રહી વધારે ચમકે
તે જ સોનું. બાકી ચમકયા કરે અને અગ્નિના પ્રસંગમાં કાળા પડે
ને પીત્તલ, તેમ ધર્મની ક્રિયા હંમેશા કરીએ પણ આપત્તિનો

વખત આવે ત્યારે વધારે ચમકીએ તો ધર્મ, નહીંતર પીત્તલ, વિકટ પ્રસંગોમાં ધર્મની પરીક્ષા છે. દુનીયામાં ખરા સ્નેહીની કસોટી કઈ વખત? આપત્તિમાં પણ ઉભો રહે તોજ ખરો, આપત્તિ વખત ભાગે તે કેવો? તેમ અહીં આપત્તિ વખત ધર્મ છૂટી જાય તો તે ધર્મ નથી પણ આડંબર છે. તેમ અહીં લીંડીનો ઢગલો સળગાવે છે તેમાં બળીમરનારો સમતા રાખે છે. એનો આત્મા કેવો ધરમને ફરસ્યો હશે તે સમજી લ્યો. જુઠા કલંકે સાચી હકીકત છતાં સાંભળવામાં આવી નથી. એક દમ સજા તે સાથે પ્રાણાંતની, આવી દશા છતાં જે મહાપુરૂષ સમતા રાખી શક્યો.

વગર ઈચ્છાએ પરાણે ભોગ છોડનારને ત્યાગી ન કહેવાય

હવે સુબંધુએ દેખ્યું કે શું કરવું? ચાણક્યનો મહેલ કાબુમાં લેવા દે. રાજાને વિનંતિ કરી કે હું ચાણક્યના મહેલમાં રહું? ધનની ઈચ્છાએ ઓરડો પેટી ડાબડો તોડ્યો. હીરાએ જડેલો ડાબડો નિકળ્યો. ખોલતા સાથે આગળ પાછળ જોયા વગર સુંધી લીધો. સુંઘ્યા પછી ઢાંકણા પર દ્રષ્ટિ ગઈ. લખેલું દેખ્યું. જે આ સુંઘીને સાધુપણાથી લગીર પણ વિરૂદ્ધ વર્તન કરશે તે તત્કાળ મરી જશે, દેખ્યું. હવે શું થાય? ઝેરનો કીડો પણ મરવા માંગતો નથી. ઝેરના કીડાને પણ પોતાની જિન્દગી વહાલી છે. હવે સુબંધુને થયું છે કે બીજાને પણ સુંઘાડું તેમ એ ગંધને બે ચાર ને સુંઘાડી ને વિરૂદ્ધ વર્તન કરાવ્યું, તો ચારે મર્યા. આખા રાજ્યમાં જેની બુદ્ધિનો ભરોસો હતો. અહીં ટપોટપ મરતા દેખે, આથી વિરૂદ્ધ જે કરશે તે મરી જવાના. આ વચનને સાચું માનવામાં બદામ જેટલી પણ કચાશ રહે ખરી? સુબુદ્ધિને ત્યાગી સાધુપણે રહેવું પડયું. લીલોતરીનો સંઘટ્ટો ન કર્યો, સ્ત્રી આદિનો ત્યાગ કર્યો, તો ઈચ્છાઓ અહીં સુધી ભોગવવાની હોય, પણ ભાઈસાહેબને જીવવાની ઈચ્છાએ ભોગનો ત્યાગ કરવો પડે તેથી ત્યાગી કહેવાય નહિં. આ ગાથા પહેલી જણાવી છે. વસ્ત્રાદિકની ઇચ્છા પ્રવર્તેલી હોય અને સંજોગવશ જે ન ભોગવી શકે ને ત્યાગ કરે તેટલા માત્રથી ત્યાગી ન કહેવાય. પણ કાંત અને પ્રીય એવા ભોગને પામીને પુંઠ કરે એટલે-ત્યાગબુદ્ધિથી છોડે તેજ ત્યાગી કહેવાય.

નાનો દાભડો કિંમતી છે, તેમાં નવું બનાવેલું ચૂરણ મેલ્યું. દાભડા પર
લખેલું કે આ ચૂરણ સુંઘ્યા પછી જે કાચું પાણી પીશે. અગર વાયરો
ખાશે ને અગ્નિએ તાપશે તથા પથારીમાં સુશે, વળી વિષયમાં જશે.
સાધુને અનુચિત ક્રિયા કરશે તો તત્કાલ મરી જશે. એમ દાભડા પર
લખ્યું. આ બાજુ ચાણાક્યે અણસણ કર્યું. રાજા પાછળથી માલમ
પડવાથી ઘણું કરગર્યો, પણ છોડયું એ છોડયું. સુબંધુએ ચાણક્યની
ભક્તિની વિનંતી કરી. ખુશીથી કરો તેમ કહ્યું. પેલો ચાણક્યની ભક્તિ
કરે છે. હવે ધૂપ-ધાણામાંથી એક અંગારો નીચે નાખ્યો.

ચાણક્યની અંતિમ સાધના

જ્યાં ચાણાક્યે અણસણ કર્યું તે જગો પર બકરીની લીંડીઓ છે, તે
ઉપર અંગારો નાખ્યો. અંગારો અહીં પડે એટલે સળગતો સળગતો
ચાણાક્ય પાસે જાય. આ જગો પર ચાણાક્યે આરાધના શી રીતે કરી
હશે? જે રાજ્ય જમાવવા માટે આખા દેશમાં ભટકેલો, રાજાને
જીવાડવા માટે જેણે પ્રપંચ કરેલા તે રાજ્યગાદીથી પગ દંડો નીકળી
જાય છે. તેટલું જ નહિ પણ અંત અવસ્થાએ જીવતા લીંડીની ભઠ્ઠીમાં
બળે છે તે વખતે પરિણામ કેવી રીતે રાખી શક્યો હશે? એ લીંડીનો
ઢગલો સળગે છે. જાણી જોઈને સળગાવ્યો છે ત્યાંથી ખસતો નથી. તેમ
પરિણામની ખરાબી પણ નથી. આ પરિણતિ કઈ દશાની? એક બાજુ
ઉપગાર ને એક બાજુ આ દશા, તેમાં સમતા ભાવ શી રીતે રાખ્યો હશે
તે આત્માની સ્થિતિ તપાસો. રાજ્યથી નિકળી જાય છે, ઋદ્ધિ વેડફી
નાંખે છે. અણસણ કર્યું, લીંડીના ઢગલામાં બળવાનું કેમ સહન થયું
હશે? અહીં દુષ્કરતા કેવી છે તે માલમ પડશે. એક વખતનો બિંબાંત-
રિત રાજા રાજગુરૂ, ચંદ્રગુપ્ત ચાણક્યને ગુરૂ જ માનતો, બિન્દુસાર પણ
ગુરૂ માનતો, રાજ્યનો ઉત્પાદક, એ આ દશામાં આવ્યો હશે તે વખતે
સમતા કેટલી દૃષ્ટિએ રાખી શક્યો હશે? આવી મુશ્કેલીમાં મહાનુભાવ
ચાણક્યે સમતા ધારણ કરી રાખી તેથી-પયન્નામાં ચાણક્યની આરાધના
વખણાઈ. આવી સ્થિતિમાં પણ જેણે સમતા નથી છોડી પીળું તો સોનું
ને પીત્તળ બન્ને દેખાય છે પણ અગ્નિના પ્રસંગમાં રહી વધારે ચમકે
તે જ સોનું. બાકી ચમકયા કરે અને અગ્નિના પ્રસંગમાં કાળા પડે
ને પીત્તલ, તેમ ધર્મની ક્રિયા હંમેશા કરીએ પણ આપત્તિનો

ભોગોને હલાહલ ઝેર ગણનાર જ ભવિષ્યના ભોગોને ત્યાગ કરે

ભવિષ્યના ભોગને બંધ કરવાની મરજી. ભોગને હલાહલ ઝેર દેખે તે જ ભવિષ્યના ભોગ છોડવા તૈયાર થાય. ભોગ આવ્યા કે મારો ભોગ મળ્યો. એ વર્તમાનના ભોગમાં શી રીતે લલચાવાનો ? જેને વર્તમાનમાં ભોગની ભયંકરતા ન લાગે તેને ભવિષ્યની ભયંકરતા ભાસવી મુશ્કેલ છે. માટે પાંચ ઇંદ્રિયોના જે વિષયો પ્રાપ્ત થયાં છે, જે ભવિષ્યમાં પ્રાપ્ત થવા લાયક હોય તે બધાને ભઠ્ઠી જાણી વોસરાવે. ચક્રવર્તી હોય કે દરિદ્ર હોય તે બન્નેને સરખું છે. ઇંદ્રિયની અપેક્ષાએ ભવિષ્યના ભોગો ભયંકર ગણાવી કાષ્ટહારક-કઠીયારાનું દૃષ્ટાંત દીધું. જે પાણી અગ્નિ સ્ત્રી છોડે તેને ત્રણ ક્રોડ સોનૈયા આપે છે. તે ત્રણ પ્રતિજ્ઞા છે, પણ જોડે આ પણ જોઈતું નથી. પ્રાપ્તવ્ય ભોગ ત્યાગ છે. આ વાત આપણે સુક્તિપ્રધાનમાં કરી લીધી. વ્યાખ્યાકાર પોતે શું કહે છે, ચૂર્ણિકાર ચોકખાં શબ્દોમાં કહે છે સે હુ ત્યાં હુ અપિ અર્થમાં છે. જ અને પણ, આ બે ને આકાશ પાતાળનું આંતરું છે. ફલાણો જ શાહુકાર એટલે બીજા બધા દેવાળીયા. ફલાણો પણ શાહુકાર એટલે બધાને ફાવતું આવે. આથી પ્રાપ્ત અને પ્રાપ્તવ્ય ભોગને છોડે તે જ ત્યાગી કહેવાય. ભગવાન હરિભદ્ર સૂરિજીએ કહ્યું છે કે—સોऽપિ તે પણ ત્યાગી કહેવાય. એટલે સ્વાધીન ભોગ ન હોય અને પચ્ચખાણ કરે તો તે ત્યાગી જ છે. ભોગો પ્રાપ્ત એટલા ઈંદ્રિયના માત્ર વિષયો ન લેવા પણ ભોગના સંપૂર્ણ સાધનો લઈ મહર્ષિક લીધા. સોऽપિ કહી તે પણ ત્યાગી કહેવાય તેમ કહ્યું. વાક્ય હંમેશાં નિર્ણય કરવા માટે હોય. અહીં નિર્ણય ન થયો તે પણ અને બીજા પણ ત્યાગી કહેવાય તો આ ગાથાનું કામ શું ? કામ એટલા માટે કે જે આવા સમૃદ્ધિવાળાને ત્યાગી ગણાવે છે. તેને કહે છે. ૧૦૦ ઉંદર મારી હજ કરવા ચાલ્યા. પહેલા બધા આરંભ સમારંભ વિષય કષાય કરી હવે પાટે બેઠા, તે અપેક્ષાએ કહેવાની જરૂર હતી. પૂર્વ અવસ્થામાં પાપો થયા હોય, પાછળથી વોસરાવનાર પણ ત્યાગી થઈ શકે છે. જેઓ પાછળ પણ સાવચેત થયા. આશ્રવ કષાય બંધ કર્યા, તે પણ દેવલોકે જઈ શકે છે. એક દિવસની પ્રવજ્યા મોક્ષ ન દે તો દેવલોક તો જરૂર આપે છે. પાછળથી પણ ત્યાગી થાય તો પણ તે ત્યાગી છે. ઇચ્છા રહેતો ત્યાગી છતાં-

ભવિષ્યના ભોગો છોડે તે ત્યાગી

આ વાત શય્યંભવ સૂરિએ નક્કી કરી છે. એ હિસાબે શ્રીમંતો ત્યાગ કરે તેજ ત્યાગી કહેવાય આ વાત તમારે કબૂલ કરવી પડશે. આવું શંકાકર કહે છે. જેઓ સૂત્રના અર્થો ન જાણે અને કેવળ અદ્ધર લઈ પડે તેવાની વાતને શાસ્ત્રકાર અગર સત્ય વાત જાણવાની ઈચ્છા-વાળો હિસાબમાં ગણે નહિં.

> जे अ कंते पीए भोए लद्धेवि पिट्ठि कुव्वइ,
>
> साहीणे चयइ भोए से हु चाइत्ति वुच्चइ ॥ १ ॥

કાંત અને મનોહર એવા ભોગ. કામભોગ બોલ્યો તો શબ્દાદિક પાંચ જેને પંચેદ્રિયપણું મળ્યું છે, તેને ઇષ્ટ શબ્દ સાંભળવાની હંમેશા છૂટ છે. ઇષ્ટરૂપ દેખવાની છૂટ છે. ઇષ્ટ ગંધ ઇષ્ટ સ્પર્શ ઠંડી અગર ગરમ હવા લેવાની કોણ બંધ કરે છે. અહીં સોનૈયા મળ્યા હોય, રાજ્ય મળ્યા હોય, જેને બાયડીઓ શય્યાઓ મલી હોય તે અહીં લીધા નથી. અહીં પહેલા નંબરે શબ્દાર્થમાં જઈએ તો ઇષ્ટ વિષયો મલ્યા હોય તેને છોડે, પણ જેને ઇષ્ટ વિષય મળે નહિ એવી જાત માત્ર નારકી. બાકી મનુષ્યો પાપના ઉદયમાં હોય પણ પાંચ ઈન્દ્રિયના યથાયોગ્ય વિષયો તેને મલ્યા જ જાય. અહીં વિષયો લીધા છે. ઋદ્ધિ સમૃદ્ધિ રાજ્ય મહેલ સ્ત્રી શય્યા એ તો અચ્છંદામાં લીધુ છે. અહિં નહિ? અહીં ત્યાગને અંગે ભોગો એજ સંસારની ભયંકર ભઠ્ઠી છે. તે ભોગોનો ત્યાગ કરનાર ત્યાગી છે. અહીં ત્યાગબુદ્ધિ વસ્ત્રાદિકને અંગે નથી, તે વખત भोए કેમ કહ્યું? भोए શબ્દ બે વખત શા માટે? વસ્ત્રવાળી ગાથામાં ભોગ શબ્દ નથી. અહીં ભોગ શબ્દ બે વખત છે. જેઓને ભોગ પ્રાપ્ત થયા હોય તે છોડે અગર સ્વાધીન થવાનો સંભવ હોય તે પણ છોડે. પ્રાપ્ત અને પ્રાપ્તવ્ય બન્ને છોડે. આખી જિંદગીમાં અત્યારે દરિદ્ર દેખાતો હોય તેવાને ભવિષ્યમાં ભોગ નહિ મળે તેની ખાત્રી કની? ભવિષ્યના ભોગની આશા છોડવી એ દુષ્કર છે. મળે તો પણ લેવા નથી. મળેલા જોઈતા નથી, તે ધારવું જેવું મુશ્કેલ તે કરતાં વધારે મુશ્કેલ આ છે. પોતાની જિંદગીમાં ભવિષ્યમાં મળે તો પણ જોઈતા નથી. એ સ્થિતિ લાવવી અત્યંત [illegible]શ્કેલ છે.

ધર્મ દ્વારાએ જ તારનારા છે. તે ધર્મ જ દુર્ગતિથી રક્ષણ કરનાર છે. સદ્‌ગતિ જે દેવતાની મનુષ્યની શુભગતિ, છેવટમાં મોક્ષ નામની ગતિ આપનાર હોય તો તે કેવળ ધર્મ જ છે. તે ધર્મ આપણે ગુણ થકી જાણ્યો. ફળથી પિછાણ્યો જ્યાં સુધી ભવિષ્યનું ફળ જાણ્યા છતાં પ્રકારો જાણવામાં ન આવે ત્યાં સુધી પ્રયત્ન સફળ ન થાય. સોનાની સ્થિતિ માલમ નથી તેને સોનું ઘણું કિંમતી છે એમ ગોખવામાં આવે તો કશું વળે નહિં. તેમ ધર્મની જાતો સ્વરૂપ સમજાવવામાં આવે નહિં, ત્યાં સુધી પ્રયત્ન ફળીભૂત થાય નહિં. ધર્મની જાતો જાણવાની જરૂર છે. માતાનો પક્ષ જાતિ ને પીતાનો પક્ષ કુલ ગણાય, તેમ મનુષ્ય અને જાનવરનો જાતિનો વિભાગ હોય તેમાં નવાઈ નથી. ધર્મ ચીજ જે અમૂર્ત ચીજ તેની અંદર જાતો કયાંથી પાડી? વાત ખરી મહાનુભાવ! હીરા મોતીમાં જાતો કહો છો કે નહિ? શું એના માબાપ છે? ના નથી છતાં તેમાં જાતો પડવાની જરુર પડે છે. પરસ્પર જુદા જુદા સ્વરૂપમાં રહ્યા છતાં એક ગુણવાળા હોય તો જાતો પાડવાની જરુર પડે છે. એક સરખા ગુણને ધારણ કરનારી પરસ્પર જુદા કારણ થતા હોય તો જાતો પાડવી પડે, તે માટે ધર્મની ચાર જાતો બતાવી. દાન-શીલ-તપ-ભાવ. જેને ધર્મના પ્રકાર અગર જાત કહો છો. હવે ચાર જાતોમાં પહેલી જાતમાં પેટા જાત છે. તમે મોતીને અંગે કોઈ અરબસ્તાનનું કોઈ જાપાનનું કોઈ જામનગરનું એમ જુદી જુદી પેટા જાતિઓ બતાવો છો. તમે અહીં મુખ્ય જાતિ કહી છતાં દાનમાં પેટા જાતિ તરીકે ત્રણ જાત રાખી. પહેલાં જ્ઞાનદાન, બીજું અભય દાન, ને ત્રીજું ધર્મોપગ્રહ દાન, ધર્મની મૂળ ચાર જાતો છે. તેમાં દાન પહેલી જાત.

જ્ઞાન દાનના પ્રકારો

તે દાનની ત્રણ જાતિમાં પહેલી જાતિ કઈ? તો કે પહેલી જ્ઞાન દાનની જાતિ. કારણ એક જ ભુલેલા આત્માને ખોવાઈ ગએલા આત્મા ને મેળવી આપનાર હોય તો તે જ્ઞાન જ છે. ખોવાએલા હીરા મોતી ચીજને જેમ ધુળમાંથી લેવી હોય તો મદદ કોણ કરે? અજવાળુ અગર દીવો, જો દીવો ન હોય તો ધુળમાં ખોવાએલો હીરો મોતી એ મેળવી શકીએ નહિં. તો કાંકરામાં ખોવાએલું કયારે મળે? ધુળમાંથી હવા-

કહેવાય છે. હવે આજે બોલીએ છીએ તે એક બાજુ પર લખી લ્યો. સવારથી નિકળે ઘેર ઘેર ફરે ને સાંજે ઘેર ખાલી આવે તેને ભટકતો કહીએ છીએ. પછી આનો જવાબ લ્યો. આ આત્મા કયાં કયાં ફર્યો? કહ્યું છે કે सव्वाणि ठाणाणि असासयाणि જે જે સ્થાનકે ગયો તે તે તમામ અશાશ્વતો સ્થાનકો છે. સ્થિર સ્થાનકે ગયો નથી. વધારેમાં વધારે સાતમી નારકી કે કે અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય તે આપણી અપેક્ષાએ મોટો મેરૂ, પણ જ્યાં જીવની સ્થિતિની અપેક્ષાએ તપાસીએ તો જીવની કાય સ્થિતિ અનંતા પુદ્‌ગલ પરાવર્તોની અપેક્ષાએ વિચારીએ તો ૩૩ સાગરોપમ કેટલા હિસાબમાં? એક ઉત્સર્પિણીની અપેક્ષાએ તેત્રીસ સાગરોપમ હિસાબમાં નથી. મહાવીરના સ્થૂલભવ મણુમાં સુદ્ધી નથી. કારણ મરીચિના ભવથી જો વિચારીએ નયસારનો તથા દેવલોકનો ભવ બાકી રહેવા દો. મરીચિના ભવથી કોડાકોડિ સાગરોપમ સુધી રઝળ્યા, તો મોટા ભવ સત્તાવીસ, તેમાં ચૌદ મનુષ્યના અને બાર નરક દેવ લોકના ભવ ગણીએ તો ગ્રૈવેયકમાં કે પાંચ અનુત્તર વિમાનમાં તો ગયા જ નથી. વીશ સાગરોપમની રાશ રાખો. કેટલીક વખત ત્રીજી, ચોથી નારકીએ ગયા છે તો ૧૨×૨૦-૨૪૦ સાગરોપમ. મનુષ્યના બાર ભવમાં અસંખ્યાતાનો વખત આવ્યો નથી એટલે તેર ભવ ભેગા કરો તો પણ એક પલ્યોપમ ન થાય, તો કોડાકોડિ સાગરોપમ તેમાં ૨૪૦ કેટલી ગણતરીમાં? કોડને કોડ ગુણા કરો જેઓ કોડને સંજ્ઞાંતર માનતા હોય તેમણે વિચાર કરવાનો છે. કારણ રીખવદેવજી અને અજીતનાથજી વચ્ચે ૫૦ લાખ કોડ સાગરોપમનું આંતરૂં છે. કહો ત્યાં કોડી ને કોડી માનો તે કામ લાગે તેમ નથી. કોડને કોડ ગુણા કરીએ એટલા સાગરોપમાં સત્તાવીસ ભવમાં બસો ચાલીસ સાગરોપમ. બાકીના નવાણું લાખ, નવાણું હજાર વિગેરે સાગરોપમ પંચેન્દ્રિય સિવાયમાં રખડયા. હવે આવી રીતે એક ચોથો આરો. પણ આ ત્રીજા આરાનો છેડો. એક આરો તે પણ થોડો એમાં આટલા બધા ભવો. સ્થૂલભવ ૨૭, બાકીના ભવોનો પાર નહિ. અસંખ્યાતા ભવ માન્યા સિવાય છૂટકારો નથી. એક કોડાકોડ સાગરોપમની આ સ્થિતિ તો કાળચક્રની અને અનંતી ઉત્સર્પીણી અવસર્પીણીવાળા કાળચક્રની અને એવા અનંતા કાળચક્ર ફર્યા તે અપેક્ષાએ આ કાળ કેટલો માત્ર?

'મેળવ્યું'? આત્માને પૂછો. આટલો તારફર્યો, આટલા કાળ

સુધી રખડયો તારી પાસે કંઈ કમાઈ છે? ધંધો શો કર્યો હતો? કમાઇ કરવા માંડી હોય ને કમાઈ ન થઈ હોય તો કમાઈનો ઉપાય નકામો હતો. તાવ આવ્યો હોય ને શેવ નાગનો મણિ લાવ ને નાખ વાડકામાં પાણી, ચોપડીશ તો તાવ ચાલ્યો જશે. તો આ કહેવામાં વળે કશું નહિ, પણ કમાઈને માટે મહેનત કરી નથી.

દરેક ભવમાં મેળવવા માટે મહેનત કરી છે.

મહેનત કરી છે પણ મેળવવું અને મેલવું એવી મહેનત દરેક ભવે કરી છે. એવો એક પણ ભવ ખાલી નથી કે જેમાં મેલવા માટે મેળવવાની મહેનત ન કરી હોય? શરીર ઇંદ્રિયો વિષયો ને તેનાં સાધનોની મહેનત દરેક ભવમાં થઈ છે, જે તમે મેલવાના. એ જ મેળવવા માટે મચ્યા, આખો જન્મ શરીરાદિ મેળવવા માટે મચ્યા, આ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયની જાતિ તપાસો, ચારેગતિ તપાસો, મચ્યા છીએ પણ મેલવાનું મેળવવા મચ્યા છીએ. એકેય ભવમાં રાખવાનું મેળવવા મચ્યા છો? તમારી અનંત પુદ્ગલ પરાવર્તની મહેનતમાં જે મેળવ્યું તે બધું મેલ્યું. પણ પરીક્ષાની ખાતર આત્માનુ કહેલું મેળવવા વિચાર કરો, મારા કહ્યા મુજબ કરો તો એવું મેળવાવી દઉં કે કોઈ કાળે જાય નહિ. તમે અનંત પુદ્ગલ પરાવર્ત સુધી મહેનત કરી મેળવી મેલ્યું. આ શોધની ખામી છે. મેળવેલું ભવાંતરમાં સાથે ઉપાડી જાવ, આ શોધ નીકળી નથી એની જ ખામી છે.

સાથે લઇ જવાની શોધ નીકળે તો પાછળના માટે કંઈ ન રાખે

મેળવેલું ઉપાડી જવાની શોધ નીકળે તો કાલની પરમેદી માટે પુરતો ખોરાક પણ ન રહેવા દો. તમારે વીલો અને વ્યવસ્થા શા માટે કરવા પડે છે? જાણો છો કે હું છોડી જવાનો છું, માટે કંઈક વ્યવસ્થા કરવા દે. બળતું ખોરડું કૃષ્ણાર્પણ કરો છો, પણ તમારી પાસે શોધ હોય કે મેળવેલું લઈ જઈ શકાય, તો ઘરમાં એક દિવસનું ખાવાનું અગર રહેવાનું ઘર રહેવા દઈ જાવ નહિં. આ તો કુટુંબ પુરતી વાત થઈ. આયુષ્ય જેટલા જીવવાના. વૈદ ડાકટર હકીમ આયુષ્ય વગર જીવાડી દેતો નથી. જો જીવાડતે તો તેના માબાપને પહેલા જીવાડત, પણ તે જગો પર વૈદ હકીમ કે ડાકટરના બાપ કે બા અમર

કહેવાય છે. હવે આજે બોલીએ છીએ તે એક બાજુ પર લખી લ્યો. સવારથી નિકળે ઘેર ઘેર ફરે ને સાંજે ઘેર ખાલી આવે તેને ભટકતો કહીએ છીએ. પછી આનો જવાબ લ્યો. આ આત્મા ક્યાં ક્યાં ફર્યો? કહ્યું છે કે सव्वाणि ठाणाणि असासयाणि જે જે સ્થાનકે ગયો તે તે તમામ અશાશ્વતો સ્થાનકો છે. સ્થિર સ્થાનકે ગયો નથી. વધારેમાં વધારે સાતમી નારકી એ કે અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય તે આપણી અપેક્ષાએ મોટો મેરૂ, પણ જ્યાં જીવની સ્થિતિની અપેક્ષાએ તપાસીએ તો જીવની કાય સ્થિતિ અનંતા પુદ્‌ગલ પરાવર્તોની અપેક્ષાએ વિચારીએ તો ૩૩ સાગરોપમ કેટલા હિસાબમાં? એક ઉત્સર્પિણીની અપેક્ષાએ તેત્રીસ સાગરોપમ હિસાબમાં નથી. મહાવીરના સ્થૂલભવ મણુમાં મુકી નથી. કારણ મરીચિના ભવથી જો વિચારીએ નયસારનો તથા દેવલોકનો ભવ બાકી રહેવા દ્યો. મરીચિના ભવથી કોડાકોડિ સાગરોપમ સુધી રઝળ્યા, તો મોટા ભવ સત્તાવીસ, તેમાં ચૌદ મનુષ્યના અને બાર નરક દેવ લોકના ભવ ગણીએ તો ગ્રૈવેયકમાં કે પાંચ અનુત્તર વિમાનમાં તો ગયા જ નથી. વીશ સાગરોપમની રાશ રાખો. કેટલીક વખત ત્રીજી, ચોથી નારકીએ ગયા છે તો ૧૨×૨૦=૨૪૦ સાગરોપમ. મનુષ્યના બાર ભવમાં અસંખ્યાતાનો વખત આવ્યો નથી એટલે તેર ભવ ભેગા કરો તો પણ એક પલ્યોપમ ન થાય, તો કોડાકોડિ સાગરોપમ તેમાં ૨૪૦ કેટલી ગણતરીમાં? કોડને કોડ ગુણા કરો જેઓ કોડને સંજ્ઞાંતર માનતા હોય તેમણે વિચાર કરવાનો છે. કારણ રીખવદેવજી અને અજીતનાથજી વચ્ચે ૫૦ લાખ કોડ સાગરોપમનું આંતરૂં છે. કહો ત્યાં કોડી ને કોડી માનો તે કામ લાગે તેમ નથી. કોડને કોડ ગુણા કરીએ એટલા સાગરોપમાં સત્તાવીસ ભવમાં બસો ચાલીસ સાગરોપમ, બાકીના નવાણું લાખ, નવાણું હજાર વિગેરે સાગરોપમ પંચેન્દ્રિય સિવાયમાં રખડયા. હવે આવી રીતે એક ચોથો આરો. પણે આ ત્રીજા આરાનો છેડો. એક આરો તે પણ થોડો એમાં આટલા બધા ભવો. સ્થૂલભવ ૨૭, બાકીના ભવોનો પાર નહિ. અસંખ્યાતા ભવ માન્યા સિવાય છૂટકારો નથી. એક કોડાકોડ સાગરોપમની આ સ્થિતિ તો કાળચક્રની અને અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીવાળા કાળચક્રની અને એવા અનંતા કાળચક્ર ફર્યા તે અપેક્ષાએ આ કાળ કેટલો માત્ર? તેમાં શું મેળવ્યું? આત્માને પૂછો. આટલો ભટકયો, આટલા કાળ

સુધી રખડયો તારી પાસે કંઈ કમાઈ છે? ધંધો શો કર્યો હતો? કમાઇ કરવા માંડી હોય ને કમાઈ ન થઈ હોય તો કમાઈનો ઉપાય નકામો હતો. તાવ આવ્યો હોય ને શેષ નાગનો મણિ લાવ ને નાખ વાડકામાં પાણી, ચોપડીશ તો તાવ ચાલ્યો જશે. તો આ કહેવામાં વળે કશું નહિ, પણ કમાઈને માટે મહેનત કરી નથી.

દરેક ભવમાં મેળવા માટે મહેનત કરી છે.

મહેનત કરી છે પણ મેળવવું અને મેલવું એવી મહેનત દરેક ભવે કરી છે. એવો એક પણ ભવ ખાલી નથી કે જેમાં મેલવા માટે મેળવવાની મહેનત ન કરી હોય? શરીર ઇંદ્રિયો વિષયો ને તેનાં સાધનોની મહેનત દરેક ભવમાં થઈ છે, જે તમે મેલવાના. એ જ મેળવવા માટે મથ્યા, આખો જન્મ શરીરાદિ મેળવવા માટે મથ્યા, આ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયની જાતિ તપાસો, ચારેગતિ તપાસો, મથ્યા છીએ પણ મેલવાનું મેળવવા મથ્યા છીએ. એકેય ભવમાં રાખવાનું મેળવવા મથ્યા છો? તમારી અનંત પુદ્ગલ પરાવર્તની મહેનતમાં જે મેળવ્યું તે બધું મેલ્યું. પણ પરીક્ષાની ખાતર આત્માનું કહેલું મેળવવા વિચાર કરો, મારા કહ્યા મુજબ કરો તો એવું મેળવાવી દઊં કે કોઈ કાળે જાય નહિ. તમે અનંત પુદ્ગલ પરાવર્ત સુધી મહેનત કરી મેળવી મેલ્યું. આ શોધની ખામી છે. મેળવેલું ભવાંતરમાં સાથે ઉપાડી જાવ, આ શોધ નીકળી નથી એની જ ખામી છે.

સાથે લઇ જવાની શોધ નીકળે તો પાછળના માટે કંઈ ન રાખે

મેળવેલું ઉપાડી જવાની શોધ નીકળે તો કાલની પરશેલી માટે પુરતો ખોરાક પણ ન રહેવા દો. તમારે વીલો અને વ્યવસ્થા શા માટે કરવા પડે છે? જાણો છો કે હું છોડી જવાનો છું, માટે કંઈક વ્યવસ્થા કરવા દે. બળતું ખોરડું કૃષ્ણાર્પણ કરો છો, પણ તમારી પાસે શોધ હોય કે મેળવેલું લઈ જઈ શકાય, તો ઘરમાં એક દિવસનું ખાવાનું અગર રહેવાનું ઘર રહેવા દઈ જાવ નહિં. આ તો કુટુંબ પુરતી વાત થઈ. આયુષ્ય જેટલા જીવવાના. વૈદ ડાકટર હકીમ આયુષ્ય વગર જીવાડી દેતો નથી. જો જીવાડતે તો તેના માબાપને પહેલા જીવાડત, પણ તે જગો પર વૈદ હકીમ કે ડાક્ટર. અમર

કહેવા પ્રમાણે સર્વજ્ઞપણું વર્તાવમાં નથી. શ્રદ્ધામાં રાખો તો જુદી વાત. સર્વજ્ઞ હોત તો સીતાને લેવા ન જવું હતું. મૃગલાને પકડવા જવું ન હતું. કહો વર્તનથી સર્વજ્ઞપણાનો છાંટો પણ નથી. શ્રદ્ધામાં ખામી ન આવે તો લીલાનો પડદો કરવો. જેનું વર્તન સર્વજ્ઞપણાથી વિરૂદ્ધ ન હોય તેને સર્વજ્ઞ શા માટે ન માનવા? હવે સર્વજ્ઞ જ ધર્મતત્ત્વ તથા અધર્મ દેખાડી શકે એ વાત કબૂલ પણ સર્વજ્ઞપણું એ તીર્થંકરને ઘેર ઈજારે રાખેલ નથી. એક ચોવીસીની અપેક્ષાએ સર્વજ્ઞપણું અસંખ્યાત જીવને હોય, તેમાં એકલા તીર્થંકર ને કેમ કહો છો? એટલા માટે 'જિણપન્નત્તં' એટલું જ માત્ર નથી કહેતા. મહાવીર પન્નત્તો ધમ્મો કે ઋષભ પન્નત્તો ધમ્મો એવું કહેતા નથી. કેવળ જીનથી સામાન્ય કેવળી એમ બન્ને અર્થ થાય, પણ 'કેવલિ કહિઓ સુહાવઓ ધમ્મો' અહીં જિનેશ્વર કેવળીઓ કે બીજા કેવળીઓ તે બધા એક જ રૂપે કહેનારા છે, તો તીર્થંકરને આગળ કેમ કર્યા? તો કે પહેલ વહેલા ધર્મ અધર્મને કોઈ જાણતું ન હતું. તો પ્રથમ ધર્મ ઓળખાવનાર તીર્થંકર મહારાજ તેને અનુસરી જેઓ ધર્મ અંગીકાર કરી કેવળજ્ઞાન પામ્યા, તેથી બીજાઓ ધર્મ આદરી શકયા. પણ પહેલા ધર્માધર્મને સ્પષ્ટ રૂપે જગતને દેખાડનાર હોય, લાવનાર હોય તો તે કેવળ તીર્થંકર મહારાજ છે. એવા તીર્થંકર મહારાજ શાના પ્રભાવે તીર્થંકરપણું મેળવે છે? તો કે સામાયિકના પ્રભાવે જ. તીર્થંકર મહારાજાઓ ધર્મ-અધર્મની ઓળખાણ જીવોને બંધ થઈ હોય તે ઓળખ શરૂ કરે

તીર્થંકરપણાની જડ સામાયિકની પ્રીતિ

તીર્થંકરપણાની જડ કઈ? સામાયકની ઉત્તમતા એ જ જડ છે. નહિંતર તીર્થંકર થઇ શકત જ નહિં. કૃષ્ણ મહારાજ કે શ્રેણિક મહારાજ કેવી સ્થિતિના? શ્રેણિક કે કૃષ્ણ સારી સ્ત્રી દેખે તો તમારી અપેક્ષાએ સુકાઈ જનારા. સ્ત્રીઓ માટે કેટલા જોખમ ખેડયા છે. વિશાળા નગરીના રાજ્યમાં અભયકુમાર રહે. તેમાં રાજ્ય દરબાર નીચે સુરંગ ખોદાવનાર, જીવ કઈ સ્થિતિમાં રાખી સુરંગ ખોદાવતો હશે? જો જીવના જોખમ ઉપર ન જાય તો આમાંથી કશું બની શકે તેમ નથી? દાસીઓ સાથે ઘાલમેલ કરે તે અભયકુમાર સરખા જાહેર પુરૂષને વેપારીથઇ રહેવું, દાસીને તાબે કરવી, ચિત્રામણ મોકલવું ને કુંવરીને રાગી કરવી તે કયા જોખમે કરતો હશે? શ્રેણિકનું લોહી એક ટીપું બાળવું ન જોઈએ. શ્રી કૃષ્ણનેરુકિમણી વિગેરે સ્ત્રીઓ માટે કેટલી ડાઈ કરવી પડી છે?

આટલું બધું છતાં એક જ બારણું એમના માટે બંધ હતું, બીજા માટે ત્રણે ખંડમાં પ્રયત્ન, તે જગો પર સ્રી ને છોકરાનો રાગ નહિં. માત્ર સામાયક સંયમ શબ્દ પડે ત્યાં એ રાગને રહેવાનું સ્થાન નહિં. કૃષ્ણની રાણીઓ દીક્ષા લેવા પામે. કુંવરી કુંવર દીક્ષા લેવા પામે તે શી રીતે પામે? ત્રણ ખંડ સિવાય જાય ક્યાં? એક રાણી કુંવર કે કુંવરી દીક્ષા પામી શકત નહિં. તેની જગો પર જાદવવંશના કોઈ કુંવર અને કુંવરી દીક્ષા પામી શકી તે કઈ સ્થિતિમાં? જે એક સ્રી માટે મોટી લડાઈ કરનારા એ બધા રાગ અહિં સંયમના દ્વાર આગળ નહિં. સંયમનું દ્વાર આવ્યું એટલે ચૂપ.

રાજ્ય લઉં તો સંયમ જાય

એમ શ્રેણિક મહારાજાને અંગે જે શ્રેણિકનું રાજ્ય કૃણાકાતીયા ક્યું તો પણ કુંવર દીક્ષા લે તેમાં વિરોધ નહીં, અભયકુમારના હાથમાં રાજ્ય આવે તો કોઇ પ્રકારે ચેડા મહારાજનો વિરોધ કે કોણિકના હાથમાં રાજ્ય આવતે નહિ. પણ શ્રેણિકે રાજ્ય આપવા માંડયું. રાજ્યને લાયક તું છે માટે તું રાજ્ય લે એમ કહ્યુ. છતા પણ અભયકુમાર સંયમ ઉપર કેવો રાગી હશે તે વિચારી જુઓ. રાજ્ય દેવા આવે છે, રાજ્ય આપે ત્યાં મોં ધોવા ગયા. શું છે? ભગવાન મહાવીરને પૂછું તમને જરૂર શંકા થશે કે દુનીયાદારીની વાત ભગવાનને શી પૂછવી હતી? વાત ખરી, રાજ્યમાં ભગવાનને પડવાનું નથી, પણ આ વાત ધરમની છે 'શ્રેણિકનું અપમાન કર્યું' કહો, ચાહે રાજ્યને લાત મારી કહો, પણ તે વખત તો ના કહી દીધી. આપણી સ્થિતિ ક્યાં છે? જ્યાં એક રીતે રાજ્ય એના હાથમાં છે. એવાને રાજ્ય એ કાંઇ નવી ચીજ ન હતી. છતાં શ્રેણિક દેવા માંડે છે તે વખતે ના કહે છે. રાગમાં બળ્યા પછી જાણ્યું છે જેમાં કશું નથી. તો અહીં રાજ્ય દેવા માંડે છે તે વખતે અભય ના કહે છે. તો કેવી પરિસ્થિત હશે? હવે મહાવીર મહારાજ પાસે આવી પ્રશ્ન શું કરે છે? તે કહે છે કે, ભગવન્! છેલ્લો કયો રાજા સાધુ થવાનો તે કૃપા કરી જણાવો. જો છેલ્લો રાજા થઇને સાધુ થવાનો હોય તો રાજ્ય લઉં ને સાધુ ન થવાનો હોય તો રાજ્ય ન લઉં આપણે પંદર રૂા. ની નોકરી હોય ને સાધુપણાના વિચાર થયા તો પત્રીસ રૂા. આપનાર મળે તો પછી સાધુપણું લઇશું. પણ અભયકુમારને તો સંયમ ન પામું તો રાજ્ય જોઇતું નથી. તેવી પરિણતિ

અને એક જીવને પ્રભુ માર્ગે આણો. આ બે ફળમાં એક જીવને માર્ગે આણવાના ફળની આગળ પહેલું ફળ હિસાબમાં નથી. લગીર યુક્તિથી જોઈ લ્યો. ચૌદરાજલોકને અભયદાન આપો એટલે ફક્ત મહેતલ મેળવી દ્યો. અમર પટ્ટો કરી શકો તેમ નથી. જ્યારે માર્ગમાં આણ્યો એટલે ખરેખર અમર પટ્ટો મેળવી આપ્યો. આ મહેતલ ને આ અમરપટ્ટો કેમ? તમે એને બચાવ્યો એટલે થોડી મુદત પછી એનું એ જ અને માર્ગમાં આવેલો તે ભવે અગર ત્રણ ભવે કે સાત ભવે મોક્ષે ગયો. મોક્ષે જે જીવ ગયો તેને મરણ કેટલા? એકકેય નહિં. ક્યાં સુધીનું મરણ રોકાયું? સર્વકાળનું, કહો એકને માર્ગે આણ્યો તેમાં તેનું સર્વ કાળનું મરણ રોકાયું. પેલામાં તો અમુક મુદતની મહેતલ. બીજી વાત. આ જીવને માર્ગે આણ્યો તે બીજાને માર્ગે આણે તો?

ભૂલા પડેલા સાધુએ નયસારને ધર્મમાર્ગે ચડાવી અનેક મરણોથી બચાવ્યા.

જંગલમાં ભૂલા પડેલા નિરાધાર થએલા જેને પોતાના પ્રાણના સાંસાં છે. નયસારના ભવમાં જે સાધુઓ મળ્યા છે. કેવા સાધુ મળ્યા છે. જંગલમાં ભૂલા પડેલા એવા ને પોતાના દ્રવ્યપ્રાણના પણ સાંસાં છે, નિરાધાર છે. એમ માનો કે અટવી ઉતરી આવેલા ને ત્યાં એ મળી ગયા. આવા સાધુએ એક નયસારના કાનમાં જિનેશ્વરની વાણી નાખી, તેનું પરિણામ એ જ વાણીના પ્રભાવે પોતે માર્ગ ઉપર આવ્યા ને મરીચિના ભવમાં લાખો રાજકુંવરને તાર્યા. પરંપરાએ કારણ જંગલમાં ભૂલા પડેલા એવા સાધુ યાવત્ મહાવીરપણા તરીકે તીર્થંકર થયા. આખું શાસન પ્રવર્તાવ્યું. કોનો પ્રભાવ? જેને પ્રાણના સાંસાં હતાં તેવા ભટકતા મહાત્માનો પ્રભાવ, તેને સર્વકાળનું અમરણ મળ્યું. વળી બીજા કોઈને સર્વકાળનું અમરણ નિપજાવે. ચૌદરાજલોકની દયામાં માત્ર મેતલ હતી, અહીં માફી છે. અહીં બીજા જીવો જે માર્ગમાં આવે તેમાં પણ પેલો કારણ ગણી શકાય. તો અભયદાન દેનારે અથવા દ્રવ્યદયા કરનારે ફાયદો શરીરના ખોળીયામાં કર્યો. પણ દાભડો સુધારે તે સારો કે હીરો સુધારે તો સારો? અભયદાનનો પ્રભાવ જડ જીવનમાં અને માર્ગ સમજાવાય તેનો પ્રભાવ આત્મામાં, તત્ત્વજ્ઞાન કરાવી માર્ગે લવાય તેનો પ્રભાવ આત્મામાં, તો જડ જીવનને જોઈતા

ઉપકાર કરે તે કીમતી કે જીવજીવનને જોઈતા ઉપકાર કરે તે કીંમતી? એકી આગળ ત્રાહીએ તો જડ જીવન બચાવી કેટલા ગુણો બચાવવાના? અને જીવજીવન મેળવી આપી કેટલા ગુણો ઉભા કરવાના?

એક જીવની ભાવદયા આગળ ચૌદરાજલોકની દ્રવ્યદયા હિસાબમાં નથી

આખા જગતના ક્ષાયોપશમિક ભાવ એકઠા કરો ને એક જીવનો ક્ષાયિક ભાવ તે આગળ મૂકો, દ્રવ્યદયા માત્ર ક્ષાયોપશમિક ભાવનો પ્રભાવ, આ ભાવદયા ક્ષાયિક ભાવને ઉત્પન્ન કરનાર, હવે આ બેનું અંતરું તપાસો, તમને નિશ્ચય થશે કે એક ભાવદયા આગળ ચૌદ રાજલોકની દ્રવ્યદયા હિસાબમાં નથી. સમ્યક્ત્વની જડ અહીં છે. ભાવદયાનું અધીપણું અને ઓળખાણ કરો. તમે અહીં કેમ આવ્યા છો? તમે નવેલ હોદાના ગોળાના જેવા, તમે અહીં આવતા ઈર્યાસમિતિ કેટલાએ પાળી? હવે ભાવદયાને દ્રવ્ય દયા કરતાં વધારો નહિં તો અહીં આવવામાં ભૂલ કરી, તમે એક ભગવાનના વચનની વધારે કિંમત કરી. તમે સાધુને વહોરાવો. સાધુ સામે જાવ તેનું શું કહો છો. સૂત્રકાર કહે છે કે અસૂઝતું કરી સાધુને વહોરાવે તેમાં અલ્પ પાપ, બહુ નિર્જરા. એ સૂત્ર ક્યારે લાગુ કરે? જ્યારે દ્રવ્ય દયા કરતાં ભાવ દયા અધિક માનો તો, અપ્રાસુક, અનેષણીય વહોરાવવામાં દ્રવ્યદયાની મુખ્યતા રાખી હોય તો હું ભગવાનની વાણી સાંભળું ને કલ્યાણ થાય એટલા હેતુથી ઉપાશ્રયે જાય તો પણ ભાવદયા થનારી હોવાથી અસમીતિએ જાય તો પણ તે કરતાં અધિક છે. અસૂઝતું અપ્રાસુક વહોરાવે તેમાં અલ્પબંધ બહુનિર્જરા કેમ કહી? ભૂખની વેદના હઠાવવા મટી, પેલા જીવનો પ્રાણ નિકળી ગયો, તેમાં અલ્પ બંધ ને બહુનિર્જરા કેમ કહી? એમાં ચૌદ રાજલોકની દ્રવ્યદયા કરતાં એક જીવની ભાવદયા જબરજસ્ત છે. કેમ કે સંયમનો ટેકો ક્ષયિક ભાવદયાનો અંશ છે. આજ વાત તમારામાં કયો.

ક્ષણિકભાવ દયાનું પોષણ પણ દ્રવ્ય દયા કરતાં ઘણું ચઢીયાતું છે.

તમે પૂજા કરતાં પાણી ઢોળો, વનસ્પતિને કીલામણા કરો ત્યાં જો દ્રવ્યદયાને આગળ કરો તો પૂજાનો પરિહાર કરવો પડે. આથી પૂજાના પરિહારવાળા ભાવદયાને આગળ કરે તો પૂજાનો પરિહાર કરવો

પડે. આથી પૂજાના પરિહારવાલા ભાવદયાને લાત મારે છે, જે સમ્યક્‌ત્વની મૂળજડ છે. શ્રાવક છકાયના જીવને જીવ માને છે. કહો ચૌદ રાજલોકની દ્રવ્યદયા કરતાં ક્ષણિક ભાવદયાનું પોષણ જબરજસ્ત છે. આથી તીર્થંકરે ગાઢ હિંસા થઇ છતાં આચરણ રૂપે ગાઢ હિંસાને અનુમોદન આપ્યું. સૂર્યાભ સરખા દેવ આવે, એક જોજન સુધી વાયરો વિકુર્વી કાંકરા પત્થર ઘાસ બધું ખસેડી નાખે, એ વાયરો કેવા જોરવાળો હોવો જોઇએ. પછી એક જોજનમાં પાણી છાંટે, સમવસરણ કરે તેમાં ભગવાન બેસે છે. કેમ બેસે છે? આવા મહાપાપના કાર્યને ભગવાન ટેકો કેમ આપે છે? ભગવાનને ઉપાડી દેવતાએ બેસાડયા નથી. બીજી વાત એકે એ જે કરે છે તે પહેલાં તીર્થંકરને માલમ પડયું છે કે મારે માટે કરે છે, પહેલા આભિયોગિક દેવતાઓને મોકલ્યા છે. પછી વંદણા કરી સમવસરણ કર્યું છે. તમારી દ્રવ્ય દયાની અપેક્ષાએ તીર્થંકર મોટા હિંસક ગણાય. ક્ષણવાર દેશના સાંભળે તેટલો વખત ભાવદયા હોવાથી અમારે વાંધો નથી, પણ પૂજા પ્રભાવના વખતે ભાવદયા કીંમતી નથી. તેમને વિચારવાનું છે કે ભાવદયાની જડ કયાં છે? મોક્ષ છે, તેના ઉપાયો છે. આ બે વસ્તુનું માનવાપણું. હું ભાવમાર્ગને પામ્યો છું તો ચંદનના લાકડાની માફક મારે બીજાને સુગંધી કરવા જોઇએ, ચંદનને છેદીએ ભેદીએ બાળીએ ને ઘસીએ તો પણ સુગંધ આપે, તેમ આપણે મરણાંત વખત હોય તો પણ ભાવદયાનો સંસ્કાર ભુસાવો ન જોઈએ.

સર્પ મટીને ફુલની માળ કયારે થઈ હશે?

તમે નવકારની વાતમાં સાંભળો છો કે ધણીએ બાયડીને કહ્યું કે ફૂલની માળા અમુક જગો પર છે, ત્યાંથી લાવ. આ વચન સ્ત્રી ઉપરના દ્વેષને લીધે સર્પ જે જગો પર છે ત્યાંથી ફૂલની માળા લાવવા રૂપે કહેલ છે. તમે ઘરના કામ કરો છો ને કરાવો છો. પણ આ સ્ત્રીને માળા લેવા જતાં નવકાર કઈ દૃષ્ટિએ સૂઝયો હશે? જ્યાં ઘર છે. રાત દહાડો રહેવાનું છે, ત્યાં ભય શ્યો? ઘરના દાદરા અંધારી રાત્રે ઉતરો છો તેમાં ભય લાગતો નથી, તો પરિચય થયો હોય ત્યાં ભય નથી. એવી જગો પર ભય હોય તો માત્ર કેટલો ભય હોય? દહાડે ભય કેટલો હોય? એટલા ભયમાં જેણે નવકાર યાદ કર્યો તે કેવી સંસ્કારવાળી સ્થિતિ હોવી જોઇએ? આવા નજીવા ભયમાં નવકાર ઘેર કેટલો યાદ કર્યો? તમને

ભાવ ઉપાશ્રયનો નવકાર આવડે છે. આત્માને અંગે જ્યાં જ્યાં બાધાનું સ્થાન ત્યાં નવકાર આવતો નથી. વિચારજો ધણી હુકમ કરે છે. કૂતની માત્રામાં હેના નવકાર ગણવાનો સંસ્કાર કેટલો રોપવો જોઈએ ? ઘેર કામ કુશળ વિગેરે કરતાં નવકાર ગણો છો ? ઘરના સાધારણ કામમાં નવકાર ક્યારે આવ્યો હશે ? કૂતની માત્રામાં દષ્ટિ ઘણી ધો છો પણ આ ધ્યાને દેખો છો ? આવા સાધારણ ગણવા ભયમાં મારું મરણ ન બગડે, એ ધારણાએ ભાવનામાં નવકારનું સ્મરણ. એઓ મહાવીર પ્રભુને, પાંચ પરમેષ્ઠિને તરણ-તારણ કેવા ગણતા હશે ? એના નમસ્કાર મને ફળી મોત મળે તો આશ્ચર્ય નહિં. વિચારજો એક બાહ્ય મરણના સંકલ્પમાં પંચપરમેષ્ઠિ વખતે મરણ મળે તે મરણ પણ સારું છે. પોતાના જીવન કરતાં પંચ પરમેષ્ઠિનું સ્મરણ કિંમતી ગણ્યું, એક શબ્દ પણ જિનેશ્વરની વાણી કિંમતી હોય તેને સાધુ પાસે જવાનો, જીનેશ્વરની પૂજાનો હક છે. દ્રવ્યપૂજા ન કરવી પડે માટે સામાયિક લઉં, તો બાયડી છોકરા કરતાં કરતાં બાયડી છોકરી છોકરા સંભાળવાને દ્રવ્ય પૂજા ન કરવી તે કાંઇ સમજણ નથી. ભાવદયાની પ્રાપ્તિ વખત દ્રવ્યદયાની વિરાધના વગર ભાવદયા મળતી હોય તો દ્રવ્ય દયાની વિરાધના કરવી જોઇએ એમ કહેતા નથી. દ્રવ્ય પૂજા દ્રવ્ય અને ભાવદયાનો વિભાગ ન જાણે તેને ભાવદયા રહે ખરી ? ભાવદયા વાસ્તવિક છે.

અજ્ઞાની મનુષ્ય કહી દે તે બાનું છે ? અજ્ઞાનીઓ મહાવીરના ઉપદેશને ગપ્પા માનતા હતા, ચોર હોય ચોરી કરી નીકળ્યો હોય તો પોતે જ ચોર રે ચોર રે કરતો નાસે, મોટા જીવને મારનારા, માનો બાપનો ગાયનો બોકડાનો યજ્ઞ કરનારા, માટે પહેલાં તો તમે મા બાપ ગાય, પોઠ, બકરાને રેંસનારા, ઘાતકી રીતે એમને મારી નાખો છો, ચાલની વાત કોરાણે મૂકીએ. કાશીનું કરવત માનનારા શું જોઇને બોલે છે કે, જૈનો મોટા જીવને મારે છે. બાયડીઓને ઉભીને ઉભી ચિત્તામાં સળગાવનારા ઘાતકી એ તમે જૈનોને નાના જીવ બચાવનારા ને મોટાને મારનારા એમ શી રીતે કહી શકો છો ? મારે છે કોણ ? સળગાવો, ચીરો, બાળો તમે કહો ચોર રે, ચોર રે, ચોર રે એમ બૂમ મારે છે. અણુસણ ક્યારે કરવાનું છે ? જ્ઞાન દર્શન ચારિત્ર દ્વારાએ નિર્જરા કરતો હોય ત્યાં સુધી અણસણ કરવાનું નથી. લાભ હોય ત્યાં સુધી શરીર વહન

કરાવનાર વિચારો આગળ રજુ થાય છે. હવે માતા-જનેતા તેને અ
પુત્રે વિચાર કર્યો કે દુઃખી કરૂં, દુઃખી કરવાની બુદ્ધિએ દુઃખી કરૂં તે
નહિં. મારી ઉપરથી રાગ ખસેડવા માટે દુઃખી કરૂં, માટે પોતે હેર
થઈ માને હેરાન કરી. પણ બચ્ચો હેરાન શું કરે? એ છોકરાએ વિચાર
કે કયે રસ્તે હેરાન કરી શકું? એક જ રસ્તો, હું રોતો જ રહું. મા
ત્રાય ત્રાય પોકારાવવી તેનો એક જ રસ્તો, અંતે છ મહિને બાઈ ત્ર
પોકારી ગઈ, પાડોશી પણ ત્રાહી પોકારી ગયા. જ્યાં ધનગિરી વહોરાવ
આવ્યા છે. જ્યાં ગોચરીનો ટુકડો લેવા આવ્યા છે ત્યાં લે છોક
નહીંતર ટુકડો લેવા આવનારને છોકરો કોણ દે? કહો એવી કંટા
ગઈ, તેમાં પેલા ના કહે છે કે પાછો માંગીશ. રહેવા દે. તો પણ કી
કે નહિં માગું, પાડોશીઓ સાક્ષી ક્યારે થયા હશે? પાડોશીર
ગણુતા હતા કે છોકરો જાય તો બાઈ સુખી થાય. તેથી પાડોશીર
સાક્ષી થયા. બાઈએ ને પાડોશીએ તો લપ કાઢી, પણ વજ્રસ્વામી
તો કામ થયું. આવા પરિણામ જન્મથી કેમ? કહો પહેલા ભવ
આરાધનાને લીધે, પહેલા ભવની આરાધના સારી હોય તો વિરૂદ્ધ શ
પણ કામ કાઢી નાખે. સર્વાર્થસિદ્ધથી જે ચવી મનુષ્ય થાય તે મોક્ષે
જાય. જો પહેલાનું ફેર ચાલવાનું હોત તો તે ભવમાં નિયમ રખા
નહીં. આથી દેવતાનો ભવ વિસામા તરીકે, તો ઇચ્છવા લાયક ન રહ્
તો દેતતાના તથા મનુષ્યના ભવ ઇચ્છવાલાયક નહીં. આમ વિચારે
ચારે ગતિથી નિર્વેદ થયો, ત્યારે જ મોક્ષ સિવાય બીજે દૃષ્ટિ નહ
દૃષ્ટિ ન હોવાથી સંવેગવાળો ગણ્યો ને એથી શમપરિણામમાં જીસ
જાય, તેમ ક્રિયાનો ઉત્પત્તિનો ક્રમ છતાં શમ-સંવેગાદિ અનુક્રમ કહ
તેમ અહીં પણ સામાયિકમાં મુખ્યતાનો અનુક્રમ લે છે. તેનું વિશે
સ્વરૂપ અગ્રે જણાવશે.

પ્રસંગે ત્રીજને દિવસે ચોથ ગણે તે માયામૃષાવાદી છે,
સંબંધમાં જણાવવાનું કે ઉદયાતિથિ હોય તો તેમાં ફેરફાર કરવાનું
હોતું નથી. ફેરફાર ક્યાં છે? ક્ષય હોય ત્યારે. હવે એમ કહેતા
હોય કે ત્રીજ હોય ને ચોથ કેમ કહેવાય? તો તેરસને દહાડે ચૌદશનો
ક્ષય હોય તો ચાદશ માને? તો ક્ષય કરેલી છતાં માને નહીં ને વળગાડે
તેને મૃષાવાદી જરૂર કહેવો.

બે કાર્ય એક તિથિએ કરો એમ કહે છે. પણ બોલવું ઘણું સુંદર છે. જેમને બાર તિથિના પચ્ચખાણ હોય તે એક દહાડામાં બે દહાડાનાં કાર્ય શી રીતે કરશે ? જે કેટલીક તપસ્યાની ક્રિયા પણ કરી શકો, જે દિવસને અંગે જે ક્રિયા કરવાની તેમાં શું કરશો ? ત્રીજા મુદ્દામાં આવ્યા છે ? પંચાગીમાં કયાં લખ્યું છે ? પહેલાં તો પુનમની પકખી કરવી તે પંચાગીમાં કઈ જગોપર છે ? બે પર્વતિથિ હોય તો પહેલાંનો ક્ષય કરવો પડે, તેરસને દહાડે તો ચૌદશ હોય ને ચૌદશને દહાડે પુનમ હોય છે

પ્રવચન ૧૬૬ મું

શ્રાવણવદિ ૯, સોમવાર,

શાસ્ત્રકાર મહારાજાએ સામાયિક પ્રતિક્રમણ વિગેરે નવ કાર્યો બતાવ્યા, તેમાં સામાયક પ્રથમ કયા મુદ્દાએ કહ્યું ? પ્રવૃત્તિમાં હમેશા એક પછી બે પછી ત્રણ તેમ અનુક્રમે ચઢે છે. તેમ પ્રવૃત્તિમા પહેલી પૂજા દાન વિગેરે કરતાં સામાયિક છેવટે આવે, સામાયિક ક્રિયા ક્રમને અંગે છેલ્લી ચીજ છતાં શાસ્ત્રકારે પહેલી કેમ કહી ? તેના ઉત્તરમાં જણાવ્યું કે આ અનુક્રમ ક્રિયા ક્રમની અપેક્ષાએ નથી. દેશનાના ક્રમમાં ક્રિયા ક્રમ ન રાખતાં યથાપ્રાધાન્ય ક્રમ રાખવામાં આવે છે, તે અપેક્ષાએ પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ દેવો, તે ન લઈ શકે તો દેશ વિરતિ ઉપદેશ દેવો ને તે ન લઈ શકે તો પછી સમ્યકત્વનો ઉપદેશ દેવો. હવે આ જગો પર એક વાત ખ્યાલમાં લેવાની છે. મહાવ્રતનો ઉપદેશ દેવો તે અમલમાં ન મૂકી શકે તો દેશવિરતિનો ને તે પણ અમલમાં ન મુકી શકે તો સમ્યકત્વનો ઉપદેશ દેવો પણ આ ક્રમ આપણી સમજણની બહારનો છે. સર્વ વિરતિના ઉપદેશમાં દેશ થકી છોડવાની વાત નથી આવતી ? જ્યારે તે વાત આવી ગઈ તો સર્વવિરતિ ન લઈ શકે તેને દેશવિરતિનો ઉપદેશ દેવો તે શું ? તેમ મૃષાવાદનો સર્વ વિરતિવાળાને સૂક્ષ્મ બાદર બન્ને પ્રકારે ત્યાગ કરવાનો ઉપદેશ દીધો હતો, તો બાદર ત્યાગનો કયો ઉપદેશ બાકી રહ્યો હતો કે જેથી બાદરનો ઉપદેશ આપો છો. હિંસા છોડવાનું કહો તેને ત્રસ સ્થાવર સાપેક્ષ નિરપેક્ષ બધા બંધ કરવાનું કહો, મૃષાવાદમાં નાનું ને મોટું, ચોરીમાં મોટી કે નાની, મૈથુનમાં પરિગ્રહમાં સ્વસ્ત્રી કે પરસ્ત્રીનો ત્યાગ કરવાનું કહો તો દેશ

અને નિરવદ્ય બન્ને વ્યાપારમાં સાવદ્યનો ત્યાગ ને અનવદ્યનું સેવન. એ છમાં પહેલો અધિકાર છે. છ આવશ્યક સામાયકમાં મૂળ ભૂમિ તરીકે ર.ખ્યાં ને તેથી આગળ વધી શકે છે. સામાયકનું ધ્યેય ચૂકી જાય તો છ આવશ્યક બની શકે નહિં. પૌષધ ચાહે આહાર બ્રહ્મચર્ય શરીરસત્કાર કે અવ્યાપાર પૌષધ, તે બધું કર્મ બંધનના કારણો માની છોડે છે. તેમ જ પૌષધ સાથે સામાયક લઈએ છીએ. કહો પૌષધ એ સામાયિકની સાથે રહેનારી ચીજ. પૌષધમાં સામાયિક સાથે રહેનારૂં, તો પૌષધ સામાયિકની ઉલટી દિશાએ મનાય નહિં, સામાયક પૌષધ પ્રતિક્રમણ એ તો સામાયકના શરીર, તેને વસ્ત્રો પહેરાવ્યાં, શણગાર ચડાવ્યો, અથવા લાંબી મુદત કરી પણ પૂજા-દાન-તપ-વિલેપન વિગેરે છ કાર્યમાં સામાયિકનો ઉદ્દેશ શી રીતે જણાવો છો?

સામાયિકમાં શેઠાઈ બતાવવાની છુટ નથી.

પ્રશ્ન કરનારને ત્યાગ ધર્મ સંવર ચીજ છે. આશ્રવ કેવી ભયંકર ચીજ છે. બંધ ખરાબ કરનાર છે વિગેરે લક્ષ્યમાં આવ્યું નથી. ત્યાગ સાંભળી ગભરામણ થાય છે. આપણામાં પદ્ધત્તિ પડી જાય છે, પછી શું થાય છે? વારંવાર કહેવામાં આવ્યું છે કે સામાયિક સાધુપણાની સ્થિતિ હોવી જોઇએ, પણ સામાયિક કે પૌષધમાં સોનાની અગર ચાંદીની દાંડીવાળો ચરવળો જોઈએ, બેઘડીના સામાયકમાં તે તરફ કેમ જાવ છો? અહીં શેઠાઈ દેખાડવાનું આ સાધન છે? અમસ્થો કંઠી નહીં પહેરે, પણ પોસહ કરવા જવું હોય તો કંઠી કાઢે. ઉલટું પોસહમાં ઘરેણું જોઈએ કેમ? આમ સમણો इव सावओ સામાયિક કર્યું એટલે સાધુ જેવો શ્રાવક. સાધુ જેવા બનવું છે કહેવડાવવું છે ને દેખાડવી છે શેઠાઈ. કટાસણું મુહપત્તી પણ રેશમથી ભરેલી. તમને ઉપગરણની છૂટ આપી કે શેઠાઈ બતાવવા છુટ આપી છે? શા માટે આ સ્થિતિ થાય છે? એક બાજુ વ્રતની સ્થિતિમાં તમારૂં ધ્યાન બગડે છે. બીજી બાજુ ધર્મને સ્થાને ગયો ત્યાં અમુક દાગીનો ખોવાયો એવી બૂમ મારો છો. પ્રાચીન કાળમાં જેઓ અમુક હાર વગર બહાર ન નીકળે તે સામાયિક કરતી વખતે કોરાણે મૂકી સામાયક કરે, તમે સામાયક લેતા સાવદ્ય યોગનો ત્યાગ કર્યો છે કે નહિ? તો પરિગ્રહ સાવદ્ય કે નિરવદ્ય માનો છો? રૂપા હીરા મોતી સોનાને નિરવદ્ય માનો છો? બાઈઓ સૌભાગ્યના ચિન્હ તરીકે રાખે છે તે વાત જુદી છે પણ વગર જરૂરી

વસ્તુ તે વખતે રાખીએ તેનો અર્થ સાવદ્યનો ત્યાગ થયો ? ચોક્કસ સ્થિતિએ ત્યાગની સ્થિતિમાં શાસનની શોભા, સામાયિક સિવાયમાં ચાહે તેમ કરો. ઘેરથી દેરે જતાં સર્વાંગ સજી આખા કુટુંબ સહિત વાજતે ગાજતે જાવ. તેમાં શાસનની શોભા દેખાડી છે. કોને ? દરેક સદ્ગૃહસ્થે સર્વાંગ સજી કુટુંબ સહિત વાજતે ગાજતે રોજ દેરે જવું જોઈએ. શાસનની શોભા ત્યાં છે. શાસનની શોભાનું બાનું તેમાં ચાલે નહિં. તે બાને સામાયિક મલીન કરી શકો નહિં. न करेमि न कारवेमि એ પચ્ચખાણ થાય છે ને આ બધું શું ? કહેવાની મતલબ કઈ ? પૌષધ સામાયક પ્રતિક્રમણ આ ત્રણ વખતે બેઘડી કે એક દહાડો સાધુપણાની છાયા રાખવા માટે વ્રત દેખાડયું, તે વ્રતમાં તે છાયા ન પડે તો શું વળે ? મૂર્છા કોનું નામ કહે છે ? સામાયિકમાં ધર્મોપગરણ સિવાય વસ્તુ રાખે તો મૂર્છા, અહીં સવાલ થયો કે પર્વ દિવસે બધા અહીં આવે, ઘર સાચવે કોણ ? તો અહીં નિરવદ્યપણું કયાં રહ્યું ? આજકાલ તો બેંકોમાં ખાતા હોય છે. પહેલા કાળમાં એ સ્થિતિ ન હતી. જેવા સાધુને દેખો છો તેવા તમે બેઘડી તો દેખાવા જ જોઈએ. દેખનારને સાધુપણાની ભાવના આવે. તમારા અંતઃકરણમાં સાધુપણાની ભાવના હોય ત્યારે 'સમણો ઈવ સાવઓ' કહેવાય. અંદરની પરિણિતિ દૂર રહી. બહારના નાટકીયા તો બનો.

નાટકીયો વેષ બરાબર ભજવે છે.

એક માણસ નાટકીયો બહુરૂપી હતો. તેણે સાધુ દેખ્યા. તેણે વિચાર્યું કે આ સાધુનો પણ એક વેષ છે. બહુરૂપી વેષ કરવામા લજાય નહિં. એને તો જુદા જુદા વેષ કરવા તે તત્વ છે. નવાણું વેષ શીખ્યો છું પણ આ વેષ શીખ્યો નથી, તે માટે પાછળ સાથે ચાલ્યો ગોચરીમાં ઠલ્લેમાં પડિલેહણમાં જોડે રહે. પાંચ પંદર દહાડા થયા, શિક્ષણ મલ્યું, છુટો પડયો. કોઈક રાજાને ત્યાં નવાણું દહાડા નવાણું વેષ કાઢયા. રાજાને આપવું છે પણ તેની પાસે કેટલા વેષ છે તે જોવા દે. નવાણું વેષ કાઢયા. સોમે દહાડે સાધુનો વેષ કાઢયો. સભામાં ગયો. ધર્મલાભ. પરીક્ષા કરવા ભંડારીને દસ હજાર આપવાનું કહ્યું. થાળ ભરી આપવા માંડયો, ના કહી. દસ હજારના થાળ આપે છે હાથ ન ધર્યો. મેલી ઘો મેલી દેવડાવ્યા ધરમ લાભ કહી નીકળી ગયો.

માગણીમાં ચૌદ મુગટબદ્ધ રાજામાં વાત કરવી તેમાં શરમ નથી. નિરાધાર કરી મેલી દીધી, તેમાં શરમ નથી. બધું અપમાન. એક ઘડીનું પણ દીક્ષામાં મોડું કરવું તે આગળ કશી પેલી વિસાતમાં નથી. ઉજ્જેણીના કાંકરા દેખાડું પછી દીક્ષા લેજે, તે પણ કહેવાયું નહિં. આવા બેશરમાને અભ્યંતર જીવન વખત આવી શરમ.

અભ્યંતર જીવનની શરમવાળા માર્ગ-સન્મુખ થાય છે

બેશરમાને અભ્યંતર જીવનની શરમ લાગે તો સમજવું કે અંતઃકરણ વિંધાયું છે. સાધ્યમાં બાહ્યજીવન કે સાધન ભસ્મીભૂત થાય તો પણ અભ્યંતર જીવન કે તેનું સાધન ઊંચું કીંમતી લાગે, ત્યારે અંતરાત્મદૃષ્ટિ છે. જ્યાં સુધી બહિરાત્મજીવનને કોડી નહિં ગણો ત્યાં સુધી અંતરાત્મપણું આવ્યું નથી, આ જીવે અભ્યંતર જીવન ને તેના સાધનોને જરૂરી ગણ્યા હોય તેવો વખત અત્યારે આટલી ચઢતીમાં નથી તો પહેલાં ક્યાંથી હશે ? શાસ્ત્રકાર કહે છે કે વિંધેલું મોતી મેલું થાય કચરો ભરાય તો પણ અણુવિંધ્યું થાય નહિં. એમ આત્મામાં એક વખત અભ્યંતર જીવનની કીંમત ગણાઈ, બાહ્યજીવન નિરસ લાગ્યું તેના સાધનો નિરસ લાગ્યા તે જીવને જ્યારે પ્રસંગ મળે ત્યારે તૈયાર થાય. નિગોદમાં ઉતરી ગયો પાછો બહાર આવે તો એવોને એવો. ભગવાન મહાવીરનો જીવ કેઈ વખત રખડી ગયો. સત્તાવીશ ભવનો વખત વધારે નથી. વધારે વખત રખડપટ્ટીમાં છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયપણામાં વધારે વખત ગયો છે. નારકી તિર્યંચ મનુષ્ય દેવતાનો વખત ગણતરીમાં લીધો છે. કોડાકોડ સાગરોપમમાં મરીચિને મહાવીરના ભવ વચ્ચે આંતરું કોડાકોડ સાગરોપમનું છે. તેમાં બસો પચીસ સાગરોપમ તમારા હિસાબમાં, ત્યારે ૨૦૦ કે ૨૨૫ સાગરોપમ સિવાયના કોડાકોડ સાગરોપમ રખડપટ્ટીમાં ગયા. આમાં કેઈ વખત રખડયા, ઉંચે આવ્યા પાછા રખડયા. કેઈ વખત રખડવા છતાં પાછા ઉંચે આવ્યા. કેમ ? કહો વિંધાયું મોતી પછી ધૂળમાં કે કચરામાં પડે તો પણ અણુવિંધ્યું ન ગણાય. તેમ અંતર જીવનને જરૂરી ગણનારો થાય, બાહ્યજીવનને બીનજરૂરી ગણનારો થાય. બીજાના આત્માના અંતર જીવનના સાધનો માટે તૈયાર થાય. આ સ્થિતિએ આવે અને નિગોદમાં ઉતરી જાય અને પાછો આવે તો પણ તૈયાર. અંતરજીવનને કીંમતી, અંતરજીવનના સાધનોને કીંમતી

ગણુતા શીખ્યો છે. અંતરજીવનના સાધનોનો એક અંશ બીજાને થતો હોય તો મારા બાહ્યજીવન કયા હિસાબમાં નથી-એમ ગણુતો હોય તો પછી એ સમ્યકત્વ પામેલો અર્ધપુદ્ગલ પરાવર્તમાં મોક્ષે જરૂર જાય. એ માટે અહીં ધર્મરત્નના અર્થી બનો. ત્યાં સુધી આ ચીજ જરૂરીયાત નહીં લાગે.

નીતિકાર કહે છે કે તેને વાયુનો રોગ થયો છે. ભૂત વળગ્યું હોય, તેમ ઉપદેશ દેનારને ભૂત વળગ્યું છે, વાયુનો રોગ થયો છે. જે શ્રોતાઓ અર્થી ન હોય અને એની આગળ લાંબા વચનો કહે, ત્યારે સમજવું કે વક્તાને વાયુનો રોગ અથવા ભૂત વળગ્યું છે. અંતરજીવનનું સાધન બીજાને મેળવી આપવું હોય, તે આગળ ત્રણે જગત તૃણ સરખા ગણનારા બાહ્યજીવનને તેના સાધનને ઓછી ગણનારા થાય. એ માટે ધર્મરત્નના અર્થી જીવોને માટે આ ઉપદેશ છે. અનર્થી જીવોને માટે આ ઉપદેશ નથી. પૈસા કમાવાનો છોકરા મેળવવાનો માન આબરૂ મેળવવાનો ઉપદેશ નથી. કેવળ જીવનનો ધર્મરત્નનો ઉપદેશ છે. હવે ધર્મરત્ન અભ્યંતર જીવન કેમ ખીલે તે વિગેરે અધિકાર અગ્રે વર્તમાન.

પ્રવચન ૧૭૨ મું

ભાદરવા શુદી ૧૦ બુધવાર

શાસ્ત્રકાર મહારાજા ધર્મરત્ન પ્રકરણ કરતાં શ્રાવકના અક્ષુદ્રતા વિગેરે ૨૧ ગુણો કહ્યા તે ગુણો જાણ્યા પછી કોણ તેમાં પ્રવર્તિ કરે? જૈનશાસ્ત્રના હીસાબે જ્ઞાન અને પ્રવૃત્તિ જુદી ચીજ છે. તેથી જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે એમ કહી જ્ઞાન અને ક્રિયા બન્ને જરૂર જણાવે છે. ક્રિયા વખતે જ્ઞાન-શૂન્યપણું રાખવાનું કહેતા નથી. મોક્ષ દેનારી ચીજ હોય તો તે ક્રિયા છે. જ્ઞાન મોક્ષ દેનાર નથી. તેજ વસ્તુ કારણ ગણાય જેની પછી સીધું કાર્ય થાય. બીજું વસ્તુ કારણનું કારણ હોય, સામાન્યથી દુનીયા બીજને અંકુરાનું કારણ કહેશે, પણ એ બીજ ખાઇ ગયા, શેકી ભુંજી નાખ્યું, એ અંકુર કયાં થયો? અંકુરનું કારણ વાવેલું બીજ પણ નહિ. અરે વરસાદ પડયો જમીન ખેડી, બી વાવ્યું, એટલામાં કોઇકે દાણો અંદરથી કાઢી લીધો તો અંકુરનું કારણ કયું? કહેલું બીજ અંકુર થાય.

સાંભળ્યો પણ શ્રવણ માત્રમાં રહો ને જ્ઞાન વિજ્ઞાન પ્રત્યાખ્યાન તરફ ન ઉતરો તો શ્રવણનું ફળ ન મળે. પણ કારતકે કણુબી ગાંડો બને તેનું શું ? જેઠ અષાડમાં વાવેતર કર્યું રક્ષણ કર્યું ને કારતક મહિને ગાંડો બન્યો તેનું શું થાય ? એમ અહીં સાંભળ્યા વગર જ્ઞાન વિજ્ઞાન માગે તે કારતક મહિને ડાહ્યા થયા ગણાય, પણ સાંભળે અને ફળ વખતે ભાગી જાય તે કારતક મહિને ગાંડો બન્યો તેના જેવો ગણાય. શ્રવણ પામનારા જ્ઞાન વિજ્ઞાન પ્રત્યાખ્યાન તરફ ન વળે તે કારતક મહિને ગાંડો થયો ગણાય, તે અહીં ન જોઈએ. અહીં તો એકવીશ ગુણો ધર્મ રત્નને માટે બતાવ્યા છે, જેમને ધર્મ તરફ લક્ષ્ય હોય તેના અર્થીએ ગુણોને અંગે પ્રયત્ન કરવાની કેવી જરૂર છે તે અધિકાર અગ્રે વર્તમાન,

પ્રવચન ૧૭૨

ભાદરવા શુદી ૧૧ ને ગુરૂવાર

सम्मत्ता उ चरित्तं अहवा होज्जा इमेहिं गहणं तु।
सवणे णाण-विणाणे पमाहि गाहण चरित्ते ॥ १४८॥
પંચ કલ્પ ભાષ્ય

શાસ્ત્રકાર મહારાજા ધર્મ રત્ન પ્રકરણ રચતાં શ્રાવક ધર્મને લાયક ૨૧ ગુણો આગળ જણાવી ગયા. તે સાંભળવાથી શ્રવણ નામનો પ્રથમ ભેદ થયો. પ્રથમ શ્રવણ, તે થવાથી બીજા નંબરે જ્ઞાન એટલે પદાર્થનો બોધ. તે થવાથી ત્રીજા નંબરે વિજ્ઞાન હેયને છાંડવા લાયક સમજે ને ઉપાદેયને આદરવા લાયક સમજે. જે બાકી રહ્યા તે પદાર્થને જ્ઞેય એટલે જાણવા લાયક પદાર્થની કોટીમાં નાખીએ, આ વિજ્ઞાન. સામાન્ય પદાર્થ માત્રથી જ્ઞાન, હેય ઉપાદેય વહેંચણથી જ્ઞાન તે વિજ્ઞાન, અને ત્યાર પછી જ છાંડવા લાયકની તથા આદરવા લાયક પદાર્થની પ્રતિજ્ઞા કરવાનો વિચાર થાય. તેથી તે શ્રવણ પછી થનારૂં જ્ઞાન તે વિષય પ્રતિભાસ, માત્ર પદાર્થને દેખાડે, નાના બચ્ચાંની હીરા પર દૃષ્ટિ ગઈ. કહો આ પદાર્થ છે. એમ બાળકે જાણ્યું : પદાર્થ છે એમ જ્ઞાન થયું એ કીંમતી છે કે કેમ ? વીંછી સાપને દેખ્યો વીંછી કે સાપ છે માટે છોડવા લાયક છે એ તરીકે ખ્યાલ નથી ગયો. પદાર્થ દેખે, શબ્દો સાંભળે પદાર્થનું જ્ઞાન થાય પણ એટલા માત્રથી છાંડવા

લાયક કે આદરવા લાયકનો વિભાગ બાળકને આવતો નથી. તેમ જે વિષય પ્રતિભાસ જ્ઞાનવાળાને વિભાગ કરવાનું વિશિષ્ટ જ્ઞાન, તે ત્રીજા પગથીયા તરીકેનું છે. હેય ઉપાદેય પદાર્થનું તે તરીકે જ્ઞાન થાય તે ત્રીજા પગથીયામાં છે. તે જ્યારે જાણે તે આદરવા લાયકને આદરવા જાય, હેયને છાંડવા જાય. નંગ ખોવાઈ ગયું, દેખ્યું, પહેલાં દેખ્યું કે આ હીરો, બીજી વખત દેખો તો કે મારો હીરો, પછી ત્રીજું જ્ઞાન થાય એટલે પચ્ચખાણ થાય, સમ્યગ્દર્શનાદિના કારણ કાર્યસ્વરૂપ જે કાર્યો-વર્તન, તે કરવા જોઈએ. તે કરવાની પ્રતિજ્ઞા કરવી તેમ છાંડવા લાયકના પચ્ચખાણ કરે, સાવદ્ય વ્યાપાર મને હેરાન કરનાર માટે પચ્ચખાણ કરૂં છું. ઉપાદેયની અને હેયની પ્રતિજ્ઞા થાય ત્યારે પચ્ચખાણું થયું.

નિર્જરાબીજ ૧૪મા ગુણઠાણે ક્રમે લઈ જાય

પચ્ચખાણ ન થાય ત્યાં સુધી વિરતિ નથી. સાવદ્યકાર્ય ન કરીએ વિરતિ ન કરીએ ત્યાં સુધી, સંજમવાળા નથી. પ્રતિજ્ઞા કર્યા વગર સંયમ આવતું નથી. 'શ્રવણે નાણે વિન્નાને પ્રતિજ્ઞા થાય ત્યારે જ સંજમ. હિંસાદિકના સાવદ્યના કર્મદ્વારો બંધ થાય. પચ્ચખાણ કરવાથી સંજમ થયો અને આશ્રવ રોકાયા. સ્વાભાવિક આત્માની દશા કર્મ તોડવાની છે. આ આત્મા કર્મને રજ પણ રહેવા દે તેવો નથી, પણ કર્મનો ગુલામ બને તે વખતે તાકાત નથી. જ્યાં કર્મ રોકાયા ત્યાં કર્મની ગુલામી ઓછી થાય. કર્મનું ઓછાપણું થાય એટલે શુભ ધ્યાન થાય, એથી નિર્જરા થાય, નિર્જરા બીજ છે. બીજથી અંકુર થડ ફૂલ ફળ થાય, તેમ નિર્જરા અંકુર છે; તે ચૌદમે ગુણઠાણે લઈ જાય એટલે ત્યાં મોક્ષ જરૂર છે. આ અનુક્રમમાં એકવીસ ગુણ સંભળાવ્યા એટલે શ્રવણ થયું. એકવીસ ગુણનું જ્ઞાન થયું. હવે જો વિજ્ઞાન ન થાય તો ફળ ન મેળવી શકીએ, સાપને સાપ રૂપે હીરાને હીરા રૂપે ન દેખે, તેણે સાપ કે હીરો દેખ્યા તેમાં વળે શું ? હીરાની કિંમત ન જાણી, કિંમતી ન જાણ્યો, સાપને નુકશાન કારક ન જાણ્યો તો શું વળે ? તેમ એકવીસ ગુણ સાંભળ્યા એટલે શ્રવણ પગથીયું થયું, જાણ્યા એટલે જ્ઞાન પગથીયું થયું, પણ વિજ્ઞાન પગથીયું ન થયું તો પહેલા બેમાં શું વળે ? માટે ધર્મ રત્નના અર્થીએ ૨૧ ગુણને ઉપાર્જન કરવા પ્રયત્ન કરવો. એકવીસ ગુણો ઉપાદેય ગણી તે મેળવવા પ્રયત્ન કરવો. ધનની

ધર્મનું પરિમાણ આત્માના પરિણામ ઉપર આધારિત છે.

ધૂળથી ધાન, ધાનથી સોનું, સોનાથી મોતી ને મોતીથી રત્ન જે મેળવાય તે, વધારે ખરચીએ ને થોડું મળે, તે ચઢતા ગણાય. તેમ થોડો ધર્મ રત્ન હીરા સોના ચાંદી મેળવી આપે, પણ હીરા મોતી વિગેરે ધર્મને મેળવી આપતા નથી. હવે કહેશો કે ધન હોય તો જ ધર્મ થાય છે. બન્ને પરસ્પર છે, ધર્મ કર્યો હોય તો ધન મળે, ધન હોય તો ધર્મ થાય. પરસ્પર છે, ના કેમ કહો છો? જે ધન તે ધર્મનું મુખ્ય કારણ નથી, તેથી સામાયક પ્રતિક્રમણ પૌષધ પરિષહ ઉપસર્ગના સહનને ધર્મ ગણી શકો છો. જો ધર્મ સાથે ધનનો સંબંધ હતે તો શીલ તપ ભાવને ધર્મ કહેવાનો વખત ન હતો. પરિષહ ઉપસર્ગ સહન ચારિત્ર ધ્યાનને ધર્મ કહેવાનો વખત ન હતો. તપ શીલ ભાવ યાવત્ ચારિત્ર ઊંચામાં ઊંચા ધર્મ છે. ધનના પ્રમાણમાં ધર્મનું પ્રમાણ નથી. ૧૦૦ ને હજાર લાખ ને ક્રોડ ખરચ્યા તેનો કેટલો ધર્મ? ધર્મનું પ્રમાણ નથી. પ્રમાણ આત્માની પરિણતિ સાથે સંબંધ રાખે છે. પાંચ રૂપીઆ ખરચ કરનારા શુદ્ધ પરિણતિવાળો હોય તો, ને ક્રોડ વાળો તેવી પરિણતિવાળો ન હોય તો પાંચવાળો તેથી અધિક ધર્મ કરી જાય છે. ધર્મનું પરિમાણ ધન ઉપર આધાર રાખતું નથી. ધર્મનું પરિમાણ આત્માના પરિણામ ઉપર આધાર રાખે છે. નિર્વાહ સાથે તો ધનનું પરિમાણ ખરૂં ને? નિર્વાહના સાધન વગર ધર્મના પરિણામ ક્યાંથી થાય? તે પણ નથી. લાખો લોકો નિર્વાહ જેટલા સાધન ધરાવે છે, કેટલા ધર્મના પરિણામવાલા દેખ્યા? કેટલાક નિર્વાહના સાધન વગરના આજ કમાયો ને આજ ખાધું, કાલનું કાલ, તે ધર્મ કરી ન શકે? બીજી બાજુ ધર્મના પરિણામને ધકકો મારનાર ધન છે, એ પૈસા વધ્યા પછી આચરણ દેખો. આથી ધનવાળા ધર્મ ન જ કરે તેમ કહેતો નથી.

ધનનો આધાર ધર્મ ઉપર છે, ધન સાથે ધર્મનો આધાર નથી

ધનના પરિમાણ ઉપર ધર્મનું પરિમાણ લેવા જાવતો બંધ બેસવાનું નથી. નિર્ધનપણામાં ધર્મ કરવો ન કરવો બન્ને બને છે, ધનાઢયમાં પણ બને છે. ધનનો સંબંધ ધર્મ સાથે જ છે. ભાગ્ય વગર ધન કોઈને મલ્યું નથી, ધન જેને મલ્યું છે તેને ભાગ્યથી મલ્યું છે. સોરટીમાં ગવર્નર કલેકટરની પાકતી નથી ને ગરીબની ટીકીટ પાકે

ભાય છે, તો અહીં પણ ધરમ કરનાર જ ધન મેળવે છે, આપણે ક્રોડ પતિને ઘેર જન્મ્યા તો, લાખોની પુંજીવાળાને ઘેર જન્મ્યા તો? લાખોની પુંજીવાળાને ઘેર જન્મ્યા હોઈએ તો લાખોના લેણદાર શાથી? આ પણ એક સોરટી, પહેલા ભવમાં જન્મની ટીકીટ લીધી તે અહીં પાકી. ભાગ્ય હતું તો દેણદારને ત્યાં જન્મ્યા. નિર્ભાગી દેણદારને ત્યાં જન્મે, કર્મની સોરટીમાં બેએ વાના છે. કરોડો ને, લાખો કમાવ ને ખુઓ. આ જન્મ અહીં થયો તે મારા કરમની ટીકીટ પાકી, તેમ દેવાદાર ને ત્યા જન્મ્યા હોઈએ તો કમાતા જઈએ ને ખાટો પુરતા જઈએ. કહો આ એક સોરટી છે. જન્મ એ પણ એક સોરટી છે. લાખો મેળવી પણ આપે ને દેવા પણ રખાવે. ઊંચા નીચા મધ્ય સારી સામગ્રીવાળા કુળમાં તથા સામગ્રી વગરના કુળમાં જન્મવું તે સોરટી જેવી ભરી છે તેવી પાકે છે. આથી ધનનો આધાર ધર્મ ઉપર જ છે, ધર્મનો આધાર ધન ઉપર નથી. ધન વગરનો પણ ધર્મ કરી શકે છે. ધનનો આધાર જરૂર ધર્મ ઉપર છે. પુન્યવગર કોઇને ધન મલ્યું નથી અને પુણ્યશાળી નિર્ધન થયો નથી. નિર્ધનમાં પુણ્યશાળી ગયો હોય તો અરિહંત ચક્રવર્તી બળદેવ વાસુદેવ અંતકુલમાં જન્મે નહિં ને જન્મે તો ઇંદ્રને ત્યાથી ઉપાડી લઇ બીજે મુકવા પડે. ભાગ્યશાળી હલકા કુળમાં ઉપજ્યા હોય તો પણ ફેરવી નાખવા પડે. ધનનું પ્રમાણ ધર્મ સાથે નથી એમ નહિં, પણ ધનનું પ્રમાણ ધર્મ સાથે છે.

ધર્મ એ રત્નનું માલીક છતાં રત્નથી ઉત્કૃષ્ટ ચીજ બીજી ન હોવાથી ધર્મ રૂપી રત્ન. જગતમાં બીજી ઊંચી ચીજ ન હોવાથી ધર્મને રત્નની ઉપમા દીધી. રત્ન એ ગાંગાતેલી સમાન, ધર્મ રાજાભોજ સમાન. રત્નથી વધીને કોઇ બીજી ઉપમા નથી. રત્ન થોડું હોય તો પણ આખી મહેલાતો ખડી કરે. કરોડો સોનૈયા એકઠા કરી શકે, તેમ ધર્મ પ્રમાણમાં ઘણું જ થોડું છતાં ચક્રવર્તી સરખાની જરૂરીયાત પૂરી પાડનાર છે. રત્નના અવગુણ અહીં ગણાવ્યા નહિં, રત્નનો સંબંધ જડ પુદ્ગલ સાથે છે, ત્યારે ધર્મનો સંબંધ ખુદ આત્મા સાથે છે. રત્ન આ ભવ સુધી રહે, રત્ન ભવાંતર સુધી ન રહે. એકથી અનેક થવાની તાકાત, આગલા ભવે સાથે આવવાની તાકાત ધર્મમાં છે. બાહ્યરત્નમાં તે તાકાત નથી, પણ તેવી બીજી કોઈ બાહ્ય ચીજ નથી. રત્નના અર્થી

તો સારામાં સારો માલ આપો, કહે તો ગજી કાઢી આપો છો, તેમ ઘરાક દેખી વસ્તુ કાઢો છો. તો અંદરની વસ્તુ ઘરાક દેખ્યા વગર કેમ કાઢો છો? અરે બહારની જડ ચીજને અંગે ઘરાક દેખો ને વચન કાઢવાને અંગે ઘરાક ન દેખો તો પરિણામ શું આવે? આપણે પણ ગુણ અવગુણ થવાનો વિચાર ન કરીએ તો પરિણામ શું? એક જ કારણથી પ્રકૃતિની તુચ્છતા હોય, તે તુચ્છતા ન હોય તો કાળજામાં આવ્યું તે બકાય નહિં, પણ ગુણ અવગુણની તુલના કરી બોલાય એ કોનાથી બનવાનું? જેની પ્રકૃતિ તુચ્છ ન હોય, તે ગુણ અવગુણ વિચારી બોલશે. પાણીની રેલ માફક કશાને ગણે નહિં. જેનો વચન પ્રવાહ પાણીની માફક ચાલ્યો જાય, ગુણ અવગુણ જોવે નહીં, તે ધરમ માટે લાયક નહીં. આ શ્રાવકપણાનો પ્રથમ ગુણ.

ગંભીરતાના ગુણ વગર શાસ્ત્ર વચનો સાંભળી શકાય નહીં

જે મનુષ્યને પ્રકૃતિની તુચ્છતા ગઇ ન હોય, ગાંભીર્ય નથી, તે અનાદિ કાળથી સુખ દેનારો તેને ગુરૂ કહી દે કે, જગતનો પ્રવાહ દુઃખ દેનારો રખડાવનાર, આ બધું સાંભળી શી રીતે શકે? ઈષ્ટ શબ્દાદિ સારભૂત લાગેલા જેની પાછળ અનાદિકાળથી ભટકો છો તેવા વિષયોને પરિગ્રહ-કુટુંબને મુનિ મહારાજ જાળ રૂપે જણાવે તે સાંભલ્યું કેમ જાય? જો તુચ્છતાની પ્રકૃતિ ન હોય તો જ સાંભળી શકો, જેને માટે લોહીનું પાણી કરી નાખવાના એવી ચીજને અહીં જુલમ કહે તે સાંભળી શી રીતે શકાય? જેને પોતે લાખનું મોતી માને છે તેને બીજો ફટકીયો કહે તે સહન થતું નથી, તો જે વિષયો પરિગ્રહ કુટુંબ પાછળ અનંતા જન્મો ગુમાવ્યા છે, તેવીસ કલાક તેની પાછળ છે, ઈષ્ટ ગણો છો, તેને શાસ્ત્રકાર ફાંસો કહે તો તે સાંભળતા ચમકો કેમ નહિ? મહારાજ કહે છે તેમાં તત્ત્વ હોવું જોઇએ, એટલી ગંભીરતા ન હોય તો તમે ઉપદેશ સાંભળો ખરા? મને ભલે ઈષ્ટ લાગે છે પણ વિચારવાની જરૂર છે. એ મગજમાં ન આવે તો ધરમ સાંભલવા તૈયાર નહીં થાવ. માટે કહો કે જેને અનાદિથી સારૂં અને ઈષ્ટ માનીએ તેને ઈષ્ટને અનિષ્ટ કહે તો સાંભળી શાથી શકીએ? તુચ્છતા ગઇ હોય તો જ. પ્રકૃતિની તુચ્છતાથી પોતે માનેલું હોય તે બીજાનું સાંભળી ન શકે. છતાં મહારાજ કહે છે તે કયા મુદ્દાથી કહે છે તે તો સાંભળવા દે. પ્રકૃતિમાં ગંભીરતા ન હોય પોતાનું ગાણું ગવરાવવા માગતો હોય

હેરો આ શાસ્રને કાને કેવી રીતે આવવા દેશે? તમારો અનાદિ કાળનો પ્રવાહ કમાવું મેળવવું છે તે બધાથી વિરૂદ્ધ વાત છે, તે પણ કઈ વખતની? હજુ પ્રવૃત્તિ ત્યાંની ત્યાં છે. એ છોડી શકતા નથી. તે વિરૂદ્ધ તે પણ પૂરવ અને પશ્ચિમની વિરૂદ્ધતા. વિષય અને પરિગ્રહની વિમુખતા સાંભળી કેમ શકે? કહો કે પ્રકૃતિમાં તુચ્છતા નથી.

ન્યાયધીશો ખૂનીના બચાવ કેમ સાંભળતા હશે?

દુનીયાદારીમાં જ્યાં ફોજદારી ખુનના પુરાવા હોય છે. લોહીવાળા કપડા રજુ થાય છે, મારતા પકડતા રજુ થાય છે. એ જગોપર મગજમાં ખુનને અંગે કઈ સ્થિતિ હોય? એ મનુષ્ય ખુનીનો બચાવ સાંભળી શકે છે, ન્યાયાધીશ બચાવ ન સાંભળવા માગે તેમ બનતું નથી, ખુનના સાધનો સાંભળવા માટે જેટલી કોરી ઇંતેજારી ન રાખે, તે કરતાં બચાવના પુરાવા માટે સાંભળવાની તૈયારી રાખે છે. કહો કે સાક્ષાત્ પુરવાર થએલા કેસમાં ન્યાયાધીશને મગજ કાબુમાં રાખવો પડે છે. કેમ સંભળાતું હશે? કોરટે માનેલા સાચા ગણેલા કેસમાં કયો મગજ રાખતા હશે? જેને અંગે ખુનીના પણ પુરાવા લેવાય છે. અહીં પ્રકૃતિની ગંભીરતા રાખવી પડે છે. આપણે એક વિચાર બાંધી દઈએ, પ્રકૃતિની ગંભીરતા હોય તો પણ બચાવને બંધ કરવો તે તેની ખામી છે. તમે પાંચ ઈંદ્રિયના વિષયો ધન માલ કુટુંબ કબીલો એજ અમારે જીવન દોરી છે, તેમ માનો તેમાં વાંધો નથી. પણ આનો બચાવ સાંભળવાનું ક્યારે થાય? ત્યારે પ્રકૃતિમાં તુચ્છતા ન હોય ત્યારે. જેવી રીતે આ પહેલા ગુણને અંગે કહું છું, તેમ ૨૧ ગુણો એકેએક તપાસીશું તો ધર્મ રત્નવાળાને આ ગુણોની જરૂર છે, કદાચિત આ ગુણ વગર ધર્મ આવી ગયો તો નાકકી બાઈને નાથ–નાસિક ભુષણ મળે તો શું કરવાની? જેમ અનુપયોગી, તેમ ગુણમાં સ્થિર થયા નથી, વધ્યા નથી તેને કદાચ ધર્મ મળી ગયો તે ટકી નહીં શકે. આત્મા ગુણોનું સ્થાન બન્યો હોત તો ધર્મરત્ન ગ્રહણ કરત.

તેના તે વચનો હોવા છતાં આપણે કેમ તરી શકતા નથી?

પ્રાચીનકાળમાં એક વચનથી આત્માઓ તરી ગયા છે. આપણે સેંકડો વચનો સાંભળીએ છીએ છતાં કશું પરિણામ આવતું નથી. આપણે તો જમાનો ચાહે તેટલો ફરે તોપણ શાસ્ર ફરે નહિં.

બંને વાનાં જાણે, એકલું પુન્ય અને એકલું પાપ એવી વસ્તુ લાવો કે જે પુન્ય અને પાપ ઉભય રૂપ હોય. એવી ચીજ એકકે નહીં મળે. જે પુન્ય પાપ ઉભય રૂપ હોય, પણ અહીં વિરતાવિરતિ રૂપ શ્રાવક પણામાં બંને મળશે. કેટલીક વિરતિ ને કેટલીટ અવિરતિ, તે શ્રાવક પણામાં મળશે. પુન્ય પાપ ઉભય રૂપ ચીજ નહીં મલે. માટે કલ્યાણનો અર્થ વિરતિ, પાપનો અર્થ અવિરતિ, ઉભયનો અર્થ વિરતાવિરતિ થાય. આથી સાંભળવાથી જ્ઞાન થાય માટે શ્રવણે નાણે બંને પદ મેલવા જોઈએ.

શ્રવણ ને જ્ઞાન બદલે એક જ્ઞાન પદ રાખીએ તો ?

શ્રવણ વગર જ્ઞાન થતું નથી. ઈષ્ટ શબ્દ હોય કે અનિષ્ટ શબ્દ હોય, સંભળાય તેનું જ્ઞાન થાય છે. માટે શ્રવણ રહેવા દ્યો ને જ્ઞાન લ્યો. ઈષ્ટ શબ્દ આવે એ જેવું જ્ઞાન કરે તેમ અનિષ્ટ શબ્દ આવે તે પણ જ્ઞાન કરે છે. તો શ્રવણ એક પદ બસ છે. જ્ઞાન પદની જરૂર નથી. પણ વિચારો. નાનો છોકરો ભાષા જાણતો નથી. જાનવર શ્રવણ કરે છે, પણ સંકેત નહીં જાણનારા ભાષામાં નહીં સમજનારા જાનવરો મનુષ્યો શ્રવણવાળા છે, છતાં જ્ઞાનવાળા નથી. આથી શ્રવણવાળા ત્યાં જ્ઞાનવાળા હોય તેવો નિયમ નથી. માટે જ્ઞાનની બીજી ભુમિકા કહી.

ત્રીજી વિજ્ઞાન ભુમિકા

આથી શ્રાવકના ૨૧ ગુણ સાંભળી ગયા. તરો ભાષાના જાણકાર હોવાથી ૨૧ ગુણ જાણ્યા પણ શ્રવણ કર્યા છતાં ૨૧ નું જ્ઞાન થયા છતાં તે શ્રવણ જ્ઞાન વિજ્ઞાન રૂપમાં પરિણમે નહિં તો શ્રવણ અને જ્ઞાનની કીમત નહીં. ખેડુત અનાજ રોપે, વૃષ્ટિ થાય, છોડવો ઉગે, પણ દુધ ન ભરાય તો ? જે ફળ લેવું હતું તે આવી શક્યું નહીં. તેમ શાસ્ત્રોનું શ્રવણ થયું, જ્ઞાન થયું સમજ્યાં છતાં તેને આદરવા કેમ ? તે ખ્યાલમાં ન આવ્યું તો વિજ્ઞાન ન થયું તો શ્રવણ ને જ્ઞાન વાવેતર જેવા થયા પણ દુધ આગળ ન ભરાયું. તેમ અહીં શ્રવણ થયું, ૨૧ ગુણમાં પ્રથમ ગુણ અક્ષુદ્રતા-તુચ્છતા રૂંવાડામાં પણ ન જોઈએ. પ્રકૃતિ તુચ્છ થાય, ગમ ન ખાઇ શકીએ, ગંભીરતાથી જીવી ન શકીએ, તો ધર્મરત્નને લાયક બનીશું નહિં. જેને માટે જીંદગી વહેવડાવી છે, જેને પ્રયત્નમાં છો તેવા આરંભ પરિગ્રહ વિષય કષાયો જુલમગાર

કહેવાય, તે શાંતિથી કેવી રીતે સાંભળી શકાય, તે કોણ ધારી શકે? તુચ્છ પ્રકૃતિ વગરનો તેમ ધારી શકે. ધર્મ સાંભળતાં અનુભવ સાથે વિરોધ, તમે વિરૂદ્ધ સાંભળો છતાં ઉછાંછળા ન બનવું. બાર-વાગ્યા બજ્યા છતાં દશ વાગ્યા સાંભળીએ તો આંખ ઊંચી કયારે ન થાય? એવી સ્થિતિએ વિચારો.

તુચ્છતા ગયા સિવાય અનુભવ વિરૂદ્ધ ન સાંભળી શકાય.

અહીં જેની પાછળ લોહી વહેવડાવ્યા છે એવી મિલકત સ્ત્રીઓ ઘર બારાદિક પરસેવો ઉતારી પેદા કરેલા. જ્યાં અહીં સંભલાવે છે કે આ ધન વગેરે ડુબાડનાર-હેરાન કરનાર સંભળાવે, જેને સુખના સાધન કહીએ છીએ તેવાને દુઃખનું સાધન કહે, તે વખતે કેમ ગંભીરતાથી સાંભળો છો? ધરમને અંગે એટલી ગંભીરતા આવી છે ત્યારે સંભળાય છે. પૈસાથી મોજ ભોગવતા દેખુ છું. સ્ત્રીથી લીલા લહેર મોજ કરતાં અનુભવ કરૂં છું. બીજાને દેખું છું તે વખતે આ બધા હેરાન કરનાર ડુબાડનાર વિગેરે વિરોધવાળો ઉપદેશ સંભળાય છે એક એમના વચનની ખાતર વાત માની લેવી તે કયારે બને? જે ઘડીઆલમાં બાર વાગ્યાં છે તે વખતે દસ કહેતો તે સાચી વાત માની લઇએ, તો કયારે કહી શકીએ? આખા આપણા આત્મા કરતાં પેલાના ઉપર પુરો ભરોસો હોય ત્યારે માની શકીએ. આપણી પ્રવૃત્તિ કુટુંબ ધન તરફ છે, અનાદિની આ ધારણા વિષયાદિક તરફ છે, તે જગો પર શાસ્ત્રકાર ડુબાડનાર કહે, તો શી રીતે તહત્તિ થાય? એકજ વાત સમજે કે આ કહેનારા નિષ્કષાયી સર્વજ્ઞ છે, હું અલ્પજ્ઞ છું. પોતાના અસ્તોવ્યસ્તપણાનો, બીજાનો સુસ્થિતપણાનો નિશ્ચય કયારે કરે? જ્યારે મગજમાં તુચ્છતા ન હોય ત્યારે, સહુ-સહુના મગજમાં સવા શેર બને તો પરિગ્રહને અનર્થરૂપ ગણે? સાંભળે ખરો? વિષયને વિષ માને ખરો? ત્યારે જ માને કે જ્યારે બધી રાઈ ઉતરી ગઈ હોય ત્યારે. આ સર્વજ્ઞ વીતરાગ કર્મ ઉપર સત્તા ચલાવનાર એ જે કહે તે મારા બધા અનુભવ કરતાં ઉત્તમ હોય, તે ધારણા કોણ કરી શકે? પોતાના અનાદિના અનુભવને ખોટો માનવો તે કોનાથી બનવાનું? જેનામાં હૃદયગત તુચ્છતા ન હોય, ગંભીરતા હોય એ તાકાત હોય તેજ માની શકે. આથી ધર્મ સાંભળનારા કરવાવાળા દૃઢ રહેવાવાળાને તુચ્છતા છોડવાની પ્રથમ જરૂર છે. અનાદિકાળથી લેઉં લેઉંમાં કલ્યાણ સમજ્યા હો ને અમે દેઉં દેઉંમાં

ચોપડીમાંજ જોઈએ છે. સાતમીમાં કક્કાની જરૂર પડતી નથી? સાતમ વાળાને પણ કક્કો તો જોઈએ છે, તો સાતમી ચોપડીવાળાને કક્કાવાં કહો પણ કક્કાની શરૂઆત મૂળ શિક્ષણએ બધું પહેલી ચોપડીમાં તે શિક્ષણ. પછી તો બીજું શિક્ષણ તેમાં કક્કો તો જોડે રહે. તેમ શ્રાવ ધર્મને અંગે ૨૧ ગુણ મૂળ શિક્ષણ, સાધુધર્મને અંગે કક્કાનું ૨ ગુણનો ઉપયોગ, ઉપાર્જન નહીં. ઉપાર્જન શ્રાવકપણામાં, માટે શ્રાવક ૨૧ ગુણ ગણ્યા. આથી સાધુને આ ગુણ ન જોઇએ તેમ નહીં. ૨૧ ગુ સાધુતામાં પોષક છે, અડચણ કરનાર નથી; પણ મૂળ અહીં એ શિક્ષ નથી. શ્રાવકપણામાં એ ગુણનું મૂળ શિક્ષણ છે. એનું સ્વરૂપ કાર્ય આગળ કહ્યો.

હવે છેવટે કહે છે કે-આ અધિકાર સાંભળી એ ભૂમિકા સહેલ મળી જશે. ખરું કર્તવ્ય ત્રીજી ભૂમિકાએ આવો ત્યારે મળે. કહેનાં સ્વરૂપ નિરૂપણ કરશે, એટલે શ્રવણ અને જ્ઞાન સહેજે થઈ જશે, પ એથી કૃતાર્થપણું સમજશો નહિં. ત્રીજી ભૂમિકાથી ચડવા માંડો ત્યા કૃતાર્થપણું. દુનિયાદારીમાં એટલું સમજે તે શિક્ષણ સમજી કાર્યમા નિધા-નજર પહોંચાડે તો કારીગરી. શિક્ષણ મેળવ્યા પછી કારીગરી જુદી ભૂમિકા છે. શિક્ષણથી આગળ વધો ત્યારે જ કારીગરી. વિજ્ઞાનમાં શું લેવું, તે માટે જણાવે છે કે આ ગુણ ઉપાર્જન કરવા લાયક છે તેમ અંતઃકરણમાં થવું જોઈએ. આ ગુણો મળે તો ભાગ્યશાળી ગણાઉં, આવી જે બુદ્ધિ થાય તે વિજ્ઞાન. જ્ઞાનમાં વકીલાતનો ધંધો, વિજ્ઞાનમાં અસીલની સ્થિતિ, વકીલ કેસ ચલાવે તેમાં જાય તો જોશીની ને,મરે તો મોચીની. જ્ઞાન હોય ત્યાં સુધી ગુણ મળ્યાનો આનંદ, ન હોય ને ન મળ્યાનો અફસોસ ન હોય.

ત્રણ પ્રકારની પુતળી

બીજીમાં દૃષ્ટિ પુતળી જેવી હોય. સોની નગદ સોનાની ત્રણ પુતળી લાવ્યો. રાજાને કિંમત કરવાનું કહ્યું. તોલ કર્યું, સરખી ધાતુ સોનાની સરખી કીંમત કહીં. સોનાની કીંમત સરખી છે, પણ પુતળીની કીંમત સરખી કરો છો તે બરોબર નથી. ઘાટ બરોબર ત્રણેનો સરખો છે. ત્રણેમાં હાથ મોં પગ સરખા છે. હવે નવી કીંમત શી રીતે કરવી? સોની આપીને ગયો કે કાલે કીંમત કહેજો, પણ કીંમત કરવી શી રીતે? કસોટી તોલ આકારથી કીંમત કરી. અધુરું લાગતું નથી, હવે વાયદો

શાને કરાય? જવાબ દેવાનું સ્થાન ન હોય તેનો વાયદો ન કરાય. કેટલી ચીજ છે. વાયદાનું સ્થાન નથી. રાજા કહે પણ મુદત કઈ ચીજની આપે છે? કોઈ પરીક્ષા બાકી રહેતી નથી આકાર તોલ માપની પરીક્ષા માટે મુદત નથી પણ ગુણોની પરીક્ષા માટે ચોવીશ કલાક દઉં છું. રાજાએ કહ્યું કે તો રહેવા દે. ચોકસીની ટોળીએ મુદત કબૂલ કરી. સોનીને જવા દીધા જોતાં જોતાં પગથી અંગોપાંગ જોતાં એક પુતળીના કાન તરફ કાણું છે, ત્યારે માલમ પડયું કે એકને કાનથી કાને સોંસરું કાણું છે. એકને મોઢે, એકને કાનથી પેટમાં ઉતરે એવું કાણું છે. બીજે દહાડે આવ્યો. આ ઉત્તમ, આ મધ્યમ, આ અધમ પુતળી. આ સાંભળે ને પેટમાં ગળી શકે, બીજી એ સાંભળીને ભડભડ બોલી દે, ત્રીજી આ કાને સાંભળી આ કાને કાઢયું.

ત્રણ પ્રકારના શ્રોતા

એવા પુરુષનો દાખલો છે. કેટલાક એવી સ્થિતિના છે કે સાંભળે ત્યાં સુધી હા હા, ઉઠે તો અહીંથી એક ચીજ લઈ જાય તો ચોર ગણાય, ત્યાં ને ત્યાં સાંભળી ખંખેરી નાખે. તે ત્રીજા નંબરની પુતળી સરખા. બીજા નંબરની પુતળીવાળા કલિકાળના કલ્પવૃક્ષો. અહીં તપસ્યાની વાત ચાલે ત્યારે તેલમાં માખ ડૂબે. કેસરીભાઈ કહે કસ્તુરભાઈ ઝોકા ખાવ છો, સાંભળો, પોતે કંઈક તપસ્યા કરે છે, એટલે સાંભળ્યું ને ધ્યાન ઘો, ધ્યાન ન ઘસો. કહેવું સાચું છે પણ માત્ર કસ્તુરભાઈને સંભળાવવાનું. એ જગોપર સમાયિકની વાત ચાલે, એટલે કસ્તુરભાઈ કેશરીભાઈને કહે કયારે વખતે આવે કે તેમને સંભળાવું. બીજાને ટોકવાના કામમાં ઉપદેશ લાગ્યો.

ભાડુતી ઘર જેવા શરીરની મમતા અનર્થક છે

પોતે જે વિચાર કરવો જોઈતો હતો કે હું શા માટે આ સ્થિતિમાં? આ ભાડાનું ઘર શરીર છોડવાનું છે, કોઈ આ ભાડાના ઘરમાં અમર રહેતું નથી. જે ખાલી કરવાનું ઘર હોય તેમાં મોજ મારતા થવું તે આત્માને હેરાન કરવાનો રસ્તો. તમે મોજ ગણી કે માલીક ભાડું વધારે. મોજ માની તો ચાર વખત આંટા ખાય ને મળે. બીજા આમ ભાડું વધારે આપનાર છે. શાને લીધે? મોજ માની તેને લીધે. મોજ માનવાનું સ્થાન માન્યું ન હોત તો, ભાડું ન વધત. તમે ભાડાના

ઘરમાં (શરીરમાં) મોજ માનો તે વખતે આનું ભાડું મોંઘું પડે છે. મોજ ન માનો તો ભાડું સોંઘું છે. દરદી હોય છતાં દાકતરને પૂછશો તો ખુલાસો થશે. શરીરે લગીર ઘસારો લાગ્યો હોય તે રીબાવાના નહીં, બોલતાં ચાલતાં મરવાના. જેનું શરીર ઘસાયું નથી તે બે ચાર દિવસ અબોલા રહેવાના. મોંઘા ભાડાનું ઘર છોડતાં ઘણો ખેદ થાય છે. માર-કીટની દુકાન જેવી કીંમતી ન ગણો. કીંમતી ગણશો તો છોડતી વખતે મુશ્કેલી પડશે. આ બાજુ ધરમની સ્થિતિ તપાસો. જેને દાવાનળ સળગાવવાની ટેવ પડી છે, તેને ચુનાની ભઠ્ઠીમાં થએલો ભડકો બહાર નહીં દેખાય, પણ અંદર સખત તાપ હોય છે.

નિભાડાના અગ્નિ સરખા અંદરના કષાય દાવાગ્નિ

ઈંટનો અગ્નિ એ ચચાર આંગળ માટી પકવે છે. વેંત માટીને પકવે છે. અંદર કેટલો અગ્નિ હોવો જોઈએ ? સામાન્ય નિભાડામાં તેટલા અગ્નિથી જમીન પાકતી નથી. અગ્નિ સખત લાગે, બહાર નીકળે નહીં, ધુમાડો લાગે નહિં, એવો સખત અગ્નિ જે આપણને અડધો પા કલાક મોડું થાય, પાણી ઉનું હોય તો દાવાનળ સળગે. ભલે બોલવાની તાકાત નથી પણ એ અગ્નિ અંદર શેકી નાખશે. જેનો પાર નહીં. તેમને જ શેકશે, જેમણે આ શરીર-ઘર મોટું કર્યું છે. ટાઢું ઉનું ખાટું મોળું ખમાતું નથી. આ ઘરને અંગે દાવાનળ સળગાવ્યા છે. આ ઘર એવી રીતે રાખવું જોઈએ કે તબેલાની માફક દશ મહીના અહીં, દશ મહીના બીજે રહે, તો પણ તેમાં હરકત નથી. તબેલામાં પાઘડીનો વખત હોતો નથી, આને તબેલાની સ્થિતિમાં રાખો. તબેલા વગર નહીં ચાલે. ગાડી રાખવી છે એટલે તબેલા વગર નહીં ચાલે. આ ઘોડો તબેલા વગર રહેવાનો નથી. ચાહે એક બે ત્રણ ચાર ઇંદ્રિયો દેવતા નારકી કે તિર્યંચમાં પણ આ ઘોડો તબેલા વગર રહેવાનો નથી. આ ઘોડાને તબેલો તો મળવાનોજ. આ ભવનું શરીર છોડો તો આવતા ભવનું શરીર મળવાનું, તો ઘોડા તબેલાને અંગે થનથનાટ કરતો નથી, તો આ ઘોડા તબેલા માટે થનથનાટ કેમ કરે છે ?

વિષ્ટામાંથી રતન મેળવી લો

તેથી જે કોઈ વિષ્ટામાં પડેલું રતન લઈ શકતા નથી તેને શું કહેવું ? વિષ્ટા પેટે પણ રતન લેવું નથી, એવાની અક્કલને શું કહેવું ? આ શરીર વિષ્ટાની સુતરની ટોપલી છે ટીનના પતરાથી ઢાંકીને લોકો

થઈ જાય છે. એની સુંદરતા ટીનના પતરાથી છે. ઢાંકણું ખુલી જાય તો રસ્તામાં નાસંનાસી થઈ જાય. આ શરીર મ્યુનીસીપાલીટીની મેલાની ગાડી છે. આ ટીનનું ઢાંકણુ ખૂલી જાય તો મા કે બાપ પણ પાસે ઉભા ન રહે. ઓપરેશન વખતે કોણ ઉભું રહી શકે છે.? ચકરી આવે છે ને પડે છે. શાની ચકરી ખાવ છો? અંદર એજ ભર્યું છે. ટીનના પતરાની સફાઈ છે અંદર તો એજ છે. બીજું અંદર શું ધાર્યું કે મમતા થાય છે? કયા હીરા મોતી કે રતન અંદર ધાર્યા છે.? ચામડી રૂપી ટીનનું પતરૂં તેને અંગે શોભા છે. કચરાપટ્ટીના ગાડા જેવા શરીરથી ધરમ જેવી રતન ચીજ મેળવી શકાય છે. ધરમ કરવો છે પણ કચરાપટ્ટીની ગાડીને અડચણ આવે નહિં, મેલાની ગાડીને ખોટ ખાંપણ ન થાય, ત્યાં સુધી ધરમ કરવો છે. તેને અડચણ આવે તો ધરમ દેવ ગુરૂને ઊંચા મૂકવા છે. હજી સ્વરૂપ સમજ્યા નથી.

દુર્જન સરખું શરીર

ચાર છ મહિના સુધી સાથે રહ્યો ને તેની ખબર ન પડે તો મૂર્ખા કરીએ. વરસોના પરિચયવાળો દુર્જન તેનું સજ્જનપણું ધારીએ ને દુર્જનપણું ન ધારીએ તો અક્કલ કેવી? કદાચ કહેશો કે વખોડવા બેઠા તો વખોડો, પણ ચારિત્ર મોક્ષ કેવળજ્ઞાન થાય તે આનાથી, આવાને વખોડો છો. ખેતરની જમીન ઊંચા દરની, પણ તે મળી ને મળ્યા પછી પડતર રહે ને દર ઊંચો ભર્યા કરે તેની મૂર્ખતાનો પાર ખરો? તું કહે તેમ આનાથી સાધુપણું, ક્ષપકશ્રેણિ, કેવળજ્ઞાન, મોક્ષ, પણ આવી ઉત્તમ ચીજ મળી તે છતાં પડતર જમીનનો દર ભરે છે. પણ એ તો પડતર જમીનનો દર ભરતો હતો. આ ખઉકણ જમીનનો દર ભરે છે. આનામાંથી શ્રાવકધર્મ, સાધુધર્મ, મોક્ષ, કેવળ મેળવો તો મેળવો નહિંતર દુર્ગતિ મેળવો. ખઉધર જમીન આ ભોગ લેવાવાળી જમીન, તેના મોંઘા દર ભરે કોણ? અક્કલવાળો મોંઘા દર ન ભરે. તેમ તારા પહેલા ભવના ઉપાર્જન કરેલા પુન્યનો ભોગ લેનારી આ ગાંડી (શરીર) છે. મનુષ્ય ભવનું આયુષ્ય, ગતિ, શરીર, અંગોપાંગ ઇત્યાદિક પુન્યનો ભોગ લે છે. કેમ કે જેટલો વખત આમાં રહે છે તેટલો વખત ચેલા પુન્યમાં ઓછાશ થાય છે પાછી દુર્ગતિની તૈયારી કરાવનાર મમતાને લીધે તપસ્યામાં જઈ શકતો નથી, ક્રિયાકાંડની વાત

 જુતે તે કંટાળે.

સંસ્કાર ટકાવવા-વધારવા ક્રિયાની જરૂર

સોનાનો દાગીનો પડ્યો પડ્યો બગડે છે. એ પણ ક્રિયા છે. તરવાર પડી પડી કટાય છે. શિક્ષણ મેળવેલું હોય તે આવૃ ક્રિયા માગે છે. તો ધર્મના સંસ્કાર ટકાવવા માટે ક્રિયાની જરૂર છે. વધારો કરવો હોય તો ક્રિયા વગર થઈ શકતો નથી. હજાર દાણા ખેડૂ વાવે ત્યારે થાય. વધારાને માટે દરેક પદાર્થ માગે છે. અહીં ધરમના સંસ્કાર વધારવા ટકાવવા હોય તેણે જરૂર કરવાની.

કાયાને વશ કરવાની પ્રથમ જરૂર

પરિણામ એ કાયાનો ગુલામ છે. બારીક આરીકીથી જુઓ. વર્ગણાના પુદ્ગલો વિચારો એટલે મન. મનને કાયા ગ્રહણ કરે કાયાને મન ગ્રહણ કરે છે? કાયા વિચારોને લે છે કે વિચારો કાયાને છે? તો કે કાયા એજ વિચારવા માટે પુદ્ગલો લે છે. મનની કાયા, વિચારનો પિતા કાયા આ શાસ્ત્રીય હકીકત દુનિયાદારીએ વિ રીએ. તમે જે વસ્તુ કોઈપણ વખત કરી નથી. દારૂનું માંસનું દરેકે સાંભળ્યું છે, દેખ્યો નહીં હોય તેમ પણ નહીં. સ્વપ્નની અવ ધારેલી હોતી નથી. વગર ઉપયોગની ચીજ, સ્વપ્ન છે છતાં દારૂ ખાવા પીવાનું કોને આવ્યું? કેમ તે સ્વપ્ન નથી આવતું? કહો તરફ ઘૃણા છે. જ્યાં તિરસ્કાર ઘૃણાની દૃષ્ટિ નથી છે તે પદાર્થ સ્વપ્ પણ આવતો નથી. અને જેને અંગે કાયિક સંસર્ગ છે. તે વગર ધ ણાએ પણ આવે છે. પરિણામ એ કાયાના વર્તનનો ગુલામ છે. " જાય તો જાને દો, મત જાને દો શરીર, બીન લગેગા કામકા, લગેગા તીર' આથી ત્રણેને જુદા આશ્રવ માને છે. ત્રણે જોગોના ભેદ જુદા ગણાવત નહીં. હવે પચ્ચક્ખાણમાં 'મણેણં', વાયાએ, કાએ ત્રણ જુદા કેમ કહો છો? કાયા એ પણ આશ્રવના. વચન એ પણ ક લાવવામાં ભાગ ભજવનારી ચીજ છે. આથી કાયાને વશ કરવાની પ્રથ જરૂર છે. મન વચન વગરની કાયા એ જ જીવને ઊંચી પાયરી મૂક્યા છે.

સૂક્ષ્મ એકેન્દ્રિય ઊંચો શાથી આવ્યો?

સૂક્ષ્મ એકેન્દ્રિયપણાથી ઊંચે આવ્યા, નિગોદમાંથી વિકલેન્દ્રિ ણામાંથી, અસંજ્ઞીપણામાંથી, જાનવરથી ઊંચે આવ્યા ત્યાં ક્યારે મ

હતું? મૂળમાં જ ત્યાં મન નથી તો મનની વાત કયાં? કહો વગર મને કાયા માત્રથી વેઠેલું દુઃખ, વગર મને કાયાથી સહન કરેલી પીડા, એ જ ઊંચી સ્થિતિએ લાવનારી થઈ. કરમ આશ્રવ વિગેરે સમજતા ન હતા, તે વખતે વગર ઇચ્છાએ વગર સમજણે કાયા માત્રના દુ:ખ વેઠવાથી ઊંચા આવ્યાં, તો આજ ધરમની ધગશ છે, જીવાદિક સમજીએ છીએ, પરિણામ મજબુત રાખવા માગીએ છીએ, પણ જગ્યા લપસણી ચીકણી હોવાથી ખસી જવાય, એમાં હાંસીનું સ્થાન નહીં, વગર પડે ચડે તે બહાદૂર. બાકી પડે તેમાં નવાઈ નથી. આ મનોબેગ-વિચાર એવા ભયંકર છે એમાં ન પડે તેમાં નવાઈ. શાસ્ત્રકાર કહે છે કે મોક્ષમાર્ગ પ્રાપ્ત કર્યો ને વગર પડયા મોક્ષ સાધી લે તે અનંતમાનો અસંખ્યાતમો ભાગ. પડયા નહીં, પામ્યા ને સીધા મોક્ષે ગયા એવા મોક્ષે જનારા કેટલા? તથા તેઓમાંથી વધારે કયા? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે, જે અનંતોકાળ અનંતીવખત પડેલા ઘણા અસંખ્યાત સંખ્યાત ઉત્સર્પિણી પામ્યા પછી પડનારા ઘણા, અખંડિતમાર્ગ પામી મોક્ષે જનારા અનંતે અસંખ્યાતે એક-અનંતે એક ટકો મળે, અસંખ્યાતે સંખ્યાતે એક ટકો મળે.

કાયાથી ન પડયા તો પુરુષોત્તમ ગણાયા

અહીં મોક્ષમાર્ગની મુસાફરીમાં વિચારની ચીકણી જમીન એવી છે કે સંવરની મોક્ષની ઇચ્છા છતાં કયાં લપસી પડીએ તેનો પત્તો નહિં. પણ મનથી પડી ગયા, અધમ સ્થિતિમાં આવી ગયા, પણ કાયાથી ન પડયા તો તેનું નામ પુરુષોત્તમ. દીક્ષિત થયા, મનથી પડયા, અધમમાં અધમ રીતિએ પડયા. અધમ સ્થાને પડયા છતાં કાયાથી ન પડયા તો ઉત્તમપુરુષ ગણાય. રથનેમિ પોતાની જ ભોજાઈ સાધ્વી પોતે પડયો તે પડયો અને રાજીમતીને પાડવા માંગે છે. ખુલ્લા શબ્દોમાં બેશરમ થઈ બોલ્યો. બેશરમ થઇ બોલવાનો વખત ઘર સંબંધ નેમનાથજીની સ્ત્રી, પોતાની મોટી ભોજાઈ માતા તરીકે રથનેમિનો વર્તાવ નેમનાથજી આગળ પુત્ર તરીકે, તેવો મનુષ્ય પિતાની જગોપરની સ્થિતિમાં રહેલા તેની સ્ત્રીમાં કીચડમાં ખુંચેલો ચારે બાજુ છાંટા ઉડાડે. સંસારના કીચડમાં કૂદી ચારે બાજુ છાંટા ઉડાડે, પોતે સાધુ, રાજીમતી સાધુતામાં, મોટાભાઈની સ્ત્રી એ વખતે વિચારની કોટિ કયાં સુધી ગઇ હશે? વર્ણન

વર્ણન કરે છે, ત્યાં સુધી રસ્તો હતો. આપણે

બીજી ભૂમિકાએ આવેલો કેવળ વકીલાત કરી જાણે

વકીલ કોરટમાં બોલતો હોય પણ વકીલના બોલવા માત્રથી વાદી-એ પ્રતિવાદીએ જોખમદારી સમજી લેવાની છે. તેમ અહીં શાસ્ત્રકાર આરંભ પરિગ્રહ કરનારા નરકે જશે, તેથી કહેનારા નરકે નહીં જાય પણ હું કરનારો નરકે જવાનો. સમ્યગ્દર્શનાદિ આરાધનારો મોક્ષે જશે તો શાસ્ત્રનાં પાનાં મોક્ષે જશે? વકીલને વાદી તરફની કે પ્રતિવાદી તરફની જોખમદારી નથી. આનો બગાડો ક્યાં? બેઈમાનીથી વર્તે તો. તો સમ્યગ્દર્શનના આરાધનથી મોક્ષ મેળવી શકે-એમ કહે તો વાંધો નહીં, પણ વકીલ અનુચિત વિશ્વાસઘાતનું કાર્ય કરે તો, વકીલને વકીલાત કરવાનો હક નથી. તેમ આ નિર્જરાને બંધ, બંધને નિર્જરા, મોક્ષનાં કારણોને ભવનાં કારણો ને ભવનાં કારણોને મોક્ષનાં કારણો બતાવે ત્યાં વિશ્વાસઘાત છે કેટલાય વકીલને સરકારે ઘેર બેસાડ્યા. કેસની રીતિમાં વિશ્વાસઘાત કરે તો ઘેર બેસાડે, આ શાસ્ત્રોને કુશાસ્ત્ર કહેવા લાગ્યા, એ કેસના પરિણામની જોખમદારી વકીલને ઘેર નથી, પણ રીતિની જોખમદારી પહેલી છે. આ શાસ્ત્ર આરંભાદિકને અંગે નરકે જવાનું, આરાધનાને અંગે મોક્ષે જવાનું જણાવે, તેમાં શાસ્ત્રને મોક્ષે કે નરકે જવાનું નથી, પણ આ પદાર્થ નિરૂપણમાં જોખમ થઈ જાય. આશ્રવને સંવરને સંવર ને આશ્રવ ઓળખાવે. દેવગુરુ ધર્મને વિરુદ્ધપણે ઓળખાવે, રીતિમાં ફેર થાય તો આબરૂ જાય. તેમ એને કુશાસ્ત્ર કહીએ જો અવળું નિરૂપણ કરે તો. તેમ શ્રવણ જ્ઞાનની ભૂમિકાએ આવેલો કેવળ વકીલાત કરી જાણે.

કર્મનો આશ્રવ અને બંધ

તમે તમારા આત્માને કયારે કહ્યું કે પાંચે ઈંદ્રિયો કર્મના દ્વાર છે. વરસાદની છાંટ આવે તો બારણાં બંધ કરીએ, અને કરમનો પ્રવાહ આવે તેની બિલકુલ દરકાર નથી. પાંચ ઇંદ્રિયો આશ્રવ છે. 'ઇંદિય કસાય અવ્વય' કોણ નથી બોલતું? અહીં ચમકારો પણ થયો? પાણીના છાંટાથી ડરનારા એ કર્મની નોબતોમાં ઘોર નિદ્રામાં છે. જેનો ઉપાય હાથમાં છે એવાથી જે ડર છે, એ ડરની અપેક્ષાએ કર્મો આવે છે, કર્મો આવે છે તે ધકેલ્યાં જાય તેમ નથી, આવ્યા પછી તમારી બહાદુરી કામ ન લાગે. પોદળો પડયો ધૂળ લે, લે ને લે. આશ્રવ દ્વારથી કર્મ બંધાય ને બંધાય. આશ્રવ અને બંધને આંતરૂં નથી. આશ્રવ થાય

તે કોઈ જગ્યાપર નથી. જે ' જે કર્મનો આશ્રવ તેને બંધ તો ખરો જ. બંધ પહેલે સમયે બંધાય, બીજે સમયે ભોગવાય અને ત્રીજે સમયે છૂટી જાય. બંધ એ આશ્રવ વગર થતો નથી. આશ્રવ બંધ કર્યા વગર રહેતો નથી, તો જ્યારે એક સાથે રહેનારા, એક કાર્યના બે વિભાગ કહો, બન્ને એના જ છે. આશ્રવ થાય ને બંધ ન થાય તેમ છે જ નહીં. આ નિયમિત છે તો આશ્રવ ને બંધ બે તત્ત્વ માનવાની જરૂર નથી. નવ તત્ત્વમાં આ બે તત્ત્વ જુદાં માનવાની જરૂર નથી. अजां अपमयत. क्रमेलकप्रवेशः બકરી કાઢતાં ઊંટનો પ્રવેશ થયો. ઈંદ્રિય નામનો આશ્રવ સાબિત કરતાં બંધ (તત્ત્વ) થાય છે. પણ નીકમાં પાણી આવે એ ક્યારામાં આવે. ક્યારામાં બાજરી વાવી હોય તો બાજરીનો છોડ, જુવાર મઠ મકાઈ જે કાંઈ હોય તે પાણીને મકાઈ મઠ જુવાર કહેવા તૈયાર ન થવાય. જે વખત ક્યારામાં પાણી આવ્યું છે તે વખત બાજરી મઠ મકાઈપણું નથી, પાણી છોડ ને જરૂર ઉત્પન્ન કરે છે, છોડવો પાણી વગર થતો નથી, તેટલા માત્ર પાણીને છોડવો મનાય નહિં. તરત કહેવું પડશે કે પાણી વિભાગ વગરની ચીજ, છોડવો વિભાગવાળી ચીજ. છોડવો એ કાર્ય, પા . કારણ કાર્યરૂપ છોડવો છે એ વાત આશ્રવની જગો પર સમજો.

જગતમાં કર્મની વર્ગણામાં વિ ાગ નથી

આશ્રવ કર્મ આવવા રૂપે છે, ..ના જે વિભાગો, જ્ઞાનાવરણીય-પણે દર્શનાવરણીય વિગેરેપણે બંધાવવાનો વિભાગ કયાં થાય છે? બંધ વખત કે આશ્રવ વખત એ વિભાગ નથી. જેઓ જાણતા હશે તે જરૂર આશંકા કરશે. શાસ્ત્રકારોએ જ્ઞાનાવરણીયનાં આશ્રવનાં કારણો દર્શનાવરણીયનાં વગેરેના આશ્રવનાં કારણો ચારિત્રમોહનીયનાં આશ્રવનાં કારણો, ચારે ગતિનાં આશ્રવનાં કારણો, વિગેરેનાં આશ્રવનાં કારણો કેમ બતાવ્યાં? તમારી અપેક્ષાએ બંધના કારણોમાં લઈ જવાની જરૂર હતી. હેમચંદ્ર મહારાજે આશ્રવનાં કારણો બતાવ્યાં છે. આશ્રવના ભેદો ત્યારે જ હોય. જગતની કર્મની વર્ગણામાં ભેદો હોય, તો જ આશ્રવમાં ભેદો હોય. જ્ઞાનાવરણીયના દર્શનાવરણીયના વિગેરેની કર્મના ભેદવાળી વર્ગણા હતે તો આ ાં ભેદ માનત, પણ કર્મનાં પુદ્‌ગલો કોઈપણ પ્રકારનાં ભેદવાળાં નથી. જેમ નદી કુવાનું તળાવનું પાણી બાજરી મકાઈ મઠ મગરૂપ નથી, ત્યારે એક જ રૂપ છે. એક રૂપ

શ્રોતાને લાભ થાય કે ન થાય પરંતુ વક્તાને તો એકાંત લાભ કેમ થાય ?

જૈન શાસનની વકીલાત અપૂર્વ ગુણ આપનારી છે. ઉપકાર કરનાર જે ઉપદેશ આપે તો 'વક્તુઃ' એટલે ઉપદેશ આપનારને એકાંતથી ધર્મ છે. શ્રોતાને ધર્મનો લાભ થાય કે ન પણ થાય, સાંભળનાર બધાને ધર્મ એકાંતે થઈ જાય તેમ નહીં. આત્માને હિતકારી વાત સાંભળે તો પણ શ્રોતાને સર્વને ધર્મ એકાંતે થઈ જાય, તેમ નિયમ નથી પણ અનુગ્રહ ઉપકાર બુદ્ધિથી બોલનારો ઉપદેશક તેને એકાંતે ધર્મ થાય છે. એક વાત અહીં મૂકી, અનુગ્રહ બુદ્ધિથી બોલનારા ઉપદેશક ક્યારે બને ? પોતાના નુકશાનને ઊંચા દરજ્જાનું ગણે, તેને જ બીજાનું નુકશાન ઊંચા દરજ્જાનું લાગે પોતાને ઊંચું નુકશાન ન લાગે, તે બીજાને સમજાવે તે માત્ર વાક્ચાતુરી છે. બીજા આત્માને હારતો ક્યારે લાગે ? પોતે હારવાનું માને ત્યારે. પોતે નોકાર ગણવામાં જિનેશ્વરને ખમાસમણ દેવામાં, ગુરુને વંદન કરવામાં, પોતે અપૂર્વ લાભ ન માન્યો હોય ને ગુરુ મહારાજને વંદન ભાગ્ય હોય તો મળે, આમ કહે તો ખરેખર બીજા આગળ બાજી ગોઠવે છે. બાજી ક્યારે નહિં ? પોતે ધનભાગ્ય કે તીર્થંકરને વંદન કરવાનું મળે, કામ સુખ ઋદ્ધિસમૃદ્ધિ દેનારાને પગે અનંતી બખત પડયો, તેમાં કશું વળ્યું નહીં, ધન્ય ભાગ્ય આજ કે તીર્થંકરને વંદન કરવાનું મળ્યું. અનંતા ભવો ભમતા તીર્થંકરને વંદન મળવું મુશ્કેલ. આ ઉપદેશ દેવાય તો બાજી ગોઠવાય છે. પોતાને જે રૂપ જચ્યું નથી તે બીજાને પ્રાપ્ત થાય તો કલ્યાણ થાય તે બુદ્ધિ ક્યાંથી ? નાભિકમળમાંથી એ શબ્દો ક્યારે નીકળે ? જ્યારે પોતાને એ સ્થિતિનો ફાયદો એ વગરનું નુકશાન માલમ પડે. આપણને ભવ-ભય લાગ્યો નથી ને બીજાને ભવભયની વાતો કરીએ, તે કેવળ વકીલાત. વકીલાત સિવાય બીજું કશું નથી.

તીર્થંકરો વગર કેવળે ઉપદેશ આપતા નથી તો સાધુ કેમ આપી શકે ?

તીર્થંકર મહારાજા કેવળજ્ઞાન પામ્યા વગર કેમ ઉપદેશ દેતા નથી ? કષાયનો ક્ષય કર્યા વગર, ઘાતિકર્મ ક્ષય કર્યા વગર કેવળજ્ઞાન પામ્યા વગર ઉપદેશ આપતા નથી. ઘાતિની વેદના કષાયનું કર્કશપણું છદ્મસ્થ પણાની છોળો-જંજાળો પોતાને ખરાબ ન લાગે ને બીજાને કહે તો

બનાવટ છે. માટે તીર્થંકર પોતે કષાય ઘાતિ કર્મથી છદ્મસ્થપણાથી વિરમે નહીં ત્યાં સુધી જગતનો વિચાર કરવા તૈયાર નથી. પોતાને ન થાય ત્યાં સુધી અનુભવ વગરનું બોલવું શું ? તો અહીં શંકા થશે કે બીજા સાધુને કેમ છૂટ ? છદ્મસ્થ સાધુ છતાં પાંચમા આરાને છેડે દુપ્પસહસૂરિ માત્ર દશવૈકાલિક અનુયોગ જેટલું જ્ઞાનવાળા તે પણ ઉપદેશ દેનારા થશે. એના સમાધાનમાં ધ્યાન ધો. બીજા બધા મુનિ કેવળ ટપાલી છે. કેમ ? તો કે એને તો જિનેશ્વરે આમ કહેલું છે. પારકો લખેલો ચેક બીજાને લાવી સોંપવો છે. સ્થિતિ તપાસવાનું ચેક લખનારને, ચેક આપનાર ટપાલીને જોખમદારી તપાસવાની હોતી નથી. ચેકની રકમ સાથે લખનારે પોતાની જોખમદારી તપાસવી પડે છે. તીર્થંકરને ધર્મ અખતરો ને અખતરાનું ફળ જોડે બતાવી કહેવાનું છે. સાધુ પોતાના આત્માને અખતરામાં મૂકતા નથી. તીર્થંકરોએ આરંભ પરિગ્રહનો ત્યાગ કર્યો, તપસ્યા કરી અને મોક્ષ એના પ્રતાપે મેળવ્યો. મેં આમ કર્યું, મને આમ મળ્યું, તેમ મુનિઓ પોતાના આત્માને અખતરામાં મૂકતા નથી, તેથી જિનેશ્વરે કહેલો ધર્મ, કેવળીએ ધર્મ કહ્યો, કેવળીએ કહેલો ધર્મ તત્ત્વ કહેવો છે. બીજા મુનિઓ સ્વતંત્રપણે ધર્મ કહેતા નથી. એ તો માત્ર કેવળી જિનેશ્વર તથા ગણધરનો કહેલો ધર્મ કહે છે. હર કોઈ મનુષ્યને ટપાલી ગણતા નથી. ટપાલીને પોસ્ટનો પટ્ટો ચાંદ પોષ્ટના કાયદા પ્રમાણે વર્તનારો ટપાલી બનવું, આટલી રીતિ સાથે; તેમ જિનેશ્વર મહારાજના દાગીનાનો પ્રવચનરૂપી મનીઓર્ડર પહોંચાડવા માટે જિનેશ્વરનો વેશ જોઈશે. ટપાલીને અમુક જ ટપાલ અપાય, સહી કરાવાય વિગેરે ભગવાને પાંચ કાયદા ટપાલી થનાર માટે રાખ્યા. એ પ્રમાણે ન વર્તે તો આનો ટપાલી નહીં જગતનો કોઈપણ સૂક્ષ્મ કે બાદર જીવની હિંસા ત્રિવિધે ન કરે. આ કાયદાની બહાર રહેનારો અહીં ટપાલી બની શકે નહીં. તેમ પાંચ મહાવ્રત લઈ લ્યો, એ કાયદામાં વર્તે તે જ ટપાલી.

સ્વયં પાપ પરિહાર કરનાર જ ઉપદેશના અધિકારી

આથી સાધુ સિવાય ઉપદેશનો અધિકારી નથી. ટપાલીને લાયકના કાયદા પોષ્ટે બાંધેલા છે, તે પ્રમાણે વર્તે તો જ ટપાલી બની શકે. ઉપદેશ આપનારે પોતે ત્યાગ કરવો. ધર્મબિન્દુમાં જણાવે છે કે 'સ્વયં પરિહારઃ' એટલે ઉપદેશ દેનારે પ્રથમ ત્યાગ કરવો. ડાહી સાસરે ન

જાય ને બીજાને શીખામણ દે. હાડી ન કરે તો ગાંડીને કહે શું ? માટે ઉપદેશ કે ત્યાગી બનવું જ જોઈએ. હવે ત્યાગી બનવામાં બે મુદ્દા રાખ્યા છે. એકને મૂળગુણ કહીએ છીએ, એકને ઉત્તરગુણ કહીએ છીએ. મૂળગુણમાં આશ્રવનો ત્યાગ હોવો જોઈએ, ઉત્તરગુણમાં સ્થિતિ ન હોય તો પણ ઉપદેશ દઈ શકે, સાધુ સકષાયી રાગી પ્રમત્ત છતાં અકષાયનો વીતરાગતાનો અપ્રમત્તતાનો ઉપદેશ દઈ શકે શાંત મગજથી વિચારી લે પોષ્ટમેનના કાયદા પોષ્ટમેનના રૂપમાંજ હોય, તેમ ઉપદેશકની અપેક્ષાએ મૂળગુણને અંગે નિયમિત હોવા જોઈએ. તે અપેક્ષાએ 'जहवाइ न कुणइ मिच्छादिट्ठितओ हु को अन्नो.' જે પ્રમાણે દેશના કે નિરૂપણ કરે છે તે પ્રમાણે ન કરે તો તેના જેવો જગતમાં મિથ્યા દ્રષ્ટિ નથી. અમે કષાય રહિત નથી, નોકષાય ત્યાગનો ઉપદેશ દઈએ તો મિથ્યાદ્દષ્ટિ બન્યાને ? ઘાતિ રહિત થયા નથી, અપ્રમત્ત થયા નથી, સર્વજ્ઞ નથી બન્યા તો તેનો ઉપદેશ દઈએ તો મિથ્યાદ્દષ્ટિ બન્યા ? ના, મૂળગુણની અપેક્ષાએ યથાવાદક્રિયા હોવી જોઈએ. મૂળ જે હિંસા-વિરતિ આદિ જેવું નિરૂપણ તેવું વર્તન હોવું જ જોઈએ. એ વર્તન ન હોય તો મિથ્યાદ્દષ્ટિ ખુશીથી થાય. આથી પંચમહાવ્રતમાં આવ્યા વગરની ઉપદેશકની સ્થિતિ કઈ ગણી ? મૂળગુણના નિરૂપણમાં હિંસાની વિરતિ કહેવી પડશે. અહીં ગૃહસ્થપણામાં પાણી ઢોળવામાં, માટી ખોદવામાં જોવું નથી તો હિંસા ત્યાગ કોનો કહેશો ? ત્રસકાયનો ઉપદેશ આપશો ? ચોરીનું પોટલું માથે હોય ને બીજાનું તણખલું ન ઉપાડીએ હો, એમ કહી શકે ખરો ? એની અસર શી ? પોતે છ કાયના કુટામાં વર્તનારો બીજાને છ કાયના કુટાના ત્યાગની વાત કરે તેનું તત્ત્વ શું ? સર્વથા જૂઠનો ત્યાગ ન હોય, પોતે ડગલે પગલે જૂઠું બોલતો હોય ને બીજાને કહે કે રંચ માત્ર ફેરફાર ન બોલવું, તેમાં સામો શું સમજે ? આજ પોથીમાંના રીંગણા જે મૂળગુણ પાળનારા ન હોય તે હિંસાદિકની વિરતિની વાત કરે તેને ઉપદેશ દેવાનો હક નથી. મૂળગુણમાં જઈ ઉત્તરગુણમાં જાય તે વાસ્તવિક છે. કોની અપેક્ષાએ મિથ્યાદ્દષ્ટિ ? મૂળ ગુણની અપેક્ષાએ મિથ્યાદ્દષ્ટિ.

સકષાયીને પરમેષ્ઠિમાં સ્થાન તો દેશવિરતિને સ્થાન કેમ નહિ ?

મુનિ થઈ ગયા. વેષ છોડાતો નથી ને પળાતું નથી, તેને સંવેગ પક્ષી થવાનો હક છે. મૂળગુણનું જ પ્રથમ નિરૂપણ, એના નિરૂપણ વગર

બીજાનું નિરૂપણ કરનાર-ઉત્તરગુણની પ્રરૂપણા એકલી કરે તો શું ગણવું? સકષાયીને પરમેષ્ઠિમાં સ્થાન આપ્યું તો અવિરતિને સ્થાન કેમ ન આપ્યું? અરિહંત સિદ્ધ અકષાયી, આચાર્યાદિક ત્રણ સકષાયી હોય છે. સકષાયી હોય તો આચાર્યાદિક નહીં તેમ નહીં કહી શકીએ. આ ત્રણમાં ક્ષીણકષાયનો નિયમ નથી. ક્ષીણકષાય વગરના આચાર્યાદિકને પંચપરમેષ્ઠિમાં માન્યા તો દેશવિરતિવાળા અવિરતિવાળાને નોકરમાં કેમ ન માન્યા? વાત એ છે કે સર્વજ્ઞવીતરાગ હોય તો અરિહંત માનીએ એમાં અજ્ઞાનનો લેશ ન જોઈએ. આ ત્રણને કેવા માન્યા? સર્વજ્ઞ હોયે ખરા ને ન પણ હોય. વીતરાગ હોય પણ ખરા ને ન પણ હોય. ગૌતમસ્વામી કેવળ પામ્યા પણ કયા પદમાં? આચાર્યપદમાં દાખલ કર્યા છે. અરિહંતમાં આઠ પ્રાતિહાર્યાદિક, જન્માદિક મહોત્સવ ઈન્દ્રો કરે. કેવળીને પછી ૩૬,૨૫ કે ૨૭ ગુણોની જરૂર નથી પ્રમત્તસંયત સુધી સાધુપણું માન્યું છે. સાધુ ઉપાધ્યાય આચાર્યના આજ્ઞાવર્તી, કેવળજ્ઞાન પામ્યા પછી આજ્ઞા માગવા જવું. જો કેવળી થયા પછી આચાર્યાદિક માનીએ તો છેદ પ્રાયશ્ચિત્ત સુધી પ્રાયશ્ચિત્ત કોને હોય? જ્યાં નિયંઠાણા. ત્યાં બકુશ કુશીલ, ઉપગરણ બકુશ કુશીલ વિગેરે ભેદો છે, તે સાધુમાં ગણવા કે નહિં? માટે મૂળગુણ બરોબર જોવા. મૂળ વાતમાં આવો. સાધુ ઉપાધ્યાય ને આચાર્ય ઉચ્ચપદે ગયા નથી. અરિહંત સિદ્ધ કરતા હલકે પદે છે, તેને પરમેષ્ઠિમાં દાખલ કર્યાં તો તેથી હલકા દેશવિરતિને કેમ દાખલ ન કર્યા? જો તેમને દાખલ ન કર્યા તો છદ્મસ્થ સકષાયી આચાર્યાદિકને કેમ દાખલ કર્યા? આથી સમજાશે કે મૂળ ગુણ જે ધારણ કરે તે જ પરમેષ્ઠિમાં દાખલ થાય. જે બોલે તેવું પાળે નહીં તેના જેવો મિથ્યાદૃષ્ટિ કોઈ નથી તે મૂળગુણની અપેક્ષાએ. પરમેષ્ઠિપદમાં સકષાયી છતાં સ્થાન રાખ્યું ને પ્રરૂપણા તો અકષાય વીતરાગનો ઉપદેશ આપે છે. આણંદ શ્રાવક સરખા ત્રણ જ્ઞાનવાળા છતાં જે મમતા ન છોડી, તે આ સાધુઓએ છોડી છે. જ્ઞાન એ લાકડા જેવું છે. તેથી પેટ નહીં ભરાય, ચારિત્ર એ અનાજ તેથી જ પેટ ભરાય. અવધિજ્ઞાની દેવતાઓ સાધુને નમસ્કાર કરે છે. જ્ઞાન એ સદ્વર્તનના સાધન પુરતી કિંમત છે. ચૌદપૂર્વી સાધુ હોય પણ એ ક્ષીણકષાયી જ્ઞાનીથી નિર્વૃત્ત થાય તો તેને વંદન કરી લે, ક્ષીણકષાયીને ચૌદપૂર્વી વંદન કરી લે જો જાણે તો. સ[illegible]

જ્ઞાની આગળ ગણધર બેસે. જ્યાં મોહના ચાળા મટયા નહીં તો તે જ્ઞાન નથી. શાસનમાં ચારિત્ર જ પ્રધાન. શાસ્ત્રમાં અકુશળ એવો સાધુ ચાદે જેટલા જ્ઞાનવાળા ગૃહસ્થ કરતાં અધિક છે. ચારિત્ર સ્વતંત્ર ગુણ, અષ્ટ પ્રવચન માતા જેટલું જ્ઞાન છતાં ચારિત્ર માન્યું.

જ્ઞાનનું ફળ વિરતિ મળે તો જ્ઞાન કિંમતી

અષ્ટ પ્રવચન માતા જેટલો જ્ઞાનવાળો સાધુ અને કેવળજ્ઞાનવાળો ગૃહસ્થ, જ્ઞાનના ફળ તરીકે પેલાની કિંમત છે. જ્ઞાનની કિંમત વિરતિને અંગે કિંમતી છે. જ્ઞાન પોતે અમને ફાયદાકારક નથી. બિરતિ દ્વારા એ ફાયદો કરે છે. દશવૈકાલિકમાં જીવ-અજીવની વાત કરી, જીવ જાણે તો પુન્ય પાપ મોક્ષ જાણે. ત્યારે ગુણ દ્વારાએ ગુણીનું માનવું છે. તેથી દર્શન માત્રને અંગે નમસ્કાર ન રાખ્યો. नमो दंसणिस्स કેમ ન રાખ્યું? नमो नाणीणं ન રાખ્યું? દર્શન જ્ઞાનવાળા તે સ્વતંત્ર નમસ્કાર રાખવા લાયક નથી. સ્વતંત્ર નમસ્કાર કરવાલાયક ચારિત્ર એટલે ચારિત્રવાલાને સ્વતંત્ર નમસ્કાર કરીએ છીએ. ચારિત્રવાળો જ્ઞાની દર્શની નમસ્કરણીય. જેમ શ્રેણિક મહારાજા ક્ષાયિક સમ્યક્ત્વી. સાધુમાં બધામાં ક્ષાયિક ન હતું, વંદના કોણ કરે? ક્ષાયિક સમ્યકત્વ કરતાં ક્ષાયોપશમિક ગુણનું ચારિત્ર વંદનીય. ક્ષાયોપશમિક કરતાં ક્ષાયિક સમ્યક્ત્વવાળો વધ્યો છે, ચારિત્ર જોડે મળવાથી ચારિત્રની કિંમત એટલી વધારે કે ક્ષાયિક સમ્યક્ત્વ કરતાં વધી. જો એકલા દર્શનને લીધે નમસ્કરણીય ગણીએ તો શ્રેણિક પણ સાધુને નમસ્કરણીય. તીર્થંકરનું સત્ત્વ છે તેથી છદ્મસ્થ તીર્થંકરને પણ નોકારમાં ગણ્યા છે.

તીર્થંકરો દેવેન્દ્રના દષ્ટાન્તે ગર્ભ અને જન્મથી આરાધ્ય છે

જન્માભિષેક વખતે પણ નમસ્કાર ઇન્દ્રે કર્યો છે, તેનિઃસંગ થવાના છે. તેથી, રાજાના કુંવરને ખોળામાં રમાડે છે. તે ભવિષ્યમાં રાજા થવાનો છે માટે રમાડે છે, તીર્થંકરપણું ભવિષ્યમાં ઉપકાર કરનાર ગણી કલ્યાણક કર્યાં છે, તેમ આચાર્ય થવાના છે માટે વંદન કરો, તેમ નથી. જન્મથી આરાધ્ય અવસ્થા તીર્થંકરની લીધી છે, સિદ્ધો આદિ ચારની નથી લીધી. ગર્ભમાં આવતા વખતની પૂજ્યતા 'देविंदनायेणं' દેવેન્દ્રના દૃષ્ટાંતે. તીર્થંકરની પૂજા કયા સૂત્રમાં લખી છે? તો અર્થથી અરિહંત [illegible] ને પૂજે', તેની દશા શી? મને પૂજશો તો ન્યાલ કરીશ તેમ અ[illegible]

[1] એજ અરિહંતોને અંગે ઈંદ્રોએ કરેલું છે.

તે જગો જગોએ કહેલું છે, તે દેવેન્દ્ર દ્વારા કહેવું તે જ વ્યાજબી છે. વસ્તુ ન સમજે તે કહે કે સૂત્રમાં કયાં લખ્યું છે? સજ્જન પોતે કહે જ નહિં કે હું સજ્જન છું. મને માન આપો તેમ કહે જ નહિં.

પંચ પરમેષ્ઠિમાં મૂળગુણ ધારણ કરનાર સિવાયનાને પ્રવેશનો હક નથી. આથી મૂળગુણવાળો જ ઉપદેશક જોઈએ. આથી આચાર્યાદિક સકષાયી પ્રમાદી છતાં અકષાયનો અપ્રમત્તનો ઉપદેશ આપી શકે. આથી ટપાલીપણું પાંચ મહાવ્રતવાળાને જિનેશ્વર આપ્યું છે.

ઉપદેશ કરવાનો શ્રાવકને અધિકાર નથી તો વિપરીત પ્રરૂપણાને કેમ આલોવવાની?

असद्दहणे अ तहा विवरीय परूवणा य अ પ્રરૂપણા કરવાનો હક નથી તો ખોટી પ્રરૂપણા આલોવવાનું રહ્યું કયાં? કાં તો પ્રરૂપણાનો હક આપો, નહીંતર એ પદ કાઢી નાખો. ત્યાં જ સમાધાન આપ્યું છે. ગુરૂ મહારાજ જિનેશ્વરના ટપાલી, તેમ ગુરુ મહારાજનો ટપાલી શ્રાવક બને. ૧-૨-૩ દહાડા પૂરતી. આજ ગુરૂ મહારાજે આમ કહ્યું. ગુરૂએ દીધેલી દેશના આખા કુટુંબને સંભળાવે, સાંજે ભોજન પડિકમણું કરી ઘેર ગયા હોય ત્યારે ઘરમાં બધા કુટુંબીને એકઠા કરી, 'ગુરૂ મહારાજે વ્યાખ્યાનમાં આમ કહ્યું', આવી રીતે ૧-૨-૩ દિવસની વાત સંભળાવતાં ઉલટું થયું હોય તો વિપરીત પ્રરૂપણાથી પ્રતિક્રમણ કરવાનું છે. આથી ત્રીજી ભૂમિકામાં દાખલ થએલો પોતાને નુકશાન ને ફાયદાના અનુભવમાં આવવો જોઈએ. એ જ બીજાને કહી શકે. બે લહરકા જેટલું પણ આત્માને નિર્મળપણું કરે તો જ બોલવાનો હક છે. ક્રોધાદિક ખરાબ છે. તે પોતાના આત્માને સમજાવવામાં કેટલો ટાઈમ લીધો? હવે તે ભૂમિકા કઈ તે અધિકાર અગ્રે વર્તમાન. વ્યાખ્યાનનો સારાંશ એ છે કે ઉપદેશક કોણ થઈ શકે? પંચ પરમેષ્ઠિમાં શ્રાવક કેમ નહિં? શ્રાવકને ઉપદેશ દેવાનો હક નથી તો વિપરીત પ્રરૂપણા કેમ કીધી?

પ્રવચન ૧૮૪ મું

ભાદરવા વદી ૯ બુધ

શાસ્ત્રકાર મહારાજા ૨૧ ગુણનું વર્ણન તેના દૃષ્ટાંતો જણાવી ગયા પછી શ્રવણ ને જ્ઞાનભૂમિકા પ્રાપ્ત થઈ. પણ ત્રીજી ભૂમિકા પ્રાપ્ત થવી મુશ્કેલ છે. શાસ્ત્રોનું શ્રવણ વિગેરે દુર્લભ માનીએ છીએ. શાસ્ત્રોના શ્રવણ વચ્ચે ગાંઠ માનતા નથી. ગ્રંથિભેદ થાય તો જ શ્રવણ મળે તેમ

તેમ કયારે આવે છે? બોલીએ છીએ પણ બેના પાંચ લાખ થાય તો અફસોસ થાય છે? અંતઃકરણમાં આનંદ થાય છે.

પાપ વળગ્યું તે નથી છૂટતું પણ વધારવું નથી જ

આ જ વિચાર કરશો ત્યારે માલમ પડશે કે આનંદ શ્રાવક, કૂવાને કાંઠે કાઉસ્સગ્ગ કરવો કેટલો મુશ્કેલ? એવી રીતે એમનાં વ્રતો છે. ૧૦-૧૨ ક્રોડની મિલકતો તેમને બારથી એક ક્રોડે વધવા ન દેવી. પાંચવાળાને પાંચે ટકવું મુશ્કેલ નથી, પણ ૧૦-૧૨-૨૦ ક્રોડથી વધવા ન દેવું તે કેટલું મુશ્કેલ? ૨૦ ક્રોડ હૈયાત છે તેમાં અભિગ્રહ કર્યો કે તેમાં વધવા ન દઉં. એ છોડી શકતો નથી, પણ આગળ વધવા દેતો નથી. ૫૦૦ વહાણ ફરે છે. ૫૦૦ હળથી ખેડાય તેટલી જમીન છે. ત્રણ ચાર ક્રોડ વ્યાજે ફરી રહ્યા છે, તેને વધવા ન દેવું તે શી રીતે બને? પણ કયારે બન્યું હશે? દોરડાની બેડી ઘણી છે, કયાં લોઢાની બેડી થવા દઉં-એવું લાગ્યું હશે ત્યારે આગળ બંધ કર્યું હશે. પણ એક જ વસ્તુ કે આ પાપ વળગ્યું છે તે નથી છૂટતું પણ વધારો ન થવો જોઈએ. એ ધારણાવાળાં હતાં, નિયમ કરનાર હતાં. આપણે પાંચના દશ ને દશના બાર થયા તો આંખ ઊંચી ચડી? પાપને પાપ રૂપ માન્યું હોય તો પાપની વૃદ્ધિથી આંખ ઊંચી કેમ ન ચડે? અનંતી વખત ત્યાગાદિક કર્યાં પણ હજુ લીટી ભુલાઇ નથી, ખસી નથી. ઉલટી લીટી કરે તે ગ્રંથિભેદ. જેટલું મળે તેમાં આનંદ હતો, હવે જેટલું મળે તેમાં અફસોસ હોય. તેમાં આનંદ માનતો હતો, હવે છે તેને ફાંસો માને. જે હોય તેને ફાંસો માને. મળતાનો અફસોસ, મળેલાને ફાંસો માને, આ ધારણા કેટલી મુશ્કેલ છે? બેડી જકડાવા જેવો અફસોસ થાય. આરંભ પરિગ્રહ વિષયકષાયમાં બેડી કરતાં ભયંકર સ્થિતિ મગજમાં આવે. કૃષ્ણ શ્રેણિક સરખા દેશના સાંભળ્યા પછી નિવેદન કરે છે કે હું કમતાકાત દુબળો અશક્ત, શાથી અશક્ત? આ મારા ફાંસા તેમાં ફસાયો છું તેથી, આરંભાદિકમાં ફસાયો છું તેથી અશક્ત. ત્રણ ખંડનો માલિક સભા સમક્ષ ૩૨ હજાર ને ૧૬ હજાર મુગટબદ્ધ રાજા છે. ઇંદ્રો દેવતા હાજર છે ત્યાં અશક્ત દુર્બળ કહે છે. તેને આરંભ પરિગ્રહ કેવા ઝેર લાગ્યા હશે? જેથી આવી સભામાં પોતાની અશક્તિ જણાવે છે. આપણને વસ્તુ છોડવા જેવી લાગી નથી, તો ગુરૂ આગળ કહેવાનો ખત કયાં છે? આ અંદર ભાસ્યું છે કયાં? એકરાર શી રીતે થઈ ... ગ્રંથિભેદ અનંતા ચક્કર ખાલી જાય તેવો જબરજસ્ત છે.

ભવ્યો અનંતી વખત ચક્કર મારી ગયા ને ગ્રંથિભેદ ન થયો. જ્યારે જીવ આવે અનાદિકાળથી ફસાયો. ફસામણ છોડવી જોઈએ.

નિશાળના ભણતરનો ઉપયોગ બહાર કરવાનો છે

વિચારો, છોકરાને નિશાળમાં એકડે એક શિખવાય તેનો ઉપયોગ આખા જગતમાં કરવો જોઈએ, તોજ છોકરો ભણ્યો ગણાય. તમારી નિશાળમાં જે શીખો તેનો અમલ અહીં નથી કરવાનો, બહાર કરવાનો છે. પૌદ્‌ગલિકને જાળ સમજો તે અહીં માટે નહીં, આખા જગતમાં ઉપયોગ કરવા માટે છે. તેમ એ વાકયનો ઉપયોગ અહીં માટે નથી. ખરો ઉપયોગ બહાર છે. ઉસ્તાદ સીપાઈને પરેડ શીખવે ને જનરલ સૈનિકને ગોળીબાર કરતાં શીખવે તે શત્રુ સામે ઉપયોગ કરવાનો, તેમ આ વાકયનો ઉપયોગ ઉપાશ્રયની બહાર, જ્યાં શત્રુ જણાય ત્યાં ગોળીબાર. 'પૌદ્‌ગલિક જાળ ફસામણ છે.' એકજ વાકય આ ગોળી મારતાં શીખવી તે શત્રુ આવે ત્યારે ભુલાઈ જાય છે. આ તમને ગોળી બતાવીએ તે ત્યાં આગળ પાછી ફરે છે. પેલા શત્રુ, આને ગોળી માની નથી, કયારે શત્રુ માન્યો ! ગોળી હાથમાં આવ્યાનો આનંદ. કયારે આવ્યો ! આ ગોળી હાથમાં આવી છે, શત્રુનો ઘાણ કાઢી નાખું. તે દશા આવી નથી. હજુ સુધી શત્રુથી પરાભવ થયો છે, તે અંતઃકરણમાં આવ્યું નથી. શત્રુને શત્રુ સમજતા નથી, તેમના હાથમાં આવેલા હથિયાર નકામા છે. ચક્રવર્તીના ચક્રને હાંલ્લાં ઘડવાના ઉપયોગમાં લેનારો તે સરખા આપવું છીએ. શત્રુ નજરે ન ફરકવો જોઈએ. ભગવાનનું એક વચન સંસારથી તારનાર છે. તલવાર તારા બાપને ત્યાં કરતી હોય તે કર, તેના જેવું થયું. નિશાળમાં છોકરો ભણે તે બહારના માટે. તમારે ઉપાશ્રયમાં રોજ શિક્ષણ લેવું છે તે શિક્ષણ ઉપાશ્રય પુરતું ઉપયોગી, નહિં તો બીજી જગોએ શી રીતે ઉપયોગ કરવાનો ? સમ્યક્ત્વ દેનારનો ઉપગાર ઘણા ભવમાં તેને ઉપગાર કરીએ તો પણ વળતો નથી. જુલમ ટાળવાનું મને હથિયાર આપ્યું, પૌદ્‌ગલિક જાળનું હથિયાર વાપરતાં ન આવડે તો ફસાઈ જાવ. આ સમજ્યો તો ધર્મને જ રત્ન ગણ્યો, ધર્મને રત્ન જ માન્યો. આ બે બુદ્ધિ આવી જાય તો સમજો કે ત્રીજી ભૂમિકામાં પ્રવેશ કરવાને લાયક થયા. એટલે જે વસ્તુ ઈષ્ટ લાગે તેની ઈચ્છા આપોઆપ થઈ જાય, સારું લાગ્યું તો પકડવા જાય. તેમ ધર્મ રત્ન છે એવી બુદ્ધિ થાય તો તેને પારખવા જાય. તે માટે અર્થી શબ્દ કયા અર્થમાં લેવો તે અધિકાર અગ્રે.

ભુલાઠવાનો નથી, આંગણા લગી ઘોડો કામનો. પુન્ય લેવાનું પણ ક્યાં સુધી? મોક્ષની બારી સુધી, બારી આવી તો પુન્ય છોડી દેવાનું. આ તરીકે નવતત્ત્વનો વિભાગ કર્યો. જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. આ શ્રવણ અને જ્ઞાન થયા પછી જાણવાલાયક હેય ઉપાદેય તરીકે વિભાગ થયા. એનું નામ ત્રીજી વિજ્ઞાનભૂમિકા. કેટલાક કહે છે કે વિજ્ઞાન શું? તે આ વિજ્ઞાન આ પદાર્થો હેય, આ પદાર્થો જ્ઞેય, આ પદાર્થો ઉપાદેય આ નિશ્ચય.

દ્વાદશાંગીનું મુષ્ઠીજ્ઞાન

સર્વકાલે સર્વ અવસ્થામાં સર્વક્ષેત્રમાં આશ્રવ છાંડવા લાયક, આ એક વસ્તુ આવી જાય તો કોઈપણ ક્ષેત્રે કાળે સર્વદા આ જીવને આશ્રવ છોડવા લાયક છે. નિશાળમાં છોકરાને ભણાવવામાં આવે તે નિશાળ માટે નહિં, એની આખી જિંદગી ને જગત માટે. તેમ અહીં આશ્રવ હેય છે, સંવર ઉપાદેય છે. બંધ નિર્જરા કેમ નથી લેતા? એ તો આશ્રવનો દીકરો, આશ્રવ હોય ત્યાં જ બંધ છે. આશ્રવની પાછળ આવનારો છે. તેમ નિર્જરા સંવરની પાછળ આવનારી છે. સંવરનું ફળ નિર્જરા છે. માટે બેને અંગે જ વાત કરે છે. રૂંવાડે રૂંવાડે એ પરઘમી ગયું કે આશ્રવ હંમેશાં દરેક ક્ષેત્રમાં છાંડવા લાયક ને સંવર આદરવા લાયક છે. આ બે વસ્તુ તમારા મગજમાં રમી જાય તો આખું શાસન તમારા હાથમાં આવી ગયું. आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः । इतीयमार्हती मुष्टीरन्यास्याः प्रपंचनं ॥ આ બે વસ્તુ ધ્યાનમાં આવી ગઈ તો આ અરિહંતના શાસનની મુષ્ઠિ, આખું શાસન મુઠીમાં, આ બુદ્ધિની મુઠી સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવમાં આશ્રવ હેય, સંવર ઉપાદેય. આ બુદ્ધિ તે આર્હતી મુષ્ઠિ. બાકીનું બધું કથન ચૌદ પૂર્વ વિગેરે આનો જ વિસ્તાર. સુખી જીવન. એક વાક્ય લઈ લ્યો તો આખી જિંદગી તપાસી લો. આ સિવાય બીજું શું? તમે રમ્યા નાચ્યા કુદ્યા મહેલ બાંધ્યા પરણ્યા તે બધું આનો વિસ્તાર. તો જિંદગીની જિંદગીઓ આ એક શબ્દનો વિસ્તાર ગણાય. ચાહે રાજાની દેવતાની સર્વાર્થસિદ્ધની જિંદગી હોય તે આનું જ વિવેચન, તેમ આખા ચૌદ પૂર્વ ને બાર અંગો તમામ શાસ્ત્રોના મુષ્ઠિજ્ઞાનમાં આ બે શબ્દો છે. સર્વદ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવમાં આશ્રવ છોડવા લાયક છે, સંવર ઉપાદેય છે. પણ તે જ્ઞાન અહીં ઉપાશ્રય-દેરા માટે નથી આપ્યું. તમારા જીવનમાં ઓતપ્રોત કરવા માટે આપ્યું છે. બે બાકી

તમારા જીવનમાં ઓતપ્રોત ન થાય તો અહીં આગળ સાંભળો ને અહીં જ મેલી જાવ છો. બહાર જઈને આશ્રવ વખતે કયું યાદ કર્યું ? સંવર વખતે કયો આહ્લાદ થયો. જો તે ન થાય તો સાંભળ્યું શું ? ને સમજ્યા શું ? અહીં ભણવા બેઠા છો તેમાં નથી આશ્રવનો અફસોસ, સંવરનું સુખ, હજુ સુધી નથી અનુભવી શકતો. પતાસાં મળતી વખતે કેટલો આનંદ પડે છે ? સંવરની ક્રિયા વખતે તેનો ૧૦૦મો ભાગ પણ ચમકારો આવે છે ? તમે કરો છો તેમાં ના નહીં, લીટા થતા હોય તે છોડી દેવાના નથી, પણ લીટાવાળાએ લક્ષ્ય રાખવું જોઈએ. છોકરો દોરે લીટો પણ બોલે એકડે એક, લીટા તરીકે હોય તો પણ મોઢેથી એકડો તો બોલો. આ તો એકડો બોલાતો નથી, આશ્રવ છાંડવા લાયક છે, સંવર આદરવા લાયક જ છે, એની ખૂબી કયાં ?

હિંસા જૂઠ, ચોરીમાં પાપબુદ્ધિ થાય છે તેટલી વિષય-પરિગ્રહમાં થતી નથી

જગતમાં એક કાર્ય લાભનું કરવા બેઠા હો તેમાં લાભ ન થયો, અંતઃકરણને પૂછો કે લાભ ન થવાને અંગે કેટલી બળતરા રહે છે ? લાભના તમે કેટલા ઇચ્છક છો તે નક્કી થયું. એક વસ્તુ તમારા હાથે નુકશાનકારક ન થઈ, તમને માલમ પડે કે ઠીક થયું, લાભ ન મળ્યો તો પણ લાભનો ઇચ્છક છે, નુકશાન ન થયું, પણ નુકશાનથી ડરવાવાળો છે. પરિગ્રહ ન મળ્યો તો પાછળથી ઓઈ ઓઈ થાય છે કે હાશ હાશ થાય છે ? પાપનું કાર્ય કરવા ધાર્યું હતું ન થયું તો તે વખતે આનંદ થતો નથી. વિષયનું પરિગ્રહ ચોરી જુઠાનું પાપ કરવા ધાર્યું હતું તે સંજોગે ન થયું તો મારો આત્મા બચ્યો, પાપ ન થયું એ ક્યારે થયું ? ૫૦ હજાર મળ્યા તો આપણે ૫૦ હજારનું પાપ વળગાડવા ધાર્યું હતું, તે ન વળગ્યું એ બુદ્ધિ થઈ ? ખોટ ધારતો હોય ને ખોટ ન થઈ તો બચ્યો, તો શું થાય ? પાપ ન કર્યું, હું ભાગ્યશાળી બચી ગયો એમ ક્યારે થયું ? હિંસા જૂઠ ચોરીને અંગે કુળાચારને લીધે હજુ આવે છે. આરંભ વિષય પરિગ્રહને અંગે રૂંવાડે પણ આવતું નથી. 'દુવિહે પરિગ્ગહંમિ' એ જુદી ગાથા મૂકવી પડી. હજુ તેમાં પાપબુદ્ધિ નથી આવતી, મારી ઉપર ટેકસ પડવાનો હતો, તે ટેકસમાંથી બચ્યો તે બુદ્ધિ નથી આવતી. વાસ્તવિક હિંસા જૂઠ ચોરીમાં જે દેષબુદ્ધિ થઈ છે, તેવી વિષય પરિગ્રહમાં બુદ્ધિ થતી નથી. હિંસા કરવાં